# નમસ્કાર મહામંત્ર

યાને

## જૈન ધર્મનો ભક્તિવાદ



લે. શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહ

# લોગસ્સ મહાસૂત્ર

યાને

# જૈન ધર્મનો ભક્તિવાદ

❋


લેખક :

અધ્યાત્મવિશારદ, વિદ્યાભૂષણ, મંત્રમનીષી

શતાવધાની પંડિત

**શ્રી ધીરજલાલ ટોકરશી શાહ**


❋

પ્રસ્તાવના

**પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા.**

એમ, એ.

卐


**પ્રજ્ઞા પ્રકાશન મંદિર : મુંબઈ–૪૦૦૦૦૯**

પ્રકાશક :
નરેન્દ્રકુમાર ડી. શાહ
વ્યવસ્થાપક : પ્રજ્ઞા પ્રકાશન મંદિર
લધાભાઈ, ગણપત બીલ્ડીંગ, બીજે માળે,
૧૧૩-૧૫ કેશવજી નાયક રોડ (ચીંચબંદર),
મુંબઈ-૪૦૦૦૦૯

卐

આવૃત્તિ પહેલી

વિ. સં-૨૦૩૫ સને ૧૯૭૯

મુલ્ય રૂા. ૨૦-૦૦

卐

મુદ્રક :
જયંતિલાલ મણીલાલ શાહ
નવપ્રભાત પ્રિ. પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ

# પ્રકાશકીય

છેલ્લાં કેટલાંક વર્ષોથી અમે **શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહની** અધ્યાત્મલક્ષી અનુભવપૂર્ણ તેજસ્વી કલમથી લખાયેલા આરાધનાવિષયક ગ્રંથો પ્રકટ કરતા રહ્યા છીએ અને તે સારો લોકાદર પામેલા છે. તેમાંથી કેટલાકની બીજી–ત્રીજી આવૃત્તિ થવા છતાં તે અપ્રાપ્ય બન્યા છે અને તેમ છતાં તેની માગણી ચાલુ રહી છે, પણ તેની નવી આવૃત્તિઓ પ્રકટ કરવાનું અનેક કારણોસર હાલ શક્ય નથી, છતાં સંયોગો અનુકૂલ થશે, તો એ દિશામાં જરૂર પ્રયત્નશીલ થઈશું.

તાજેતરમાં પંડિતશ્રીએ '**લોગસ્સ મહાસૂત્ર યાને જૈનધર્મનો ભક્તિવાદ**' નામનો ગ્રંથ ઘણા પરિશ્રમપૂર્વક તૈયાર કર્યો છે અને તેમાં લોગસ્સસૂત્રના અર્થ–ભાવ–રહસ્ય ઉપર નવો પ્રકાશ પાડવા ઉપરાંત જૈનધર્મના અધ્યાત્મવાદ, તીર્થંકરવાદ, ભક્તિવાદ તેમજ યોગ–મંત્ર–યંત્રવિષયક બીજી પણ ઉપયોગી માહિતી ગુંથી લીધી છે અને એ ગ્રંથને સરલ ભાષા તથા રોચક શૈલિથી સુવાચ્ય બનાવેલો છે. પંડિતશ્રીની આ ૩૬૩મી કૃતિ છે, તે એમની જીવનભરની સાહિત્યસાધનાનો નિર્દેશ કરે છે.

આ ગ્રંથ સર્વ જિજ્ઞાસુજનોએ વાંચવા–વિચારવા જેવો છે અને તે આરાધક આત્માઓ તથા સાધુ–સાધ્વીઓને પણ ખૂબ ઉપયોગી થઈ પડે એવો છે, તેથી તેનું પ્રકાશન હાથ ધરવામાં આવ્યું છે. પ્રથમ તો કાગળ તથા છાપકામની અસહ્ય મોંઘવારી જોતાં આ પ્રકાશન હાથ ધરવામાં સંકોચ થતો હતો, પણ પૂજ્ય આચાર્યો, પૂજ્ય મુનિવરો તથા કેટલાક સહૃદયી સજ્જનો અને મિત્રોની પ્રેરણાથી આ

પ્રકાશન હાથ ધરી તેને સમયસર પૂરું કરવામાં આવ્યું છે અને તે આજે પાઠકોના કરકમલમાં મૂકાય છે.

પ. પૂ. આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આચાર્યશ્રી વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ, તથા પ. પૂ. આચાર્યશ્રી વિજયયશોદેવસૂરિજી મહારાજે આ ગ્રંથપ્રકાશનને મંગલ આશીર્વાદ આપ્યા છે, તે માટે અમે તેમના અત્યંત આભારી છીએ.

આ ગ્રંથનું સમર્પણ સ્વીકારવા માટે અંધેરી–મોહનરકુડિયોવાળા સૌજન્યમૂર્તિ શ્રીકિશોરભાઈ રમણીકલાલ શાહ તથા શ્રીમતી ઉષાબહેન કે. શાહનો હાર્દિક આભાર માનીએ છીએ.

આ ગ્રંથનો પ્રકાશન–સમર્પણ સમારોહ જે તા. ૨૯–૭–૭૯ રવિવારના રોજ બીરલા માતુશ્રી સભાગાર યોજાયેલો છે, તેનું અધ્યક્ષસ્થાન સ્વીકારવા માટે સીને–સૃષ્ટિના સુપ્રસિદ્ધ અભિનેતા અને વિવિધ ધર્મોના અભ્યાસી શ્રીમાન્ દિલિપકુમારનો તથા સમારોહના અતિથિવિશેષ તરીકે પધારવા માટે શ્રીમતી સાયરાબાનુનો અમે અંતઃકરણથી આભાર માનીએ છીએ.

સમારોહના સ્વાગતાધ્યક્ષ થવા માટે શ્રી ચિત્તરંજન દામોદર શાહના તથા અતિથિવિશેષો થવા માટે શ્રી ચંદ્રસેન જી. ઝવેરી, શ્રી વનસજી લખમશી ચેલાભાઈ, શ્રીમતી સરલાબહેન સી. શાહ તથા શ્રી નંદલાલ રૂપચંદ શાહના પણ અમે ખાસ આભારી છીએ.

આ ગ્રંથની મનનીય પ્રસ્તાવના લખી આપવા માટે અમે વર્ધમાનભારતી-બેંગલોરના સંચાલક અધ્યાત્મપ્રિય પ્રાધ્યાપક પ્રતાપકુમાર જ. ટોલિયાના ખાસ આભારી છીએ.

જે સહૃદયી સજ્જનોએ આ ગ્રંથમાં વંદનાઓ આપી અમારું કામ સરલ બનાવ્યું છે, તેમના પ્રત્યે અમે કૃતજ્ઞતાની લાગણી પ્રકટ કરીએ છીએ.

**પ્રકાશક**



જૈન ધર્મનું પ્રવર્તન કરનારા
**ચોવીશ તીર્થંકર ભગવંતોને**
અમારી કોટિ કોટિ વંદના હો.



ૐ હ્રીઁ અર્હઁ નમ:

ચિત્રપટ

[ લેખકના સંગ્રહમાંથી ]



જૈન શાસનના મહાન પ્રભાવક યુગદિવાકર આચાર્યશ્રી ૧૦૦૮ **શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજને** ભારતના માનનીય વડા પ્રધાન **શ્રી મોરારજી દેસાઇ** કામળ વહોરાવીને બહુમાન કરી રહ્યા છે. પાછળ ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી માનનીય **શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ** ઊભા છે. પાલીતાણા તા. ૩-૧૨-૭૮

**આ ગ્રંથપ્રકાશનને પૂજ્ય આચાર્યશ્રીના મંગલ આશીર્વાદ પ્રાપ્ત થયા છે.**



સૌજન્યમૂર્તિ

**શ્રીમાન્ કિશોરભાઈ રમણીકલાલ શાહ**

જેમને

આ ગ્રંથ સમર્પિત કરવામાં આવ્યો છે.



# સમર્પણ

**શ્રીમાન્ કિશોરભાઈ રમણીકલાલ શાહ**

તથા

**શ્રીમતી ઉષાબહેન કિશોરભાઈ શાહને**

તેમની

ધર્મપ્રિયતા, સજ્જનતા અને ઉદારતાથી

પ્રેરાઈને

આ ગ્રંથ

વિનમ્ર ભાવે

**સમર્પણ**

*

ગ્રંથલેખક :

**ધીરજલાલ ટોકરશી શાહ**

## સૌજન્યમૂર્તિ

# સ્વ. શ્રીમાન્ રમણીકલાલ નાનચંદ શાહ

## [ટૂંક જીવનપરિચય]

સૌરાષ્ટ્રના સપુતોએ જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં અનેરો ઇતિહાસ સર્જ્યો છે. આ ઇતિહાસનું એક પ્રાણવંત પૃષ્ઠ લખવામાં શ્રીમાન્ રમણીકલાલ નાનચંદ શાહ સદા પ્રયત્નશીલ રહ્યા હતા, તેથી તેમનો પરિચય કરાવતાં અમને આનંદ થાય છે.

તેમનો જન્મ ભાવનગર નજીક વરતેજ ગામમાં ઘોઘારી વીશા-શ્રીમાળીજ્ઞાતીય શેઠશ્રી નાનચંદ તારાચંદને ત્યાં સને ૧૯૧૦ના માર્ચ મહિનાની બીજી તારીખે થયો હતો. આ કુટુંબ જૈનધર્મપરાયણ હોવાથી દયા, દાન અને પરોપકારના સંસ્કારો તેમને વારસામાં મળ્યા હતા. વળી સિદ્ધાચલ તીર્થ સમીપ હોવાથી અને ભાવનગર જૈનોનું એક મહત્વનું કેન્દ્ર હોવાથી અહીં સાધુ–સાધ્વીઓનું આગમન વારંવાર થતું, તેમના દર્શન–સમાગમનો લાભ પણ તેમને સારી રીતે મળ્યો હતો. પરિણામે તેમના જીવનમાં સુસંસ્કારો અને સદ્‌ભાવનાની સૌરભ પ્રકટી હતી.

યુવાન વયે તેઓ શ્રીમતી ચંચલબહેન સાથે લગ્ન–ગ્રંથિથી જોડાયા હતા અને અનુક્રમે કિશોરભાઈ, પુષ્પાબહેન, અરૂણાબહેન તથા અનિલાબહેનના પ્રેમાળ પિતા બન્યા હતા.

આ વખતે ઘણા ઘોઘારી જૈનો બેંગલોરમાં વસી જુદા જુદા ધંધાઓમાં સ્થિર થયા હતા, એટલે શ્રીરમણીકભાઇને બેંગલોર પ્રત્યે આકર્ષણ થયું. તેઓ ત્યાં પહોંચી કાપડનો ધંધો કરવા લાગ્યા, પરંતુ ભવિતવ્યતા જુદી જ નિર્માણ થયેલી હતી, એટલે તેઓ થોડા વખતમાં જ બેંગલોર છોડી મુંબઈ આવ્યા અને તેમના કાકા શ્રીમાન્ મોહનલાલ તારાચંદ સાથે જોડાઈ ફીલ્મ વ્યવસાયને આર્થિક પીરાણ કરવા લાગ્યા.

આ બંને વ્યક્તિઓમાં ધંધો કરવાનો ઉત્સાહ હતો અને તે સાથે સાહસિક વૃત્તિ પણ હતી, એટલે તેમણે રમણીકલાલ મોહનલાલ એન્ડ કું નામથી એક પેઢી શરૂ કરી અને ફિલ્મ વ્યવસાયને લગતા ભિન્ન ભિન્ન ક્ષેત્રોમાં ઝંપલાવ્યું. તેણે અંધેરી–કુર્લા રોડ પર શુટીંગ માટે મોહન સ્ટુડિયો ઊભો કર્યો તથા મોહન પિકચર્સ, શાહ પિક્ચર્સ, રમણીક પ્રોડકશન વગેરે નામથી અનેક જાતની ફિલ્મો ઉતારવા માંડી. વળી ફિલ્મ વિતરણનું કાર્ય પણ હાથ ધર્યું અને દાદર–પર પ્રોડવે થિયેટર બાંધી તેમાં ફિલ્મો બનાવવાનું શરૂ કર્યું. ફિલ્મ વ્યવસાયનાં આટલાં ક્ષેત્રોમાં એકી સાથે ઝુકાવનાર આ પેઢી એકલી જ હતી, એમ કહીએ તો તેમાં કંઈ પણ અતિશયોક્તિ નથી. આ પેઢીએ આ દરેક ક્ષેત્રમાં સફલતા મેળવી અને ટુંકા સમયમાં યશ તથા લાભ બંનેની પ્રાપ્તિ કરી. આજે પણ આ પેઢી મુંબઈમાં પોતાનું કાર્ય વ્યવસ્થિત રીતે કરી રહી છે.

શ્રીરમણીકભાઈ વ્યવસાયક્ષેત્રે સફલતાપૂર્વક આગળ વધતા ગયા, તેમ સગાંસબંધી અને મિત્રોને જરૂર પડયે ઉપયોગી થતા રહ્યા. તેમનો સ્વભાવ પરગજુ હતો, એટલે તેઓ કોઈનું દુઃખ જોઈ શકતા નહિ. તેમણે ગુપ્તદાન દ્વારા સેંકડો દીન–દુખીનાં આંસુ લૂછી આશીર્વાદ મેળવ્યા હતા. નોંધપાત્ર બીના તો એ છે કે તેમણે આ રીતે વાપરેલાં નાણાંનો કદી સરવાળો માંડયો ન હતો અને કદી તેની જાહેરાત કરી ન હતી. જમણો હાથ આપે, તે ડાબા હાથે જાણવું ન જોઈએ, એ સિદ્ધાંતને તેઓ છેવટ સુધી ચુસ્તપણે વળગી રહ્યા હતા.

થોડી માંદગી બાદ તા. ૩૦–૭–૭૩ના રોજ તેઓ શાંતિપૂર્વક પરલોક સિધાવ્યા, ત્યારે તેમના જીવનની સુવાસ ચોતરફ પ્રસરી ચૂકી હતી. આજે પણ તેમની સ્મૃતિથી અનેક આંખો ભીની બને છે અને તેમને ભાવભરી અંજલિ સમર્પે છે.

*

# યશસ્વી કારકીર્દિની આગાહી આપતા શ્રીમાન્ કિશોરભાઈ રમણીકલાલ શાહ

## [ ટૂંક જીવનપરિચય ]

સ્વ. શ્રીમાન રમણીકલાલ શાહનો ટૂંક પરિચય કરાવ્યા પછી હવે તેમના પુત્રરત્ન શ્રીમાન્ કિશોરભાઈનો ટૂંક પરિચય કરાવીશું કે જેમણે સંસ્કારસંપન્ન બની પિતાએ વિકસાવેલા વિશાલ વ્યવસાયનો ભાર નાની ઉંમરમાં જ ઉઠાવી લીધો છે અને પોતાના વિરલ વ્યક્તિત્વથી અનેકનાં દિલ જીતી લીધાં છે.

તેમનો જન્મ વિ. સં. ૨૦૦૧ના ફાગણ સુદી ૧૦, તા. ૨૧–૨–૪૫ના રોજ તેમના મૂલ વતન વરતેજમાં થયો હતો. પ્રથમ પુત્રનું પારણું બંધાય, એટલે સર્વ કુટુંબીજનોમાં આનંદનું વાતાવરણ ફેલાય, એ સ્વાભાવિક છે. પુત્રજન્મનો નાનકડો ઉત્સવ કર્યા પછી માતા–પિતાએ તેમનું નામ કિશોર પાડયું. આ વખતે શ્રીરમણીકભાઈ ધંધાર્થે મુંબઈમાં સ્થિર થયેલા હતા, એટલે કિશોરભાઈની બાલ્યાવસ્થા, કિશોરાવસ્થા તથા વિદ્યાર્થી અવસ્થા મુંબઈમાં જ પસાર થઈ. તેની છાપ તેમના વ્યક્તિત્વમાં બરાબર અંકિત થયેલી છે.

તેઓ સામાન્ય બાલક કરતાં વધારે લાડકોડમાં ઉછરેલા છે, છતાં તેમના જીવન–ઘડતરમાં કંઈ ખામી રહી નથી. તેમની ભાષા મધુર છે, તેમનો વ્યવહાર સૌજન્યપૂર્ણ છે, તેઓ બધા સાથે મધુર સ્મિતપૂર્વક વાતચીત કરે છે અને પોતાના નોકર–ચાકરો સાથે પણ ઘણી સલુકાઈથી વર્તે છે.

સામાન્ય રીતે લક્ષ્મીનંદનના લાલો ખુશામતખોર મિત્રોથી ઘેરાયેલા હોય છે, જે આખરે તેમના પતનનું કારણ બને છે, પરંતુ શ્રી

કિશોરભાઈ તેમાં અપવાદરૂપ છે. તેઓ થોડા પણ સહૃદયી મિત્રો ધરાવે છે, જે તેમની યશસ્વી કારકીર્દિ ઘડવામાં યોગ્ય સાથ–સહકાર આપી રહેલ છે.

શ્રી કિશોરભાઈની વિદ્યાર્થી તરીકેની કારકીર્દિ એકંદર ઝળકતી હતી. ઇન્ટર કોમર્સ સુધી પહોંચ્યા પછી તેમણે જી. સી. ડી.નો ખાસ કોર્સ કર્યો હતો અને તેની પરીક્ષામાં પ્રથમ પંક્તિ મેળવી હતી.

એકવીશ વર્ષની યુવાન વયે તેમણે પિતાના વ્યવસાયમાં રસ લેવા માંડ્યો. થોડા વખતમાં તો તેમણે એ વ્યવસાયના મહત્ત્વના મુદ્દાઓ સમજી લીધા અને તે અંગે પોતાનો નિર્ણય કરવા લાગ્યા. તેમનું આ બુદ્ધિકૌશલ્ય જોઈ પિતાને સંતોષ થયો.

સને ૧૯૬૭ના મે–માસની પાંચમી તારીખે તેઓ ઘોઘાનિવાસી શ્રીમાન્ લલ્લુભાઈ જીવણભાઈની સુપુત્રી ઉષાબહેન સાથે લગ્નગ્રંથિથી જોડાયા, શ્રીમતી ઉષાબહેનના અનેકવિધ સદ્‌ગુણોને લીધે તેમના લગ્ન-જીવનમાં સુખના સ્વસ્તિક પૂરાયા. આજે તેઓ એક પુત્ર અને એક પુત્રીના પિતા છે અને તેમને ખૂબ મમતાથી ઉછેરી રહેલ છે.

હાલ તેઓ અંધેરી–કુર્લા રોડ પર આવેલ મોહન સ્ટુડિયોમાં પોતાના બંગલામાં જ રહે છે અને પોતાના સ્વીકૃત વ્યવસાય ઉપરાંત સમાજહિતની અનેક પ્રવૃત્તિઓમાં રસ લઈ રહેલ છે. અંધેરી જીમ-ખાનાના તેઓ પેટ્રન છે અને બીજી પણ નાની–મોટી અનેક સંસ્થાઓ સાથે એક યા બીજી રીતે જોડાયેલા છે.

ગત વર્ષે આસો માસમાં તેમના બંગલે પુરુષાદાનીય શ્રીપાર્શ્વનાથ ભગવાન અને તેમની શાસનસેવિકા શ્રી પદ્માવતી દેવીનું આઠ દિવસનું ભવ્ય અનુષ્ઠાન અમારી નિશ્રામાં થયું, ત્યારે અમે તેમના ગાઢ પરિચયમાં આવ્યા અને તેમની સજ્જનતા, ઉદારતા તથા ધર્મપ્રિયતાથી ખૂબજ પ્રભાવિત થયા. તેથી અમે પ્રસ્તુત ગ્રંથ તેમને સમર્પિત કરી રહ્યા છીએ. તેઓ દિનપ્રતિદિન પ્રગતિ સાધે અને સ્વ–પર કલ્યાણનાં કાર્યોમાં વિશેષ રસ લે, એવી શાસનદેવ પ્રત્યે હાર્દિક પ્રાર્થના.

**ધીરજલાલ ટોકરશી શાહ.**

## સમારોહના સ્વાગતાધ્યક્ષ
## શ્રીમાન્ ચિત્તરંજન દામોદરદાસ શાહ

સૌમ્ય સ્વભાવ, વિશદ વ્યક્તિત્વ અને સૌજન્યભર્યા સત્કારથી સહુને પ્રભાવિત કરનાર શ્રીમાન્ ચિત્તરંજનભાઈ આજે સમાજનું અનેરું આકર્ષણ કરી રહ્યા છે. પિતા દામોદરદાસ ફરસનદાસ અને માતા વિજયાબહેનના સુસંસ્કારો તથા સેવાપરાયણતા તેમને વારસામાં મળેલ છે. એકવીસ વર્ષની ઉંમરે બી. એસસી. થયા પછી તેમણે વ્યવસાયમાં ઝંપલાવ્યું અને તેમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા જ રહ્યા. જે. ચિત્તરંજન એન્ડ કું., કેમીફાઈન, શાહ એન્ડ મહેતા, જ્યુપિટર એક્સપોર્ટસ આદિ અનેક પેઢીઓનું તેઓ કુશલતાભર્યું સંચાલન કરે છે. સને ૧૯૭૫માં તેમણે અંધેરી ખાતે લાખો રૂપિયાના ખર્ચે 'બહાર' નામનું અદ્યતન સિનેમાગૃહ બાંધ્યું અને સને ૧૯૭૬-૭૭માં વર્લી ખાતે તેનું જોડીદાર 'સત્યમ્' નામનું સિનેમાગૃહ તૈયાર કર્યું. હવે તેની નજીકમાં જ 'સુંદરમ્' અને 'સચિનમ્' નામનાં બીજા બે સિનેમાગૃહો તૈયાર કર્યા છે. કાંદીવલી પૂર્વમાં ઝાલાવાડ હાઉસીંગ સોસાયટીના ચેરમેન તરીકે સંસ્થા તરફથી 'લાભ પણ નહિ અને નુકશાન પણ નહિ' એ ધોરણે ૫૦ ફ્લેટો બાંધી આપ્યા છે. વર્લીમાં સેનુરયુરી બજાર નજીક 'મનીષ કોમર્શિયલ સેન્ટર' નામની ભવ્ય ઈમારત પણ તેમનું સર્જન છે. આજે મુંબઈના બીલ્ડરોમાં તેમનું નામ ખૂબ જાણીતું છે.

શ્રી ચિત્તરંજનભાઈએ વ્યવસાયના વિકાસની સાથે સામાજિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ સારો રસ લીધો છે. સને ૧૯૬૪માં અંધેરી લાયન્સ ક્લબના સભ્ય થઈ, જુદા જુદા હોદ્દાઓ ભોગવી

પ્રમુખ બન્યા છે અને ડેપ્યુટી ડીસ્ટ્રીકટ ગવર્નર સુધી પહોંચ્યા છે. તેમના પ્રમુખપદ દરમિયાન તેમણે વિવિધ પ્રકારની સેવાનો બજાવી છે.

ધોળકા એજ્યુકેશન સોસાયટી મુંબઈના તેઓ વર્ષોથી મંત્રી છે. ધોળકાની બંને કોલેજોનો પ્રારંભ કરવામાં અને તેને પૂર્ણ કરવામાં તેમની સેવા નોંધપાત્ર રહી છે. મુંબઈની ઘણી સામાજિક–શૈક્ષણિક સંસ્થાઓ સાથે તેઓ એક યા બીજી રીતે જોડાયેલા છે અને તેને પોતાની યથાશક્તિ સેવા આપે છે.

શ્રી નમિનાથ જૈન દહેરાસર, શ્રી ઝાલાવાડ મૂર્તિપૂર્વક જૈનસંઘ વગેરેના તેઓ ટ્રસ્ટી છે અને ચિત્રકલા નિદર્શન નામની સંસ્થાના તેઓ મંત્રી છે.

ધોળકામાં શેઠ દામોદરદાસ કરસનદાસ જૈન ભોજનશાળા સ્થાપવામાં, પાલીતાણામાં વિજયારંભા–શ્રમણી વિહાર તથા શેઠ દામોદરદાસ કરસનદાસ ધર્મવિહાર તેમજ મુંબઈમાં કાંદીવલી નજીક દામોદરવાડી બાંધવામાં તેમની ઉદારતા નિમિત્તભૂત બની છે.

આટલી મોટી જવાબદારીઓ વહન કરવા છતાં તેઓ નિત્યનિયમ ચૂકતા નથી. પોતાનો પૂજાપાઠ કર્યા પછી જ કામે લાગે છે અને સહુ સાથે પ્રેમથી વર્તે છે.

શ્રી ચિત્તરંજનભાઈ શ્રીમતી સરલાબહેનથી વિવાહિત થયેલા છે અને વિરલ તથા સચીન નામના બે પુત્રોના પિતા છે. ડૉ. વિરલભાઈના જીવનસાથી શ્રી પારુલબહેન સુશિક્ષિત અને સંસ્કારી છે.

શ્રી ચિત્તરંજનભાઈએ સને ૧૯૬૨માં ધંધાના વિકાસ અર્થે વિદેશયાત્રા કરી હતી અને સને ૧૯૬૫માં શ્રી સરલાબહેન તથા પુત્ર વિરલ સાથે જગતનો પ્રવાસ પણ કરેલો છે. મહારાષ્ટ્ર સરકારે તેમને સ્પેશ્યલ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની પદવી આપી તેમની સેવાઓની કદર કરેલી છે.

આવી એક વિશિષ્ટ વ્યક્તિ આ સમારોહના સ્વાગતાધ્યક્ષ તરીકે સાંપડવા માટે અમે ગૌરવ અનુભવીએ છીએ.

# સમારોહના અતિથિવિશેષ
# શ્રીમતી સરલાબહેન સી. શાહ

સરલાબહેનનો જન્મ કરાંચીના એક સંસ્કારસંપન્ન જૈન કુટુંબમાં થયો હતો. પિતાનું નામ છોટાલાલ ખેતશીભાઈ અને માતાનું નામ સમજુબહેન, ચાર ભાઈ વચ્ચે તેઓ એક જ બહેન હતાં, એટલે પૂરા લાડકોડમાં ઉછર્યાં હતાં. માતા સમજુબહેન સમાજકલ્યાણની પ્રવૃત્તિઓમાં સારો રસ લેતાં હતાં, તેના સંસ્કાર તેમના પર બહુ ઊંડા પડ્યા હતા.

કરાંચી પાકિસ્તાનમાં ભળ્યા પછી તેમનું કુટુંબ મુંબઈ આવ્યું. આ વખતે તેઓ મેટ્રીકની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાં હતાં, એટલે વિશેષ અભ્યાસ માટે સેંટઝેવિયર્સ કોલેજમાં દાખલ થયાં. સને ૧૯૫૧માં તેઓ બી.એ. થયા અને એમ. એ.નો અભ્યાસ શરૂ કર્યો, પણ એક વર્ષ બાદ શ્રીમાન્ ચિત્તરંજન ડી. શાહ સાથે લગ્નગ્રંથિથી જોડાતાં વિશેષ અભ્યાસ કરી શક્યાં નહિ.

શ્રીસરલાબહેન શરૂઆતથી જ સામાજિક પ્રવૃત્તિઓમાં ઘણો રસ લેતાં હતાં. તેઓ અનુક્રમે All India Women's Conference–અખિલ હિંદ મહિલા પરિષદના મંત્રી થયાં અને પ્રમુખપદ સુધી પહોંચ્યાં. આજે પણ તેઓ આ પરિષદની મધ્યસ્થ સમિતિના એક કાર્યવાહક સભ્ય છે. આ સંસ્થાના આશ્રયે તેમણે હોસ્પીટલ સર્વિસકમીટી ઊભી કરેલી છે, જે કામા, કૂપર, વાડિયા વગેરે હોસ્પીટલોમાં જઈ બાળકોને સેવા આપે છે. ઉપરાંત આ સંસ્થાના આશ્રયે જ અંધેરીમાં એક મહિલા ઉદ્યોગગૃહ ઊભું કરવામાં આવ્યું છે, જે ૧૦૦ જેટલી બહેનોને રોજી આપે છે.

મહિલાઓના ઉદ્ધાર માટે United Women's Organisation નામની એક સંસ્થા રચાયેલી છે કે જેમાં ૧૦૦ જેટલી મહિલા સંસ્થાઓ જોડાયેલી છે. તેનું મંત્રીપદ પણ તેઓ શોભાવે છે. ફેમીલી પ્લાનીંગ મુંબઈ શાખાના પણ તેઓ સક્રિય મંત્રી છે. આ રીતે મહિલાઓના ઉદ્ધાર માટે ચાલતી સંસ્થાઓમાં તેમણે ઘણો રસ લીધેલો છે અને તન-મન-ધનનો ભોગ આપેલો છે.

સને ૧૯૬૫માં ઓસ્ટ્રીયા-વિયેનામાં Chieldren's International Summer Camp યોજાયો, તેમાં તેમણે કેમ્પલીડર તરીકે હાજરી આપી હતી અને ત્યારબાદ બીજા જ વર્ષે લંડનમાં International alliance of Women નામની પરિષદ્ યોજાઈ, તેમાં તેમણે પ્રતિનિધિ તરીકે હાજરી આપી પોતાના વિચારો દર્શાવ્યા હતા. ગત વર્ષે મુંબઈમાં Chieldren's International Camp યોજવામાં તેમણે નોંધપાત્ર કામગીરી બજાવી હતી.

ધોળકા એજ્યુકેશન સોસાયટીની કાર્યવાહક સમિતિમાં પણ તેઓ સભ્ય તરીકેની સેવા આપે છે.

ગૃહસ્થ જીવનમાં રહીને એક આદર્શ ગૃહિણીની ફરજે બજાવવા ઉપરાંત તેઓ આ બધી પ્રવૃત્તિઓમાં રસ લે છે, તે પરથી તેમની સેવાપરાયણ-વૃત્તિનો ખ્યાલ આવી શકશે,

પતિ અને પત્ની બંને સુશિક્ષિત અને સેવાભાવી હોય, એવો મેળ ભાગ્યે જ મળે છે, પણ કુદરતે એવો મેળ મેળવી આપ્યો છે અને તેનાં મધુર ફલો સમાજને મળી રહ્યાં છે.

શ્રી ચિત્તરંજનભાઈની જેમ શ્રીમતી સરલાબહેન પણ અમારી સાહિત્યપ્રવૃત્તિમાં ઊંડો રસ લઈ રહેલ છે. તેઓ 'જૈન ભક્તિવાદ પ્રકાશન સમારોહ'ના અતિથિવિશેષ તરીકે પધારી રહ્યાં છે, તેથી અમને ઘણો આનંદ થયો છે.

*

# સમારોહના અતિથિવિશેષ
# શ્રીમાન ચંદ્રસેન જીવણભાઈ ઝવેરી

ધર્મપરાયણતા, ઉચ્ચ સંસ્કાર અને સૌજન્યથી માનવજીવનમાં અનેરી સૌરભ પ્રકટે છે અને તે અનેકનું આકર્ષણ કરે છે. શ્રીમાન્ ચંદ્રસેન જીવણભાઈ ઝવેરી માત્ર ચોત્રીશ વર્ષની ઉમરમાં સમાજનું અનેરું આકર્ષણ કરી શકયા, તેની પાછળ પણ આવાં જ કારણો રહેલાં છે.

સુરત વીશાઓસવાલ જ્ઞાતિના લબ્ધપ્રતિષ્ઠિત શેઠશ્રી જીવણભાઈ નગીનભાઈ ઝવેરીને ત્યાં ધર્મપરાયણ માતા પદ્માવતીની કુક્ષિએ સને ૧૯૪૪ના માર્ચ માસની ૨૪મી તારીખે તેમનો જન્મ થયો. કુટુંબનું વાતાવરણ એકંદર ધાર્મિક હોવાથી શ્રી ચંદ્રસેનનો ઉછેર ધાર્મિક વાતાવરણમાં થયો અને પરંપરાગત ખાનદાનીને લીધે તેમનામાં ઉદારતા, નિખાલસતા તથા સૌજન્યાદિ ગુણો વિકાસ પામ્યા.

તેમનું પ્રારંભિક તથા માધ્યમિક શિક્ષણ મુંબઈમાં જ થયું. ત્યારબાદ તેમણે પોતાના કુટુંબગત ઝવેરાતના ધંધામાં ઝંપલાવ્યું. કુશાગ્ર બુદ્ધિ, ખંત તથા નિયમિત અભ્યાસ (Practice)ને લીધે થોડા જ વખતમાં સારી પ્રગતિ કરી. આગળ વધવાના અદમ્ય ઉત્સાહને લીધે થોડાં વર્ષો પહેલાં તેમણે પોતાના નામથી ઝવેરાતનો ધંધો શરૂ કર્યો અને તેમાં ઝડપી પ્રગતિ કરી. આજે તેઓ મુંબઈના અગ્રગણ્ય ઝવેરીઓની હરોળમાં બિરાજે છે. તેમણે અનેક વાર વિદેશયાત્રા કરી પોતાના ધંધાકીય જ્ઞાનને ઓપ આપ્યો છે.

શ્રી ચંદ્રસેનભાઈ વ્યાપાર ઉપરાંત ધાર્મિક અને સામાજિક સેવાનાં ક્ષેત્રોમાં પણ સારો રસ લે છે અને તેમાં ઉદાર ફાળો આપે

છે. તેઓ ગુપ્તદાનના સિદ્ધાંતમાં માને છે અને એ રીતે જરૂરવાળા-ઓને અન્ન, ઔષધિ તથા વસ્ત્રાદિની સહાય કરે છે. સગાંસંબંધી-ઓને ધંધે લગાડવામાં પણ તેઓ સારી દિલચસ્પી ધરાવે છે.

તેઓ મોતીશા લાલબાગ ટ્રસ્ટ, શ્રી ગોડીજી જૈન દહેરાસર અને ધર્માદા ખાતાંઓ, ઝવેરી ચેરીટેબલ ટ્રસ્ટ, ઝવેરચંદ પ્રતાપચંદ ચેરી-ટેબલ ટ્રસ્ટ, શકુંતલા ગર્લ્સ હાઇસ્કૂલ, મુંબઈ શ્રોફ એસોસીએશન, મુંબઈ ડાયમંડ મર્ચન્ટ એસોસીએશન, શ્રી આત્મવલ્લભ સમાજ ઉત્કર્ષ ટ્રસ્ટ વગેરે મુંબઈની સંસ્થાઓના ટ્રસ્ટી છે. ઉપરાંત શ્રી વાસુપૂજ્ય જૈન મંદિર–સુરત, આગમ મંદિર–સુરત, શ્રી મહાવીર હોસ્પિટલ–સુરત, સીમંધર સ્વામી જૈન મંદિર–મહેસાણા તથા શેઠ મોતીશા અમીચંદ સાકરચંદ ચેરીટેબલ ટ્રસ્ટ–પાલીતાણાના પણ ટ્રસ્ટી છે.

સને ૧૯૬૬ના મે માસની છઠ્ઠી તારીખે તેમનાં લગ્ન શ્રીમાન્ રતનચંદ ભાઈચંદ ઝવેરીના સુપુત્રી શ્રી વીણાબહેન સાથે થયાં. તેઓ પણ એક સુશિક્ષિત સંસ્કારી મહિલા છે અને તેમનો સંસાર સુખી બનાવી શક્યા છે. મિલન અને મનીષ નામના બે પુત્રરત્નોથી તેમનું ગૃહ રળિયામણું બનેલું છે.

દેવ–ગુરુ–ધર્મ પર તેમને અનન્ય શ્રદ્ધા જે, તેથી જ તેમનું જીવન શ્રીમંતાઈમાં પણ સદાચાર માર્ગે વહેતું રહ્યું છે અને અનેક મનુષ્યોને પ્રભાવિત કરી રહ્યું છે. તેઓ સમારોહના અતિથિવિશેષ તરીકે પધારતાં અમે ગૌરવની ઊંડી લાગણી અનુભવીએ છીએ.



શ્રીમાન્ કિશોરભાઈના પૂજ્ય પિતાશ્રી
સ્વ. શ્રીમાન્ રમણીકલાલ નાનચંદ શાહ



શ્રીમાન્ કિશોરભાઇના પૂજ્ય માતુશ્રી
**સ્વ. ચંચળબેન રમણીકલાલ શાહ**



શ્રીમાન્ કિશોરભાઈના જીવનસાથી
**શ્રીમતી ઉષાબહેન કે. શાહ**
જેમને પણ
આ ગ્રંથ સમર્પિત થયેલો છે.



જૈન સમાજના લોકપ્રિય આગેવાન

સમારોહના સ્વાગતાધ્યક્ષ

**શ્રીમાન્ ચિત્તરંજન દામોદર શાહ**



મહિલાસમાજની અનેકવિધ સેવાઓ કરનાર

સમારોહના અતિથિવિશેષ

**શ્રીમતી સરલાબહેન સી. શાહ**



અનેક સંસ્થાઓને પોતાની વિનમ્ર સેવાઓ આપનાર
સમારોહના અતિથિવિશેષ
સંઘરત્ન
**શ્રીમાન્ વસનજી લખમશી ઘેલાભાઇ**



ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે
વિવિધ પ્રવૃત્તિઓ કરનાર
**શ્રીમાન્ નારાણજી શામજી મોમાયા**



ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે
વિવિધ પ્રકારની સેવાઓ આપનાર
સમારોહના અતિથિવિશેષ
**શ્રીમાન્ નંદલાલ રૂપચંદ શાહ**



સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રમાં
ઉંડો રસ લેનાર
શ્રી જૈન શ્વે. મૂ. તપાગચ્છીય જૈન સંઘ
ડોંગરી-મુંબઈના મંત્રી તથા ટ્રસ્ટી
**શ્રીમાન્ બાબુલાલ સુંદરલાલ ઝવેરી**



સ્વ. શ્રી સામતભાઇ લખધીરભાઈના

સ્મરણાર્થે

હા. શ્રી દેવશીભાઈ સામતભાઈ તથા

શ્રી જીવરાજભાઈ સામતભાઈ શાહ

આશીષ બીલ્ડીંગ, પ્લોટ નં. ૨૬, પહેલે માળે,

ઉત્તર–દક્ષિણ રસ્તો ત્રીજો,

જુહુ સ્કીમ, વીલેપાર્લે (પશ્ચિમ), મુંબઇ–૪૦૦ ૦૫૬.

## સમારોહના અતિથિવિશેષ

# શ્રીમાન્ વસનજી લખમશી ઘેલાભાઈ

દાન, દયા, પરોપકાર તથા સેવાલક્ષી વિવિધ પ્રવૃત્તિઓને લીધે શ્રીમાન્ વસનજીભાઈ માત્ર કચ્છી સમાજમાં નહિ, પણ મુંબઈના સારાયે ગુજરાતી સમાજમાં ખૂબ લોકપ્રિય બનેલા છે. કચ્છ–દુર્ગાપુર-નિવાસી વીશાઓસવાલ જ્ઞાતીય પિતા લખમશીભાઈ અને માતા રતનબાઈની શીળી છાયમાં ઉછરતાં તેમને ધાર્મિક સંસ્કારો સારા પ્રમાણમાં મળેલા છે. તેમના દાદીમા શ્રી મેઘબાઈમાતા કે જેઓ ધર્મપરાયણ ઉચ્ચકોટિનું જીવન જીવતાં હતાં અને જેમનો આશરે બે વર્ષ પહેલાં મુંબઈ–ઘાટકોપરમાં સમાધિપૂર્વક સ્વર્ગવાસ થયો, તેમની મીઠી નજરે શ્રી વસનજીભાઈના જીવનને સુસંસ્કાર અને સેવા-વૃત્તિની સૌરભથી મહેકતું કર્યું છે.

કોલેજનું બે વર્ષનું શિક્ષણ લીધા પછી શ્રી વસનજીભાઈ પોતાની પેઢી મે. લાલજી પુનશીની કું.માં જોડાયા કે જે અનાજ, તેલ અને તેલીબીયાંના કમીશનનું કામ મોટા પ્રમાણમાં કરે છે અને ભાત બજારની એક સહુથી જૂની પ્રમાણિક પેઢીની ખ્યાતિ પામેલી છે. ઉત્સાહ, ખંત અને ડહાપણભરેલા ચોક્કસ નિર્ણયોને લીધે અહીં તેઓ સારી રીતે ઝળકી ઉઠયા અને વ્યાપારી–વર્ગ પર સુંદર છાપ પાડી શક્યા.

અનુક્રમે તેઓ ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડસ મર્ચન્ટ એસોસીએશનના મંત્રી બનેલા છે અને તે પદ સારી રીતે શોભાવી રહેલ છે. સને ૧૯૭૦માં તેઓ ધી બોમ્બે ઓઈલસીડ્સ એક્સચેન્જના ડીરેકટર બન્યા, ત્યાર પછી અખિલ હિંદ સેન્ટ્રલ ઓર્ગેનિઝેશન ઓફ ઓઈલ ઇન્ડસ્ટ્રી અને ટ્રેડની મેનેજીંગ કમીટીના સભ્ય બન્યા તથા ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ, ઇન્ડસ્ટ્રી એન્ડ ટ્રેડની

ટેકસેશન સબકમીટી તથા આંતરિક વ્યાપાર સબકમીટીના સભ્ય નિમાયા. આમ વ્યાપારી ક્ષેત્રમાં તેમની ઉત્તરોત્તર ઉન્નતિ થતી ગઈ અને તે હજી યે ચાલુ છે.

શ્રી વસનજીભાઈની સેવાપરાયણ વૃત્તિએ સામાજિક ક્ષેત્રને પણ સારી રીતે શોભાવ્યું છે. તેઓ લાંબા સમયથી કચ્છી વીશા ઓશવાળ સેવાસમાજના પ્રમુખ છે, તેમજ હીરજી ભોજરાજ એન્ડ સન્સ માટુંગા જૈન બોર્ડીંગ અને હીરજી ઘેલાભાઈ સાવલા હાઇસ્કૂલના ઉપપ્રમુખ છે. શેઠ ધનજી દેવશી રાષ્ટ્રીય કન્યાશાળા–ઘાટકોપરના ટ્રસ્ટી તથા માનદ મંત્રી છે, તેમજ કચ્છ–દુર્ગાપુર જૈન મહાજન તથા પાંજરાપોળના ટ્રસ્ટી છે. વળી જૈન આશ્રમ કચ્છ–માંડવીના પણ ટ્રસ્ટી છે. આ રીતે તેઓ ટ્રસ્ટી, પ્રમુખ, મંત્રી કે કાર્યવાહક સમિતિના સભ્ય બનીને કચ્છની અનેક સંસ્થાઓને પોતાની સેવાઓ વિનમ્રભાવે આપી રહેલ છે.

સાર્વજનિક સેવાના ક્ષેત્રે પણ તેઓ સક્રિય રહ્યા છે. ઘાટકોપર હિંદુમહાસભાની કાર્યવાહક સમિતિના સભ્ય છે, ઘાટકોપર સેવાસંઘ જે આંખની હોસ્પિટલ ચલાવે છે, તેના ટ્રસ્ટી છે અને ઘાટકોપર સાર્વજનિક સેવાસમાજની કાર્યવાહક સમિતિના સભ્ય છે. વળી તેઓ ધી રોટરી કલબ ઓફ બોમ્બે ડાઉન ટાઉનના પણ સક્રિય સભ્ય છે. આ રીતે બીજી પણ કેટલીયે સંસ્થાઓ સાથે જોડાયેલા છે.

શ્રીકાંતાબહેનથી તેમનું લગ્નજીવન સુખી છે. તેઓ બે પુત્રી અને એક પુત્રના પ્રેમાળ પિતા છે.

બે વર્ષ પહેલાં કચ્છ–ગોધરાથી શ્રી શત્રુંજય મહાતીર્થનો છ–રી પાળતો જે સંઘ નીકળ્યો, તેના ત્રણ યોજકોમાંના એક યોજક શ્રીમાન્ લખમશી ઘેલાભાઈ હતા. શ્રી વસનજીભાઈએ આ સંઘમાં જોડાઈને યાત્રિકોની ઉમદા સેવા બજાવી હતી. તેઓ અમારા સાહિત્ય-સર્જનમાં ઊંડો રસ લઈ રહ્યા છે અને યોગ્ય ઉત્તેજન આપી રહ્યા છે. આ સમારોહના અતિથિવિશેષ બનવા માટે તેમને અનેકાનેક ધન્યવાદ ઘટે છે.

# સમારોહના અતિથિવિશેષ

## શ્રીમાન્ નંદલાલ રૂપચંદ શાહ

માનવજીવનને સફલ કરનારા મહાનુભાવોમાં શ્રી નંદલાલ રૂપ-ચંદ શાહનું નામ સહેજે મૂકી શકાય એવું છે, કારણ કે તેમણે સામાન્ય સ્થિતિમાંથી આગળ વધીને સામાજિક, વ્યાપારી તથા ઉદ્યોગક્ષેત્રે મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

સૌરાષ્ટ્રનું સમઢિયાળા ગામ એ તેમની જન્મભૂમિ. રાષ્ટ્રપ્રેમી શ્રી વીરચંદ પાનાચંદ શાહની સ્મૃતિમાં તેને વીરનગરનું નામ પ્રાપ્ત થયેલું છે. શ્રીવીરચંદભાઈના વડીલ બંધુ શ્રી રૂપચંદભાઈને ત્યાં ઈ. સ. ૧૯૧૫માં તેમનો જન્મ થયો. તેમની માતાનું નામ જડાવબહેન, શ્રી નંદલાલભાઈએ ચાર ગુજરાતી સુધીનું શિક્ષણ સમઢીઆળામાં લીધું અને વિશેષ અભ્યાસ મુંબઈ, ભાવનગર, પાલીતાણા તથા લીંબડી જૈન વિદ્યાર્થીગૃહમાં રહીને કર્યો. વ્યાયામ અને રમતગમત તેમના પ્રિય વિષયો હતા. તરવાનું તેમને ખૂબ જ ગમતું, રાષ્ટ્રસેવાનો રંગ તેમને નાનપણથી જ લાગ્યો હતો. એ રંગ સને ૧૯૩૦ની સ્વાતંત્ર્યની લડાઇમાં પરાકાષ્ઠાએ પહોંચ્યો. તેઓ એ લડતના એક અદના સિપાઈ બન્યા અને અનેકવિધ યાતનાઓ સહન કરી.

વીસ વર્ષની યુવાનવયે તેઓ વ્યવસાયમાં પડ્યા. પ્રથમ ગોંડળમાં 'મહારાજા સોપ ફેક્ટરી' ખોલી ત્યાં હરિજન સેવકસંઘના મંત્રી તરીકે પણ નોંધપાત્ર કાર્ય કર્યું. તે પછી કરાંચી ગયા અને સને ૧૯૪૮માં મુંબઈ આવી સ્થિર થયા. અનુક્રમે કેલિકો ઇન્ડસ્ટ્રીઅલ એન્જીનીયર્સના મેનેજીંગ પાર્ટનર તરીકે જોડાયા. ઉપરાંત રાજકોટમાં

સોનેક્સ મશીનટુલ્સ નામની ફેક્ટરી શરૂ કરી અને આજે ઉદ્યોગક્ષેત્રે દેશના વિકાસમાં પ્રશંસનીય ફાળો આપી રહેલ છે.

શ્રી નંદલાલભાઈએ વ્યવસાય–વિકાસની સાથે સામાજિક અને ધાર્મિકક્ષેત્રે પોતાની સેવાઓ ચાલુ રાખી છે. તેઓ દશ વર્ષ સુધી માટુંગા જૈન સ્વયંસેવક મંડળના પ્રમુખપદે રહ્યા છે. શ્રી અમરેલી જૈન વિદ્યાર્થીગૃહના વિકાસમાં તેઓશ્રીનો મહત્ત્વનો ફાળો છે અને તેના મકાનનું શિલારોપણ તેમના હાથે થયેલું છે. તેઓ જૈન આધ્યાત્મિક શિક્ષાયતન સમિતિના મેનેજીંગ ટ્રસ્ટી અને જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટીના ટ્રસ્ટી છે. જુહુના જૈન સમાજમાં તેઓ અગ્રસ્થાન ભોગવે છે.

શ્રી નંદલાલભાઈના ધર્મપત્ની શ્રી ધીરજબહેન અત્યંત ધર્મનિષ્ઠ અને સેવાભાવી છે. જુહુનો તેમનો 'નંદનવન' બંગલો અનેક અતિથિઓના સત્કારગૃહ જેવો છે. તેઓ જૈનમહિલામંડળ–જુહુના પ્રમુખ છે. થોડા જ વખત પહેલાં રાજકોટમાં તેમના નામથી શ્રાવિકાનો સુંદર ઉપાશ્રય બંધાયેલો છે.

શ્રી નંદલાલભાઈને ત્રણ પુત્રો અને પાંચ પુત્રીઓ છે. તે બધાને શિક્ષણ અને સંસ્કારની સાત્ત્વિક મૂડી પ્રાપ્ત થયેલી છે.

શ્રી નંદલાલભાઈ વર્ષોથી અમારી સાહિત્ય–સર્જન–પ્રચારની પ્રવૃત્તિમાં રસ લઇ રહેલ છે. તેઓ આ સમારોહના અતિથિવિશેષ તરીકે પધારતાં અમો આનંદવિભોર બન્યા છીએ.

ॐ ह्रीं अर्हं नम ।

# પ્રસ્તાવના

પરમતારક વીતરાગ જિનેશ્વર ભગવંતોના અનુપમેય અને અચિંત્ય માહાત્મ્યના સર્વાંગ સંપૂર્ણ મંગળ દર્શન–વંદન–કીર્તન–ચિંતન અને ધ્યાનનું મહાસૂત્ર છે : 'લોગસ્સ.' આવા આ મહાસૂત્ર, જીવનસૂત્ર, જીવનની 'આધારશિલા સમા અધ્યાત્મસૂત્ર—લેખકના શબ્દોમાં 'અધ્યાત્મની આધારશિલા'રૂપ મહાસૂત્ર–ઉપર અધ્યાત્મદૃષ્ટા પંડિતવર્યશ્રી ધીરજલાલભાઈ એ "જૈન ધર્મના ભક્તિવાદ" રૂપે આ જે સમગ્રતા-ભર્યું, સર્વ પાસાંઓને છણતું, મૌલિક અનુશીલનયુક્ત ભાષ્ય યા નિરૂપણ કર્યું છે, તેની પ્રસ્તાવના કે ભૂમિકા લખવા માટે ય વિવેક-પ્રસૂત પ્રજ્ઞા અને અંતરપરિણતિ–આત્માનુભૂતિ–ઉત્કૃષ્ટ જિનભક્તિની ભૂમિકા જોઈએ, યોગ્યતા જોઈએ. એવી યોગ્યતાનો અભાવ છતાં આ લખવાનું બે કારણે બની રહ્યું છે—એક તો પંડિતશ્રીની મારા પ્રત્યેની આત્મીયતા અને બીજું 'લોગસ્સ'ની સાધના પ્રત્યેની આ લખનારની પરમ નિષ્ઠા. જીવનની ગંભીર ઘટનાઓ વચ્ચે ચાલી રહેલી 'લોગસ્સ'ની સ્વરૂપ આરાધના વચ્ચે અણધાર્યું જ પંડિતશ્રીનું આ પ્રસ્તાવના–લેખન માટે પ્રેમભર્યું—તેમની પોતાની કોઈ પ્રેરણા કે પ્રતીતિભર્યું—આમંત્રણ આવ્યું. તેમાં મેં પરોક્ષરૂપે જિનેશ્વર ભગવંતોનો અનુગ્રહ અને પરમગુરુઓની કોઈ અદીઠ સંકેતભરી કૃપાદૃષ્ટિ જોઈ અને આ લેખનકાર્ય સ્વીકાર્યું. બન્યું પણ એવું જ. બેંગલોર, મુંબઈના સ્થિરવાસો કે પ્રવાસો અને રત્નકૂટ હંપીની કંદરાઓ કે નીલગિરિની ગિરિમાળાઓની સાધનાયાત્રાઓ દરમ્યાન અનેકરૂપે આ મહાગ્રંથનું વાંચન–મનન–ચિંતન ચાલ્યું. એના પરિણામે મારી વ્યક્તિગત લોગસ્સ–સાધનામાં તો અનેક નવાં ક્ષિતિજો ઊઘડતાં ગયાં જ, પણ સમગ્ર જૈન સમાજ, સાધનારત સમાજ અને સામાન્ય સમાજ

માટે પણ આ ગ્રંથમાં રહેલાં અનેક ઉપયોગી, ઉપાદેય રહસ્ય—દર્શનો સ્પષ્ટ થયાં.

જરા ય અતિશયોક્તિ કે પક્ષપાત વિના કહેવું જોઈએ કે પંડિતશ્રીએ પોતાની બહુમુખી પ્રતિભા અને સાધનાના પ્રતિફલનરૂપે સર્જેલા સાડાત્રણસો ઉપરાંતના પુસ્તક-પુસ્તિકાઓમાં "લોગસ્સ મહાસૂત્ર"નો આ ગ્રંથ અનેરો ઉમેરો કરે છે. એમ લાગે છે કે આ ગ્રંથના સર્જન વિના એમની રચનાઓમાં એક મહત્ત્વનું અંગ ઊણું રહી જાત. કારણ સ્પષ્ટ છે—લોકાલોકના અધીશ્વરો-સર્વ **જિનેશ્વરોના** ગુણકીર્તન-ભક્તિવંદનનાં સર્વસ્પર્શી, સર્વાંગસમર્થ રહસ્યો અને પ્રભાવોને સાચા અર્થમાં સમજવાની અને પછી **તેમની** જ્ઞાન, વિવેક અને **ભાવભરી** ભક્તિ અપનાવવાની આવશ્યકતા આજે જૈનસમાજમાં નાનીસૂની નથી. પંડિતવર્ય શ્રી ધીરજલાલભાઇએ એની **ઠીક સમયે** પૂર્તિ કરી છે.

ગ્રંથલેખનનો આશય અને સાર્થક્ય બતાવતાં તેઓશ્રી સ્પષ્ટ કરે છે કે, "....લોગસ્સસૂત્રનો પવિત્ર પ્રકાશ ઘર ઘર પહોંચે અને હજારો હૈયાંને ઉજ્જવળ બનાવી જિનભક્તિ રસામૃતમાં તરબોળ બનાવે. ગ્રંથલેખનનું સાર્થક્ય આથી બીજું કયું હોઈ શકે?" આગળ ઉપર આ ઉત્કટ આશયને તેમણે વિશેષ સ્પષ્ટ કર્યો છે: "અમારે તો પાઠકમિત્રોના અંતરમાં લોગસ્સસૂત્રની પ્રતિષ્ઠા કરવી છે અને તે વિશેષ વિચારણા કે વિશદ વિવેચન વિના થઇ શકે એમ નથી, એટલે તેનો આશ્રય લેવા તત્પર થયા છીએ."

આવા ઉદાત્ત અને વિસ્તૃત વિવેચનને મૌલિક અનુશીલન-પૂર્વક રજૂ કરતાં લેખક તેને અનેક દૃષ્ટિકોણોથી, અનેક પ્રકારે, અનેક વિષયો દ્વારા સમૃદ્ધ કરે છે. આ વિષય-વૈવિધ્યમાં દર્શન, ગણિત, ભાષા-સાહિત્ય, છંદ-અલંકાર, વિજ્ઞાન, યોગ, તર્ક, ન્યાય, ઈ. અનેક વિષયોનો સમાવેશ થઈ જાય છે. દૃષ્ટાંતો-કહેવતો ભરી, સરળ, શુદ્ધ

તળપદી ભાષાશૈલીથી તેમણે આમ લોગસ્સ જેવા મહાસૂત્રનું અનેક-રૂપે, ચિંતન–મનનપૂર્વકનું, મૌલિક, વિવિધ વિવેચન કર્યું છે.

આ વિવિધતાથી વિષયવસ્તુની દઢતા અને પુષ્ટિ થઇ છે અને

લેખકનો આશય સફળ થયો છે. ઉદાહરણાર્થ, વિશ્વ, બ્રહ્માંડ, સૃષ્ટિ, જગત, દુનિયા, Universe, ઈ.ના પર્યાયવાચી '**લોક**' શબ્દનો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી થતો વ્યાપક, વિશાળ, વિશ્લેષણ–પૂર્વકનો ઉપાદેય અર્થ તેમણે સ્પષ્ટ કરીને નવું દઢતાભર્યું પણ મૌલિક ચિંતન મૂક્યું છે. આચાર્ય હરિભદ્રસૂરિ જેવા ધર્મધુરંધર તત્ત્વદ્રષ્ટાઓના અને અન્ય શાસ્ત્રોના શાસ્ત્રીય વિવેચનો આ 'લોક' શબ્દને જે રીતે સ્પષ્ટ કરતા હોય (પંચાસ્તિકાયાદિ) તેથી મૌલિકરૂપે અન્ય નવો જ દષ્ટિકોણ લેખક અહીં મૂકતા હોવા છતાં તેઓ શાસ્ત્રીય અર્થની સીમાને ઉલ્લંઘતા નથી, એ તેમની વિશેષતા કહેવી જોઈએ. આ જ રીતે 'જિન,' 'અરિહંત' ઈ. શબ્દો પરનું અનેક પાસાંઓવાળું, ક્યાંક મૌલિક અને છતાં તાત્ત્વિક, સમુચિત, યથાર્થ અર્થઘટનવાળું લેખકનું વિવેચન ધ્યાન ખેંચે છે. લોગસ્સના અક્ષરદેહમાં છંદો, ઉત્થાપનિકાઓ, વગેરે દ્વારા લેખકે જે 'વિદ્યુત્' ઈ. અદ્ભુત ગાથા સંકલનાઓ રજૂ કરી છે, તે લોગસ્સના ત્રણ મુખ્ય વિભાગો (વિષય-નિર્દેશ, ભાવવંદના, પ્રણિધાન–ગાથાત્રિક) દ્વારા પુસ્તકના (લોગસ્સ એ ભક્તિવાદ હોવા વિષેના) વિષય અને શિર્ષકને સિદ્ધ કરે છે.

આ પછી લોગસ્સના અર્થપ્રકાશ, અર્થજ્ઞાનનાં પ્રકરણોમાં અર્થ-પ્રકાશ પામવાની પદ્ધતિ, સાપેક્ષવાદનો સિદ્ધાંત, સામાની દષ્ટિનો સ્યાદ્વાદપૂર્ણ સ્વીકાર, "જ" કારના આગ્રહી વલણનો પરિત્યાગ, ઇત્યાદિ ભારે પ્રેરક બન્યાં છે. આ ઉપક્રમમાં લેખક જ્ઞાનપ્રાપ્તિ પછી વાક્પ્રવર્તનની આવશ્યકતાને, ચતુર્વિધ શ્રી સંઘના ધર્મતીર્થપણા અંગેની શ્રદ્ધાને, દાન–શીલ–તપ–ભાવની ઉપાદેયતાને કુશળપણે સુદઢ કરે છે.

લેખકના વિશેષાર્થો અને તેની આનુષંગિક પ્રશ્નોત્તરીઓ ઠીક ઠીક લોકબોધક, સરળ અને સામયિક સમસ્યાઓને છણનારી બની છે, જે મૂળ વસ્તુવિષયથી વિષયાંતર કરી જનારી નહીં, પણ વસ્તુ વિષયને વિશદતાથી ચર્ચનારી છે. એક અર્થગંભીર વિશેષાર્થ—વ્યાખ્યા અને પ્રશ્નોત્તરીનો સાર જોઈએ—

પ્રથમગાથાના અર્થપ્રકાશમાં 'ધર્મતીર્થંકર' શબ્દને સ્પષ્ટ કરતાં લેખક વિશેષાર્થ આમ આપે છે :

**"ધર્મતીર્થંકર એટલે સાતિશયા અનુપમ વાણી વડે સત્યધર્મની અદ્ભુત દેશના દેનારા તથા ધર્મના અનન્ય આલંબનરૂપ ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરનારા."**

[પૃ. ૧૪૫]

લોકપ્રકાશક અર્હત્કેવલીઓને '**ધર્મતીર્થંકર**' કહેવાની આવશ્યકતા કેમ? એવા પ્રશ્નના ઉત્તરમાં લેખક સમુચિતપણે સ્પષ્ટ કરે છે કે—

"અર્હત્કેવલીઓ લોકનું સંપૂર્ણ સ્વરૂપ પ્રકાશનારા હોય છે, તેમ અનીતિ, અન્યાય અને અધર્મને સ્થાને નીતિ, ન્યાય અને ધર્મની સ્થાપના કરનારા પણ હોય છે, એમ દર્શાવવા માટે તેમને ધર્મતીર્થંકર કહેવામાં આવે છે." [પૃ. ૧૪૬]

આ અનુસંધાનમાં આગળની પ્રશ્નોત્તરીમાં લેખક સામયિક ચિંતન રજૂ કરે છે અને જૈનધર્મને વિશ્વધર્મ બતાવી, તેના પ્રચારની પ્રથમ ભારતમાં જ જરૂર બતાવી, તેનો સુવ્યવસ્થિત વિસ્તાર કરવાની આવશ્યકતા બતાવે છે. અને વિદેશોમાંનો ધર્મપ્રચાર પણ નિયમોના (અર્થાત્ શીલ—ચારિત્રના) પૂર્ણ અનુસરણ અંતે જ થઈ શકવા પર તેઓ યથાર્થ ભાર મૂકે છે.

લેખકના ઉરદ્ધણો—અવતરણો સહજપણે સરી આવતાં અને તેમના કથન–વિવેચનને બરાબર બંધબેસતાં થઈ જતાં જણાય છે. પ્રાયઃ તેમણે આ અવતરણોના સંદર્ભો સર્વત્ર આપ્યા છે. કોઇ કોઈ સ્થળે તેમનું સ્વતઃ ચિંતન જણાતું નિરૂપણ કોઈ પ્રસિદ્ધ અવતરણોની સ્મૃતિ આપે છે. ઉદા. ૭૬મા પાના પરનું ' આત્મા છે ' ઇ. પદપદ્ શ્રીમદ્ રાજચંદ્રજીના "આત્મસિદ્ધિશાસ્ત્ર"ની નિમ્ન ગાથાનું જ સુંદર પ્રતિરૂપ જણાય છે :—

"આત્મા છે, તે નિત્ય છે, છે કર્તા નિજ કર્મ;
છે ભોકતા, વળી મોક્ષ છે, મોક્ષ ઉપાય સુધર્મ."

[ ' આત્મસિદ્ધિશાસ્ત્ર ' ગાથા ૪૩ ]

અસ્તુ. "ભવ્ય ભક્તિસૂત્ર" શીર્ષક ૨૦ મા પ્રકરણમાં વિદ્વાન અને સ્વયં અનુભવી લેખકે ભક્તિનું જૈનધર્મમાં કેટલું વિશાળ અને કેવું મહત્ત્વનું સ્થાન છે, તે દર્શાવવા ઉપરાંત "જૈનભક્તિનો યોગની કોટિએ વિકાસ નહીં થયાના" આક્ષેપનું યુક્તિયુક્ત, તર્કપુરઃસર, દાખલા–દલીલોથી સચોટ, જડબાંતોડ નિરસન કર્યું છે. વાસ્તવમાં રત્નત્રયી જૈન સાધનાધારામાં જ્ઞાન, ક્રિયા સાથે દર્શન–ભક્તિનું સ્થાન સ્પષ્ટ જ છે; એટલું જ નહીં, એ સર્વાંગ, સર્વપરિપ્રેક્ષ્યથી પૂર્ણ અને એવું તો સંતુલિત છે કે એટલું જ્ઞાન–ભક્તિ–કર્મક્રિયા સાથે જ યોગનું પણ સર્વાંગ સંપૂર્ણ નિરૂપણ એક પૂર્ણ સાધનાનું સ્વરૂપ ભાગ્યે જ અન્ય કોઈ સાધનાધારામાં જોવા મળશે. સ્યાદ્વાદી, સર્વ અંગદર્શી જૈન સાધનાધારાની આ વિશેષતા છે. જૈનદર્શને ભક્તિને યોગની કોટિએ અવશ્ય પહોંચાડી છે, આ મુદ્દાને સુસ્પષ્ટ કરતા લેખકના અત્યંત સત્ય વિવેચન ઉપરાંત આ વિષે ' લોગસ્સ 'ના જ અનુસંધાનમાં જૈન દર્શનની ભક્તિયોગની દિશાની સક્ષમતા અને સિદ્ધિ પરત્વે ઘણું ચિંતન, સંશોધન અને વિવેચન થઇ શકે છે. છેલ્લા હજાર વર્ષના કાળમાં જ, આચાર્ય હરિભદ્રસૂરિ ( તેમનું યોગબિંદુ )

કળિકાલસર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રસૂરિ (તેમનું 'યોગશાસ્ત્ર')અને તેમના જ પ્રાયઃ સમકાલીન યુગપ્રધાન દાદા જિનદત્તસૂરીશ્વરજી અને પછી ચિદાનંદજી, ઉપા. યશોવિજયજી, મહાયોગી આનંદઘનજી સમા અનેક શ્વેતાંબર મહામનીષિઓ—આચાર્યોના જ નહીં, અનેક દિગંબર આચાર્યોનાં પણ સાહિત્ય અને સ્વજીવન દ્વારા આ મુદ્દાની પુષ્ટિ થઈ શકે છે. નિકટના જ આ વર્તમાનકાળમાં યોગનિષ્ઠ આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરજી, યોગિરાજ શ્રી શાંતિસૂરીશ્વરજી, શ્રીમદ્ રાજ-ચંદ્રજી, યોગનિષ્ઠ આચાર્યશ્રી કેસરસૂરીશ્વરજી, યોગીન્દ્ર શ્રી સહજાનંદઘનજી સમા અનેક જૈન મહાપુરુષોનાં જીવનમાં જ્ઞાન ઉપરાંત ભક્તિ સાથે કે ભક્તિ દ્વારા યોગનો પણ વિકાસ જોઈ શકાશે.

આપણી સામાન્ય અલ્પ સમજથી વિચાર કરતાં પણ જૈનભક્તિ દ્વારા, અહીં મુખ્યત્વે "લોગસ્સ" દ્વારા ભક્તિ ઉપરાંત યોગનું, ધ્યાન-યોગનું સ્વરૂપ ઉપસ્યા અને સ્પષ્ટ થયા વિના રહેશે નહીં. અન્ય અનેક સંભાવ્ય મુદ્દાઓમાં નિમ્ન મુદ્દાઓ, આ સંબંધમાં. ચિંતનીય લાગશે :—

(૧) લોગસ્સ એ પ્રાય તો કાયોત્સર્ગ, કાયાના મન, વચનના પણ, ઉત્સર્ગની સાધના કે ક્રિયા છે. **તેમાં પ્રણિપાત, વંદના ઈ. ઉપરાંત જિનેશ્વર ભગવંતોનું ધ્યાન-દર્શન ચાલે છે, તે ભક્તિનો જ આગળનો વિકસિત ક્રમ છે.**

(૨) '**લોગસ્સ**'નું અનેકવારનું પઠન-સાધન એ કોઈ શુષ્ક, ગતાનુગતિક, રૂઢ, યંત્રવત્ ક્રિયા–Mechaical Repeatation નથી. એ તો ભક્તિ અને ધ્યાનયોગના સંમિશ્રણ અને સાતત્યપૂર્વકની એક અવશ્ય પરિણામદાત્રી, રસસભર ક્રિયા યા સાધના છે—ઘૂંટાઈ ઘૂંટાઈને સત્ત્વ લાવતી ચોસઠ પહોરી પીપરના જેવી.

(૩) કાયોત્સર્ગમાં એક શ્વાસે એક ચરણનું 'લોગસ્સ' સ્મરણ ચાલે, કે આગળ વધેલા યોગધ્યાનાભ્યાસીનું શ્વાસ-સ્થંભન પૂર્વકનું

સ્મરણ ચાલે-બધામાં ભક્તિપ્રણિપાતમાંથી '**જિનરૂપ**' ધ્યાન ધરતા, '**નિજરૂપ**'-ધ્યાન, સ્વરૂપધ્યાન, સ્વાત્માના શુદ્ધરૂપના ધ્યાનમાં ઉતરાય છે, એ ભક્તિમાંથી યોગનું નાનુંસૂનું રૂપાંતર નથી!

(૪) 'લોગસ્સ' ક્રિયામાં ૧,૪,૮,૧૨,૧૬,૪૦, કે કોઇ પણ સંખ્યાનો 'કાઉસ્સગ્ગ' કરતાં આપણે "વોસિરામિ" શબ્દ બોલતાં જ જે મન-વચન-કાયાની સર્વોત્કૃષ્ટ સ્થિરતામાં પ્રવેશીએ છીએ અને તે વખતે યા તો "એક એક શ્વાસનું રટણ" યા પ્રાણનું 'કુંભક'થી ઉલ્ટી અવસ્થાનું "સ્થંભન" અનુભવાય છે (જે અન્ય વૃત્તિઓને વિચારો-વિકલ્પોને શૂન્યવત્ કરી દે છે) તે સ્પષ્ટ જ યોગક્રિયા નથી તો બીજું શું છે? તે વડે અત્યંત સ્થિર, સૂક્ષ્મ અવસ્થામાં, શુદ્ધ આત્મચેતનના લોકમાં, પ્રવેશ્યા પછી પરમ-શુદ્ધાત્મસ્વરૂપી જિનેશ્વર ભગવંતોનું જે સ્વરૂપધ્યાન ચાલે છે, તે અનેક યોગાભ્યાસીઓએ અનુભવેલું અને આચાર્ય શ્રીહેમચંદ્ર ભગવંતે વર્ણવેલું સાલંબન ધ્યાન શુક્લધ્યાનના જ એક પ્રકારનું સ્પષ્ટ રૂપ છે. "ચંદેસુ નિમ્મલયરા"થી "સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ" સુધીનાં અંતિમ ચાર ચરણોવાળી ગાથા તો અદ્ભુત આત્મધ્યાન, આત્મસિદ્ધિ-પ્રાપ્તિ માટે જ જાણે યોજાઈ છે, તેવી આ લખનારની સ્વાનુભવની, અલ્પ સમજ છે. સિદ્ધિભગવંતો પાસે અહીં કઈ 'સિદ્ધિ' માગી છે? ભવનિર્વેદ પછીની, શુદ્ધાત્મ ધ્યાનના સાતત્ય પછીની, આત્મસિદ્ધિ, સિદ્ધોની સિદ્ધદશા જેવી જ આત્મસિદ્ધિ! "સર્વ જીવ છે સિદ્ધસમ, જે સમજે તે થાય." એ શ્રીમદ્ રાજચંદ્રસૂચિત નિશ્ચયદૃષ્ટિની સત્તાગત સિદ્ધિ અને ભક્તિયોગી શ્રી. માનતુંગાચાર્યજીએ અનુભવેલી "तुल्या भवन्ति" વાળી શ્રી. ભક્તામરસ્તોત્રની ગાથાવાળી, 'ભગવાન જેવી જ અંતે ભક્તની આત્મદશા"ની સિદ્ધિ. આ સર્વે ભક્તિમાં, જિનભક્તિમાં, અહીં **લોગસ્સ દ્વારા થતી જિનભક્તિમાં, યોગશક્તિની સિદ્ધિ-ક્ષમતા સૂચવવા પૂરતું છે.**

(૫) 'લોગસ્સ' ની "આરુગ્ગ–બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ" વાળી ગાથામાં પંડિતશ્રી ધીરજલાલભાઈએ યથાર્થ જ સૂચવ્યા મુજબ આરોગ્ય અને તે સાથે બોધિલાભ અને સમાધિમરણની જે વાત નિરૂપી છે. તે એમ સૂચવે છે કે સમાધિમરણ રોગની નહીં, યોગની અવસ્થામાં થાય. ( રોગ કદાચ કોઇ કિસ્સામાં હોય તો પણ **રોગ અને શરીરથી "ભિન્નતા" કે મંદ–અતિમંદ વળગણા" હોય!)** અને આવી **યોગદશા આરોગ્યદશા** અને **સમાધિમરણ એ ભક્તિનું સહજ વિકસિતરૂપ જ નહીં તો બીજું શું છે?**

(૬) જિનભક્તિના અનેક મહાપ્રભાવિક સ્તોત્રો, સૂત્રો, સ્તવનોની જેમ "લોગસ્સ" મહાસૂત્રની રચનામાં પણ "अमंत्रं अक्षरं नास्ति" વાળી **મંત્રશક્તિ, શબ્દશક્તિ,** ઉપરાંત દિવ્ય સંગીતની **અનાહત-નાદની નાદશક્તિ** પણ છે, જે યોગનું જ એક રૂપ છે. આ પંક્તિ-લેખકે "લોગસ્સ"ની નાદશક્તિમાં આવી યોગક્ષમતાની ઝાંખી, ગુરુ-કૃપાએ કરી છે, એટલું જ નહીં, એમ અવલોકયું છે કે લોગસ્સ સૂત્રાધારિત **"યોગમુદ્રાઓથી યુક્ત"** દિવ્ય નૃત્ય પણ સંભવ છે, જેનો પ્રયોગ કલકત્તાના જૈનભવનના વિદ્યાલયની સાત્વિક, સુશીલ બાલિકાઓ દ્વારા સફળપણે થતો આ લખકે જોયો છે.

(૭) આગળ સંકેત કરેલા "સાલંબન ધ્યાન" પછી નિરાવ-લંબન–નિરાકાર સ્વરૂપધ્યાનમાં પણ લઈ જવા **લોગસ્સની સાધના સર્વથા સમર્થ હોઈ, લોગસ્સમાં "ભક્તિયોગ ઉપરાંત ધ્યાનયોગ" યા "ભક્તિયોગ દ્વારા ધ્યાનયોગ" અવશ્ય સમાયેલો છે.**

આવી અનેક દૃષ્ટિઓએ વિચારતાં **'લોગસ્સ'** અને અન્ય સૂત્રો–સ્તોત્રો દ્વારા થતી ભક્તિ **આત્માના** ધ્યાનમાં અને જ્ઞાનમાં લઇ જનારી હોઈ તે યોગની ઉચ્ચ કોટિએ લઈ જવા સર્વથા સક્ષમ

છે. આ બાબતમાં પંડિતવર્યશ્રી ધીરજલાલભાઈના આ અંગેના કથનની પુષ્ટિ, પૂર્તિ કે અનુમોદના જ નહીં પણ તે વિષે તેઓ અને અન્ય યોગાધિકારી મહા પુરુષો વિશેષ ચિંતન કરે, લખે, તેવી પ્રાર્થનાયુક્ત જાહેર માગણી પણ આ પ્રસંગે નમ્રપણે મૂકું છું. જૈન ભક્તિ ઉપરાંત જૈનયોગ–જૈન ધ્યાનના ક્ષેત્રમાં આજે વિશેષ ને વિશેષ પુરુષાર્થ થવો અત્યંત આવશ્યક અને યુગસાપેક્ષ છે. જો અભિનંદન આપવા માટેની (વયે અને જ્ઞાને લઘુ રેહેલા) આ પંક્તિ-લેખકને સત્તા–યોગ્યતા, જે કહો તે, હોય તો આ દિશામાં વણખેડયા પ્રદેશોની યાત્રાની પહેલ કરવા બદલ મુરબ્બી પ્રાજ્ઞ પુરુષ પં. શ્રી. ધીરજલાલભાઈને ભાવપૂર્વકના **અભિવંદન** સાથે અનેક **અભિનંદન.**

આશા છે, "લોગસ્સસૂત્ર અધ્યાત્મની આધારશિલા છે" વાળા પ્રકરણમાં ૭૦મા પાને લેખકવર્યે અનેક સંભાવનાઓ યુક્ત લોગસ્સ મહાસૂત્ર અંગે જે જૂદી જૂદી દૃષ્ટિએ વિચારણા કરવાનું સૂચન કર્યું છે, તેને સર્વ સુજ્ઞ ચિંતકો યોગસાધકો અપનાવી, સર્વપ્રકારે વિચારણા, ગોષ્ઠિઓ અને પ્રયોગો કરી, એ સિદ્ધ કરશે કે **"લોગસ્સ મહાસૂત્ર એ જૈનધર્મનો ભક્તિવાદ–ભક્તિયોગ માત્ર જ નહીં, જ્ઞાનયોગ–ધ્યાનયોગ–પૂર્ણયોગ–સમગ્રયોગ પણ છે!"**

કૂનૂર, બેંગલોર હંપી–રત્નકૂટ **પ્રા૦ પ્રતાપકુમાર જ. ટોલિયા**
ગુરુપૂર્ણિમા, અષાડ શુ. ૧૫, [૧૨, કેંમ્બ્રિજરોડ, બેંગલોર-૫૬૦૦૦૮.]
૯–૭–૧૯૭૯.

# ઉપયોગમાં લેવાયેલા ગ્રંથોની યાદિ

અભિધાનચિંતામણિકોષ

આવશ્યકચૂર્ણિ

આવશ્યક ટીકા

આવશ્યકનિર્યુક્તિ

આચારદિનકર

ઉત્તરાધ્યયનસૂત્ર

કોષ્ઠકચિંતામણિ

ગાહાલક્ખણ

ચેઈયવંદણમહાભાસ

તત્ત્વાર્થાધિગમસૂત્ર

દશવૈકાલિકસૂત્ર

દેવવંદનભાષ્ય

દેવાધિદેવ ભગવાન મહાવીર ( સં. મુ. શ્રી તત્ત્વાનંદ વિજયજી )

ધર્મસંગ્રહ

નમસ્કારમંત્રસિદ્ધિ (સ્વરચિત)

નવતત્ત્વદીપિકા (સ્વરચિત)

નાગપિંગલ

પીસ્તાલીશ આગમની પૂજા (પં. વી. કૃત)

પ્રજ્ઞાપનાસૂત્ર

પ્રતિક્રમણસૂત્ર પ્રબોધટીકા ભા. ૧-૨-૩ (સ્વરચિત)

પ્રવચનસારોદ્ધાર

પ્રાકૃતપિંગલ

ભક્તામર-રહસ્ય (સ્વરચિત)

મહાપ્રાભાવિક ઉવસગ્ગહરંસ્તોત્ર (સ્વરચિત)

મહાનિશીથસૂત્ર

યોગશાસ્ત્રસ્વોપજ્ઞવિવરણ

યોગવાસિષ્ઠ

લલિતવિસ્તરાચૈત્યવંદનવૃત્તિ

લોગસ્સસૂત્ર—સ્વાધ્યાય

વન્દારુવૃત્તિ

વિશેષાવશ્યકભાષ્ય—ટીકા (મલ્લધારીય શ્રી હેમચંદ્રસૂરિકૃત)

શ્રુતબોધ

સમવાયાંગસૂત્ર

સિદ્ધિદાયક સિદ્ધચક્ર (સ્વરચિત)

સામાયિકવિજ્ઞાન (સ્વરચિત)

# વિષયાનુક્રમ


| | | પૃષ્ઠાંક |
|---|---|---|
| ૧ | પ્રાક્કથન | ૩ |
| ૨ | સૂત્ર અંગે કેટલીક વિચારણા | ૧૪ |
| ૩ | લોગસ્સસૂત્રની પ્રાચીનતા અને પવિત્રતા | ૨૮ |
| ૪ | લોગસ્સસૂત્ર જિનભક્તિનું દ્યોતક છે. | ૪૧ |
| ૫ | લોગસ્સસૂત્ર દર્શનશુદ્ધિનું સાધન છે. | ૫૫ |
| ૬ | લોગસ્સસૂત્ર અધ્યાત્મની આધારશિલા છે. | ૭૦ |
| ૭ | લોગસ્સસૂત્રનો અક્ષરદેહ | ૮૨ |
| ૮ | અર્થપ્રકાશ અંગે કિંચિત્ | ૧૦૫ |
| ૯ | પ્રથમ ગાથાનો અર્થપ્રકાશ–૧ [લોક અને તેનો ઉદ્યોત] | ૧૧૪ |
| ૧૦ | પ્રથમ ગાથાનો અર્થપ્રકાશ–૨ [ધર્મતીર્થંકર] | ૧૩૦ |
| ૧૧ | પ્રથમ ગાથાનો અર્થપ્રકાશ–૩ [જિન] | ૧૪૮ |
| ૧૨ | પ્રથમ ગાથાનો અર્થપ્રકાશ–૪ [અરિહંતો] | ૧૬૯ |
| ૧૩ | પ્રથમ ગાથાનો અર્થપ્રકાશ–૫ [છેલ્લાં ચાર પદો] | ૧૮૬ |
| ૧૪ | તીર્થંકરવાદ | ૧૯૯ |
| ૧૫ | બીજી–ત્રીજી–ચોથી ગાથાનો અર્થપ્રકાશ | ૨૧૭ |
| | ચોવીશ જિનોની કલ્યાણકતિથિઓનો કોઠો | ૨૩૯ |
| | ચોવીશ જિનોની કલ્યાણકભૂમિઓનો કોઠો | ૨૪૧ |
| | ચોવીશ જિનોના માતા–પિતાદિનો કોઠો | ૨૪૩ |
| ૧૬ | પાંચમી ગાથાનો અર્થપ્રકાશ | ૨૪૫ |
| ૧૭ | છઠ્ઠી ગાથાનો અર્થપ્રકાશ | ૨૬૨ |
| ૧૮ | સાતમી ગાથાનો અર્થપ્રકાશ | ૨૯૧ |
| ૧૯ | સૂત્રાર્થદર્શન | ૩૦૬ |
| ૨૦ | ભવ્ય ભક્તિસૂત્ર | ૩૦૯ |
| ૨૧ | લોગસ્સની ખાસ આરાધના | ૩૩૫ |
| ૨૨ | કલ્પ અને મંત્રો | ૩૪૯ |
| ૨૩ | પૂજન–ધ્યાન–યંત્ર | ૩૬૩ |
| ૨૪ | ઉપસંહાર | ૩૭૫ |
| | પરિશિષ્ટ—શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન | ૩૭૯–૮૪ |



ધર્મપ્રિય, સમાજસેવક અને રાષ્ટ્રોન્નતિના
પ્રશ્નોમાં ઊંડો રસ લેનાર

**શ્રીમાન્ નગીનદાસ વાડીલાલ ગાંધી**

એડવોકેટ – કપડવંજ ( ગુજરાત )

મુંબઇ રાજ્ય અને ગુજરાત રાજ્યના
માજી ધારાસભ્ય તથા વિરોધ પક્ષના નેતા.



સ્વાશ્રય અને સંસ્કારબળે આગળ વધી
જીવનમાં જ્વલંત સફળતા મેળવનાર
કોલ્હાપુરનિવાસી

**સ્વ. પરમાણુંદભાઇ ભવાનજીભાઈ મહેતા**



ધાર્મિક, સામાજિક અને શૈક્ષણિકક્ષેત્રે
અનન્ય સેવા આપનાર
શ્રી જૈન શ્વે. કોન્ફરન્સના પ્રમુખ
**શ્રીમાન્ દીપચંદ એસ. ગાર્ડી**
બીએસ., સી. બાર–એટ–લો.



સત્યવ્રતનું જીવનભર પાલન કરનાર
ધર્મપરાયણ દીર્ઘજીવી
**સ્વ. શ્રી દયાળજી વલ્લભજી પારેખ**



અનન્ય ધર્મપ્રેમી

**સ્વ. અરવિંદકુમાર શેષકરણ શાહ**

જન્મ : સને ૧૯૧૭ દેહોત્સર્ગ : સને ૧૯૬૮



જ્વલંત જિનભક્તિ વડે
જીવનને સાર્થક કરનાર
**સ્વ. શારદાબહેન ચિનુભાઈ શાહ**



ચેમ્બુર ( મુંબઇ ) દહેરાસરના મૂલનાયક

**શ્રી આદીશ્વર ભગવાન**

## ✱ વંદના પહેલી ✱

વિદ્યા, કલા અને

સંસ્કૃતિના

પ્રથમ પ્રચારક,

પ્રથમ પૃથ્વીપતિ

તથા

પ્રથમ તીર્થંકર

એવા

શ્રી આદિનાથ ભગવાનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

વિશ્વમંગલ ઈન્વેસ્ટમેન્ટ પ્રા. લી.

૪–ડી, કોર્ટ ચેમ્બર

૩૫—ન્યુ મરીન લાઈન્સ

મુંબઈ–૪૦૦ ૦૨૦

ટે. નં. ૨૯૧૧૧૩

## ❋ વંદના બીજી ❋

જેમણે
સાત્વિક સાધના વડે
સર્વ પ્રકારના ભયો
જિત્યા
તથા
આત્માની અનંત શક્તિ
પ્રકટ કરી,
તે
શ્રી અજિતનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

નટવરલાલ એમ. શાહ
ગુલાબીદાસ બીલ્ડીંગ, ૨ જે માળે,
વિઠ્ઠલદાસ રોડ,
મુંબઈ—૪૦૦ ૦૦૨
ટે. નં. ૩૧૦૫૨૪

## ✽ વંદના ત્રીજી ✽

જેમણે

ઉત્કૃષ્ટ આરાધનાના બળે

જન્મ-મરણનો

સંભવ

સદાને માટે

મીટાવી દીધો,

તે

શ્રી સંભવનાથ ભગવાનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**વીરચંદ મેઘજી થોભણ**

ગીલ એન્ડ કું. પ્રા. લી.

એન. ટી. સી. હાઉસ,

એન. એમ. માર્ગ,

બેલાર્ડ એસ્ટેટ,

મુંબઈ-૪૦૦ ૦૩૮

ટે. નં. ૨૬૫૦૦૧, ૨, ૩, ૪, ૫

## ✖ વંદના ચોથી ✖

---

જેઓ

તીર્થંકરપદપ્રાપ્તિના

કારણે

ત્રણેય લોકના

ઉત્કૃષ્ટ અભિનંદનને

પાત્ર બન્યા,

તે

શ્રી અભિનંદન સ્વામીને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

ઝવેરચંદ ભુરાભાઈ ઝવેરી
૨૨૯—શેખમેમન સ્ટ્રીટ,
ઝવેરી બજાર,
મુંબઈ—૪૦૦ ૦૦૨
ટે. નં. ૩૨૬૧૩૦

## ✠ વંદના પાંચમી ✠

જેમણે

સત્ય ધર્મની

સફલ પ્રરૂપણા વડે

લોક–સમૂહમાં

સન્મતિ પ્રકટાવી,

તે

શ્રી સુમતિનાથ ભગવાનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

હરકુંવરબેન નંદલાલ દોશી

૨૩–લીલાનિવાસ,

લખમશી નપ્પુ રોડ, માટુંગા,

મુંબઈ–૪૦૦ ૦૧૯

## ✖ વંદના છઠ્ઠી ✖

જેમણે
સંસારનો ત્યાગ કરીને
સામાયિકયોગની
સાધના સ્વીકારી
અને
તેમાં નિપુણ બનીને
અનંત–ચતુષ્ટયની
પ્રાપ્તિ કરી,
તે
શ્રી પદ્મપ્રભ સ્વામીને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**શ્રી વરલી પ્રિન્ટર્સ**

પન્નાલાલ સીલ્ક મીલ કમ્પાઉન્ડ,
ભાંડુપ,
મુંબઈ–૪૦૦ ૦૭૮
ટે. નં. ૫૯૧૬૫૫

## ✱ વંદના સાતમી ✱

જેઓ
જ્ઞાન અને ક્રિયાના
સુંદર સમન્વય વડે
પ્રશમરસની પ્રાપ્તિ કરી,
તેમાં
નિમગ્ન બન્યા અને
વીતરાગપદને સાર્થક
કરી શક્યા,
તે
શ્રી સુપાર્શ્વનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**નિતીન ટેક્ષટાઈલ્સ**

ઘડિયાળ ગલી,
મુળજી જેઠા મારકીટ,
મુંબઈ–૪૦૦ ૦૦૨
ટે. નં. ૨૯૬૫૮૦

## ✖ વંદના આઠમી ✖

જેમના આત્માને
સંયમ–ધર્મની
અનન્ય ઉપાસનાએ
ચંદ્ર કરતાં વધારે
નિર્મળ અને
સૂર્ય કરતાં વધારે
તેજસ્વી બનાવ્યો,
તે
શ્રી ચંદ્રપ્રભ સ્વામીને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**શેઠ બ્રધર્સ**
લાલસિંગ માનસિંગ બીલ્ડીંગ
પહેલે માળે,
કીચન ગાર્ડન લેન,
મુંબઈ–૪૦૦ ૦૦૨
ટે. નં. ૩૧૯૮૭૫, ૨૫૪૭૦૪

## ❋ વંદના નવમી ❋

જેમણે
વિષયોરૂપી
વિષધરના વિષનું
વારણ કરવા માટે
ઉપદેશામૃતની
અભિનવ વૃષ્ટિ કરી,
તે
શ્રી સુવિધિનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

શ્રીપતલાલ બંગડીવાલા એન્ડ કું.
૪–જાદવ ભવન,
ડૉ. ડિ'સીલ્વા રોડ, દાદર,
મુંબઈ–૪૦૦ ૦૨૮

## ✠ વંદના દશમી ✠

જેમણે
કષાયરૂપી કાળા નાગોને
નાથવા માટે
અનન્ય અને અકસીર
એવા
સામાયિક-સૂત્રનું
પ્રવર્તન કર્યું,
તે
શ્રી શીતલનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**શાહ મફતલાલ મોતીલાલ**

બી-૮, વંદના સોસાયટી,
સુભાષ લેન, દફતરી રોડ,
મલાડ (ઇસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૪

## ✱ વંદના અગિયારમી ✱

જેમણે
શ્રેયસ્‌ની સિદ્ધિ માટે
મંગલમય
ધર્મની આરાધના
દર્શાવી
વિશ્વમૈત્રીનો
વિજયધ્વજ ફરકાવ્યો,
તે
શ્રી શ્રેયાંસનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**શાહ વેણીચંદ લલ્લુભાઈ ઘોટીવાલા**
બી–૯, વંદના સોસાયટી,
સુભાષલેન, દફતરી રોડ,
મલાડ (ઈસ્ટ),
મુંબઈ–૪૦૦ ૦૬૪

# ✱ વંદના બારમી ✱

જેમણે
નવતત્ત્વના નિરૂપણથી
ભૌતિકવાદના ભોરીંગને
દૂર ભગાડયો
અને નવી
આધ્યાત્મિક ચેતના
પ્રકટાવી,
તે
શ્રી વાસુપૂજ્ય સ્વામીને
**અમારી**
કોટિ કોટિ વંદના હો.

卐

**જયંત એમ. શાહ**
વિમલ, ૨ જે માળે,
૧૮૪–ખેતવાડી,
મુંબઈ–૪૦૦ ૦૦૪
ટે. નં. ૩૧૧૫૪૪

## વંદના તેરમી

જેમણે

વ્રત, નિયમ અને તપની

દિવ્ય દેશના આપી

માનવજીવનનું

ઉત્તમ ઘડતર કરવાનો

મંગલમય માર્ગ

દર્શાવ્યો,

તે

શ્રી વિમલનાથ ભગવાનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


**મે. એમ. એમ. શાહની કું.**

૧૦૯–શામળદાસ ગાંધી માર્ગ,

**મુંબઈ–૪૦૦ ૦૦૨**

ટે. નં. ૩૧૨૭૨૬, ૨૫૨૩૬૪

## ✖ વંદના ચૌદમી ✖

જેમણે

ભવની અનંત શૃંખલા

તોડવા માટે

સત્યં શિવં સુંદરં

એવા

સામાયિકયોગની

સમર્થ પ્રરૂપણા કરી,

તે

શ્રી અનંતનાથ ભગવાનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**શા. હંસરાજ કરમસીની કું.**

**ભાઈલાલ ભુવન,**

**૧૧૮–કેશવજી નાયક રોડ,**

**મુંબઈ–૪૦૦ ૦૦૯**

**ટે. નં. ૩૩૯૬૦૫, ૩૪૮૦૧૪**

## ✱ વંદના પંદરમી ✱

જેમણે
સમ્યગ્દર્શનની સિદ્ધિ માટે
તથા
સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ માટે
તેમજ
સમ્યક્ચારિત્રની પુષ્ટિ માટે
ધર્મની અપૂર્વ
દેશના દીધી,
તે
શ્રી ધર્મનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**અમૃતલાલ દેવશીભાઈ કોઠારી**

છાયા, ૩ જે માળે, બ્લોક નં. ૨૪,
૫૯૪–જામે જમશેદ રોડ, માટુંગા,
મુંબઈ–૪૦૦ ૦૧૯
ટે. નં. ૪૭૪૬૮૦, ૪૮૪૦૨૩

# વંદના સોળમી

જેમણે
ચિત્તની
પરમ શાંતિ સાટે
તથા
કર્મકટંકના સર્વ ઉપદ્રવો
શમાવવા માટે
ધર્મધ્યાનની સર્વોપરિતા
સિદ્ધ કરી,
તે
શ્રી શાંતિનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

જયસુખલાલ રાયચંદ મહેતા
મે. રમેશચંદ્ર બ્રધર્સ,
૨૨-૨૪ નાખુદા સ્ટ્રીટ, ૧ લે માળે,
પાયધુની, મુંબઈ-૪૦૦ ૦૦૩
ઓ. ટે. નં. ૩૨૬૭૫૧
ઘર ટે. નં. ૪૭૧૮૬૩

## ✱ વંદના સત્તરમી ✱

જેમણે

અહિંસા ધર્મની વૃદ્ધિ માટે

છ યે કાયના જીવો

પ્રત્યે

સમભાવ કેળવવાનો

અનન્ય અનુરોધ

કર્યો,

તે

શ્રી કુંથુનાથ ભગવાનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

રમણલાલ નગીનદાસ પરીખ

જયંતમહાલ, ૪ થે માળે,

ચર્ચગેટ 'ડી' રોડ,

મુંબઈ—૪૦૦ ૦૨૦

## ✲ વંદના અઢારમી ✲

જેમણે
આત્માનું શુદ્ધ સ્વરૂપ
પ્રકાશવા માટે
ક્રોધને કાબૂમાં લીધો,
માનનું મર્દન કર્યું,
માયાને મીટાવી દીધી
તથા
લોભનો સર્વાંશે નાશ
કર્યો,
તે
શ્રી અરનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

રમણલાલ વાડીલાલ શાહ
૧૦–મે ફ્લાવર, પહેલે માળે,
એમ. એલ. દહાણુકરમાર્ગ,
મુંબઈ–૪૦૦ ૦૨૬

## ✠ વંદના ઓગણીશમી ✠

જેમણે

રાગને રોળી નાખ્યો,

દ્વેષને દૂર ભગાડયો,

તથા

સાતેય પ્રકારના

ભયોને જિતીને

જિનપદની પ્રાપ્તી કરી,

તે

શ્રી મલ્લિનાથ ભગવાનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**શ્રીમતી સરસ્વતીબેન રમણલાલ શાહ**

૧૦-મે ફ્લાવર, પહેલે માળે,

એમ. એલ. દહાણુકર માર્ગ,

મુંબઈ-૪૦૦ ૦૨૬

## ✱ વંદના વીશમી ✱

જેઓ
વ્રતપાલનમાં એકકા હતા
તથા
મુનિધર્મના
અનન્ય-ઉત્કૃષ્ટ
પાલન વડે
ચાર ઘાતીકર્મોનો નાશ
કરી
અર્હંત્પદે આરૂઢ થયા,
તે
શ્રી મુનિસુવ્રત ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**આર. રમેશચંદ્રની કું**
૭૧૭-પ્રસાદ ચેમ્બર્સ,
રોક્ષી સીનેમા પાસે,
મુંબઈ-૪૦૦ ૦૦૪

## વંદના એકવીશમી

જેમણે
જગત અને જીવનનો
સાચો મર્મ સમજાવ્યો
તથા
પરમપદની પ્રાપ્તિ માટે
રત્નત્રયીની રૂડી
પ્રરૂપણા કરી,
તે
શ્રી નમિનાથ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**ધીરજલાલ મોહનલાલ શાહ**
**તથા**
**શ્રીમતી તારાબેન ધીરજલાલ શાહ**
૩૧–પુરબ એપાર્ટમેન્ટ,
૪૨–બી. જી. ખેર માર્ગ,
મુંબઈ–૪૦૦ ૦૦૬
ટે. નં. ૮૧૯૭૫૬

## ✖ વંદના બાવીશમી ✖

જેમણે
સર્વ અનિષ્ટનો નાશ
કરવા માટે
સામાયિક-યોગને
ઉત્કૃષ્ટ કોટિનો
ઉપાય ગણ્યો
અને
તેના વિવિધ અંગોની
સ્પષ્ટ સમજૂતી આપી,
તે
શ્રી અરિષ્ટનેમિ ભગવાનને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**વ્રજલાલ રતિલાલ શાહ**

વીરકો ઈન્ડસ્ટ્રીઝ,
નાણાવટી મેન્શન, ૨ જે માળે,
પાયધુની,
મુંબઈ-૪૦૦ ૦૦૩
ટે. ન. ૩૨૨૫૯૫, ૬૯૨૭૧૬

## ✖ વંદના ત્રેવીશમી ✖

જેમણે

ભયંકર ઉપદ્રવો કરનાર

કમઠાસુર

અને

પરમ ભક્તિ કરનાર

ધરણેન્દ્ર પ્રત્યે

સમદૃષ્ટિ રાખી,

તે

પુરુષાદાનીય

શ્રીપાર્શ્વનાથ ભગવાનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**કોટ તપગચ્છ મૂ. શ્વે. જૈન સંઘ**

શાંતિનાથ જૈન દેરાસર,

વોરાબજાર, કોટ,

**મુંબઈ—૪૦૦ ૦૦૧**

## વંદના ચોવીશમી

જેમણે
અહિંસા, સંયમ અને તપની
ઉત્કૃષ્ટ
આરાધના વડે
પૂર્ણજ્ઞાનની પ્રાપ્તિ કરી
તથા
માનવજાતિને
મુક્તિનો મંગલમય માર્ગ
દર્શાવ્યો,
તે
શ્રી મહાવીર પ્રભુને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**મહેતા એન્ડ મહેતા**
૪૬–૪૮, વિઠ્ઠલવાડી,
મુંબઈ–૪૦૦ ૦૦૨
ટે. નં. ૩૧૫૬૩૬.

## ✽ વંદના પચીશમી ✽

સમસ્ત લોકાલોકના

ભૂત, વર્તમાન અને

ભવિષ્યકાલીન

સર્વ ભાવોને

યથાર્થપણે પ્રકાશનારા

જગદુધ્ધારક

જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


પાન આફ્રીક કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ

૩૧–બોમ્બે મ્યુચ્યુઅલ બીલ્ડીંગ

સર પી. એમ. રોડ,

મુંબઈ–૪૦૦ ૦૦૧

ટે. નં. ૩૬૨૬૯૧, ૨૬૫૪૨૭

## ✱ વંદના છવીશમી ✱

અજ્ઞાનના

ઘેરા પટલો ભેદીને

અનન્ય અપ્રતિહત

જ્ઞાનનો

પ્રકાશ પ્રકટાવનાર

જ્યોતિપુંજ

જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**રામજીભાઈ હંસરાજ ઘાસવાલા**

૭–જયપ્રકાશ નગર, રોડ નં. ૧

ગોરેગાંવ (પૂર્વ),

મુંબઈ–૪૦૦ ૦૬૩

ટે. નં. ૬૯૫૭૯૯

## वंदना सत्तावीशमी

જન્મજરા અને મરણની
ભીષણ શૃંખલા
ભેદીને
અક્ષય–અમરપદે
આરૂઢ થનારા
જગન્નાથ
જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

ખીમજી લખમશી ગાલા
ચંદ્રનિવાસ, બ્લૉક નં. ૪, ૧૦—આઝાદ રોડ
પોલીસ ક્વાર્ટર્સની પાછળ,
અંધેરી (પૂર્વ),
મુંબઈ–૪૦૦ ૦૬૯
ટે. નં. ૫૭૧૬૩૫

## ✻ વંદના અઠ્ઠાવીશમી ✻

શુક્લ ધ્યાનરૂપી
કૈલાસગિરિમાં વાસ કરનારા
તથા
ત્રિપદીરૂપ ત્રિશૂલને
ધારણ કરનારા
મહાદેવ–સ્વરૂપ
જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**બેન ચંપાબેન પ્રેમજી**
તથા
**રળીયાતબેન પાનાચંદ ચેરીટી ટ્રસ્ટ**
હ. શ્રી નવીનચંદ્ર છ. કંપાણી (ટ્રસ્ટી)
ફીરદોશ, બીજે માળે,
૫૬–મરીનડ્રાઈવ
મુંબઈ–૪૦૦ ૦૨૦

## ✖ વંદના ઓગણત્રીશમી ✖

શમરસરૂપી જ્યોત્સ્નાનો
સર્વત્ર
છંટકાવ કરનાર
પૂર્ણતામંડિત,
નિર્મલ અને નિષ્કલંક
એવા
અપૂર્વ ચંદ્રરૂપ
જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**બાબુભાઈ નરોતમદાસ એન્ડ કું.**
ફેક્ટરી–કામા ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ
પ્લોટ નં. બી–૧, વાલભટ્ટ રોડ
ગોરેગાંવ (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦ ૦૬૩
ટે. નં. ૬૯૫૩૮૬

## વંદના ત્રીશમી

સન્માર્ગના અનુસરણપૂર્વક
વિરતિના
વિમલપંથે વિચરવાની
પ્રબલ પ્રેરણા કરનાર
જગદ્દગુરુ
જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


**રજનીકાંત સી. મોદી**
૮૧૫–પારેખ માર્કેટ, ૮ મે માળે,
૩૯–કેનેડી બ્રીજ,
ઓપેરા હાઉસ
**મુંબઇ–૪૦૦ ૦૦૪**
ટે. નં. ૩૫૨૬૧૮

# ✖ વંદના એકત્રીશમી ✖

જેઓ
અઢારદોષથી રહિત છે,
સર્વજ્ઞ અને સર્વદર્શી છે,
તથા
સત્યધર્મના મહાન
પ્રવર્તક છે,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

ત્રિલોકકુમાર પ્રતાપચંદ શાહ (કરાંચીવાલા)
હનુમાન શરણુ, છઠ્ઠે માળે,
ફ્લેટ નં. ૨૮
બમનજી પીટીટ રોડ,
મુંબઈ–૪૦૦ ૦૩૬
ટે. નં. ૩૬૦૯૨૭

# વંદના બત્રીશમી

જેઓ
અનંત ગુણના ભંડાર છે,
ચોત્રીશ અતિશયોના
ધારક છે
તથા
માનવજાતિના મહાન
ઉદ્ધારક છે,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**કાન્તાબેન મુલચંદ શાહ**
તથા
**મુલચંદ હરિલાલ શાહ**
સી–૩૦૩ આનંદનગર,
ફોરજેટ સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦ ૦૩૬
ટે. નં. ૩૨૦૬૬૨

## ✠ વંદના તેત્રીશમી ✠

જેઓ

દેવ, દાનવ અને માનવોથી

પૂજાયેલા છે,

ઋષિ મહર્ષિઓ વડે

અને

સર્વ ગુણીજનો વડે

સત્કારાયેલા છે,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

હરિલાલ મગનલાલ શાહ

૧૦૩–દિવ્ય લોક,

૩૨૦–એલ. ડી. રૂપારેલ માર્ગ,

મલબાર હીલ, વાલકેશ્વર.

મુંબઈ–૪૦૦ ૦૦૬

ટે. નં. ૮૧૬૫૬૧

## ✠ વંદના ચોત્રીશમી ✠

જેમની દેશના

અતિ મધુરવાણીથી યુક્ત

હોય છે

અને

સહુને પોતપોતાની ભાષામાં

સમજાઈ જાય છે,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

ખૂબચંદ રતનચંદ જોરાજી

૨૧૯–ગુલાલવાડી,

મુંબઈ–૪૦૦ ૦૦૨

ટે. નં. ૩૩૨૭૨૮

## ✖ વંદના પાંત્રીશમી ✖

જેમણે

અહિંસાને આગળ ધરી છે,

સંયમની પ્રતિષ્ઠા કરી છે,

અને

તપને અતિ મહત્ત્વ

આપ્યું છે,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


**મંજુલા ગુણવંત શાહ**

૧૦-લક્ષ્મી દર્શન,

બજાજ રોડ,

વિલેપાર્લે (વેસ્ટ)

મુંબઈ-૪૦૦ ૦૫૬

# ✱ વંદના છત્રીશમી ✱

જીવનપથને

જ્યોતિર્મય બનાવવા માટે

ધર્મરૂપી

અખંડ દીપક

પ્રકટાવનારા

પૂર્ણપુરુષ

જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**સોમચંદ દીપચંદ શાહ**

**આગલોડ**

(તા. વિજાપુર)

(જી. મહેસાણા)

## ⌘ વંદના સાડત્રીશમી ⌘

મિથ્યાત્વના

મહારોગને હણવા

સમ્યક્સુધાનું

સતત વર્ષણ કરનારા

મહામેઘરૂપ

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

સ્વ. હિમચંદભાઈ કપુરચંદ શાહના

સ્મરણાર્થે

હા. દીનેશભાઈ અને નવીનભાઈ

લીબર્ટી બીલ્ડીંગ, મરીન લાઇન્સ,

મુંબઈ–૪૦૦ ૦૨૦

## ✖ વંદના આડત્રીશમી ✖

પ્રશસ્ત પ્રરૂપણા વડે
જીવ અને જડની
જુદાઈ જણાવનારા
અને
ચેતનની ચીનગારીમાં
સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ
પૂરનારા
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**ભવાનજી ભાણજી**
**તથા**
**મણિબેન ભવાનજી**
૨૬૯–રતન બીલ્ડીંગ
પહેલે માળે, બ્લોક નં. ૫
સાયન ( ઈસ્ટ )
**મુંબઈ–૪૦૦ ૦૨૨ ડીડી**
ટે. નં. ૪૮૩૭૮૬

## ✻ વંદના ઓગણચાલીશમી ✻

આત્મશુદ્ધિના
અપૂર્વ અનુષ્ઠાનો યોજીને
મુમુક્ષુઓનું
મહાકલ્યાણ કરનારા
તથા
શ્રમણસંઘના
અજોડ નાયક
એવા
શ્રીજિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**પ્રેમચંદ પાલણ કાપડીઆ**
૯૯-રાજગોર ચેમ્બર્સ, ૩ જે માળે,
રૂમ નં. ૩૧, મસજીદ સાઈડીંગ રોડ,
**મુંબઈ-૪૦૦ ૦૦૯**

## ✱ વંદના ચાલીશમી ✱

અશોકવૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ
દિવ્યધ્વનિ,
ચામર, આસન, ભામંડલ,
દુંદુભિનાદ તથા
છત્રાતિછત્રરૂપ
અષ્ટમહાપ્રતિહાર્યની
પૂજા પામી રહેલા
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો

卐

**માનકુંવરબેન મણીલાલ દોશી**
રામનિવાસ, તેલંગ ક્રોસ રોડ નં. ૩
માટુંગા,
મુંબઈ–૪૦૦ ૦૧૯
ટે. નં. ૪૭૧૫૧૯

## ✖ વંદના એકતાલીશમી ✖

અદ્ભુત અતિશય વડે
સર્વ ઇતિ–ભીતિઓ
તથા
રોગ અને વૈરનું
શમન કરીને
સર્વત્ર મંગલમાલાનો
વિસ્તાર કરનારા
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


**સેજલ પરીનની કું.**
એસ્ટેટ ફાઈનાન્સ એજન્ટસ
૩૩–ગણેશવાડી, રજે માળે.
કાલબાદેવી,
**મુંબઇ–૪૦૦ ૦૦૨**
ટે. નં. ૩૧૯૨૨૪

## વંદના પિસ્તાલીશમી

ભવારણ્યમાં

ભટકી રહેલા પ્રાણીઓને

સાચો માર્ગ દર્શાવી

શીઘ્ર

સિદ્ધિસદનમાં લઈ જનારા

મહાસાર્થવાહરૂપ

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


મુકાદમ જયસુખલાલ ચંપકલાલ

ફોરવડીંગ અને કાટીંગ એજન્ટસ

૧૨૫-નારાયણ ધ્રુરૂ સ્ટ્રીટ,

મુંબઈ-૪૦૦ ૦૦૩

ટે. નં. ૩૨૭૯૮૪

## ✱ વંદના તેંતાલીશમી ✱

મૃત્યુના ભયથી

હતાશ થયેલા

અને

શોક-સંતાપથી રીબાતા

જગતના પ્રાણીઓને

અનન્ય શરણ

આપનારા

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**મહિપત પી. શાહ**

એસ્ટેટ એજન્ટસ

૧૭૦-સેમ્યુઅલ સ્ટ્રીટ

મુંબઈ-૪૦૦ ૦૦૯

ટે. નં. ૩૩૭૨૮૯

## ✻ વંદના ચુમાલીશમી ✻

જેમના
પ્રશમ-રસ-નિમગ્ન
ચક્ષુયુગલનાં
દર્શન માત્રથી
અદ્ભુત શાંતિ
અને
અપૂર્વ સમતાનો
અનુભવ થાય છે,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

બી. બી. ઈલેક્ટ્રીક એન્ડ
ઓટો સ્ટોર્સ
પીરભાઈ બીલ્ડીંગ નં. ૨
પાઠક વાડી, લોહાર ચાલ,
મુંબઈ-૪૦૦ ૦૦૨.

## ✖ વંદના પીસ્તાલીશમી ✖

જેમની ભક્તિ
સર્વ પ્રકારના ભયોનું
ભંજન કરનારી છે
અને
સકલ મનોરથની
સિદ્ધિ કરનારી છે,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**દલાલ શાહ પોપટલાલ શીવજીની કું.**
૪–શંભીયા હાઉસ,
પહેલે માળે, ચીંચ બંદર,
મુંબઈ–૪૦૦ ૦૦૯
ટે. નં. ૩૪૩૬૩૨

## ✖ વંદના છેંતાલીશમી ✖

જેમની

અનન્ય આરાધના કરતાં

પાપનો પુંજ પ્રજળે છે,

તથા

સર્વ પ્રકારનાં કર્મો

ક્ષીણ થાય છે,

તે

શ્રીજિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**શાન્તાબેન વાડીલાલ દોશી**

**વાડીલાલ શિવલાલ દોશી**

અનંત બીલ્ડીંગ,

૨૧૭-પ્રિન્સેસ સ્ટ્રીટ,

મુંબઇ-૪૦૦ ૦૦૨

## ✠ વંદના સુડતાલીશમી ✠

જેમણે
માનવજીવનનો
ઉંચામાં ઉંચો આદર્શ
રજૂ કર્યો
અને
સુખની સર્વોત્તમ સ્થિતિ
સંપાદન કરવાની
કલા દર્શાવી,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**રશ્મિકાન્ત હિંમતલાલ મોદી**
**દેવેન „ „**
**જસ્મીના „ „**
સર્વોન્નતિ સોસાયટી
બ્લોક નં. એ-૩૫, કામાગલી,
ઘાટકોપર,
મુંબઇ-૪૦૦ ૦૮૬

## ✖ વંદના અડતાલીશમી ✖

જેમનું
રૂપ અપૂર્વ છે,
લાવણ્ય અનુપમ છે,
બલ અપરિમિત છે,
અને
જ્ઞાન અગાધ છે,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**કાંતિલાલ ખોડીદાસ શાહ**
**જે. કે. બ્રધર્સ**
૩૯૧–એચ. ગ્રાન્ટ રોડ,
લોકમાન્ય તિલક માર્કેટ,
( વી. જી. માર્કેટ )
**મુંબઈ–૪૦૦ ૦૦૭**

## ✠ વંદના ઓગણપચાશમી ✠

જેમણે

ચૌદ રાજલોકમાં રહેતા

સર્વ જીવોને

મિત્ર માનવાની હાકલ કરી

અને

સર્વ ગુણીજનોને જોઈ

પ્રમોદ પામવાની

અણમોલ શિક્ષા આપી,

તે

શ્રીજિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


**નટરાજ ટેક્ષટાઈલ પ્રોસેસર્સ**

૭૫-બજાર ગેટ સ્ટ્રીટ,

પહેલે માળે,

મુંબઈ-૪૦૦ ૦૦૧

ટે. નં. ૨૬૩૯૨૯

## ✖ વંદના પચાશમી ✖

જેમનું પૂજન

સર્વ સિદ્ધિઓને

આપનારું છે.

તથા

જેમનું ધ્યાન

અનંત શક્તિને

પ્રકટાવનારું છે,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**હીરાચંદ અમીચંદ શાહ**

૩૭-મહાવીરનગર,

તિલક રોડ, બોરીવલી (વેસ્ટ)

**મુંબઈ-૪૦૦ ૦૯૨**

## વંદના એકાવનમી

જેમનું

અનન્ય ભાવે

સ્મરણ, વંદન, પૂજન

કરતાં

આ લોકની સર્વ વસ્તુઓ

તથા

પરલોકના સર્વ સુખો

અવશ્ય મળે છે,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદન. હો.

卐

**કુ. મનીષા કાંતિલાલ શાહ**

તથા

**શ્રીમતી મધુકાંતા કાંતિલાલ શાહ**

ઠે. અતુલ પ્લાસ્ટીક પ્રોડક્ટસ.

૪૬૩-બી, ઘાસવાલા એસ્ટેટ,

તારદેવ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૩૪

ટે. નં. ૩૭૫૫૨૮

## ✠ વંદના બાવનમી ✠

જેમના

પરમ પ્રભાવ આગળ

કલ્પવૃક્ષ, કામધેનુ,

ચિંતામણિરત્ન કે કામકુંભ

કોઈ વિસાતમાં નથી,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**હરિલાલ મુલચંદ શાહ**

ઠે. ભુપેન્દ્રકુમાર એન્ડ કું.

મણિ ભુવન, પહેલે માળે,

લોહાર ચાલ,

મુંબઈ–૪૦૦ ૦૦૨

## ✖ વંદના ત્રેપનમી ✖

જેમની
વાણી મંત્રરૂપ છે,
જેમના
વિચારોમાં વિજ્ઞાન ભરેલું છે,
અને જેમના
ઉપદેશામાં અમીરસની
એક સરખી ધારા વહે છે,
તે
શ્રી જીનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

નેમજી મોરારજી છેડા (સ્પ્રીંગવાળા)
કુસુમ એન્જીનીયરીંગ,
૨૧૩-નરસી નાથા સ્ટ્રીટ, પહેલે માળે,
મુંબઈ-૪૦૦ ૦૦૯
ટે. નં. ૩૪૪૬૪૨, ૩૩૨૬૪૪

**⌘ વંદના ચોપનમી ⌘**

જેઓ

કર્મરૂપી વાદળાના

સમૂહથી મુક્ત છે,

મંગલ અને કલ્યાણના

આવાસરૂપ છે,

તથા

સર્વલોકનું સર્વ પ્રકારે

હિત કરનારા છે,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**કેશવલાલ દલપતભાઈ ઝવેરી**

૨૪૫–મુંબાદેવી રોડ,

મુંબઈ–૪૦૦ ૦૦૨

ટે. નં. ૩૨૬૩૩૧

# વંદના પંચાવનમી

જેઓ

ૐકાર સ્વરૂપ છે.

હ્રીંકાર દ્વારા વ્યક્ત થાય છે

અને

ક્લીં બીજથી કલિત છે.

તે

મંત્રેશ્વર

જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**શ્રી. માણેકલાલની કું.**

પ-૭ 'અવસર'

ખાંડ બજાર,

૭૭-૮૧/કાઝી સૈયદ સ્ટ્રીટ,

**મુંબઈ-૪૦૦ ૦૦૩**

# વંદના છપ્પનમી

જેમના ગુણો ગાવાને

બૃહસ્પતિ પણ

અસમર્થ છે,

એવા

અનંત ગુણોના ભંડાર

જગદ્વલ્લભ

જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**પી. પી. શાહ એન્ડ કું.**

૩૪૩–ગીરજગલી,

મૂળજી જેઠા મારકીટ,

મુંબઇ–૪૦૦ ૦૦૨



શ્રી સહસ્રફણા પાર્શ્વનાથ ભગવાન
પાલીતાણા ( સૌરાષ્ટ્ર )



શ્રી પાર્શ્વ–પદ્માવતી આરાધનાનું એક ભવ્ય દૃશ્ય.
શ્રી ચંદ્રસેન જી. ઝવેરી પુષ્પપૂજા માટે આવી રહ્યા છે.

# લોગસ્સ મહાસૂત્ર

યાને

# જૈન ધર્મનો ભક્તિવાદ

॥ ॐ ह्रीँ अर्हँ नमः ॥

[ १ ]

## પ્રાક્કથન

આજથી લગભગ બાર માસ પહેલાં ‘ હવે કોઈ નવો ગ્રન્થ રચવો નથી ’ એવો નિર્ણય અમે કરી લીધો હતો અને મનને પૂજા, પાઠ, જપ, ધ્યાન, અનુષ્ઠાન તથા શાસ્ત્ર-સ્વાધ્યાય તરફ વિશેષ પ્રમાણમાં વાળ્યું હતું. તેમાં આનંદ તથા પ્રસન્નતાનો સારો એવો અનુભવ થતો હતો, પરંતુ એક વખત એકાએક એવી પ્રેરણા થવા લાગી કે ‘ અધૂરું કાર્ય પૂરું કર. ’

અમે વ્યાવહારિક સર્વ કાર્યો પૂરાં કર્યાં હતાં અને અન્ય સ્વીકૃત જવાબદારીઓ પણ પૂરી કરી હતી, એટલે આ પ્રેરણા કયા કાર્ય અંગે થઈ રહી હતી, તે સમજાયું નહિ. અમે અમારા કામમાં પડયા.

આવી પ્રેરણા બે-ત્રણ વખત થઇ, પણ તેનું ખાસ પરિણામ આવ્યું નહિ. ત્યારબાદ થોડા દિવસે એવી પ્રેરણા થવા લાગી કે ‘ બે એવા ત્રણ. ’ આનો અર્થ શો સમજવો ?

આ વખતે અમને મહાત્મા ચિલાતીપુત્રનું ચરિત્ર યાદ આવ્યું. તેમણે મુનિમુખેથી સાંભળેલા 'ઉપશમ' 'વિવેક' 'સંવર' એ ત્રણ પદોમાંથી કોઈ પણ પદનો અર્થ તેઓ જાણતા ન હતા, પણ મનને ધ્યાનમાં જોડ્યું કે અર્થનો પ્રકાશ થયો. અમારે માટે પણ એ જ કર્તવ્ય છે, એમ સમજી અમે ધ્યાનમાં બેઠા. એ વખતે સ્મૃતિપટ પર બે શબ્દો તરી આવ્યા : એક 'નમસ્કારમંત્ર' અને બીજો 'ઉવસગ્ગહરં સ્તોત્ર'. આથી 'બે એવા ત્રણ'નો ભેદ અમને સમજાઈ ગયો.

જૈન ધર્મનું શિક્ષણ લેતાં અને જૈન શાસ્ત્રોનો સ્વાધ્યાય કરતાં અમને (૧) નમસ્કારમંત્ર, (૨) ઉવસગ્ગહરં સ્તોત્ર અને (૩) લોગસ્સસૂત્ર એ ત્રણ મહારત્નો સાંપડ્યાં હતાં. તેના ચિંતન-મનન અને આરાધનમાં અમને ખૂબ આનંદ આવતો હતો. તેમાંથી નમસ્કારમંત્ર અને ઉવસગ્ગહરં સ્તોત્ર અંગે અમે મનનીય ગ્રંથોની રચના કરી ચૂક્યા હતા,[૧] પણ લોગસ્સસૂત્ર અંગે એવી કોઈ મનનીય ગ્રંથરચના

---

૧ નમસ્કારમંત્ર અંગેની અમારી ગ્રંથરચના '**નમસ્કારમંત્ર-સિદ્ધિ**' નામથી પ્રકટ થઈ હતી અને તે ખૂબ લોકપ્રિય નીવડી હતી. તેની ત્રણ આવૃત્તિ થવા છતાં આજે તે અપ્રાપ્ય છે.

ઉવસગ્ગહરં સ્તોત્ર અંગેની અમારી ગ્રંથરચના '**મહાપ્રાભાવિક ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈન મંત્રવાદની જયગાથા**' નામની પ્રકટ થઈ હતી અને તે પણ લોકપ્રિય બની હતી. તેની બે આવૃત્તિ થયા પછી આજે તે અપ્રાપ્ય છે.

કરી ન હતી. એટલે આ કાર્ય અધૂરું હતું અને તેને હવે પૂર્ણ કરવા માટે આ પ્રકારની પ્રશસ્ત પ્રેરણાઓ થઈ રહી હતી.

આ પ્રેરણાઓ કોણે કરી હશે? જિનશાસનના અભ્યુદયમાં ઊંડો રસ લઈ રહેલ કોઈ મહાપુરુષે કરી હશે? શાસનદેવતાએ કરી હશે? કે ભગવતી પદ્માવતી દેવીએ કરી હશે? એ પ્રેરણા ગમે તેણે કરી હોય, પણ તેણે અમારા હૃદયને ઢંઢોળ્યું, ગ્રન્થલેખન માટે ઉત્સાહ જાગૃત કર્યો અને અમે સંકલ્પબદ્ધ થયા.

લોગસ્સ એ અમારા જીવનનો એક મોંઘેરો મણિ છે, એ વસ્તુ અમારે અહીં પ્રકટ કરવી જોઈએ. બાલ્યાવસ્થામાં મણિસમાન મણિ માતાએ નમસ્કારમંત્રની સાથે ચોવીશ તીર્થંકરોનાં નામો શીખવેલાં, તે અમે રોજ પ્રાતઃકાલમાં બોલી જતા. કુમાર–અવસ્થામાં વિશેષ વિદ્યાભ્યાસ માટે અમદાવાદ–શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં દાખલ થયા, ત્યાં ધાર્મિક શિક્ષકે લોગસ્સસૂત્રનો પાઠ શીખવ્યો અને તેનો સામાન્ય અર્થબોધ પણ કરાવ્યો. ત્યારથી રોજ એનો પાઠ કરવા લાગ્યા. વધારે નહિ તો બે–ત્રણ વાર એનો પાઠ કરતા જ કરતા. એ વખતે ધાર્મિક જ્ઞાન અલ્પ હતું, પણ સૂત્રનો પાઠ કરતાં એક પ્રકારનું સંવેદન થતું, તેથી ' આ સૂત્રમાં ઘણું રહસ્ય ભરેલું છે ' એવો સંસ્કાર અમારા મન પર પડેલો અને તે કાલક્રમે દૃઢ થતો ગયો.

સને ૧૯૨૬ થી ૧૯૩૦ સુધી એ છાત્રાલય સાથે જોડાયેલ શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારના અમે

પ્રથમ શિક્ષક બન્યા અને છાત્રોના જીવન–ઘડતરમાં ઊંડો રસ લેવા લાગ્યા. એ વખતે રોજ પ્રાતઃકાલના છ વાગતાં પ્રાર્થના થતી. તેમાં અમે લોગસ્સસૂત્રનો પાઠ દાખલ કર્યો. ઘીનો દીપક પ્રગટાવીને સીતારના મધુર વાદન સાથે અમે એ પાઠ કરતા, ત્યારે વાતાવરણમાં વિશદતા છવાઈ જતી અને અમારાં હૈયામાં જિનભક્તિનો ભવ્ય રંગ છંટકાવા લાગતો. આજે પણ એ દૃશ્ય યાદ આવે છે અને અમારું હૃદય ભાવવિભોર બની જાય છે.

સને ૧૯૩૭–૩૮ માં મુંબઈ આવ્યા, ત્યારે આર્થિક મુશીબતમાંથી પસાર થતા હતા, પણ લોગસ્સ અમારો સાથી હતો. તે અમને વિમલ મતિ અને સુદૃઢ ધૃતિનું સિંચન કર્યા કરતો. ત્રણ ચાર વર્ષે મુશીબતમાં ઓટ આવી અને જીવનપ્રવાહ સરલતાથી ચાલવા લાગ્યો. એ વખતે અમને એવો વિચાર આવ્યો કે સાંવત્સરિક પ્રતિક્રમણપ્રસંગે ૪૦ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવામાં આવે છે, એટલે ૪૦ લોગસ્સની ગણનામાં પાપનિવારણની તથા આધ્યાત્મિક વિકાસની અદ્ભુત શક્તિ હોવી જોઈએ; અને અમે મુંબઈમાં વિરાજતા પ. પૂ. પંન્યાસ શ્રીભદ્રંકરવિજયજી મહારાજ પાસે એક વર્ષ સુધી હરરોજ ૪૦ લોગસ્સ ગણવાની પ્રતિજ્ઞા ગ્રહણ કરી. સાથે ખાનપાનને લગતા પણ કેટલાક નિયમો ગ્રહણ કર્યા કે જે લોગસ્સની ગણનામાં ઉપકારક થાય એવા હતા.

આ રીતે રોજ ૪૦ લોગસ્સની ગણના કરતાં અમારા આંતરિક જીવનમાં ભારે પરિવર્તન થયું. ખાસ કરીને શ્રદ્ધા

અને શુદ્ધિનું પ્રમાણ વધ્યું, નિરાશાનો અંધકાર દૂર થયો અને તેનું સ્થાન આશાવાદના અરુણોદયે લીધું.

પ્રતિજ્ઞા પૂરી થયા પછી પણ રોજના અમુક લોગસ્સ ગણવાનું ચાલુ રાખ્યું. એમ કરતાં '**શ્રીપ્રતિક્રમણ-સૂત્ર-પ્રબોધટીકા**'[૨] રચવાનો પ્રસંગ આવ્યો અને લોગસ્સ પરનું ચિંતન-મનન સારા પ્રમાણમાં વધ્યું. પરંતુ અમારે અહીં જે હકીકત રજૂ કરવી છે, તે જુદા જ પ્રકારની છે.

પ્રબોધટીકાનું કાર્ય શરૂ કર્યા પછી થોડા જ વખતે અમારે એ ટીકાના પ્રકાશક શેઠ અમૃતલાલ કાલીદાસ દોશી સાથે દક્ષિણની યાત્રાએ જવાનું થયું. અનુક્રમે અમે તિરુ-વણ્ણામલાઈમાં શ્રી રમણમહર્ષિના આશ્રમે પહોંચ્યા. અહીં છ-સાત દિવસ રહેવાની ભાવના હતી, એટલે પૂર્વ-પરિચિત સ્વામી શ્રીરમણાનંદજીને અમારા માટે એક બંગલો મેળવી આપવાની વિનંતિ કરી. તેમણે આશ્રમની નજીક જ એક બંગલો ભાડે મેળવી આપ્યો. આ બંગલાનો એક ભાગ અમારા કબજામાં હતો અને બીજો ભાગ મુંબઈથી પધારેલા રમણમહર્ષિના એક ખાસ ભક્તના કબજામાં હતો.

પ્રથમ દિવસની પરિચર્યા પૂરી કરી રાત્રિના દશ વાગતાં અમે બિસ્ત્રો બિછાવી નિદ્રાધીન થયા, પણ અમારા સાથી

૨ આ ટીકા મુંબઇ-વિલેપાર્લે-જૈન સાહિત્ય વિકાસમંડળ તરફથી ત્રણ ભાગમાં પ્રકટ થઈ હતી. હાલ તેની સુધારેલી બીજી આવૃત્તિ ચાલે છે.

એટલી સરલતાથી નિદ્રાધીન થઈ શકે એવી સ્થિતિમાં ન હતા. પંદર–વીશ વર્ષે બીસ્રા પર સૂવાનો પ્રસંગ આવ્યો હતો, વળી સમીપમાં આકાર લઈ રહેલી એક નવીન પરિસ્થિતિએ તેમને સચિંત બનાવ્યા હતા, એટલે નિદ્રા નજીક ઢૂકી શકે એમ ન હતી.

લગભગ અગિયારના સુમારે શેઠે અમને બે વાર નામથી બોલાવ્યા કે અમે જાગૃત થયા. તેમણે કહ્યું : 'બાજુમાં કંઈ ધમાલ થાય છે.' અમે કહ્યું : 'થવા દો. એમાં આપણે શું ?' અને ફરી સૂવાની તૈયારી કરી. ત્યારે તેમણે કહ્યું : 'મારી વાત સાંભળો. એક તો મને ઊંઘ ઓછી આવે છે અને આ રીતે બાજુમાં ધમાલ ચાલ્યા કરશે તો મને બિલકુલ ઊંઘ આવશે નહિ.'[૩]

આ શબ્દો સાંભળતાં જ અમે સાવધાન બનીને કહ્યું : 'આ મામલામાં હું શું કરી શકું, તે જણાવો.'

શેઠે કહ્યું : 'મારા ખ્યાલ મુજબ ત્યાં એક છોકરીને વળગાડ આવેલો છે ને તે ઉતારવા માટે આ બધી ધમાલ થઈ રહી છે. તમે મન પર લો તો એનું ઠેકાણું જરૂર પડી જાય.'

અમે કહ્યું : 'હજી સુધી વળગાડ ઉતારવાની કોઈ

---

૩. તેમની તબિયત સંભાળવાની બધી જવાબદારી અમે માથે લીધા પછી જ તેમના કુટુંબીજનોએ તેમને અમારી સાથે પ્રવાસ કરવાની રજા આપી હતી.

વિદ્યા અમે સિદ્ધ કરી નથી, એટલે આ મામલામાં મૌન રહેવું જ ઉચિત છે.'

શેઠે કહ્યું : 'તમે મંત્ર-તંત્રના સારા જાણકાર છો, એટલે તેનો કોઈને કોઈ ઉપાય જરૂર કરી શકશો.'

હવે આ બાબતમાં વધારે ચર્ચા ન કરતાં અમે ઓરડા બહાર નીકળ્યા અને બાજુમાં ગયા તો બારણું બંધ હતું. પરંતુ ત્યાં કાન માંડયા તો અંદર કંઈક હિલ-ચાલ થઈ રહી હોય, એમ લાગ્યું. વળી તેમાંથી રાઈ-મીઠાના ધૂમાડાની વાસ આવતી હતી. અંદરનો મામલો જાણ્યા સિવાય અમે બારણું ઉઘડાવવા ઈચ્છતા ન હતા, એટલે ત્યાંથી મકાનના પાછળના ભાગમાં ગયા. ત્યાં થોડે ઊંચે એક બારી ખુલ્લી હતી, તેના પર ચડી અમે ઓરડામાં દૃષ્ટિપાત કર્યો, તો શેઠનું અનુમાન સાચું જણાયું. એક છોકરીને વળગાડ આવ્યો હતો, તે તોફાન કરતી હતી અને તેની માતા તેને શાંત કરવાનો પ્રયાસ કરતી હતી. થોડે દૂર ખુરશીમાં બે પુરુષો બેઠેલા હતા.

બધી પરિસ્થિતિ ખ્યાલમાં આવી જતાં અમે મુખ્ય દરવાજે આવી બારણું ખખડાવ્યું અને બહેને બારણું ઉઘાડયું. તેઓ વિવેકી હતા, એટલે તરત જ બોલ્યા : 'તમને કંઈ ગરબડ ન થાય, તે માટે બારણાં બંધ રાખ્યાં હતાં. તકલીફ માટે ક્ષમા ચાહું છું.'

અમે કહ્યું : 'અમને કંઈ તકલીફ પડી નથી, એટલે

તે માટે ક્ષમા માગવાની જરૂર નથી. પાડોશીધર્મ સમજીને હું અહીં આવ્યો છું. બોલો શી હકીકત છે ?,

બહેને કહ્યું : 'મારી આ વીશ વર્ષની છોકરીને વળગાડની પીડા છે. તે આજે એકાએક ધૂણવા લાગી અને તોફાન કરવા લાગી. અમે પ્રથમ તો તેને રાઇ-મીઠાનો ધૂમાડો આપ્યો અને બે-ચાર તમાચા ચોડી દીધા, પણ તે શાંત થઈ નહિ. પછી સ્વામીજીને બોલાવ્યા. (સ્વામીજી એટલે સ્વામી રમણાનંદ. તેઓ આ કુટુંબથી પણ સારી રીતે પરિચિત હતા.) તેમણે કહ્યું : 'આમાં મારું કામ નહિ. પરંતુ ગામમાં મારો એક જાણીતો માણસ છે, તે વળગાડને દૂર કરે છે, માટે તેને બોલાવી લાવું.' અને તેઓ મારી પતિ સાથે એ માણસને તેડવા ગામમાં ગયા છે.

અમે કહ્યું : 'ચિંતા ન કરો. બધાં સારાં વાનાં થશે.' એટલે તેમનાં મોઢાં મરકયાં, પણ અમે પોતે ઊંડી ચિંતામાં સરકી પડયા. જો કોઈ અજાણ્યો ઉપાય અજમાવીશું ને તે નિષ્ફળ જશે તો શેઠ શું ધારશે ? અને આ છોકરીના કુટુંબની સ્થિતિ પણ કેવી થશે ? પરંતુ એ જ વખતે અમને યાદ આવ્યું કે દરેક તીર્થંકરનું નામ શાન્તિમંત્રનું કામ કરે છે, એટલે લોગસ્સસૂત્રના પ્રયોગથી આ વળગાડ જરૂર દૂર થવો જોઈએ. અને એ જ વખતે અમારું મોઢું પણ મરકી પડયું.

અમે સ્વસ્થ ચિત્તે કહ્યું : 'એક પાણીનો લોટો તથા ખાલી પ્યાલું લઈ આવો.' એ સૂચનાનો તરત અમલ થયો. અમે લોટામાંથી થોડું પાણી પ્યાલામાં રેડયું. પછી

તે પ્યાલા પર જમણો હાથ રાખી સ્વસ્થ ચિત્તે લોગસ્સનો પાઠ બોલવા લાગ્યા. કહેવાની ભાગ્યે જ જરૂર છે કે એ પાઠ અમે ખૂબ શુદ્ધિપૂર્વક બોલતા હતા. આ રીતે ત્રણ વાર એ પાઠ બોલ્યા પછી તેમાંનું પાણી જમણા હાથની અંજલિમાં લીધું અને તેનો પેલી છોકરી પર ત્રણ વાર છંટકાવ કર્યો કે તે તરત શાંત થઈ ગઈ અને થોડી વારે ઊંઘમાં પડી.

બધાને ખૂબ આનંદ થયો.

અમારે માટે તો આ પરિણામ અકલ્પ્ય હતું, એટલે વિશેષ આનંદ થાય, એમાં નવાઈ શી ?

આ રીતે મામલો થાળે પાડી અમે અમારા ઓરડામાં આવ્યા. શેઠ જાગતા બેઠા હતા. તેમણે બધી હકીકત સાંભળી સંતોષ વ્યક્ત કર્યો અને થોડા પ્રયત્ને નિદ્રાને જીતી લીધી.

ત્યાર પછી મુંબઈના એક ઝવેરી કુટુંબમાં એક બહેનની આવી જ સ્થિતિ જોતાં અમે લોગસ્સનો આ પ્રયોગ અજમાવ્યો હતો અને તેમાં પણ સફલતા મળી હતી.

લોગસ્સના સંપૂર્ણ પાઠમાં કેવું અજબ સામર્થ્ય રહેલું છે, તેની પાઠક મિત્રોને પ્રતીતિ કરાવવા માટે જ અમે અહીં આ બે પ્રસંગો રજૂ કર્યા છે.

લોગસ્સથી અમારું સમસ્ત જીવન પ્રભાવિત છે, તેનો પણ થોડો ખ્યાલ પાઠકોને આપી દઈએ. રોજ વહેલીસવારે પ્રાતઃસ્મરણ વખતે નમસ્કાર મંત્રનો કમલબંધ જપ[૪] કર્યા

---

૪. શ્રી હેમચંદ્રાચાર્યે યોગશાસ્ત્રમાં આ જપનો ઉલ્લેખ કરેલો છે અને તેના આધારે અમે 'નમસ્કારમંત્રસિદ્ધિ' ગ્રંથમાં તેનું વર્ણન કરેલું છે, તે જિજ્ઞાસુએ જોઈ લેવું.

પછી અમે ત્રણ લોગસ્સનો પાઠ કરીએ છીએ અને ત્યાર પછી અનંત સિદ્ધિઓના સ્વામી તથા મહામંત્રેશ્વર એવા શ્રી પાર્શ્વપ્રભુનું સ્મરણ કરીએ છીએ.

ત્યાર પછી નિત્યપૂજન કે જે લગભગ એક કલાક ચાલે છે, તેમાં ચોવીશ તીર્થંકરોના પટનું માંત્રિક પૂજન, લોગસ્સના ત્રણ પાઠ, 'ચંદેસુ નિમ્મલયરા' ગાથાની ૧૦૮ ગણના અને 'ૐ પુણ્યાહં મંત્ર'નો પાઠ બે વાર ભણીએ છીએ. રાત્રે સૂતાં પહેલાં પણ 'ચત્તારિ મંગલ'ના પાઠ પૂર્વે તેનો ત્રણ વાર પાઠ કરી કૃતાર્થ થઈએ છીએ.

જ્યારે પણ સમય મળે ત્યારે લોગસ્સ પરનું ચિંતન ચાલુ હોય છે. તેમાં નવા નવા અર્થોની સ્ફુરણા થાય છે અને જ્ઞાનાનન્દની મસ્તી અનુભવાય છે.

ચોવીશ તીર્થંકરના પટનું ધ્યાન ધરતાં તેમાંથી દરેક તીર્થંકરનું ચિત્ર ધીમે ધીમે તેજસ્વી બને છે અને જગતના મહાન યોગીશ્વરો—અદ્ભુત સિદ્ધપુરુષો અહીં એકત્ર થયા હોય, એવો ભાસ થાય છે. જ્યાં એક યોગીશ્વર કે સિદ્ધ પુરુષનું દર્શન પરમ મંગલ અને કલ્યાણનું કારણ બને છે, ત્યાં ચોવીશ યોગીશ્વરો કે ચોવીશ સિદ્ધ પુરુષોનું દર્શન શું ન કરે? તાત્પર્ય કે એ વખતે અમે ખૂબ જ આનંદવિભોર બની જઈએ છીએ અને જાણે કોઈ દિવ્ય પ્રદેશમાં વિચરી રહ્યા હોઈએ, એવો અનુભવ થાય છે.

લોગસ્સ સૂત્રપર અમે કંઈ પણ લખવાના અધિકારી છીએ કે કેમ? તે આ પરથી સમજી શકાશે.

ઘણા મનોમંથન પછી અમે આ ગ્રંથને 'લોગસ્સ મહાસૂત્ર' એવું સપ્તાક્ષરી સંકેતમય નામ આપ્યું છે અને એ નામ સાર્થક થાય, એ રીતે તેમાં સર્વ સામગ્રી રજૂ કરી છે. ખાસ કરીને તેના અર્થો પર પ્રકાશ પાડવાનો વિશેષ પ્રયાસ કર્યો છે, કારણ કે એ બાબતમાં વર્તમાન સ્થિતિ સંતોષકારક નથી. જ્યાં સુધી સૂત્રનો અર્થ સ્પષ્ટ ન થાય, ત્યાં સુધી તેના ચિંતન–મનન–ધ્યાનમાં ધારી પ્રગતિ શી રીતે થઈ શકે? અને તેની વિશિષ્ટ આરાધનામાં ઉત્સાહ ક્યાંથી આવે?

આ ગ્રંથલેખનમાં અમારી એક જ ભાવના રહી છે કે લોગસ્સસૂત્રનો પવિત્ર પ્રકાશ ઘર ઘર પહોંચે અને હજારો હૈયાંને ઉજ્જવલ બનાવી જિનભક્તિ–રસામૃતમાં તરબોળ બનાવે. ગ્રંથલેખનનું સાર્થક્ય આથી બીજું કયું હોઈ શકે?

આખો ગ્રંથ મંડનાત્મક શૈલિએ જ લખ્યો છે અને લોગસ્સસૂત્રના આધારે જે મંત્ર–યંત્ર પ્રચારમાં આવ્યા છે, તેની પણ એમાં યોગ્ય રજૂઆત કરી દીધી છે, એટલે આ ગ્રંથ જ્ઞાન–ક્રિયા–રસિક સહુ કોઈને એકસરખો ઉપયોગી થશે, એમાં અમને જરાયે શંકા નથી.

આ ગ્રંથના પઠન–પાઠનથી સહુ કોઈ પોતાનું અભીષ્ટ સાધે, એ જ મંગલ કામના.

[ ૨ ]

## સૂત્ર અંગે કેટલીક વિચારણા

પ્રસ્તુત પ્રકરણમાં સૂત્ર અંગે કેટલીક વિચારણા કરવામાં આવી છે, કારણ કે તે લોગસ્સનું—લોગસ્સસૂત્રનું મહત્ત્વ સમજવામાં ઉપયોગી થઈ પડે તેમ છે.

ધાર્મિક સંસ્કારોની વૃદ્ધિ માટે ધાર્મિક શિક્ષણની જરૂર છે અને ધાર્મિક શિક્ષણ માટે સૂત્રજ્ઞાન આવશ્યક છે, પણ આજે તો સૂત્રો કંઠસ્થ કરીને અને બહુ બહુ તો તેના સામાન્ય અર્થોનું જ્ઞાન મેળવીને જ સંતોષ માનવામાં આવે છે. શું સૂત્રોના ચિંતન, મનન અને નિદિધ્યાસન વિના ધાર્મિક જ્ઞાનની વૃદ્ધિ થાય ખરી? સૂત્રો એ શ્રુતસાગરનાં મહામૂલાં રત્નો છે, એ વાત આજે ભૂલાઈ જવાઈ છે, તેથી જ તેના ઝળહળતા પ્રકાશથી આપણે વંચિત રહ્યા છીએ.

સૂત્રશિક્ષણની પ્રાચીન પદ્ધતિ એવી હતી કે પ્રથમ ગુરુની પાસે જઈ વિનયપૂર્વક સૂત્રનો પાઠ લેવો અને તેના સામાન્ય તથા વિશેષ અર્થો ગ્રહણ કરવા. સાથે તેની સંહિતા પણ શીખી લેવી. સંહિતા એટલે પાઠ ઉચ્ચારવાની પદ્ધતિ.

જો સૂત્રો એક જ પદ્ધતિએ ઉચ્ચારવામાં આવતા હોય તો તેનો વાતાવરણ પર સુંદર પ્રભાવ પડે અને આપણું અંતર પણ તેનાથી પ્રભાવિત થાય. આજે સંહિતાનો અભાવ છે, તેથી જ એક સૂત્ર અનેક પ્રકારે બોલાય છે અને તેમાં અનેક પ્રકારની વિસંગતિઓ હોય છે. શું આ બાબતમાં કંઈ સંગીન વિચારણા થશે ખરી ?

સૂત્ર અને અર્થ ગ્રહણ કર્યા પછી તેના પર ચિંતન કરવામાં આવતું. તેમાં જે પ્રશ્નો ઉઠતા, તેનું ગુરુ પાસેથી યોગ્ય સમાધાન મેળવવામાં આવતું.

સમ્યગ્દર્શનની શુદ્ધિ, સમ્યગ્જ્ઞાનની વૃદ્ધિ અને સમ્યક્ ચારિત્રની પુષ્ટિ માટે આ સૂત્રો અત્યંત જરુરી હોવાથી તેની વારંવાર આવૃત્તિ કરવામાં આવતી અને તેને તાજાં રાખવામાં આવતાં.

છેવટે તેની અનુપ્રેક્ષા કરવામાં આવતી, એટલે કે તેનું નિદિધ્યાસન કરવામાં આવતું, એટલે તેમાં છૂપાયેલાં તત્ત્વોનો અદ્ભુત પ્રકાશ સાંપડતો અને તે સમસ્ત જીવનને ઉજાળતો.

તાત્પર્ય કે ધાર્મિક શિક્ષણ–સંસ્કાર માટે સૂત્રનું શિક્ષણ–સૂત્રનું આલંબન એક અતિ આવશ્યક વસ્તુ છે.

બધાં ગદ્ય–પદ્ય લખાણોને સૂત્ર કહેવાતાં નથી, કારણ કે તેમાં શબ્દો ઘણા ને સાર ઓછો હોય છે. વળી તેમાં વિરોધાભાસ પણ હોય છે, એટલે કે એક જગાએ એક વાત કહી હોય, તો બીજી જગાએ તેનાથી વિરુદ્ધ બીજી

વાત કહી હોય. અને ઘણી વખત તો તેમાં નિરર્થક શબ્દોની ભરમાર પણ હોય છે. તેથી જ્ઞાની પુરુષોએ સૂત્રનું ધોરણ[1] એવું ઠરાવ્યું છે કે—

(૧) તેમાં અક્ષરો—અક્ષરનિર્મિત શબ્દો થોડા હોવા જોઈએ.

(૨) તેનો અર્થ અસંદિગ્ધ એટલે સ્પષ્ટ હોવો જોઈએ.

(૩) તે સારભૂત હોવું જોઈએ.

(૪) તેનું વિવિધ દૃષ્ટિએ વિવેચન થઈ શકે એવું હોવું જોઈએ.

(૫) તેમાં કોઈ શબ્દ નિરર્થક ન હોવો જોઈએ.

(૬) તે નિર્દોષ એટલે વ્યાકરણ આદિના દોષથી રહિત હોવું જોઈએ.

કેટલાકને એમ લાગશે કે આ ધોરણ તો ઘણું કઠિન છે, પણ આ ધોરણને અનુસરીને આપણા દેશમાં સંખ્યાબંધ સૂત્રો રચાયાં છે અને તેના વ્યવસ્થિત સંગ્રહો પણ સૂત્ર–સંજ્ઞા પામીને પ્રાજ્ઞ પુરુષોની પ્રશંસાને વર્યા છે. જો સમસ્ત ભારતીય સાહિત્યમાંથી સૂત્રસંજ્ઞક ગ્રંથોનું નિર્વાચન કરવામાં આવે તો તેનો આંકડો ૯૯૯ ના રહસ્યમય આંકને વટાવી જાય એમ છે. અહીં એટલું જાણવું જરૂરી છે કે ધર્મ, તત્ત્વજ્ઞાન અને ન્યાયને લગતા ગ્રંથોમાં સૂત્રસંજ્ઞક ગ્રંથોનું પ્રમાણ વિશેષ છે.

પરંતુ આ તો પ્રાસંગિક વાત થઈ. આપણે તો જૈન

---

૧ अल्पाक्षरमसंदिग्धं, सारवद्विश्वतोमुखम् ।
अस्तोभमनवद्यं च, सूत्रं सूत्रविदो विदुः ॥

દૃષ્ટિ—જૈન પરંપરા સૂત્ર અંગે કેવો ખ્યાલ ધરાવે છે? તે જોવાનું છે.

અરિહંત દેવો સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા પછી ધર્મદેશના દે છે. તેમાં સહુ પ્રથમ ' उपन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा ' એ ત્રિપદીનો ઉચ્ચાર કરે છે.[૨] તેનું રહસ્ય પામીને ગણધર ભગવંતો એટલે કે તેમના પટ્ટશિષ્યો દ્વાદશાંગીની રચના કરે છે અને એ રીતે શ્રુતનો વિસ્તાર થાય છે. અહીં એ જાણવું જરૂરી છે કે ગણધર ભગવંતો કોષ્ઠબુદ્ધિ અને બીજબુદ્ધિ[૩] જેવી અનેક લબ્ધિઓના ધારક હોઈ એક અંતર્મુહૂર્તમાં જ દ્વાદશાંગીની રચના કરે છે.

કોષ્ઠબુદ્ધિ, બીજબુદ્ધિ અને દ્વાદશાંગી એ ત્રણ શબ્દો પારિભાષિક હોવાથી તે અંગે થોડું વિવેચન કરીશું.

કોષ્ઠ એટલે કોઠો—કોઠી. તેમાં નાખેલું ધાન્ય એમને એમ પડી રહે છે અને જ્યારે જરૂર હોય ત્યારે બહાર કાઢી શકાય છે. તેમ એક વાર સાંભળેલા અર્થો બરાબર સ્મરણમાં રાખી લેવા એ કોષ્ઠબુદ્ધિ નામની લબ્ધિ કહેવાય છે. શ્રી વજ્રસ્વામીએ બાલ્યાવસ્થામાં પારણામાં સૂતાં સૂતાં સાધ્વીઓના મુખેથી કહેવાતા જે અર્થો સાંભળ્યા હતા, તે તેમને બરાબર યાદ રહી ગયા હતા. તેનું તેમને પુનઃ પુનઃ સ્મરણ

૨. આ ત્રિપદીના રહસ્ય અંગે આગળ વિવેચન આવશે.

૩. નિર્ગ્રંથસમુદાયમાં પ્રચલિત અનેક પ્રકારની લબ્ધિઓનું વર્ણન અમે અમારા ' સિદ્ધિદાયક સિદ્ધચક્ર ' નામના ગ્રંથના ૧૭, ૧૮ અને ૧૯ મા પ્રકરણમાં કરેલું છે, તે જિજ્ઞાસુએ જોઈ લેવું.

કરવું પડ્યું ન હતું. આગળ જતાં તેઓ મહાન વિદ્વાન થયા, અનેક શાસ્ત્રોના રચયિતા બન્યા અને શાસનપ્રભાવકનું બિરુદ પામ્યા, એ હકીકત જૈન શાસ્ત્રોમાં સ્વર્ણ-પંક્તિએ લખાયેલી છે.

એક અર્થ રૂપ બીજથી અનેક અર્થોરૂપી બીજને જાણી લેવા, એ બીજબુદ્ધિ નામની લબ્ધિ કહેવાય છે. આપણે એક શબ્દના અનેક અર્થ જાણવા હોય તો કોષનો આધાર લેવો પડે છે, પણ આવા લબ્ધિધર મહાત્માને તેનો આધાર લેવો પડતો નથી. તેમને તો ચિંતન માત્રથી એક શબ્દના અનેક અર્થો પ્રાપ્ત થાય છે. પૂર્વે આવા લબ્ધિધર મહાત્માઓ અનેક થઈ ગયા છે, જેની નોંધ જૈન શાસ્ત્રોમાં લેવાયેલી છે. શ્રી સિદ્ધચક્ર મહાપૂજનમાં 'ॐ ह्रीँ अर्हँ नमो कुट्ठबुद्धीणं' અને 'ॐ ह्रीँ अर्हँ नमो बीयबुद्धीणं' એ પદો વડે આ બંને પ્રકારના મહાત્માઓને ભાવાત્મક નમસ્કાર કરવામાં આવે છે.

દ્વાદશાંગી એટલે દ્વાદશ અંગોનો સમુદાય. વધારે સ્પષ્ટ કહીએ તો બાર અંગસૂત્રોનો સમૂહ. તે સમસ્ત જૈન શ્રુતનો મુખ્ય આધાર છે. તેના મહિમા અંગે કહેવાયું છે કે—

अर्हद्वक्त्रप्रसूतं गणधररचितं द्वादशाङ्गं विशालं,
चित्रं बह्वर्थयुक्तं मुनिगणवृषभैर्धारितं बुद्धिमद्भिः ।
मोक्षाग्रद्वारभूतं व्रतचरणफलं ज्ञेयभावप्रदीपं,
भक्त्या नित्यं प्रपद्ये श्रुतमहमखिलं सर्वलोकैकसारम् ॥

'શ્રી અરિહંતદેવના મુખમાંથી અર્થરૂપે પ્રકટેલા અને ગણધર ભગવંતો વડે સૂત્રરૂપે ગુંથાયેલા, બાર અંગવાળા, વિસ્તીર્ણ, અદ્ભુત રચનાશૈલિવાળા, ઘણા અર્થોથી યુક્ત, બુદ્ધિનિધાન એવા શ્રેષ્ઠ મુનિસમૂહે ધારણ કરેલા, મોક્ષના દરવાજા સમાન, વ્રત અને ચારિત્રરૂપી ફલવાળા, જાણવા યોગ્ય પદાર્થોને પ્રકાશવામાં દીપક સમાન અને સકલ વિશ્વમાં અદ્વિતીય સારભૂત એવા સમસ્ત શ્રુતનો હું ભક્તિપૂર્વક અહર્નિશ આશ્રય કરું છું.'

અહીં સમસ્ત શ્રુતને બાર અંગવાળું—બાર અંગ-શાસ્ત્રોવાળું જ કહ્યું છે, પણ એ અંગસૂત્રોના આધારે શ્રુત-સ્થવિર મહર્ષિઓ દ્વારા બીજાં પણ ઘણાં શાસ્ત્રો રચાયેલાં છે અને તે પણ શ્રુતમાં જ સ્થાન પામેલાં છે. તાત્પર્ય કે મૂલશ્રુતનો અનુક્રમે વિસ્તાર થતો રહ્યો છે.

આ વિસ્તાર કદાચ ૮૪ ગ્રંથો સુધી પહોંચ્યો હશે, એટલે જ ૮૪ આગમોની માન્યતા પ્રચલિત થયેલી છે. આ શાસ્ત્રોને આગમસંજ્ઞા પ્રાપ્ત થવાનું મુખ્ય કારણ એ હતું કે તે વસ્તુતત્ત્વનો સ્ફુટ બોધ કરાવનારાં હતાં. 'आ—समन्ताद् गम्यते वस्तुतत्त्वमनेनेत्यागमः ।

અહીં એટલી સ્પષ્ટતા કરવી આવશ્યક છે કે શૈવ અને શાક્ત સંપ્રદાયનાં મૂળ ગ્રંથો કે જે સામાન્ય રીતે તંત્ર-ગ્રંથો કહેવાય છે, તેનો એક ભાગ આગમ તરીકે ઓળખાય છે, પણ એ વસ્તુ તદ્દન જુદી છે.

ઉક્ત ૮૪ આગમોમાંથી આજે ૪૫ આગમો વિદ્યમાન છે, જે આપણા અંધકારમય જીવનમાં દીપકનું કામ કરે એવાં છે. તે અંગે શ્રી વીરવિજયજી મહારાજનાં વચનો સાંભળો :

**આગે આગમ બહુ હતાં, અર્થ વિહિત જગદીશ;**
**કાલવશે સંપ્રતિ રહ્યાં, આગમ પીસતાલીશ.**
**આથમતે કેવળરવિ, મંદિર દીપક જ્યોત;**
**પંચમ આરે પ્રાણીને, આગમનો ઉદ્યોત.**

અહીં એક વસ્તુ અમે ભારે હૈયે જણાવવા ઇચ્છીએ છીએ કે આગમોની આ સંખ્યા પરત્વે જૈન સમાજમાં એકમતી પ્રવર્તતી નથી. દિગમ્બર સંપ્રદાયનો મત એવો છે કે આજે એકે ય આગમ વિદ્યમાન નથી, પરંતુ આ મતમાં અભિનિવેશનું પ્રમાણ અધિક હોવાથી વિદ્વાનોએ તેને અમાન્ય કર્યો છે. સ્થાનકવાસી અને તેરાપંથી સંપ્રદાય ૪૫ પૈકીના ૩૨ આગમોનો જ સ્વીકાર કરે છે. બાકીનાં આગમો નહિ માનવાનું મુખ્ય કારણ તેમનો મૂર્તિપૂજા અંગેનો વિરોધ છે. પરંતુ આજે ઉક્ત બંને સંપ્રદાયોમાં આ વિરોધનું પ્રમાણ ઘટી રહ્યું છે અને તેઓ પણ બાકીના તેર આગમોનો આદરપૂર્વક અભ્યાસ કરવા લાગ્યા છે.

આપણા આચાર્યોએ આ ૪૫ આગમોનું છ ભાગમાં વર્ગીકરણ કર્યું છે, તે આ પ્રમાણે : ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૧૦ પયન્ના (પ્રકીર્ણક), ૬ છેદસૂત્ર, ૪ મૂલસૂત્ર અને ૨ ચૂલિકાસૂત્ર. તેનાં નામોથી આપણે પરિચિત થઈએ.

## ૧૧ અંગોનાં નામ

| | |
|---|---|
| ૧ આચારાંગસૂત્ર | ૭ ઉપાસકદશાંગસૂત્ર |
| ૨ સૂત્રકૃતાંગસૂત્ર | ૮ અંતકૃદ્દશાંગસૂત્ર |
| ૩ સ્થાનાંગસૂત્ર | ૯ અનુત્તરૌપપાતિકસૂત્ર |
| ૪ સમવાયાંગસૂત્ર | ૧૦ પ્રશ્નવ્યાકરણસૂત્ર |
| ૫ ભગવતીસૂત્ર | ૧૧ વિપાકસૂત્ર |
| ૬ જ્ઞાતાસૂત્ર | |

અહીં પાઠકમિત્રોને અવશ્ય પ્રશ્ન થશે કે 'ઉપર બાર અંગોની વાત કરવામાં આવી છે અને અહીં અગિ-યારની ગણના કેમ?' તેનો ઉત્તર એ છે કે 'બારમું અંગ જે દૃષ્ટિવાદ નામથી પ્રસિદ્ધ હતું અને પ્રમાણમાં ઘણું મોટું હતું, તે કાલાંતરે વિચ્છેદ પામેલું છે. વધારે સ્પષ્ટ કહીએ તો તે ચૌદ પૂર્વ આદિ પાંચ ભાગોમાં વિભક્ત હતું, પણ તેમાંનો કોઈ ભાગ જૈનસંઘ પાસે રહ્યો નથી.'

અહીં કદાચ એ પ્રશ્ન થશે કે 'જ્ઞાનનાં મહાભંડાર સમી આ મોંઘેરી મૂડીને જૈન સંઘ કેમ સાચવી શકયો નહિ?' તેનો ઉત્તર એ છે કે 'ગણધર ભગવંતો અર્થ-ગંભીર જે સૂત્રોની રચના કરતા, તે તેમના બુદ્ધિશાળી શિષ્યો કંઠસ્થ કરી લેતા. તેમના શિષ્યો પણ એ જ રીતિ–પદ્ધતિને અનુસરતા અને તેમના શિષ્યો પણ એનું જ અનુસરણ કરતા. આ રીતે એ અર્થગંભીર સૂત્રો સચવાઈ રહેતાં, પણ સમય જતાં સ્મૃતિ ઓછી થતી ગઈ, એટલે એ સૂત્રોમાંનો કેટલોક ભાગ વિસરાવા લાગ્યો. એવામાં

મગધદેશ કે જે જૈન શ્રમણોનું મુખ્ય કેન્દ્ર હતું, તેમાં બારવર્ષી દુકાળ પડ્યો, એટલે જૈન શ્રમણો દૂર દૂર ચાલ્યા ગયા. તેમાંના કેટલાકે તો અનશનપૂર્વક દેહત્યાગ કર્યો.

ત્યાર બાદ શ્રમણો પાછા ફરવા લાગ્યા, પરંતુ એ વખતે જણાયું કે દુકાળના સમયમાં સ્વાધ્યાય બરાબર નહિ થઈ શકવાથી કેટલાંક સૂત્રો તદ્દન ભૂલાઈ જવાયાં છે. તેથી પાટલીપુત્રમાં શ્રમણસંઘને એકત્ર કરવામાં આવ્યો ને બચેલું શ્રુત એકઠું કરવામાં આવ્યું. તેમાં અગિયાર અંગો મળી આવ્યાં, પણ બારસું દૃષ્ટિવાદઅંગ મળ્યું નહિ.

શ્રી ભદ્રબાહુસ્વામી દૃષ્ટિવાદના જાણકાર હતા, પણ તેઓ આ સમયે નેપાલના માર્ગમાં રહીને મહાપ્રાણ નામનું ધ્યાન ધરી રહ્યા હતા કે જે બાર વર્ષે સિદ્ધ થતું હતું, તેથી પાટલીપુત્રના શ્રી સંઘે કેટલાક સાધુઓને તેમની પાસે મોકલ્યા. તેમાંથી શ્રી સ્થૂલભદ્ર ૧૦ પૂર્વો સુધીનું જ્ઞાન પામી શક્યા.

ત્યારબાદ શ્રી ભદ્રબાહુ સ્વામી પાછા ફર્યા, પરંતુ એ વખતે એક ઘટના એવી બની કે જેણે તેમને બાકીનાં પૂર્વોનું જ્ઞાન આપતા રોકી દીધા.

પાઠકમિત્રો એ ઘટના જાણવા આતુર બને, એ સ્વાભાવિક છે, તેથી અહીં તેની રજૂઆત કરીશું.

શ્રી સ્થૂલભદ્રને સાત બહેનો હતી. તે બધીએ બહેનોએ ભાગવતી પ્રવ્રજ્યા ગ્રહણ કરી હતી. તેઓ શ્રી સ્થૂલ-

ભદ્રને આવ્યા જાણીને વંદન કરવા ગઈ. આ વખતે શ્રી સ્થૂલભદ્રે પ્રાપ્ત કરેલી વિદ્યાનો ચમત્કાર બતાવવા માટે સિંહનું રૂપ ધારણ કર્યું ! અહો ભવિતવ્યતા ! આ એક સામાન્ય લાગતી ઘટનાએ જૈન સંઘને કેવું–કેટલું મોટું નુકશાન પહોંચાડ્યું, તે જાણીને તમને જરૂર ખેદ થશે.

સાધ્વીઓએ શ્રી સ્થૂલભદ્રના સ્થાને આવીને જોયું તો તેમનાં દર્શન થયાં નહિ, પણ ત્યાં એક સિંહને બેઠેલો જોયો, એટલે તે તરત પાછી ફરી ગઈ. તેમણે બનેલી બીના શ્રી ભદ્રબાહુસ્વામીને જણાવી. શ્રી ભદ્રબાહુસ્વામી તો ચૌદ પૂર્વના જાણકાર હતા, એટલે ખરેખર શું બન્યું હતું ? તે સમજતાં વાર લાગી નહિ. તેમણે સાધ્વીઓને કહ્યું: 'તમે ફરી ત્યાં જાઓ. તમને શ્રી સ્થૂલભદ્રનાં દર્શન થશે. સાધ્વીઓ તેમનાં સ્થાને પહોંચી, ત્યારે તેઓ મૂળ રૂપમાં આવી ગયા હતા, એટલે તેમનાં દર્શન થયાં અને તેમણે ઘણી પ્રસન્નતા અનુભવી.

શ્રી ભદ્રબાહુસ્વામીએ આ બનાવને શ્રુત–મદ એટલે જ્ઞાનનું અભિમાન લેખી શ્રી સ્થૂલભદ્રને બાકીનાં પૂર્વોનું જ્ઞાન આપવાનો ઇનકાર કર્યો. શ્રી સ્થૂલભદ્રને પોતાની ભૂલ સમજાઈ, તે માટે તેમણે પશ્ચાત્તાપ કર્યો અને માફી માગી. શ્રી સંઘ તેમની વારે ધાયો અને તેમણે બાકીનાં પૂર્વોનું જ્ઞાન શ્રી સ્થૂલભદ્રને આપવા માટે આગ્રહ કર્યો. પણ આચાર્ય–શ્રી પોતાના નિર્ણયમાં અડગ રહ્યા. છેવટે સંઘના અતિ આગ્રહથી તેમણે બાકીનાં પૂર્વોનું જ્ઞાન શ્રી સ્થૂલભદ્રને આપ્યું ખરું, પણ તે માત્ર સૂત્ર રૂપે. તેના અર્થ કે રહ-

સ્યથી તેમને પરિચિત કર્યા નહિ. આ બનાવ પછી પૂર્વોનું જ્ઞાન લુપ્ત થતું ગયું અને છેવટે આખું યે દૃષ્ટિવાદઅંગ નામશેષ બની ગયું.'

અહીં આપણને એવો વિચાર જરૂર આવે કે 'જો શાસ્ત્રોને સમયસર લિપિબદ્ધ કર્યા હોત અને તેની અનેક નકલો કરાવી લીધી હોત તો આવું પરિણામ આવત ખરું?' પરંતુ ગ્રંથલેખનની કલા એ વખતે પા–પા–પગલી ભરતી હતી. જે કંઈ લખાતું તે ઘૂંટેલા કપડાં પર લખાતું. કાગળનો ઉપયોગ તો પછી ઘણા વખતે શરૂ થયો. પરંતુ સહુથી મોટી વાત તો શાસ્ત્રમર્યાદાની હતી. શાસ્ત્રો કે સૂત્રોનો પાઠ તો ગુરુમુખે જ ગ્રહણ કરાય અને તે માટે વિશિષ્ટ અધિકાર જોઈએ. જો શાસ્ત્રો–સૂત્રો લિપિબદ્ધ થવા માંડે તો આ શાસ્ત્રમર્યાદાનું પાલન થાય નહિ. પછી તો અનધિકૃત વ્યક્તિ પણ શાસ્ત્રો–સૂત્રો જાતે વાંચીને તેનું જ્ઞાન મેળવવા માંડે! ટૂંકમાં શ્રી શ્રમણસંઘને એ સમય શાસ્ત્રો–સૂત્રો લિપિબદ્ધ કરવા માટે યોગ્ય લાગ્યો ન હતો, એટલે તેમણે એ દિશામાં પગલાં માંડ્યાં ન હતાં.

હજી આ બાબતમાં થોડું વધારે સાંભળી લો.

કાલક્રમે પરિસ્થિતિ વધારે વણસી અને શ્રુતજ્ઞાનને બચાવવું હોય તો તેને લિપિબદ્ધ કર્યા વિના ચાલે જ નહિ એવો સમય આવી પહોંચ્યો; એટલે વીરનિર્વાણ પછી ૯૮૦ મા વર્ષે સૌરાષ્ટ્રના વલ્લભીપુર નગરમાં શ્રીમાન્ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણની અધ્યક્ષતામાં જૈન શ્રમણોની એક પરિષદ મળી અને તેણે જૈન શાસ્ત્રો–સૂત્રોને લિપિબદ્ધ

કરવાનો નિર્ણય કર્યો. એ રીતે જૈન શાસ્ત્રો-સૂત્રો તાડપત્ર પર અને પછી કાગળ પર લખાવા માંડયા તથા તેની એક કરતાં વધારે પ્રતિઓ થવા માંડી. પછી તો એ હસ્તલિખિત શાસ્ત્રો-સૂત્રોનો સંગ્રહ કરવા માટે જ્ઞાનભંડારોની યોજના અમલમાં આવી અને તેણે આપણા અવશિષ્ટ શાસ્ત્રો-સૂત્રોનું સારી રીતે રક્ષણ કર્યું. આજે તો આ શાસ્ત્રો-સૂત્રો મુદ્રણાલયમાં છપાવા લાગ્યા છે અને તેની થોકબંધ પ્રતિઓ ઉપલબ્ધ થાય છે, એટલે તેને પ્રાપ્ત કરવાનું કામ કઠિન નથી. જેને જૈન સૂત્ર-સિદ્ધાંતનો અભ્યાસ કરવો હોય, તેને એ સહેલાઈથી મળી જાય તેમ છે.

અગિયાર અંગોનાં નામોનો પરિચય મેળવતાં બારમા અંગનો પ્રશ્ન ઊભો થયો અને તેનો વિગતવાર સ્પષ્ટ ઉત્તર મેળવવા માટે આપણે ઠીક ઠીક પંથ કાપવો પડ્યો. પરંતુ એક રીતે એ ઠીક જ થયું, કારણ કે તેથી જૈન સૂત્રોના ઇતિહાસની એક ઝલક આપણને મળી ગઈ. હવે બાર ઉપાંગો વગેરેનાં નામો જાણી લઈએ.

## બાર ઉપાંગોનાં નામ

| | | | |
|---|---|---|---|
| ૧ | ઔપપાતિકસૂત્ર | ૭ | ચંદ્રપ્રજ્ઞપ્તિસૂત્ર |
| ૨ | રાજપ્રશ્નીયસૂત્ર | ૮ | નિરયાવલિકાસૂત્ર |
| ૩ | જીવાજીવાભિગમસૂત્ર | ૯ | કલ્પાવતંસિકાસૂત્ર |
| ૪ | પ્રજ્ઞાપનાસૂત્ર | ૧૦ | પુષ્પિકાસૂત્ર |
| ૫ | સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્ર | ૧૧ | પુષ્પચૂલિકાસૂત્ર |
| ૬ | જમ્બૂદ્વીપપ્રજ્ઞપ્તિસૂત્ર | ૧૨ | વહ્નિદશાસૂત્ર |

## ૧૦ પયન્ના (પ્રકીર્ણક)નાં નામ

| | |
|---|---|
| ૧ ચતુઃશરણપ્રકીર્ણક | ૬ ગણિવિદ્યાપ્રકીર્ણક |
| ૨ આતુરપ્રત્યાખ્યાનપ્રકીર્ણક | ૭ ચંદ્રવિજયપ્રકીર્ણક |
| ૩ મહાપ્રત્યાખ્યાનપ્રકીર્ણક | ૮ દેવેન્દ્રસ્તવપ્રકીર્ણક |
| ૪ ભક્તપરિજ્ઞાપ્રકીર્ણક | ૯ મરણસમાધિપ્રકીર્ણક |
| ૫ તંદુલવૈતાલિકપ્રકીર્ણક | ૧૦ સંસ્તારકપ્રકીર્ણક |

## ૬ છેદસૂત્રનાં નામ

| | |
|---|---|
| ૧ દશાશ્રુતસ્કન્ધ | ૪ જીતકલ્પસૂત્ર |
| ૨ બૃહત્કલ્પસૂત્ર | ૫ નિશીથસૂત્ર |
| ૩ વ્યવહારસૂત્ર | ૬ મહાનિશીથસૂત્ર |

## ૪ મૂલસૂત્રનાં નામ

| | |
|---|---|
| ૧ આવશ્યકસૂત્ર | ૩ દશવૈકાલિકસૂત્ર |
| ૨ ઉત્તરાધ્યયનસૂત્ર | ૪ પિંડનિર્યુક્તિસૂત્ર |

કેટલાક પિંડનિર્યુક્તિના સ્થાને ઓઘનિર્યુક્તિને મૂકે છે. વળી મૂલસૂત્રોનો જે ક્રમ અહીં દર્શાવ્યો છે, તેમાં પણ કેટલોક ફેરફાર દેખાય છે, પરંતુ આ સૂત્રનો રચનાકાલ લક્ષમાં લેતા ઉપરનો ક્રમ યથાર્થ લાગે છે. ભગવાન મહાવીરનો ધર્મ સપ્રતિક્રમણ છે, એટલે આવશ્યકસૂત્ર સહુથી પહેલું રચાયેલું છે. તે પછી ઉત્તરાધ્યયન સૂત્ર રચાયું છે. ત્યાર બાદ શ્રી શય્યંભવસૂરિએ વીર સંવત્ ૭૨માં દશવૈકાલિક સૂત્રની રચના કરેલી છે અને ત્યાર બાદ શ્રુતકેવલી શ્રી ભદ્રબાહુ સ્વામીએ વીર સંવત્‌ની બીજી સદીમાં પિંડનિર્યુક્તિ તથા ઓઘનિર્યુક્તિ રચ્યાની માન્યતા પ્રચલિત છે.

## ૨ ચૂલિકાસૂત્રોનાં નામ

૧ અનુયોગદ્વારસૂત્ર ૨ નંદિસૂત્ર

આ પીસ્તાલીશ આગમો પૈકી **આવશ્યકસૂત્રનું બીજું અધ્યયન તે લોગસ્સસૂત્ર છે.** અહીં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે આવશ્યકસૂત્રના આ બીજા અધ્યયનને શાસ્ત્રકારોએ 'ચઉવીસત્થય' તરીકે ઓળખાવેલું છે, એટલે લોગસ્સ-સૂત્રનું મૂળ નામ **ચઉવીસત્થય** સમજવાનું છે. કેટલાકે તેને માટે **ચઉવીસસ્થય** તો કેટલાકે **ચઉવીસઇત્થય** એવો પણ શબ્દ-પ્રયોગ કર્યો છે, પણ એ બધાનો અર્થ તો 'ચતુર્વિંશતિસ્તવ' જ થાય છે. ચતુર્વિંશતિસ્તવ એટલે ચોવીશનું સ્તવન, ચોવીશ જિનનું સ્તવન.

ચઉવીસત્થયસૂત્રનો પ્રારંભ લોગસ્સ શબ્દથી થાય છે, એટલે તે લોગસ્સસૂત્ર તરીકે ઓળખાયું છે અને આજે તો એ નામ સહુનાં હૈયે અને હોઠે ચડી ગયું છે. સામાયિક અને પ્રતિક્રમણનાં ઘણાં સૂત્રોમાં આમ બનેલું છે, તેનું મુખ્ય કારણ એ છે કે સૂત્રનો પ્રથમ શબ્દ યાદ આવે તો તેનો આખો પાઠ સરલતાથી યાદ આવે છે. આ સૂત્રો ક્રિયા વખતે બોલવાનાં હોય છે. તે કંઠસ્થ કર્યા વિના-યાદ રાખ્યા વિના બોલી શકાય નહિ.

આ ચઉવીસત્થય કે લોગસ્સસૂત્રને **ચેઈયવંદણ-મહાભાસમાં** 'ચઉવીસજિણત્થય' કહેવામાં આવ્યું છે; **યોગશાસ્ત્રસ્વોપજ્ઞ વિવરણમાં** 'ઉજ્જોઅગરસૂત્ર' કહેવામાં આવ્યું છે; **દેવવંદનભાષ્યમાં** તેનો વ્યવહાર 'નામથય' તરીકે થયેલો છે, તો **ધર્મસંગ્રહમાં** તેની ઓળખ 'નામ-જિણત્થય' તરીકે અપાયેલી છે.

[ ૩ ]

# લોગસ્સસૂત્રની પ્રાચીનતા અને પવિત્રતા

ગત પ્રકરણમાં સૂત્ર અંગે કેટલીક વિચારણા કરતાં આવશ્યકસૂત્ર સુધી પહોંચ્યા અને લોગસ્સસૂત્ર તેનો એક ભાગ છે, તેનું બીજું અધ્યયન છે, એ જાણી આનંદિત થયા. હવે તેની પ્રાચીનતા અને પવિત્રતાથી પરિચિત થઈએ, જેથી તે આપણા અંતરમાં અતિ આદરભર્યું સ્થાન પામે. નવકારમંત્ર–નમસ્કારમંત્ર તેની પ્રાચીનતા અને પવિત્રતાના કારણે જ આપણા અંતરમાં અતિ આદર–ભરેલું સ્થાન પામેલો છે ને ?

'લોગસ્સસૂત્ર પ્રાચીન છે' એવો સંસ્કાર આપણામાંના ઘણાનાં મનમાં પડેલો છે, પણ એમ માનવાનું કારણ શું છે ? અને તે કેટલો પ્રાચીન છે તે અહીં વિચારવાનું છે.

લોગસ્સસૂત્રને પ્રાચીન માનવાનું મુખ્ય કારણ તો એ છે કે તે આવશ્યકસૂત્રનો એક ભાગ છે કે જેની રચના ગણધર ભગવંતોએ કરેલી છે. આપણી સામાન્ય માન્યતા એવી છે કે ગણધર ભગવંતોએ દ્વાદશાંગી એટલે

બાર સૂત્રો રચ્યાં. તે પછીના શ્રુતસ્થવિરોએ બીજાં સૂત્રો રચ્યાં. મૂલસૂત્રની સંજ્ઞા પામેલું આવશ્યકસૂત્ર તેમાંનું એક છે. પરંતુ આવશ્યકસૂત્રનું મહત્ત્વ વિચારતાં અને આવશ્યકનિર્યુક્તિ, આવશ્યકચૂર્ણી, આવશ્યકટીકા તથા બીજાં કેટલાંક શાસ્ત્રોમાં જે ઉલ્લેખો પ્રાપ્ત થાય છે, તે પરથી તો આપણી એ માન્યતા સુધારવા જેવી લાગે છે.

આવશ્યકસૂત્રની ગણના મૂલસૂત્રમાં થાય છે, તે એની મહત્તા સૂચવે છે. સાધુઓ બીજાં સૂત્રો–શાસ્ત્રો ભણે કે ન ભણે, પણ તેમણે (૧) આવશ્યકસૂત્ર (૨) ઉત્તરાધ્યયન-સૂત્ર, (૩) દશવૈકાલિકસૂત્ર અને (૪) પિંડનિર્યુક્તિ કે ઓઘનિર્યુક્તિ, આ ચાર સૂત્રો તો અવશ્ય ભણવાં જ જોઈએ, તેથી જ તેને મૂલ કે પાયાનાં સૂત્રો કહ્યાં છે. જો તે આવશ્યકસૂત્ર ન ભણે તો સાધુજીવનમાં અતિ જરૂરી એવી ષડાવશ્યકરૂપ પ્રતિક્રમણની ક્રિયા સવાર, સાંજ, પક્ષના અંતે, ચાર માસના અંતે કે સંવત્સરના અંતે કરી શકે નહિ. જો તે ઉત્તરાધ્યયન અને દશવૈકાલિકસૂત્ર ન ભણે તો સાધુજીવનનો આચાર જાણે નહિ અને તેથી પગલે પગલે સ્ખલના પામે. ઉત્તરાધ્યયન અને દશવૈકાલિક એ બે સૂત્રોમાંથી આજે દશવૈકાલિક સૂત્રનો અભ્યાસ પ્રથમ કરવામાં આવે છે, કારણ કે તેમાં સાધુઓના આચારનું સરલ ભાષામાં સ્પષ્ટ વર્ણન છે. પિંડનિર્યુક્તિ અને ઓઘનિર્યુક્તિ સાધુઓના આહાર–વિહાર અંગે ઘણી સૂક્ષ્મ માહિતી પૂરી પાડે છે.

પ્રાચીન કાલમાં પણ સાધુઓને સહુથી પહેલું આવ-

શ્યકસૂત્ર ભણાવવામાં આવતું કે જેને માટે એ વખતે 'સામાયિક' શબ્દનો પ્રયોગ પ્રચલિત હતો. જૈન શાસ્ત્રમાં અનેક સ્થળે 'सामाइयाइं चोद्दसपुव्वाइं अहिज्जइ—સામાયિક આદિ ચૌદ પૂર્વો–બાર અંગો ભણે છે.' 'सामाइयमाइयाइं एक्कारस अंगाइं अहिज्जइ—સામાયિક આદિ અગિયાર અંગો ભણે છે.' આવા આવા ઉલ્લેખો આવે છે, ત્યાં સામાયિક શબ્દથી માત્ર સામાયિક જ નહિ, પણ સામાયિકની મુખ્યતાવાળું આવશ્યકસૂત્ર જ સૂચવાયું છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે સાધુજીવનની મુખ્ય સાધના સામાયિક હતું, એટલે આવશ્યકસૂત્રમાં તેનો નિર્દેશ પ્રથમ થયો. ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ અને પ્રત્યાખ્યાન, એ તેને સિદ્ધ કરવાનાં સાધનો હતાં, એટલે તેનો નિર્દેશ પછીથી થયો. તાત્પર્ય કે સામાયિકમાં છયે આવશ્યક આવી જતાં હતાં, એટલે તે ષડાવશ્યક કે આવશ્યકનો પર્યાય બન્યો હતો.

પછીના કાલમાં ષડાવશ્યકને સ્થાને પ્રતિક્રમણ શબ્દ પ્રચારમાં આવ્યો. 'ભગવાન મહાવીરનો ધર્મ સપ્રતિક્રમણ છે.' આ વાક્યમાં પ્રતિક્રમણ શબ્દ ષડાવશ્યકની ક્રિયાના અર્થમાં જ છે. આજે પણ ષડાવશ્યકની ક્રિયા માટે પ્રતિક્રમણ શબ્દનો જ પ્રચાર છે. કાલનો મહિમા અજબ છે. તે જુની વસ્તુને ખસેડે છે અને તેની જગાએ નવી વસ્તુને લાવે છે. આ રીતે પરિવર્તનનો ક્રમ ચાલ્યા જ કરે છે.

હવે **આવશ્યકનિર્યુક્તિ** પર આવીએ. તેમાં કહ્યું છે કે :–

**अत्थं भासइ अरहा, सुत्तं गंथंति गणहरा निउणं ।**
**सासणस्स हियट्ठाए, तओ सुत्तं (यं) पवत्तइ ॥**

'અર્થ અરિહંતો કહે છે. શાસનના હિતાર્થે ગણધર ભગવંતો તેને નિપુણ રીતે સૂત્રમાં ગુંથે છે. આ રીતે શ્રુતનું પ્રવર્તન થાય છે.'

આમાં બાર અંગની કોઈ વાત નથી, પણ સૂત્રોનો સામાન્ય નિર્દેશ છે. આ સૂત્રોની રચના શાનસના હિતાર્થે થાય છે, એટલે કે ભગવાને જે શાસનનું પ્રવર્તન કર્યું છે, તે આ સૂત્રોના આલંબનથી કાલના પ્રવાહમાં અબાધિત રહે, તે માટે કરેલું છે. જે ધર્મને પોતાના મૌલિક શાસ્ત્રો–ગ્રંથો નથી, તે ધર્મ લાંબો સમય ટકતો નથી, એ સિદ્ધ થયેલી હકીકત છે. વેદ અને ઉપનિષદોના આધારે વૈદિક ધર્મ ટક્યો છે, ત્રિપિટકોના આધારે બૌદ્ધ ધર્મ ટક્યો છે, કુરાનના આધારે ઇસ્લામ ધર્મ ટક્યો છે અને બાઈબલના આધારે ખ્રિસ્તી ધર્મ ટક્યો છે. તે જ રીતે જૈન ધર્મ તેના સૂત્ર-સિદ્ધાંત કે આગમોના આધારે ટકેલો છે.

આ રીતે ગણધર ભગવંતો દ્વારા સૂત્રરચના થતાં શ્રુતનું પ્રવર્તન થાય છે, એટલે કે આપણું મૌલિક ધાર્મિક સાહિત્ય અસ્તિત્વમાં આવે છે.

હવે બીજી ગાથા સાંભળો :

**सामाइयमाईयं सुय-नाणं जाव बिन्दुसाराओ ।**
**तस्स वि सारो चरणं, तस्स वि सारो निव्वाणं ॥**

'સામાયિક આદિ સૂત્રોથી બિન્દુસાર પર્યન્ત શ્રુત-જ્ઞાનનો વિસ્તાર છે, તેનો સાર ચારિત્ર છે અને તેનો સાર નિર્વાણ છે.'

પ્રચલિત પરંપરા પ્રમાણે અહીં સામાયિકશબ્દથી આવશ્યક સૂત્ર જ સૂચવાયેલ છે. બિન્દુસાર એ ચૌદમા પૂર્વનું નામ છે. તાત્પર્ય કે શ્રુતની ગણના આવશ્યક સૂત્રથી શરૂ થાય છે અને તે ચૌદમા પૂર્વથી પર્યવસાન પામે છે. આ બધું યે શ્રુત મૂલ તો સાધુ જીવનના સુંદર–પ્રશસ્ત–પવિત્ર જીવનના ઘડતર માટે રચાયેલું છે કે જેનું આખરી ધ્યેય નિર્વાણ–મોક્ષ–મુક્તિ છે.

અહીં અંગસૂત્રોને આગળ ન ધરતાં આવશ્યક સૂત્રને આગળ મૂક્યું છે, તે શું સૂચવે છે? સાધુજીવનનો તે પ્રાણ છે. તેના વિના ગાડું આગળ ચાલે જ નહિ.

જો આવશ્યકસૂત્રની આટલી અગત્ય હોય તો ગણધર ભગવંતો પ્રથમ બાર અંગોની–અંગસૂત્રોની રચના કરે કે આવશ્યકસૂત્રની? તે વિચારણીય છે. પ્રથમ તો એટલું નક્કી કરી લઈએ કે આવશ્યકસૂત્ર એ ગણધર ભગવંતોની રચના છે કે નહિ? પછી તે અંગે વિશેષ વિચારણા કરીશું.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'માત્ર સૂચિતાર્થ કે ફલિતાર્થથી કામ ચાલે નહિ. તે માટે પ્રકટ શબ્દો જોઈએ.' તો તે પણ હાજર છે, સાંભળો :

तित्थयरो किं कारणं, भासइ सामाइयं तु अज्झयणं ।
तित्थयरनामगोत्तं, कम्मं मे वेइयव्वं ति ॥

આ શબ્દો પણ આવશ્યકનિર્યુક્તિનાં જ છે. તેના રચયિતા બહુશ્રુત આચાર્યે પોતે જ પ્રશ્ન ઊભો કર્યો છે કે 'તીર્થંકરો તો કૃતકૃત્ય છે, તો પછી તેમને સામાયિકાદિ અધ્યયનો કહેવાનું કારણ શું ?' તેનો ઉત્તર પણ તેમણે જ આપ્યો છે કે 'તીર્થંકરનામકર્મ મેં પૂર્વે ઉપાર્જન કર્યું છે, તેને મારે ખપાવવું જોઈએ' એમ જાણીને શ્રી તીર્થંકરદેવ સામાયિક આદિ અધ્યયનો કહે છે. અહીં तु શબ્દથી અન્ય અધ્યયનો પણ ગ્રહણ કરવાં એવો ખુલાસો શ્રી હરિભદ્રસૂરિએ આવશ્યકટીકામાં કરેલો છે. જેમકે- 'तु शब्दादन्याध्ययनपरिग्रहः ।' એટલે અહીં માત્ર સામાયિક જ નહિ, પણ બાકીનાં પાંચે ય અધ્યયનો સમજવાનાં છે.

તાત્પર્ય કે આવશ્યકસૂત્રનાં છ યે અધ્યયનો અર્થથી તીર્થંકર ભગવંતે કહેલાં છે અને સૂત્રથી ગણધર ભગવંતોએ ગુંથેલા છે. આ વિષયમાં હજી એક પુષ્ટ પ્રમાણ રજૂ કરીશું.

આવશ્યકસૂત્ર પર શ્રીજિનભદ્રગણિક્ષમાશ્રમણે **વિશેષાવશ્યકભાષ્ય** નામના તત્ત્વભરપૂર ગ્રંથની રચના કરી છે. તેના પર બહુશ્રુત એવા મલ્લધારીય શ્રી હેમચંદ્રસૂરિએ એક વિશદ વૃત્તિની રચના કરી છે. તેના પ્રારંભમાં તેમણે જણાવ્યું છે કે 'इह चरणकरणक्रियाकलाप-तरुमूलकल्पं षडध्ययनात्मकश्रुतस्कन्धरूपमावश्यकं तावदर्थस्ती-

र्थंकरैः सूत्रस्तु गणधरविरचितम्। ચરણ–કરણ–ક્રિયાકલાપ-રૂપ વૃક્ષના મૂળ સમાન સામાયિક આદિ છ અધ્યયનોવાળું અને શ્રુતસ્કન્ધ એવું આવશ્યકસૂત્ર અર્થથી તીર્થંકરોએ અને સૂત્રથી ગણધર ભગવંતોએ રચેલું છે.'

થોડાં વિવેચનથી આ વસ્તુ સ્પષ્ટ થશે. મોક્ષપ્રાપ્તિના કારણરૂપ સમ્યક્ચારિત્રનું ઘડતર કરવા માટે જૈન શાસ્ત્રોમાં ચરણ–કરણનું વિધાન છે અને તેને લગતા ૭૦–૭૦ બોલોની પ્રસિદ્ધિ છે.[1] વળી દર્શન, જ્ઞાન અને ચારિત્રની શુદ્ધિને માટે સામાયિકાદિ અન્ય ક્રિયાઓ પણ યોજાયેલી છે. આ બધી વસ્તુઓને જો આપણે એક પ્રકારનું વૃક્ષ કલ્પીએ તો આવશ્યકસૂત્ર એ તેનું મૂલ છે. અહીં આવશ્યકસૂત્રને ષડધ્યયનાત્મક અને શ્રુતસ્કન્ધ એવાં બે વિશેષણો લગાડયાં છે, તેનો અર્થ એ છે કે આ આવશ્યકસૂત્ર છ અધ્યયનવાળું છે અને તે જ્ઞાનના ભંડાર જેવું છે. તેની રચના અર્થથી તીર્થંકર ભગવંતોએ અને સૂત્રથી ગણધર ભગવંતોએ કરેલી છે.

અમને લાગે છે કે આવશ્યકસૂત્રના કર્તૃત્વ અંગે આટલી વિચારણા બસ છે.

---

૧. ચરણસિત્તરીના ૭૦ બોલો આ પ્રમાણે જાણવાઃ ૫ મહાવ્રતો, ૧૦ શ્રમણધર્મો, ૧૭ સંયમ, ૧૦ વૈયાવૃત્ય, ૯ બ્રહ્મચર્યગુપ્તિઓ, ૩ જ્ઞાનાદિત્રિક, ૧૨ તપ અને ૪ ક્રોધાદિ કષાયોનો નિગ્રહ.

કરણસિત્તરીના ૭૦ બોલો આપ્રમાણે જાણવાઃ ૪ પિંડવિશુદ્ધિ, ૫ સમિતિ, ૧૨ ભાવના, ૧૨ પ્રતિમા, ૫ ઇન્દ્રિયનિરોધ, ૨૫ પ્રતિલેખના, ૩ ગુપ્તિ અને ૪ અભિગ્રહ.

હવે એ પ્રશ્ન વિચારણીય છે કે 'જો ગણધર ભગવંતોએ આવશ્યકસૂત્રની રચના કરી, તો તે ક્યારે કરી?' આપણી સામાન્ય બુદ્ધિ તો એમ કહે છે કે જે વસ્તુ અતિ અગત્યની હોય, જેના વિના ચાલે એમ જ ન હોય, તેના પર પ્રથમ દૃષ્ટિ જાય અને બીજી વસ્તુઓ પર પછી. ભગવાન મહાવીરે સપ્રતિક્રમણ ધર્મ કહ્યો હતો, એટલે તેમના શાસનમાં જોડાયેલા સાધુ–સાધ્વીઓને સવાર–સાંજ પ્રતિક્રમણ કરવાનું હતું. આ પ્રતિક્રમણ તેઓ શાના આધારે કરે? તે માટે આવશ્યકસૂત્રની જરૂર હતી, એટલે ગણધર ભગવંતો પ્રથમ તેની રચના કરે અને પછી બીજાં અંગસૂત્રોની રચના કરે, એ સ્વાભાવિક છે. વળી શ્રુતના વર્ણનપ્રસંગે શાસ્ત્રકારો દરેક વખતે સામાયિકાદિ અગિયાર અંગો કે સામાયિકાદિ ચૌદ પૂર્વો એવો શબ્દપ્રયોગ કરે છે, તે પરથી એમ સ્પષ્ટ થાય છે કે પ્રથમ આવશ્યકસૂત્રની અને તે પછી બીજાં અંગસૂત્રોની રચના થયેલી હોવી જોઈએ.

ભગવાન મહાવીરનું નિર્વાણ વિક્રમસંવત્ ૪૭૦ પૂર્વે થયું, એટલે આજે (ગ્રંથરચના સમયે) વીરનિર્વાણ ૨૫૦૫ ની સાલ ચાલે છે. હવે ભગવાને શાસનનું પ્રવર્તન નિર્વાણસમયની ૩૦ વર્ષ પૂર્વે કરેલું છે (તેમનો તીર્થંકર-કાલ ત્રીશ વર્ષનો ગણાયો છે) એટલે આવશ્યકસૂત્ર અને બાર અંગોની રચનાસાલ વિ. સં. પૂર્વે ૫૦૦ ની કહી શકાય. તાત્પર્ય કે આવશ્યકસૂત્રના એક ભાગ રૂપ લોગસ્સ-સૂત્રની રચના આજથી ૨૫૩૫ વર્ષ પહેલાં થયેલી હોઈ તે ઘણું પ્રાચીન છે.

હવે લોગસ્સસૂત્રની પવિત્રતા અંગે વિચારણા કરીએ. અહીં એક પાઠકમિત્ર કહે છે કે 'લોગસ્સ એ એક પવિત્ર સૂત્ર છે' એમ અમે બધા માનીએ છીએ, એટલે તે અંગે વિચારણા–વિવેચન કરવાનું મુલતવી રાખી પ્રસ્તુત વિષયમાં આગળ વધો.' પરંતુ અમે આ સૂચનનો સ્વીકાર કરી શકતા નથી, કેમકે અમે જાણીએ છીએ કે આ વચનો પોપટના રામ જેવી સ્થિતિનો પડઘો પાડનારાં છે. પોપટ રામ–રામ બોલીને રામભક્તિ કર્યાનો દાવો કરે, તો એ કોણ સ્વીકારશે? તેના માલીકે તેને રામ બોલતાં શીખવ્યું, એટલે તે રામ બોલે છે, પણ તેના અંતરમાં રામ નથી. આપણી સ્થિતિ પણ લગભગ આવી જ છે. આપણે મુખેથી એમ કહીએ છીએ કે 'અમે લોગસ્સને એક પવિત્ર સૂત્ર માનીએ છીએ,' પણ અંતરમાં તેનું સ્થાન નથી. જો અંતરમાં તેનું સ્થાન હોત, તો આજે પરિસ્થિતિ જુદી જ હોત. અમારે તો પાઠકમિત્રોના અંતરમાં લોગસ્સસૂત્રની પ્રતિષ્ઠા કરવી છે અને તે વિશેષ વિચારણા કે વિશદ વિવેચન વિના થઈ શકે એમ નથી, એટલે તેનો આશ્રય લેવા તત્પર થયા છીએ.

લોગસ્સને પવિત્ર સૂત્ર માનવાનું મુખ્ય કારણ તો એ છે કે તે અર્થથી તીર્થંકરદેવે કહેલું છે અને સૂત્રથી ગણધર ભગવંતોએ રચેલું છે કે જેમની ગણના પરમ પવિત્ર પુરુષોમાં થાય છે. તીર્થંકરદેવો અને ગણધર ભગવંતો જેવા પરમ પવિત્ર પુરુષો આ જગતમાં બીજા કયા મળવાના? જેમ હીરાની ખાણમાંથી હીરા જ નીકળે છે અને આંબાના

આડે કેરીઓ જ પાકે છે, તેમ પરમ પવિત્ર એવા તીર્થંકર-દેવના મુખકમલમાંથી પવિત્ર વાક્યો જ નીકળે છે. તેઓ ભૂલે-ચૂકે પણ અપવિત્ર વાક્યનો ઉચ્ચાર કરતા નથી, કારણ કે તેમના અંતરમાંથી અપવિત્રતા સદાને માટે ચાલી ગયેલી છે. આપણા મુખમાંથી અપવિત્ર શબ્દો નીકળે છે, કારણ કે આપણા અંતરમાં કામ-ક્રોધાદિ અનેક પ્રકારના દોષોનું સામ્રાજ્ય વ્યાપેલું છે.

તીર્થંકરદેવોના મુખમાંથી નીકળેલા પવિત્ર શબ્દોના આધારે જે સૂત્રરચના થાય, તે પણ પવિત્ર હોય કે નહિ? ગણધર ભગવંતો મહાજ્ઞાની અને નિઃસ્પૃહ મહાત્મા હોવાથી તેઓ આ સૂત્રરચનામાં કોઈ પણ પ્રકારની સ્ખલના કરે નહિ, એ નિશ્ચિત છે. તીર્થંકરદેવે કહેલા કોઈ પણ અર્થનું -ભાવનું પરિવર્તન ન થઈ જાય, તેની તેઓ ખૂબ કાળજી રાખે છે. જિનાગમો ખૂબ પવિત્ર ગણાયાં, તેનું ખરું કારણ તો એ છે કે તેમાં તીર્થંકર પરમાત્માનો મૂલ ઉપદેશ સંઘરાયેલો છે.

અહીં એ પણ જણાવી દઈએ કે તીર્થંકરદેવે વિશ્વ-મૈત્રી સિદ્ધ કરી હતી, એટલે તેનાં નિર્મલ ઝરણાં આ આગમોમાં ઠેર ઠેર વહ્યાં છે અને તેઓ પવિત્રતાના પરમ હિમાયતી હતા, એટલે તેમાં પાપપ્રવૃત્તિનો જોરદાર નિષેધ અનેક સ્થળે કરાયેલો છે. વળી સર્વ મનુષ્યો વેર-ઝેર ભૂલીને પ્રશસ્ત-પવિત્ર જીવન જીવે, એ એમની આંતરિક ભાવના હતી, એટલે તે મતલબનો ઉપદેશ તેમાં ભર્યો

પડયો છે. આવાં જિનાગમોને જો આપણે પવિત્ર—અતિપવિત્ર ન માનીએ તો આપણી બુદ્ધિને લંછન લાગે અને આપણે મૂર્ખોની જમાતમાં જ બિરાજવું પડે.

જિનાગમો પવિત્ર એટલે આવશ્યકસૂત્ર પવિત્ર, કારણ કે તે એમાંનું એક છે. અને આવશ્યકસૂત્ર પવિત્ર એટલે લોગસ્સસૂત્ર પવિત્ર, કારણ કે તે એનો એક ભાગ છે. આ એટલું તર્કસંગત વિધાન છે કે તેનો સ્વીકાર કર્યા વિના ચાલે જ નહિ. છતાં અહીં કોઈ એમ કહેતું હોય કે 'પવિત્ર પિતાનો પુત્ર પવિત્ર જ હોય એવું સદા બનતું નથી.' તો એ બે જુદા વ્યક્તિત્વની વાત છે. અહીં તો સોનાની પાટનો એક ટૂકડો સોનું જ હોય, એ ન્યાય ગ્રહણ કરવાનો છે.

કેટલાક કહે છે કે 'અહીં પવિત્ર—અપવિત્રની વિચારણા જ શા માટે? સૂત્રો તો બધાં જ પવિત્ર હોય છે.' પરંતુ તેમની આ સમજણ—આ માન્યતા ભૂલભરેલી છે. આ જગતમાં અનેક શાસ્ત્રો—સૂત્રો રચાયાં છે, તે બધાં જ પ્રશસ્ત કે પવિત્ર નથી. તેમાંનાં કેટલાંક પ્રશસ્ત અને પવિત્ર છે, તો કેટલાંક અપ્રશસ્ત અને અપવિત્ર પણ છે. જે હિંસાનો ઉપદેશ આપે, આડેધડ મોજમજાહ કરી લેવાનું જણાવે કે મદ્ય—માંસ—મત્સ્ય—મુદ્રા—મૈથુનસેવનને કર્તવ્ય ગણાવે, તેને તમે શું પ્રશસ્ત અને પવિત્ર ગણશો? જેમણે આવાં શાસ્ત્રો—સૂત્રોને પવિત્ર માની તેનો આદર કર્યો, તેઓ પાપ-પંકના ઊંડા ખાડામાં પટકાઈ પડયા અને આખરે બેહાલ બની મરણને શરણ થયા. પરલોકમાં પણ તેમની અવગતિ

જ થઈ હશે, એમ માનવું અનુચિત નથી. તાત્પર્ય કે સૂત્રોની પવિત્રતા-અપવિત્રતાનો વિચાર ઘણો મહત્વનો છે, તેથી જિજ્ઞાસુજનોએ તેનો આશ્રય અવશ્ય લેવો જોઈએ.

આજના તર્કવાદીઓ કહે છે કે 'અમે તો પ્રત્યક્ષ પ્રમાણને માનનારા છીએ, પરોક્ષ પ્રમાણનો સ્વીકાર કરતા નથી, માટે આ બાબતનું કોઈ પ્રત્યક્ષ પ્રમાણ હોય તો જણાવો.' અમે પ્રત્યક્ષ પ્રમાણ રજૂ કરવાની સ્થિતિમાં છીએ અને તે અહીં અવશ્ય રજૂ કરીશું, પરંતુ તે પહેલાં તેમને થોડા પ્રશ્નો પૂછી લેવા ઇચ્છીએ છીએ : 'તમે તમારા દાદાના દાદાના દાદાને જોયેલા ખરા? એ તમારા માટે પ્રત્યક્ષ ગણાય કે પરોક્ષ? આજે તો એ તમારી સામે નથી, એટલે તે પરોક્ષ જ ગણાય. શું તમે એમની હસ્તીનો સ્વીકાર કરો છો ખરા? સંભાળીને જવાબ આપશો. તમે જો એમ કહેતા હો કે 'કોણ જાણે! અમારા દાદાના દાદાના દાદા હશે કે નહિ? તેની અમને ખબર નથી!' તો આ શબ્દો સાંભળી લેવા અમે તૈયાર છીએ, પણ તે સાથે જ તમારે અમારા પ્રશ્નોનો ઉત્તર આપવો પડશે. જો તમારા દાદાના દાદાના દાદીની હસ્તી જ ન હતી, તો તમે આ જગત પર શી રીતે આવ્યા? શું તમે અંતરીક્ષમાંથી ઉતરી આવ્યા છો કે માતાના પેટે જન્મ પામ્યા છો? જો માતાના પેટે જન્મ પામ્યા હો તો પિતાનો સ્વીકાર કરવો પડશે અને પિતાનો સ્વીકાર કરશો, એટલે તેમના પિતાનો પણ સ્વીકાર કરવો પડશે. એ રીતે આ વાત તમારા દાદાના

દાદાના દાદા સુધી પહોંચશે. ખ્યાલમાં આવ્યું ને ? અહીં તમે શાણા થઈને એમ કહેતા હો કે 'અમારા દાદાના દાદાના દાદાની હસ્તી તો હતી જ.' તો તમે પરોક્ષ પ્રમાણનો સ્વીકાર કર્યો ગણાશે અને 'અમે પરોક્ષ પ્રમાણને માનતા નથી.' એવું તમારું વિધાન અસત્ય ઠરશે.

પ્રિય તર્કવાદી ! જો તમારે જ્ઞાન–વિજ્ઞાન સંપાદન કરવું હોય અને તત્ત્વસાગરના તળિયે પહોંચવું હોય, તો પ્રત્યક્ષ અને પરોક્ષ બંને પ્રમાણોનો સ્વીકાર કરવો જ પડશે. જો તમે એકલા પ્રત્યક્ષને વળગી રહેશો તો મૂર્ખ બનવાનો વખત આવશે અને એ તમને પરવડશે નહિ, કારણ કે તમે આ જગતમાં એક ડાહ્યા–સમજુ–સુજ્ઞ તરીકે તમારું જીવન પસાર કરવા માગો છો.

લોગસ્સસૂત્રનો પાઠ કરતાં, તેમજ તેના પર ચિંતન –મનન કરતાં પવિત્ર ભાવોની પરંપરા જાગે છે, એ લોગસ્સ સૂત્રની પવિત્રતાનું પ્રત્યક્ષ પ્રમાણ છે. અમે તથા બીજા અનેકે આ વસ્તુનો અનુભવ કર્યો છે અને કોઈ પણ પાઠક એનો અનુભવ કરી શકે છે.

તાત્પર્ય કે લોગસ્સસૂત્રની પ્રાચીનતા અને પવિત્રતા અનેક પ્રમાણોથી સિદ્ધ છે.

[ ૪ ]

## લોગસ્સસૂત્ર જિનભક્તિનું દ્યોતક છે.

લોગસ્સ સૂત્ર પ્રાચીન છે, પવિત્ર છે, તેમ જિનભક્તિનું દ્યોતક પણ છે. તેની આ વિશેષતાએ તેને ઘણી પ્રસિદ્ધિ આપી છે, તેને ઘણું માનભર્યું સ્થાન પ્રાપ્ત કરાવ્યું છે. સામાયિકમાં લોગસ્સ આવે, પ્રતિક્રમણમાં લોગસ્સ આવે, દેવવંદનમાં લોગસ્સ આવે, સાધુધર્મની અનેક ક્રિયાઓમાં પણ લોગસ્સ આવે અને ઉપધાન જેવી મંગલમય તપશ્ચર્યામાં પણ લોગસ્સ આવે. જો તમને લોગસ્સસૂત્ર આવડતું ન હોય તો તમે આમાંની કોઇ પણ ક્રિયા યથાર્થપણે કરી શકો નહિ.

અહીં કોઈ એમ કહેતું હોય કે 'બીજા સૂત્ર બોલે એ સાંભળીને પણ ક્રિયા કરી શકાય છે, તો સૂત્રપાઠ મોઢે કરવાની માથાકૂટ શા માટે કરવી ?' તો આ કથન સમજ્યા વિનાનું છે. જો બીજા પર આધાર રાખીને સૂત્ર શીખવાનું માંડી વાળીએ તો છેવટે પરિણામ એવું આવે કે સૂત્ર બોલી

શકનારને ધોળા દિવસે દીવો લઈને શોધવા જવું પડે. આજે કેટલાક ભાગમાં આવી સ્થિતિ પ્રવર્તે જ છે, તેના મૂળમાં આવા કે આ પ્રકારના વિચારો જ કારણભૂત છે. સૂત્રનો પાઠ માત્ર સાંભળી જઈને ક્રિયા કરવા માટે જ નથી, તેનું સ્મરણ–ચિંતન–મનન પણ કરવાનું છે અને તેમાંથી જ્ઞાનનો પ્રકાશ મેળવવાનો છે, તે સૂત્રપાઠ ન આવડતો હોય તો શી રીતે મળે ? તાત્પર્ય કે લોગસ્સસૂત્રનો પાઠ અવશ્ય શીખી લેવો જોઈએ, કંઠસ્થ કરી લેવો જોઇએ.

લોગસ્સનો પાઠ ભણો, એટલે ચોવીશ જિનોને વંદના થાય, ચોવીશ જિનોની સ્તુતિ–સ્તવના થાય, ચોવીશ જિનો પ્રત્યે શ્રદ્ધા–ભક્તિ–બહુમાનની લાગણી જાગે અને તેમના શરણે જવાનું મન થાય કે જે ભક્તિનો એક ઉત્કૃષ્ટ પ્રકાર છે.

નવી રોશની પામેલા એક બંધુ અહીં પ્રશ્ન કરે છે કે 'કોઇના પણ શરણે શા માટે જવું ? આપણે તો ખુમારીથી જ જીવવું અને જીવન પૂરું કરવું.' અમે તે બંધુને કહેવા ઇચ્છીએ છીએ કે, શરણે જવાની ક્રિયા દરેક વખતે ખોટી કે ખરાબ હોતી નથી. વ્યવહારની મર્યાદા ઓળંગીને કોઈનું શરણ સ્વીકારવું–કોઇના આશ્રિત બનવું, એને આપણે ખોટું કે ખરાબ કામ કહી શકીએ, પણ જેઓ સંયોગ પારખીને ભાવિ હિત માટે સબળનું શરણ સ્વીકારે છે, તેને હરગીઝ ખોટું કે ખરાબ કામ ગણાય નહિ. રાજનીતિએ અમુક સંયોગોમાં શરણાગતિને ઉપયોગી ગણી છે

અને ધર્મનીતિએ પણ અમુક સંયોગોમાં શરણાગતિને આવકારી છે.

બીજા વિશ્વયુદ્ધ વખતે જર્મન સેનાપતિએ ફ્રેન્ચ સેનાપતિને કહેણુ મોકલ્યું કે 'અમે નજીક આવી પહોંચ્યા છીએ, તમે અમારે શરણે થાઓ, નહિ તો પેરીસ શહેરનો નાશ કરી નાખીશું'. સ્થિતિ ગંભીર હતી, ઉત્તર બહુ સમજીને આપવાનો હતો. પેરિસ જગતનું સહુથી સુંદર શહેર, અનેક કલાકૃતિઓથી ભરપૂર, તેનો જો નાશ થાય, તો સેંકડો વર્ષ સુધી બીજું પેરિસ ઊભું થઈ શકે નહિ. અને યુદ્ધનું પાસું તો ક્યારે કેમ પલટો લે, તે શું કહેવાય? ફ્રેન્ચ સેનાપતિએ બીજા જનરલોની સાથે મસલત કરી શરણાગતિ સ્વીકારી લીધી. પેરિસ બચી ગયું. ત્યારબાદ મિત્રરાજ્યોએ યુક્તિઓ-પ્રયુક્તિઓ અજમાવીને જર્મનીને હરાવ્યું અને ફ્રાન્સ ફરી સ્વતંત્ર બન્યું. તાત્પર્ય કે આ સંયોગોમાં ફ્રેન્ચ સેનાપતિએ શરણાગતિ સ્વીકારી લીધી, એમાં દેખીતી નામોશી ભલે હોય, પણ તે ખરેખર ડહાપણભરેલું પગલું હતું. આવી ઘટનાઓ ઇતિહાસમાં અનેક નોંધાયેલી છે.

ધર્મશાસ્ત્રો તો એમ કહે છે કે આપણે ચારે બાજુ ભયથી ઘેરાયેલા છીએ. એક બાજુ વૃદ્ધાવસ્થા અને મૃત્યુનો ભય ડોળા ઘૂરકાવી રહ્યો છે; બીજી બાજુ આધિ-વ્યાધિ-ઉપાધિઓ ભયંકર ભરડો લઈ રહી છે; ત્રીજી બાજુ આસમાની-સુલતાનીના ઓળા ઉતરી આપણને ચિંતાના ચાકડે ચડાવી રહ્યા છે; અને ચોથી બાજુ પણ ભયરહિત નથી.

ત્યાં વિષય અને કષાયો ધમસાણ મચાવી અશાંતિ ઊભી કરી રહ્યા છે અને આપણને બૂરી રીતે સતાવી રહ્યા છે. તેમાંથી બચવું હોય તો આપણે ચારની શરણાગતિ સ્વીકારવી જોઈએ. એક અરિહંતદેવની, બીજી સિદ્ધ પરમાત્માની, ત્રીજી સાધુ ભગવંતોની અને ચોથી કેવલી મહાપુરુષોએ કહેલા ધર્મની. આ ચારની શરણાગતિ સ્વીકારવાથી આપણે સંસારના સર્વ ભયોથી મુક્ત બની, સાચું સ્વાતંત્ર્ય—સાચી આઝાદી ભોગવી શકીએ.

અહીં એ પણ જણાવી દેવા દો કે આપણે ખુમારીથી જીવી શકીએ તો સારું છે, પણ સંયોગો આપણી એ ખુમારીને ટકવા દે તેમ નથી. જ્યાં શરીર, યૌવન, ધન, સંપત્તિ, અધિકાર વગેરે વિદ્યુત્ના ચમકારા જેવા ક્ષણિક હોય, ત્યાં ખુમારી ટકે શી રીતે ? જે લોકો મૂછ પર લીંબુ ઠેરવતા હતા અને દુનિયાને નચાવતા હતા, તે પણ એક દિવસ બાપડા–બિચારા બની ગયા ! એટલે ખુમારીની વાત છોડી, આપણે આપણું કર્તવ્ય વિચારીએ અને એ રીતે જીવનની સફલતા તરફ પ્રયાણ કરીએ, એ જ હિતાવહ છે.

જૈન તરીકે આપણું મુખ્ય કર્તવ્ય જિનભક્તિ છે. જેના હૃદયમાં જિન પ્રત્યે–જિન ભગવંત પ્રત્યે ભક્તિ નથી, તે જૈન શાનો ? જે જિનને માને–પૂજે, તે જૈન કહેવાય. આ તેનો વ્યુત્પન્ન અર્થ છે અને તેમાંથી આપણને આપણા કર્તવ્યનું સૂચન મળી જાય છે.

કુમળું ઝાડ વાળીએ તેમ વળે. જો નાનપણથી જિન-

ભક્તિ તરફ વળ્યા નહિ તો વાત વણસવાની. પછી જિન-ભક્તિનો રંગ ચડવો મુશ્કેલ ! આ વસ્તુ જાણવા છતાં ઘણા માતાપિતાઓ પોતાનાં બાળકોને જિનભક્તિના સંસ્કાર આપતા નથી, એ કેટલું શોચનીય છે? બાળક બોલતું થાય, ત્યારથી જ તેને જિન, અરિહંત, મંદિર, પૂજા વગેરે શબ્દો શીખવવા જોઈએ અને પોતાની સાથે જિનમંદિરે લઈ જવા જોઈએ. વળી ગુરુદર્શનનો યોગ હોય, ત્યાં પણ તેમને સાથે રાખવા જોઈએ. 'એ શું સમજે ?' એમ કહીને તેમની ઉપેક્ષા કરવી નહિ. બાળપણમાં મન પર પડેલો સંસ્કાર આગળ જતાં ઉગી નીકળે છે, એ એક હકીકત છે, તેથી આ અવસ્થામાં તેને જિનભકિતના સંસ્કાર અવશ્ય આપવા જોઈએ.

આગળ જતાં વ્યાવહારિક વિદ્યાભ્યાસની શરૂઆત થાય, ત્યારે તેને પાઠશાળામાં મોકલી ધાર્મિક શિક્ષણ અપાવવું જોઈએ અને એ રીતે તેના જિનભકિતના સંસ્કારોને નવપલ્લવિત કરવા જોઈએ. સત્સંગ, સદ્ગ્રંથોનું વાંચન, ગુરુમુખેથી અપાતા ઉપદેશનું શ્રવણ, ધાર્મિક ઉત્સવ–મહોત્સવો, તીર્થયાત્રા એ બધાયે આપણા અંતરમાં જિનભકિતની જ્યોત જવલંત રાખનારાં સાધનો છે, એટલે તેનો લાભ લેવા ચૂકવું ન જોઈએ.

જિનભકિત આપણું કર્તવ્ય છે, તે અંગે થોડાં વચનો સાંભળી લો. તે મહાપુરુષોએ ઉચ્ચારેલાં છે.

**देवपूजा गुरूपास्ति, स्वाध्यायः संयमस्तपः ।**
**दानञ्चेति गृहस्थानां, षट् कार्याणि दिने दिने ॥**

'દેવપૂજા અર્થાત્ જિનેશ્વર ભગવંતની પૂજા-ભક્તિ, ગુરુની ઉપાસના, શાસ્ત્રનો સ્વાધ્યાય, સંયમનું પાલન, યથાશક્તિ તપ અને દાન, એ છ ગૃહસ્થનાં દૈનિક કર્મો-કર્તવ્યો છે.'

ગૃહસ્થનાં છ કર્તવ્યોમાં દેવપૂજા એટલે જિનભક્તિને પહેલી મૂકી છે, એ ધ્યાનમાં રાખવું.

**जिनपूजनं विवेक :, सत्यं शौचं सुपात्रदानं च ।**
**महिमक्रीडागार :, श्रृंगार : श्रावकत्वस्य ॥**

'જિનેશ્વર ભગવંતનું પૂજન, કર્તવ્યાકર્તવ્યનો વિવેક, સત્ય વચન, શૌચ એટલે બાહ્ય-અભ્યંતર પવિત્રતા તથા સુપાત્રને દાન એ મહિમાને ક્રીડા કરવાના આગાર જેવો શ્રાવકપણાનો શ્રૃંગાર છે.'

અહીં પણ જિનભક્તિનો પ્રથમ નિર્દેશ છે.

**वरपूजया जिनानां, धर्मश्रवणेन सुगुरुसेवनया ।**
**शासन–भासन–योगैः, सृजन्ति सफलं निजं जन्म ॥**

'જિનેશ્વરોની શ્રેષ્ઠ પૂજા વડે, ધર્મશ્રવણ વડે, સદ્ગુરુની સેવા કરવા વડે અને શાસનની પ્રભાવના થાય, તેવાં કાર્યો કરવા વડે મનુષ્યો પોતાના જન્મને સફલ કરે છે.' તાત્પર્ય કે મનુષ્યને પોતાનું જીવન સફલ કરવું હોય તો જિનપૂજા-જિનભક્તિનું આલંબન અવશ્ય લેવું જોઈએ.

**पूजामाचरतां जगत्त्रयपतेः, सङ्घार्चनंकुर्वताम् ,**
**तीर्थानामभिवन्दनं विदधतां, जैनं वचः श्रृण्वताम् ।**
**सद्दानं ददतां तपश्च चरतां, सत्त्वानुकम्पाकृतां,**
**येषां यान्ति दिनानि जन्म सफलं, तेषां सुपुण्यात्मनाम् ॥**

'જે પુણ્યશાળી પુરુષોના દિવસો ત્રિજગત્પતિ એવા જિનેશ્વરોની પૂજા કરવામાં, સંઘનું અર્ચન કરવામાં, તીર્થોની યાત્રા કરવામાં, જિનાગમો સાંભળવામાં, સુપાત્ર દાન દેવામાં, તપશ્ચર્યા કરવામાં અને પ્રાણીઓ પ્રત્યે અનુકંપા આચરવામાં જાય છે, તેમનો જન્મ સફલ છે.'

અહીં કોઈ એમ કહેતું હોય કે, આ બધાં વચનો તો છેલ્લાં પાંચસો વર્ષમાં ઉચ્ચારાયેલાં હોય, એમ લાગે છે. તે અંગે કોઈ પ્રાચીન મહર્ષિના શબ્દો સંભળાવો.' તો તેની ખોટ નથી. આવશ્યકટીકામાં કહ્યું છે કે—

**भत्तीइ जिणवराणं, परमाए खीण-पिज्ज-दोसाणं।**
**आरुग्ग-बोहिलाभं, समाहिमरणं च पावेंति॥**

'રાગ અને દ્વેષનો ક્ષય કરનાર જિનેશ્વરોની પરમ ભક્તિ કરવાથી મનુષ્યો આરોગ્ય, બોધિલાભ અને સમાધિ-મરણ પામે છે.'

આ વસ્તુ લોગસ્સસૂત્રના અર્થવિવેચન પ્રસંગે વિસ્તારથી આવવાની છે, એટલે તે અંગે અહીં કંઈ પણ વધારે નહિ કહીએ.

વિશેષમાં પ્રાચીન મહર્ષિઓએ એમ પણ કહ્યું છે કે 'भत्तीइ जिणवराणं, खिज्जंति पुव्वसंचिया कम्मा—શ્રીજિનેશ્વર દેવની ભક્તિ કરવાથી પૂર્વે સંચિત કરેલાં સઘળાં કર્મો નાશ પામે છે. જ્યાં સઘળાં કર્મો નાશ પામે, ત્યાં મુક્તિ કે મોક્ષનો સાક્ષાત્કાર થાય છે, એટલે આ તેનું ઉત્કૃષ્ટ ફળ સમજવાનું છે.

હવે આ બાબતમાં વધારે ચર્ચા ન કરતાં અમે પરમ પૂજ્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજની વિમલ વાણીનો પ્રસાદ પાઠકોને પ્રેમપૂર્વક વહેંચીશું અને આ ચર્ચા સમાપ્ત કરીશું.

**મુક્તિથી અધિક તુજ ભક્તિ મુજ મન વસી,**
**જેહ શું સબળ પ્રતિબંધ લાગો;**
**ચકમક પાષાણ જેમ લોહને ખેંચશે,**
**મુક્તિને સહજ તુજ ભક્તિરાગો.**

'હે પ્રભો! મારા મનમાં મુક્તિ કરતાં પણ તારી ભક્તિ ઘણી વસેલી છે. તેમાં મને દૃઢ મમત્વ ઉત્પન્ન થયું છે. જેમ ચકમકનો પાષાણ લોઢાના ટૂકડાને પોતાના ભણી ખેંચે છે, તેમ તારી ભક્તિનો દૃઢ અનુરાગ મુક્તિને મારા ભણી ખેંચશે.'

**'ધન્ય તે કાય જેણે પાય તુજ પ્રણમિયે,**
**તુજ થુણે જેહ ધન્ય ધન્ય જીહા.**
**ધન્ય તે હૃદય જેણે તુજ સદા સમરતાં,**
**ધન્ય તે રાત ને ધન્ય દીહા.**

'હે પ્રભો! તે કાયાને ધન્ય છે કે જેના વડે તારા પાયને–પગને પ્રણમાય છે. તે જિહ્વાને–જીભને અતિ ધન્ય છે કે જેના વડે તારા ગુણોની સ્તુતિ–સ્તવના થાય છે અને તે હૃદયને–અંતરને પણ ધન્ય છે કે જેના વડે તારા અપૂર્વ માહાત્મ્યનું સ્મરણ કરવામાં આવે છે. અરે! હું તો તે રાત્રિને

તથા તે દિવસને પણ ધન્ય ગણું છું કે જેમાં તારી આ પ્રમાણે ભક્તિ થાય છે.'

હવે થોડું પ્રશ્નોત્તરી રૂપે–

**પ્રશ્ન**—જિનભક્તિથી પૂર્વે સંચિત કરેલાં કર્મોનો ક્ષય થાય છે, જિનભક્તિની શક્તિ મુક્તિને આપણા તરફ ખેંચી લાવે છે, એ વિધાનો સાંભળ્યાં, પણ મોક્ષપ્રાપક મૂલ માર્ગમાં–ઉપાયોમાં જિનભક્તિનો સ્પષ્ટ ઉલ્લેખ નથી, તેનું શું? શ્રી ઉમાસ્વાતિ મહારાજે **તત્ત્વાર્થાધિગમ સૂત્રના** પ્રારંભમાં એમ કહ્યું છે કે 'सम्यगदर्शन–ज्ञान–चारित्राणि मोक्षमार्गः–સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે.'

**ઉત્તર**—મોક્ષપ્રાપક મૂલ ઉપાયોમાં જિનભક્તિનો સ્પષ્ટ નિર્દેશ ભલે ન હોય, પણ તે સમ્યગ્દર્શનનો અતિ મહત્ત્વનો ભાગ છે, તેથી સમ્યગ્દર્શન રૂપ છે અને એ રીતે તે મોક્ષપ્રાપ્તિનું કારણ છે.

**પ્રશ્ન**—સમ્યગ્દર્શનનું મુખ્ય લક્ષણ તો તત્ત્વભૂત પદાર્થોની–તત્ત્વની યથાર્થ શ્રદ્ધા છે. જેમ કે–'तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् ॥' તો પછી જિનભક્તિ સમ્યગ્દર્શનનો અતિ મહત્ત્વનો ભાગ શી રીતે?

**ઉત્તર**—જીવ–અજીવ આદિ નવ પદાર્થો તત્ત્વરૂપ ગણાય છે, તેમ દેવ, ગુરુ અને ધર્મ પણ તત્ત્વરૂપ ગણાય છે. જૈન ધર્મમાં આને ત્રણ તારક તત્ત્વો માનવામાં આવ્યાં

છે. સમ્યગ્દર્શનની વ્યાવહારિક વ્યાખ્યા પણ દેવ, ગુરુ અને ધર્મની શ્રદ્ધા છે. અહીં દેવ શબ્દથી વૈમાનિક, ભુવનપતિ જ્યોતિષી અને વ્યંતર એ ચાર પ્રકારના દેવો નહિ, પણ એ દેવોના ય દેવ એવા શ્રી અરિહંતદેવ સમજવાના છે. અને શ્રદ્ધા એ ભક્તિનું પ્રાથમિક સ્વરૂપ છે, એટલે દેવ-શ્રદ્ધાથી અરિહંતભક્તિ–જિનભક્તિ સમજવાની છે. જો જિનેશ્વરદેવ પ્રત્યે શ્રદ્ધા–ભક્તિ ન હોય તો તેમના સાધુઓ પ્રત્યે અને તેમણે પ્રરૂપેલા ધર્મ પ્રત્યે શ્રદ્ધા–ભક્તિ ક્યાંથી હોય ? તાત્પર્ય કે ગુરુશ્રદ્ધા અને ધર્મશ્રદ્ધા દેવશ્રદ્ધા પર આધારિત હોવાથી તેને સમ્યગ્દર્શનનો અતિ મહત્ત્વનો ભાગ ગણવામાં આવ્યો છે. જો જિનભક્તિ ન હોય તો સમ્યગ્દર્શનમાં મીંડું.

**પ્રશ્ન**—જિનભક્તિ અને યોગને કંઈ સંબંધ ખરો ?

**ઉત્તર**—હા, ઘણો સંબંધ. જિનભક્તિ એ યોગનું ઉત્તમ બીજ છે. તે અંગે શ્રી હરિભદ્રસૂરિએ **યોગદૃષ્ટિસમુચ્ચયમાં** કહ્યું છે કે 'जिनेषु कुशलं चित्तं, योगबीजमनुत्तमम्' જિન ભગવંતમાં ચિત્તની કુશલતા એટલે કે એકાગ્રતા–ભક્તિ એ યોગનું શ્રેષ્ઠ બીજ છે.' જો અંતરમાં આ બીજ રોપાણું ન હોય તો જીવનમાં યોગરૂપી વૃક્ષ ઉગી શકે નહિ. કહો જિનભક્તિ અને યોગને કેવો સંબંધ ?

**પ્રશ્ન**—યોગની વ્યાખ્યા શી ?

**ઉત્તર**—પ્રણિધાનથી શુદ્ધ થયેલો જે ધર્મવ્યાપાર–ધર્મક્રિયા મોક્ષમાં જોડે તે યોગ. તાત્પર્ય કે એકાગ્ર મને

કરેલી સર્વ ધાર્મિક ક્રિયાઓ યોગસ્વરૂપ છે. ધાર્મિક ક્રિયાઓમાં જિનભક્તિ અગ્રસ્થાને છે, એ ભૂલવાનું નથી.

**પ્રશ્ન**—શું આનો અર્થ એમ સમજવો કે જેના અંતરમાં જિનભક્તિ વસી ન હોય, તે યોગમાર્ગમાં આગળ વધી શકે જ નહિ !

**ઉત્તર**—એમ જ સમજવો જોઈએ. ગુરુ વિના જ્ઞાન નથી અને ગુરુ વિના ક્રિયા પણ નથી. યોગમાર્ગના પરમ ગુરુ એવા શ્રી જિનેશ્વરદેવ પ્રત્યે ભક્તિ ન હોય, તો યોગમાર્ગમાં આગળ વધાય શી રીતે ?

**પ્રશ્ન**—શું જિનેશ્વરો યોગમાર્ગના પરમગુરુ છે ?

**ઉત્તર**—હા જ તો, તેથી તો તેઓ યોગેશ્વર, યોગવિશારદ વગેરે વિશેષણો પામેલાં છે. શ્રીમાનતુંગસૂરિએ **ભક્તામર-સ્તોત્ર**ની ચોવીશમી ગાથામાં કહ્યું છે કે–

त्वामव्ययं विभुमचिन्त्यमसङ्ख्यमाद्यं,
ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकं,
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥

'હે ભગવન્ ! સંત પુરુષો તમને જુદાં જુદાં નામે સંબોધે છે, જેમકે–અવ્યય, વિભુ, અચિંત્ય, અસંખ્ય, આદિપુરુષ, બ્રહ્મ, ઈશ્વર, અનંત, કામદેવવિજેતા, **યોગીશ્વર, યોગવિશારદ**, અનેક, એક, જ્ઞાનમય, નિર્મલ વગેરે.

શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે પણ **ધ્યાનશતક**ના

મંગલાચરણમાં ભગવાન મહાવીરની યોગીશ્વર તરીકે સ્તુતિ કરી છે.

**પ્રશ્ન**—જિનેશ્વરદેવે કયા યોગની સાધના કરીને તેમાં સિદ્ધિ મેળવી હતી કે જેથી તેઓ યોગેશ્વર અને યોગવિશારદ કહેવાયા ?

**ઉત્તર**—જિનેશ્વર દેવે સામાયિકયોગની સાધના કરીને તેમાં સિદ્ધિ મેળવી હતી, એટલે તેઓ યોગીશ્વર અને યોગવિશારદ કહેવાયા છે.

**પ્રશ્ન**—અમે યોગનાં ઘણાં પુસ્તકો વાંચ્યાં, પણ તેમાં સામાયિકયોગનું નામ આવતું નથી, તેનું કેમ ?

**ઉત્તર**—યોગનાં અન્ય પુસ્તકોમાં સામાયિકયોગનું નામ ભલે ન આવતું હોય, પણ જૈન શાસ્ત્રોમાં તેનો સ્પષ્ટ ઉલ્લેખ થયેલો છે. સામાયિકયોગનું મુખ્ય લક્ષ્ય સમત્વની સિદ્ધિ છે અને અન્ય યોગવિશારદોએ પણ '**समत्वं योग उच्यते**' એ શબ્દો વડે સમત્વસિદ્ધિની ગણના યોગમાં જ કરેલી છે.

**પ્રશ્ન**—રાજયોગ આઠ અંગોવાળો ગણાય છે, તેમ સામાયિક યોગ કેટલાં અંગોવાળો ગણાય છે ?

**ઉત્તર**—સામાયિકયોગ પાંચ અંગોવાળો ગણાય છે. અધ્યાત્મ, ભાવના, ધ્યાન, સમતા અને વૃત્તિક્ષસંક્ષય, એ તેનાં પાંચ અંગો છે. તેમાં અધ્યાત્મને સિદ્ધ કરવા માટે સામાયિક, ચતુર્વિંશતિસ્તવ, વંદન, પ્રતિક્રમણ, કાયો-

ત્સર્ગ અને પ્રત્યાખ્યાન એ મુખ્ય સાધનો છે. ચતુર્વિંશતિ-સ્તવનું પ્રચલિત નામ લોગસ્સસૂત્ર છે, એ તો તમે જાણી ચૂક્યા છો. તાત્પર્ય કે જૈન પદ્ધતિના યોગમાં લોગસ્સસૂત્રની એક સાધન તરીકે ગણના છે.

**પ્રશ્ન**—આજે તો આસન અને પ્રાણાયામની જ યોગ તરીકે પ્રસિદ્ધિ છે, એનું કેમ ?

**ઉત્તર**—એ જમાનાની બલિહારી છે! ભૌતિકવાદથી ભ્રમિત થયેલા લોકોની મુખ્ય દૃષ્ટિ શરીર પર છે અને આસન તથા પ્રાણાયામ શરીરસુધારણામાં–શરીરનું સ્વાસ્થ્ય જાળવી રાખવામાં ઉપયોગી છે, તેથી વર્તમાન યોગપ્રચાર-કોએ તેનો જ યોગ તરીકે ઢોલ પીટયો છે. વાસ્તવમાં તે અષ્ટાંગયોગનાં બે બહિરંગ સાધનો છે.

**પ્રશ્ન**—જિનભક્તિની ગણના ભક્તિયોગમાં થાય કે નહિ ?

**ઉત્તર**—અવશ્ય થાય. જિનભક્તિ યોગનું બીજ ગણાયું છે, એટલે તેની ઉત્કૃષ્ટ અવસ્થા ભક્તિયોગનું સ્વરૂપ ધારણ કરે છે.

**પ્રશ્ન**—ભક્તિયોગ સારો કે જ્ઞાનયોગ સારો ?

**ઉત્તર**—ભક્તિયોગ સરલ છે, જ્ઞાનયોગ કઠિન છે, એટલે સામાન્ય મનુષ્યો માટે તો ભક્તિયોગ જ સારો.

**પ્રશ્ન**—ભક્તિયોગ અને કર્મયોગ, અને બેમાંથી એકની પસંદગી કરવી હોય, તો શેની કરવી ?

**ઉત્તર**—ભક્તિયોગ વિના કર્મયોગનાં મંડાણ જ થતાં નથી. જે ઈશ્વરમાં-દેવમાં પરમ શ્રદ્ધાન્વિત છે, તે જ ફલની આસક્તિ છોડીને વિહિત કર્મો કરી શકે છે, એટલે ભક્તિયોગની પસંદગી કરવી યોગ્ય છે. ઘણા મહાપુરુષોએ પોતાના અનુભવથી એમ કહ્યું છે કે–'મોક્ષના સર્વ સાધનોમાં ભક્તિ શ્રેષ્ઠ છે' તેથી જ આજે તેનો પ્રચાર વિશેષ છે.

પ્રશ્નોત્તરી અહીં પૂરી થાય છે, પણ તેના પરથી એટલું તત્ત્વ તારવવાનું છે કે યોગનું બીજ જિનભક્તિ છે અને જિનભક્તિનું દ્યોતન લોગસ્સસૂત્ર વડે થાય છે, એટલે તેનો મહિમા અપાર છે.

[ ૫ ]

## લોગસ્સસૂત્ર દર્શનશુદ્ધિનું સાધન છે.

લોગસ્સસૂત્ર પ્રાચીન છે, પવિત્ર છે અને જિનભક્તિનું ઘોતક છે, એ આપણે જાણી ગયા. હવે તે દર્શનશુદ્ધિનું એક સબલ સાધન છે, એ પણ જાણી લઈએ, જેથી આપણા અંતરમાં તેનો મહિમા બરાબર અંકિત થાય અને તેની આરાધના માટે ઉત્સાહ પ્રકટે. લોગસ્સસૂત્રની આ વિશેષતાઓ જોઈએ તેવા સ્વરૂપે હજી સુધી બહાર આવી નથી, એટલે જ તેની આરાધનામાં ઉદાસીનતા વર્તે છે. માત્ર શાસ્ત્રીય ઢબનાં લખાણો પરિભાષાની પ્રચુરતાને લીધે આધુનિક વર્ગને સમજાતાં નથી, એટલે તેને સુગમ શૈલિએ સરલ ભાષામાં રજૂ કરવાની જરૂર છે. અમે એ દિશામાં પહેલ કરી છે અને તેનું પરિણામ પ્રશસ્ત–સુંદર–સારું આવ્યું છે, તેથી પ્રસ્તુત ગ્રંથની રચના પણ એ જ ઢબે કરી છે.

દર્શનશુદ્ધિ એટલે સમ્યગ્દર્શનની શુદ્ધિ. જો કે

સમ્યગ્દર્શનની–સમ્યક્ત્વની પ્રાપ્તિ ઘણી દુર્લભ છે, તો પણ ભવ્યજીવોને એક કાલે તે અવશ્ય પ્રાપ્ત થાય છે અને તેમનો ભવનિસ્તાર નિશ્ચિત બને છે. ભવનિસ્તાર એટલે ભવપરંપરામાંથી છૂટવાપણું. મોક્ષનું તે અપરનામ છે. અન્ય શબ્દોમાં કહીએ તો સમ્યગ્દર્શન એ મોક્ષપ્રાપ્તિ માટેની ‘ પરમીટ ’ છે. એક વાર તે મળી ગઈ, એટલે ભવિષ્યમાં ગમે ત્યારે પણ મોક્ષની પ્રાપ્તિ થવાની. અભવ્ય જીવો કોઈ પણ કાલે મોક્ષ મેળવવાની યોગ્યતા ધરાવતા નથી, એટલે તેમને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થતી જ નથી.

સમ્યગ્દર્શનની પ્રશંસા શાસ્ત્રોમાં સ્થળે સ્થળે થયેલી છે, જેમકે—

सम्यक्त्वरत्नान्न परं हि रत्नं,
सम्यक्त्वमित्रान्न परं हि मित्रं ।
सम्यक्त्वबन्धोर्न परो हि बन्धुः,
सम्यक्त्वलाभान्न परो हि लाभः ॥

‘ સમ્યક્ત્વરત્નથી કોઈ શ્રેષ્ઠ રત્ન નથી, સમ્યક્ત્વ-મિત્રથી કોઈ શ્રેષ્ઠ મિત્ર નથી, સમ્યક્ત્વબંધુથી કોઈ શ્રેષ્ઠ બંધુ નથી અને સમ્યક્ત્વલાભથી અન્ય કોઈ લાભ નથી.’.

दानानि शीलानि तपांसि पूजा,
सत्तीर्थयात्रा प्रवरा दया च ।
सुश्रावकत्वं व्रतपालनं च,
सम्यक्त्वमूलानि महाफलानि ॥

'વિવિધ પ્રકારનાં દાનો, વિવિધ પ્રકારનાં શીલો, વિવિધ પ્રકારનાં તપો, પ્રભુપૂજા, મહાન તીર્થોની યાત્રા, ઉત્તમ દયા, સુશ્રાવકપણું અને વ્રતપાલન સમ્યક્ત્વપૂર્વક હોય તો જ મહાફલને આપનારાં થાય છે.' અન્યથા નહિ, એ અહીં અધ્યાહારથી સમજી લેવાનું છે.

विना सम्यक्त्वरत्नेन, व्रतानि निखिलान्यपि,
नश्यन्ति तत्क्षणादेव, ऋते नाथाद्यथा चमूः ।
तद्विमुक्तः क्रियायोगः, प्रायःस्वल्पफलप्रदः,
विनानुकूलवातेन, कृषिकर्म यथा भवेत् ॥

'સમ્યક્ત્વરત્ન વિના બધાં વ્રતો સેનાપતિ વિનાની સેનાની જેમ તરત નાશ પામે છે. જેમ અનુકૂલ પવન વિના ખેતી ફલદાયક થતી નથી, તેમ સમ્યક્ત્વ વિના બધી ક્રિયાઓ પ્રાયઃ અલ્પ ફલ આપનારી થાય છે.'

अतुलगुणनिधानं, सर्वकल्याणबीजं,
जननजलधिपोतं, भव्यसत्त्वैकचिह्नम् ।
दुरिततरुकुठारं, पुण्यतीर्थं प्रधानं,
पिबत जितविपक्षं, दर्शनाख्यं सुधाम्बु ॥

'હે લોકો! તમે 'દર્શન' નામના અમૃતજલને પીઓ, કારણકે તે અતુલ ગુણોનું નિધાન છે, સર્વ કલ્યાણનું બીજ છે, સંસારસાગરને તરી જવાનું વહાણ છે, ભવ્ય જીવોનું એક લક્ષણ છે, પાપરૂપી વૃક્ષને છેદવાનો

કૂહાડો છે, પવિત્ર એવું તીર્થ છે, સર્વ રીતે શ્રેષ્ઠ છે અને મિથ્યાત્વને જિતનારું છે.'

આ વસ્તુની વિશેષ પ્રતીતિ અંગારમર્દકસૂરિના પ્રબંધથી થઈ શકશે.

## અંગારમર્દકસૂરિનો પ્રબંધ

ક્ષિતિપ્રતિષ્ઠિત નામે એક મોટું નગર હતું, તેમાં શ્રી વિજયસેનસૂરિ નામે જૈનાચાર્ય હતા. તેમના એક શિષ્યને રાત્રિના પાછલા ભાગે સ્વપ્ન આવ્યું કે પાંચસો સુંદર હાથી હારબંધ ચાલ્યા આવે છે અને તેમનો નાયક એક ભૂંડ છે. પ્રાતઃકાલ થતાં નિત્યકર્મથી પરવારીને તેણે આ સ્વપ્ન ગુરુને કહ્યું અને તેનો અર્થ પૂછ્યો, એટલે ગુરુએ સર્વ શિષ્યો સાંભળે એ રીતે કહ્યું કે 'આજે અહીં પાંચસો સુવિહિત સાધુઓ સાથે એક અભવ્ય આચાર્ય આવશે.'

હવે તે જ દિવસે પાંચસો સાધુઓથી પરિવરેલા રુદ્ર નામના એક આચાર્ય આવ્યા, પરંતુ તેઓ શ્રુતના પારગામી હતા અને પ્રભાવશાળી દેશના વડે લોકોના મનનું અજબ આકર્ષણ કરનારા હતા, તેથી શિષ્યોને શંકા ઉત્પન્ન થઈ કે 'આ સાધુઓ સુવિહિત છે અને આચાર્ય અભવ્ય છે, તેનું પ્રમાણ શું ?'

શ્રી વિજયસેનસૂરિએ પોતાના શિષ્યોની આ શંકાનું નિવારણ કરવાનો નિર્ણય કર્યો અને તે માટે રુદ્રાચાર્ય તથા તેમના શિષ્યોને રાતે લઘુનીતિ ( પેશાબ ) કરવાના સ્થાન પર ગુપ્ત રીતે અંગાર એટલે નાના નાના કોયલા પથરાવી દીધા.

હવે પાછલી રાતે રુદ્રાચાર્યના શિષ્યો લઘુનીતિ કરવા ઉઠ્યા, ત્યારે પગ નીચે કોયલા દબાવાથી ચૂં ચૂં અવાજ થયો. તે સાંભળીને તેમને લાગ્યું કે 'નક્કી કોઈ ત્રસજીવો અમારા પગ નીચે ચંપાયા.' એટલે એ સાધુઓ અત્યંત પશ્ચાત્તાપ કરવા લાગ્યા અને લાગેલા પાપનું પ્રતિક્રમણ કરવા લાગ્યા. આથી સૂરિજીના શિષ્યોને ખાતરી થઈ કે આ સાધુઓ સુવિહિત છે.

થોડીવાર પછી રુદ્રાચાર્ય પોતે લઘુનીતિ કરવા ઉઠ્યા, ત્યારે તેમના પગ નીચે કોયલા દબાવાથી–અંગારાનું મર્દન થવાથી ચૂં ચૂં અવાજ થવા લાગ્યો અને તેમને લાગ્યું કે 'કોઈ ત્રસ જીવો મારા પગ નીચે ચંપાય છે.' પરંતુ એ દુષ્કૃત્યનો પશ્ચાત્તાપ કરવાને બદલે તેઓ વધારે જોરથી પગ મૂકીને બોલ્યા કે 'આ કોઈ અરિહંતના જીવો પોકાર કરતા લાગે છે!' અર્થાત્ આ જીવો મારા પગ નીચે ચંપાવાની રાહ જોઈને બેઠા છે કે જેથી તેમની સદ્ગતિ થાય અને આગામી ભવે અરિહંતનું પદ પામે. આ શબ્દો કાનોકાન સાંભળતાં સૂરિજીના શિષ્યોને ખાતરી થઈ કે 'આ રુદ્રાચાર્ય જરૂર કોઈ અભવ્ય આત્મા છે, અન્યથા તેમનું વર્તન આ પ્રકારનું હોય નહિ. જેને અરિહંતદેવમાં શ્રદ્ધા નથી, તેમના પ્રવચનમાં શ્રદ્ધા નથી અને તેમાં પ્રરૂપાયેલા અહિંસા, સંયમ તથા તપની મંગલમયતામાં પણ શ્રદ્ધા નથી, તે સમ્યક્ત્વથી વિભૂષિત કેમ હોઈ શકે?' તાત્પર્ય કે સમ્યક્ત્વ વિના કોઈ પણ પ્રકારની ધાર્મિક ક્રિયાઓ વિશેષ

ફલ આપી શકતી નથી. તે થોડું ફલ આપે, પણ તેનાથી આપણો ઉદ્ધાર થાય નહિ.

સમ્યગ્દર્શનની–દર્શનની પ્રાપ્તિ થયા પછી તે મલિન ન થાય, તેને અતિચાર ન લાગે, તે ખાસ જોવાનું છે. પાંચ બાબતો દર્શનના અતિચારરૂપ ગણાઈ છે, તે તો તમે જાણતા હશો. તે માટે **વંદિત્તુસૂત્રની** છઠ્ઠી ગાથા યાદ કરોઃ

**संका कंखा विगिच्छा, पसंस तह संथवो कुलिंगीसु ।**
**सम्मत्तस्सइआरे, पडिक्कमे देसियं सव्वं ॥**

'શંકા, કાંક્ષા, વિચિકિત્સા, કુલિંગીપ્રશંસા અને કુલિંગીસંસ્તવ એ પાંચ સમ્યક્ત્વના અતિચારો છે. દિવસ દરમિયાન તેમાંના જે જે અતિચારો લાગ્યા હોય, તે સર્વેનું હું પ્રતિક્રમણ કરું છું.'

શંકા એટલે જિન ભગવંતોએ પ્રરૂપેલા દ્રવ્ય–ગુણના વિષયમાં શંકા–સંશય. કાંક્ષા એટલે અન્ય મતની ઇચ્છા. વિચિકિત્સા એટલે ધર્મકરણીના ફલ અંગે મનમાં ભાંજગડ. જૈન શાસ્ત્રોમાં મિથ્યાત્વીઓ માટે કુલિંગી શબ્દ વપરાયો છે. તેમની પ્રશંસા, તે કુલિંગીપ્રશંસા અને તેમનો સંસર્ગ–વધારે પડતો પરિચય, તે કુલિંગીસંસ્તવ.

એક વાર સમ્યક્ત્વની પ્રાપ્તિ કર્યા પછી જો જિનેશ્વર ભગવંતોએ પ્રરૂપેલા ષડ્દ્રવ્ય અને તેના ગુણો અંગે શંકા–કુશંકા કરવામાં આવે તો સમ્યક્ત્વ મલિન થાય છે, અર્થાત્ તેને ડાઘ લાગે છે, તેની નિર્મલતા ઓછી થાય છે.

પ્રશ્ન—ષડ્દ્રવ્ય અને તેના ગુણોનું સ્વરૂપ બરાબર ન સમજાય તો ?

ઉત્તર—તો ગુરુભગવંતો કે જ્ઞાની પુરુષોને પૂછીને તે જાણી શકાય છે. પણ તે અંગે શંકા–કુશંકા કરવી નહિ. મંછા ભૂત અને શંકા ડાકણ એ તમે જાણો છો ને ? એકવાર શંકા મનમાં પેઠી કે તે મનને ડહોળી નાખે છે અને અંતરમાં ઉત્પાત મચાવે છે.

પ્રશ્ન—અહીં ષડ્દ્રવ્ય અને તેના ગુણોનો જ નિર્દેશ કેમ કર્યો છે ? શું તે સિવાયની બીજી બાબતોમાં શંકા કરવાની છૂટ છે ?

ઉત્તર—ષડ્દ્રવ્ય અને તેના ગુણો એ પાયાની વસ્તુ છે. જો તેમાં શંકા પડે તો બધું જ્ઞાન ડહોળાઇ જાય અને તેના આધારે ખડી થયેલી અધ્યાત્મની આખીયે ઇમારત તૂટી પડે, તેથી અહીં તેનો ખાસ નિર્દેશ કર્યો છે. બાકી તો 'जं जिणेहिं पव्वेइयं तं सच्चं तं निस्संकं–જે જિનોએ પ્રરૂપેલું છે, તે સત્ય છે, નિઃશંક છે., એમ માનીને જ સમ્યક્ત્વધારીએ ચાલવાનું છે. તાત્પર્ય કે બીજી બાબતોમાં પણ શંકા કરવાની છૂટ નથી.

જો સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી કોઈ પણ કારણે એવો વિચાર આવે કે 'જિનમત કરતાં અન્યમત ઠીક છે, તેનો સ્વીકાર કર્યો હોત તો સારું હતું.' તો પણ સમ્યક્ત્વ મલિન થાય છે, કારણ કે આ તો બીજા પાટે ગાડી ચડાવી દેવાની વાત છે. એક વાર સમજી–વિચારીને નિર્ણય કર્યો

કે જિનમત શ્રેષ્ઠ છે, તે આત્મકલ્યાણનું પરમ સાધન છે, પછી તેને વળગી રહેવું જોઈએ. આમ કરવાને બદલે તેમાં કોઈ કારણસર ડગમગ્યા કે શ્રદ્ધાનાં કાંગરાં તૂટવા માંડે છે અને આખરે શ્રદ્ધાનો સમસ્ત કિલ્લો ભોંયભેગો થઈ જાય છે. આજે પક્ષપલટાની જે હવા ફેલાઇ છે, તેનાથી કેટલો ભ્રષ્ટાચાર વ્યાપ્યો છે અને દેશને કેટલું નુકશાન થઈ રહ્યું છે, તે આપણે નજરે નિહાળ્યું છે. ધર્મશ્રદ્ધાનું પરિવર્તન પણ આ જ રીતે ખતરનાક પરિણામો લાવે છે.

જો સમ્યક્ત્વ ગ્રહણ કર્યા પછી એવા વિચારો કરવામાં આવે કે 'આ બધી ધર્મકરણીઓનું ફલ મળશે કે નહિ? આજે તો 'ધર્મીના ઘરે ધાડ અને અધર્મીને લીલા લહેર' એવી સ્થિતિ જોવામાં આવે છે.' તો પણ સમ્યક્ત્વ મલિન થાય છે, કારણ કે તેમાં શ્રી જિનેશ્વરદેવોએ પ્રરૂપેલા કર્મના કાયદા અંગે સંદેહ રહેલો છે. સમ્યક્ત્વધારીએ તો એમ જ વિચારવું ઘટે કે 'સારાનું ફલ સારું અને બૂરાનું ફલ બૂરું મળે છે. તેમાં કોઈ કાળે કશો ફેરફાર થતો નથી. શું આંબા પર લીંબોળીઓ પાકે છે કે લીમડા પર કેરી પાકે છે? અથવા તો ગુલાબના છોડ પર ધતૂરો થાય છે કે ધતૂરાના છોડ પર ગુલાબ થાય છે? ખરેખર! કુદરતનો કાનુન-કાયદો કદી બદલાતો નથી. આજે ધર્મીના ઘરે ધાડ ભલે દેખાતી હોય, તે એના પૂર્વકર્મનું ફલ છે, પરંતુ આખરે તો તે તરવાનો જ. ધર્મકરણીનું શુભ ફલ મળ્યા વિના રહે જ નહિ. અને આજે પાપીઓ ભલે લીલાલહેર

કરતા હોય, તે એમણે પૂર્વે કરેલાં પુણ્યનો ભોગવટો છે, પણ તેઓ આખરે પડવાના, તેમનો છેવટ નાશ થવાનો. અધર્મનું–પાપનું અશુભ ફલ મળ્યા વિના રહેતું જ નથી.

બિહારના એક શહેરની આ વાત છે. તેમાં એક ઈજનેર ન્યાય–નીતિથી પોતાની આજીવિકા ચલાવતો હતો. તેની પાસે ધનનો વિશેષ સંચય થયો ન હતો, પણ અંતરથી સંતોષી હતો, એટલે તે સુખપૂર્વક પોતાના દિવસો નિર્ગમન કરતો હતો. તેને ચાર પુત્રો થયા. તે બધાને ભણાવી–ગણાવી મોટા કર્યા અને યોગ્ય કન્યાઓ શોધી વિવાહિત કર્યા. આ પુત્રોને એમ લાગ્યું કે જો આ દુનિયામાં આપણે સારી રીતે જીવવું હોય તો આલીશાન ફ્લેટ જોઈએ, મોટર જોઈએ, નોકર–ચાકર જોઈએ, સારું રાચરચીલું જોઈએ વગેરે વગેરે. તે કંઈ મામુલી આવકમાં મળે નહિ, એટલે આવકમાં વધારો–ધરખમ વધારો કરવો જોઈએ અને તેઓ યેન કેન પ્રકારેણ એટલે સારા–ખોટા બધા માર્ગોએ ધન મેળવવા લાગ્યા. પરંતુ તેમના પિતાને આ વાત ગમી નહિ. તેમણે પુત્રોને ખોટો રસ્તો છોડી દઈ સાચા રસ્તે ધન કમાવાનો આગ્રહ કર્યો, પણ તે કારગત થયો નહિ. ઉલટું તેઓ કહેવા લાગ્યા કે 'તમે સાચનું પૂંછડું પકડી રાખ્યું તો શું કમાયા? અમે તો ખૂબ કમાઈએ છીએ અને સમાજમાં અમારી ઈજ્જત પણ છે.'

પિતાએ કહ્યું: 'જો તમારે આ રીતે જ વર્તવું હોય તો હું જુદો રહીશ. હું અન્યાય–અનીતિનું અન્ન મારા

પેટમાં નાખવા ઇચ્છતો નથી.’ અને તે શહેરથી લગભગ દશ માઇલ દૂર એક સાદું મકાન ખરીદી ત્યાં રહેવા લાગ્યો અને પોતાની ઇજનેરી–વિદ્યાથી જોઇતું ધન કમાવા લાગ્યો.

માથેથી અંકુશ દૂર થતાં પુત્રોએ વધારે અન્યાય–અનીતિ આચરીને ઘણું ધન ભેગું કર્યું અને તેઓ આલિશાન ફ્લેટના માલીક બન્યા. તેમને ઘરની મોટરો થઇ ગઇ અને અનેક નોકર–ચાકર તેમની સેવા કરવા લાગ્યા. તેમના મનમાં એવી ખુમારી આવી ગઇ કે ‘ અમે કેવા હોશિયાર કે આ બધું થોડા વખતમાં જ મેળવી શકયા.’

પિતા અવારનવાર નગરમાં આવતા અને પુત્રોએ આચરેલા અન્યાયની વાતો સાંભળીને દુઃખી થતા. હવે પુત્રો સમજાવ્યા સમજે એવા રહ્યા ન હતા. વાઘ એક વાર માણસનું–આદમીનું લોહી ચાખે છે કે તે આદમખોર બની જાય છે! તેમના પિતાને વિચાર આવતો કે બીજું તો ઠીક, પણ ઈશ્વર આ બધું કેમ સાંખી રહે છે? તેના ઘરે ન્યાય છે કે નહિ?

થોડાં વર્ષો આ પ્રમાણે ચાલ્યા પછી એક રાત્રિએ આ શહેરમાં ભયંકર ભૂકંપ થયો અને મકાનો ગંજીપાનાં પાનાંની જેમ કડડભૂસ થયાં. જોતજોતામાં હજારો માણસોનો સંહાર થઈ ગયો. પેલા ચાર પુત્રો અને તેમનો સમસ્ત પરિવાર આ હોનારતનો કરુણ ભોગ બન્યા. તેમાંની કોઈ વ્યક્તિ જીવંત રહી નહિ. તેમના બધા ફ્લેટો ભંગારના રૂપમાં ફેરવાઈ ગયા.

પોતાના શહેરમાં ભયંકર ભૂકંપ થયેલો જાણીને પેલો ઇજનેર બીજા દિવસે શહેરમાં આવ્યો. ત્યાં પોતાના બધા પુત્રો અને તેમનો પરિવાર તથા તેમની મિલકતનો નાશ થયેલો જોઈને દિલગીર–દુઃખી થવાને બદલે તરત જ બોલી ઉઠ્યો: 'દેર હૈ, મગર અંધેર નહિ હૈ.' તાત્પર્ય કે કુકર્મીઓને તેમના કુકર્મોનું ફલ મળતાં કેટલોક વખત જાય છે, પણ ઈશ્વરના ઘરે એવું અંધારું નથી કે તેઓ તેની સજામાંથી છટકી જાય.

'વાવે તેવું લણે' 'ખાડો ખોદે તે પડે.' 'કુહાડાના ડાંડિયા કપાલમાં વાગે' વગેરે લોકોક્તિઓમાં 'સારાનું ફલ સારું અને બૂરાનું ફલ બૂરું' એ સિદ્ધાંતનો જ રણકાર રહેલો છે.

કુલિંગીઓનો–મિથ્યાત્વીઓનો દોરદમામ, ભપકો કે વિશાલ પ્રચાર જોઈને તેની પ્રશંસા કરવા લાગી જવાથી પણ સમ્યક્ત્વ મલિન થાય છે. અહીં કદાચ એમ કહેવામાં આવશે કે 'સારા કામને તો સારું જ કહેવું જોઈએ ને!' પણ તેમની પ્રશંસા કરતાં તેમના તરફ છૂપું આકર્ષણ જાગે છે ને તે તરફ ઘસડાઈ જવાનો પ્રસંગ આવે છે, માટે જ આ લાલબત્તી છે. આજે તો આપણે જેમને મિથ્યાત્વી–કુલિંગી ગણીએ છીએ, તેમના મેળાવડાઓ વગેરેમાં જવું પડે છે અને શિષ્ટાચારની ખાતર બે શબ્દો બોલવા પણ પડે છે, પણ ત્યાં માખણ ન લગાડતાં એવી ભાષાનો પ્રયોગ કરવો જોઈએ કે જેથી લાઠી ભાંગે નહિ અને સાપ મરે નહિ.

એક પાઠકમિત્ર કહે છે કે 'આજે તો સર્વધર્મ સમભાવનો જમાનો છે, માટે આપણો ધર્મ-આપણો સંપ્રદાય સારો અને બીજો ધર્મ કે બીજો સંપ્રદાય ખોટો, એમ માનવું યોગ્ય નથી.' પણ ઉપરથી સુંદર દેખાતું આ વિધાન ખરેખર તો કિંપાકવૃક્ષનાં ફલતુલ્ય છે. કિંપાક વૃક્ષનાં ફલ દેખાવમાં સુંદર હોય છે અને સુગંધવાળાં પણ હોય છે, પરંતુ તેનું ભક્ષણ કરતાં શીઘ્ર મૃત્યુ નિપજે છે.

આપણે વ્યવહારમાં ગોળ ને ખોળ સરખા ગણતા નથી, કંચન અને કથીરને સમાન લેખતા નથી, તેમ હીરા અને કાચનું સરખું મૂલ્ય ગણતા નથી. ખાનપાન, વસ્ત્ર-આભૂષણ, મકાન, ખેતર, વાડીવજીફા, ઢોરઢાંખર દરેકમાં સારા અને ખોટાનો વિવેક કરીએ છીએ, તો ધર્મની બાબતમાં સારા-ખોટાનો વિવેક શા માટે ન કરવો? અમૃત અને ઝેરનાં પારખાં નહિ કરનારના હાથમાં ઝેર આવી જવાનો ઘણો સંભવ છે. તેના ભક્ષણનું શું પરિણામ આવે, તે કહેવાની જરૂર નથી.

સર્વધર્મસમભાવનો અર્થ તો એટલો જ કરવો ઘટે છે કે સહુને પોતાનો ધર્મ પ્યારો-સારો લાગે છે, માટે આપણે તેના પર આક્ષેપો કરવા નહિ અને ઝઘડો વહોરવો નહિ. આ રીતે વર્તતાં સુલેહ-સંપ જળવાઈ રહે છે, તેથી મોટા ભાગે આજના રાજદ્વારી પુરુષો દ્વારા તેની હિમાયત થાય છે. તાત્પર્ય કે આ એક પ્રકારની નીતિ છે, સિદ્ધાંત નથી. સિદ્ધાંત તો પોકારીને કહે છે કે સારા-ખોટાની પરીક્ષા

કરવી જ જોઈએ અને તેમાં જે સારું કે સાચું લાગે તેનો સ્વીકાર કરવો જોઈએ, તથા જે ખોટું કે અસત્ય લાગે તેનો ત્યાગ કરવો જોઈએ. જેને સારા–ખોટાનો વિવેક કરતાં આવડતો નથી, તે વ્યાવહારિક, ધાર્મિક કે આધ્યાત્મિક પ્રગતિ સાધી શકતો નથી.

જ્યાં કુલિંગીઓની પ્રસંશા કરવાથી સમ્યક્ત્વને નુકશાન થતું હોય, ત્યાં તેના સંસર્ગ–સહવાસ–પરિચય–અતિ પરિચયથી સમ્યક્ત્વને ભારે નુકશાન થાય, એમાં નવાઈ શી ? કુલિંગીઓના–મિથ્યાત્વીઓના વિશેષ પરિચયથી અનેકનાં સમ્યક્ત્વ છૂટી ગયાં છે અને તેમની આચાર-સંહિતાઓ તૂટી પડી છે.

'સંગ તેવો રંગ' એ તો આપણા રોજિંદા અનુભવની વાત છે; તેથી જ આપણે આપણાં બાળકોને કુસંગથી બચાવીએ છીએ. તો પછી ધર્મની બાબતમાં એમ કેમ ન કરીએ ?

રાજગૃહીનો નંદન મણિયાર એક વાર ભગવાન મહાવીરનો શ્રાવક હતો અને આત્મશુદ્ધિને ધર્મ માની વ્રત–નિયમ પાળતો હતો. પણ તેને નિર્ગ્રંથ શ્રમણોનો સંપર્ક રહ્યો નહિ, જ્યારે બૌદ્ધ શ્રમણોનો સંપર્ક–સહવાસ વધારે થવા લાગ્યો અને લોકસેવા એ જ ધર્મ છે, એમ માનીને તે વર્તવા લાગ્યો. એમ કરતાં નગર બહાર એક સુંદર ચતુર્મુખી વાવ બનાવી અને ત્યાં લોકોની સેવા થાય એવી સર્વ ગોઠવણો કરવામાં આવી. લોકો તેની ભારે પ્રશંસા

કરવા લાગ્યા. એ સાંભળી તે ખુશ થવા લાગ્યો અને પછી તો તે તેમાં જ રચ્યોપચ્યો રહ્યો. એમ કરતાં મૃત્યુસમય નજીક આવ્યો, ત્યારે પણ એને વાવના જ વિચારો આવ્યા કર્યા, તેનો મોહ છૂટી શક્યો નહિ, એટલે તે મરીને એ જ વાવમાં દેડકો થયો. કુલિંગીસસ્તવનું પરિણામ શું આવ્યું, તે જુઓ.

અનુક્રમે ભગવાન મહાવીર રાજગૃહી નગરીની બહાર સમવસર્યા. લોકો તેમનાં દર્શને જવા લાગ્યા. મહારાજા શ્રેણિક પણ સવારી કાઢી દર્શને ચાલ્યા. ત્યાં એ દેડકાએ લોકોના મુખેથી મહાવીર—મહાવીર એવા શબ્દો સાંભળતાં જાતિસ્મરણજ્ઞાન થયું, પોતાના પૂર્વભવ જોયો અને ભગવાન મહાવીર તો એક વાર મારા ધર્મદાતા ગુરુ હતા, તેનો ખ્યાલ આવ્યો. તેમનું સમ્યક્ત્વ છૂટી જતાં પોતાના આ હાલ થયા છે, એ પણ જાણી લીધું. એટલે ઘણો પ્રયત્ન કરી વાવની બહાર નીકળ્યો અને કૂદીકૂદીને ભગવાનના સમવસરણ તરફ જવા લાગ્યો. એવામાં મહારાજા શ્રેણિકની સેનાના એક ઘોડાના પગ નીચે આવી ગયો અને તેનાં આંતરડાં બહાર નીકળી પડ્યાં. તે ધીરેથી બાજુએ ગયો અને ચિંતવવા લાગ્યો કે 'પ્રભો! તમારાં દર્શનની ઘણી ઇચ્છા છતાં હવે ત્યાં આવી શકું એમ નથી. તમને હું અહીંથી જ ત્રણ વાર નમસ્કાર કરું છું.' આવી શુભ લેશ્યાએ મરણ પામતાં તે દેવલોકમાં દર્દુરાંક નામના દેવ તરીકે ઉત્પન્ન થયો.

તાત્પર્ય કે દર્શનશુદ્ધિ–સમ્યક્ત્વની શુદ્ધિ માટે પાંચ અતિચારોથી બચવાની જરૂર છે. તે માટે લોગસ્સસૂત્રનું સ્મરણ–ચિંતન–મનન સબલ સાધન છે.

અહીં એ પણ જણાવી દઈએ કે શ્રી ઉત્તરાધ્યયન-સૂત્રના ઓગણત્રીશમા અધ્યયનમાં આ વસ્તુ સ્પષ્ટ શબ્દોમાં કહેવામાં આવી છે. ત્યાં એવો પ્રશ્ન કરાયો છે કે 'चउ-वीसत्थएणं भंते ! जीवे किं जणयइ ? હે ભગવંત ! ચતુર્વિંશતિસ્તવથી એટલે કે તેનું સ્મરણ–ચિંતન મનન કરવાથી જીવ કયો લાભ પ્રાપ્ત કરે ?' તેના ઉત્તરમાં કહેવાયું છે કે 'चउवीसत्थएणं दंसणविसोहिं जणयइ–ચતુર્વિંશતિ-સ્તવનું સ્મરણ–ચિંતન–મનન કરવાથી જીવ દર્શનવિશુદ્ધિનો લાભ પ્રાપ્ત કરે.'

આગમકારના આ શબ્દો સાંભળ્યા પછી આપણે તે સંબંધી વિશેષ વિચારવાનું રહે છે ખરું ?

[ ૬ ]

## લોગસ્સસૂત્ર અધ્યાત્મની આધારશિલા છે.

લોગસ્સસૂત્ર જેમ જિનભક્તિનું દ્યોતક છે, જેમ દર્શન-શુદ્ધિનું સાધન છે, તેમ અધ્યાત્મની આધારશિલા પણ છે. અમારું આ વિધાન સાંભળીને કદાચ કોઈનાં નેત્રો વિસ્ફારિત થશે અને આંખોનાં ભવાં ઊંચા ચડશે, પણ અમે આ વિધાન ઘણા વિચાર પછી જવાબદારીના સંપૂર્ણ ભાન સાથે કરી રહ્યા છીએ. ખરી વાત તો એ છે કે આપણે લોગસ્સ-સૂત્ર અંગે જુદી જુદી દૃષ્ટિએ વિચારણા કરી નથી અને તેનો જે પ્રકારે અનુભવ લેવો જોઈએ, તે પ્રકારે લીધો નથી, એટલે જ આવાં વિધાનો આશ્ચર્યકારી લાગે છે. પરંતુ ધીરતા–ગંભીરતા કેળવીને તટસ્થ ભાવે વિચારણા કરીએ તો બધી વસ્તુ બરાબર સમજાય એવી છે.

મુક્તિ, મોક્ષ, નિર્વાણ કે પરમપદ અંગે જૈન ધર્મમાં જુદી જુદી દૃષ્ટિએ વિચારણા કરવામાં આવી છે. તેમાંની એક વિચારણા એવી છે કે મુમુક્ષુએ સહુ પ્રથમ અધ્યાત્મના રંગે રંગાવું જોઈએ. જે અધ્યાત્મના રંગે પૂરો

રંગાય છે, તે જ અનિત્યાદિ બાર ભાવનાઓને યથાર્થ રીતે ભાવી શકે છે અને પોતાના ચિત્તના મલ અને વિક્ષેપ દોષને સારી રીતે ઘટાડી શકે છે. જ્યાં ચિત્તના મલ અને વિક્ષેપ ઘટ્યા કે ધ્યાન ધરવાની ક્ષમતા આવે છે, એટલે તેણે ધ્યાનનો અભ્યાસ કરવો જોઈએ. આ ધ્યાનાભ્યાસને પરિણામે તે રાગ અને દ્વેષથી પર થઈ શકે છે, અર્થાત્ સમત્વની સિદ્ધિ કરી શકે છે અને જ્યાં સમત્વની સિદ્ધિ થઈ કે વૃત્તિનો સંક્ષય થવા લાગે છે, એટલે કે આત્માની શક્તિઓને આવરી રહેલી સકલ કર્મજંજાળ તૂટી જાય છે અને આત્મા તેના શુદ્ધ સ્વરૂપમાં પ્રકાશવા લાગે છે. આ જ મુક્તિ, મોક્ષ, નિર્વાણ કે પરમપદની સ્થિતિ છે. તાત્પર્ય કે જેને પરમપદની પ્રાપ્તિ કરવી છે, તેણે સહુ પ્રથમ અધ્યાત્મના રંગે રંગાવું જોઈએ.

પરંતુ આ વાત ધારવા જેટલી સહેલી નથી, કારણ કે આપણને ભૌતિકવાદનો કાળો રંગ ચડી ચૂક્યો છે અને તે દૂર થાય, તો જ અધ્યાત્મનો ગુલાબી રંગ ચઢી શકે એમ છે. આપણને ખાન-પાનના વિચારો આવે છે, વ્યવહાર અને વ્યાપારના વિચારો આવે છે, આનંદ-પ્રમોદ અને એશ-આરામના વિચારો આવે છે, પણ આત્માના વિચારો આવતા નથી, પછી તેના વિકાસને લગતી પ્રવૃત્તિની વાત તો રહી જ ક્યાં ?

આપણે ડાહી માના દીકરા ગણાઈએ છીએ, પણ ખરું ડહાપણ ખોઈ બેઠા છીએ. જે વસ્તુનો સરવાળો શૂન્ય

છે, તેને પકડી બેઠા છીએ અને જે વસ્તુનું પરિણામ સુંદર છે, શ્રેયસ્કર છે, તેનો તો વિચાર સરખો યે કરતા નથી. 'શરીર એ ધર્મનું સાધન છે' એ વાત આપણે ભૂલી ગયા છીએ અને 'શરીર એ ભોગવિલાસનું સાધન છે' એ વાત આપણા મન પર જોરશોરથી સવાર થઈ ગઈ છે, તેથી જ નિત્ય નવા ભોગોનું ચિંતન કરીએ છીએ અને તેને લગતી સામગ્રી મેળવવામાં વ્યસ્ત રહીએ છીએ. પરંતુ ભોગની તૃપ્તિ કદી થતી જ નથી. તે જેમ જેમ ભોગવાતા જાય છે, તેમ તેમ તેની તૃષ્ણા વધતી જાય છે અને છેવટે તે માઝા મૂકે છે. પરિણામે અસંતોષ અને અશાંતિનો ઉગ્ર અગ્નિ ભભૂકી ઉઠે છે અને તેમાં મનુષ્ય સ્વાહા થઈ જાય છે. માનવજીવનનો આ કેવો કરુણ અંજામ! તે અંગે આપણા તારણહાર ભગવાન મહાવીરનાં વચનો સાંભળો :—

सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा।
कामे य पत्थेमाणा, अकामा जन्ति दोग्गइं॥

'કામભોગ શલ્યરૂપ છે, કામભોગ વિષરૂપ છે અને કામભોગ ભયંકર સર્પ જેવા છે. જેઓ કામભોગની ઇચ્છા કર્યા કરે છે, તે એને પ્રાપ્ત કર્યા વિના જ દુર્ગતિમાં જાય છે.'

खणमेत्तसोक्खा बहुकालदुक्खा,
पगामदुक्खा अणिगामसोक्खा।
संसारमोक्खस्स विपक्खभूया,
खाणी अणत्थाण उ कामभोगा॥

'કામભોગો ક્ષણમાત્ર સુખ આપનારા છે અને ઘણા સમય સુધી દુઃખ દેનારા છે. કામભોગોની સામગ્રી મેળવવામાં ઘણું કષ્ટ ઉઠાવવું પડે છે, જ્યારે સુખ તો નામ માત્રનું મળે છે. વળી સંસારમાંથી છૂટવા માટેના જે ઉપાયો છે, તેના એ પ્રતિપક્ષી છે—પાકા વિરોધી છે અને અનર્થની ખાણ છે.'

**जहा किंपागफलाण, परिणामो न सुंदरो ।**
**एवं भुत्ताण भोगाणं, परिणामो न सुंदरो ॥**

'જેમ કિંપાક ફળો ભોગવવાનું પરિણામ સુંદર આવતું નથી, તેમ ભોગવેલા ભોગોનું પરિણામ સુંદર આવતું નથી.'

થોડાં વર્ષો પહેલાં અમને એક અમેરિકન પ્રવાસીનો ભેટો થયો હતો, તેને અમે આ દેશમાં આવવાનું પ્રયોજન પૂછ્યું. ત્યારે તેણે કહ્યું કે 'અમારે ત્યાં ભોગવિલાસની સામગ્રી ઘણી છે, પણ અમને તેમાં આનંદ આવતો નથી, તેથી અમારા ચિત્તને શાંતિ પ્રાપ્ત થતી નથી. અમે સાંભળ્યું છે કે ભારતવર્ષમાં એવા સાધુ—સંતો—ઋષિ—મુનિઓ છે કે જે થોડા પ્રયત્ને આનંદ અને શાંતિનો અનુભવ કરાવી શકે છે, એટલે તેમની શોધમાં હું આવ્યો છું.' આ વસ્તુ શું બતાવે છે? સુખ—શાંતિ—આનંદ આપનારી જે વસ્તુઓ આપણે ત્યાં મોજુદ છે, તેની આપણને કદર નથી અને તે માટે ભળતી જ વસ્તુઓની શોધમાં ભમ્યા કરીએ છીએ.

આજે આપણા જીવનની ગાડી કોઈપણ ધ્યેય વિના ચાલે છે, તે ક્યાં પહોંચવાની ? વિચારશીલ મનુષ્યે તો જીવનનું ધ્યેય નક્કી કરવું જોઈએ અને તેને લગતી પ્રવૃત્તિઓ જ આદરવી જોઈએ. અન્યથા જીવન કોઈ પણ પ્રકારની સિદ્ધિ વિના હાયવોયમાં જ પૂરું થઈ જવાનું અને બંદા હાથ ઘસતા રહી જવાના !

જો આપણે સાધુ–સંતોનો સમાગમ કરીએ, તેમની વ્યાખ્યાન–વાણી સાંભળીએ, જ્ઞાની પુરુષોનો સંગ કરીએ અને ધાર્મિક–આધ્યાત્મિક સાહિત્ય વાંચીએ તો આપણને જીવનનું ધ્યેય જરૂર સમજાય અને આપણી ગાડી પાટે ચડે, પણ આપણે આમાંનું શું કરીએ છીએ ? સાધુ–સંતોનાં દર્શને જવાનો સમય નથી, તેમની વ્યાખ્યાન–વાણી સાંભળવાની ફુરસદ નથી, જ્ઞાની પુરુષો ગમાર ભાસે છે અને ધાર્મિક–આધ્યાત્મિક સાહિત્યને હાથ અડાડવાનું મન થતું નથી ! કદાચ કંઈ વાંચવાનું મન થાય તો છીછરું સાહિત્ય હાથમાં આવે છે, તે ઘડીક હસાવે છે કે મનને વિષયવાસનાથી ભરી દે છે ! એટલે તેમાં લાભને બદલે નુકશાન જ થાય છે. જ્યાં સુધી આ પરિસ્થિતિ સુધરે નહિ, ત્યાં સુધી આપણો ધાર્મિક–આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવેશ થવાનો નહિ, એ નિશ્ચિત છે. અને જ્યાં સુધી આપણો ધાર્મિક–આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રવેશ નહિ થાય, ત્યાં સુધી આપણે પ્રશસ્ત–પવિત્ર–ઉત્તમ જીવન જીવી શકીશું નહિ, એ પણ નિશ્ચિત છે. તો કરવું છે શું ? એનો નિશ્ચય કરી લો.

કેટલાક કહે છે કે 'હાલ તો જીવાય એમ જીવવા દો, બીજો નિશ્ચય પછી કરીશું.' આનો અર્થ તો એ થયો કે આપણે જીવનની ચાલુ ઘરેડ છોડવી નથી અને નવો રાહ અપનાવવો નથી. ઉપમાથી કહીએ તો ઘાણીના બેલ જેવી આ સ્થિતિ છે અને તે છેવટે ખતરનાક નીવડવાની છે, એટલે તેને સુધારવી જ રહી. કાલના ડંકા બજી રહ્યા છે, તેની સવારી ક્યારે આવી પહોંચશે, તે જાણી શકાતું નથી, એટલે કાલનું કામ આજે અને આજનું કામ અબઘડી કરી લેવું, એ જ ડહાપણભરેલો માર્ગ છે.

કેટલાક કહે છે કે 'અમને સાધુ–સંતોનાં વ્યાખ્યાનો સાંભળવાં ગમે છે અને તેમાં જે ધાર્મિક–આધ્યાત્મિક વિચારો રજૂ થાય છે, તે પસંદ પણ પડે છે, પરંતુ તે સાંભળીને ઘરે આવીએ છીએ કે એ બધું ભૂલાઈ જાય છે અને ચાલુ ઘરેડમાં અટવાઈ પડીએ છીએ, તો અમારે શું કરવું ?' તેનો ઉત્તર એ છે કે સાધુ–મુનિરાજના વ્યાખ્યાનમાં જે કંઈ સાંભળ્યું હોય, તેના પર ચિંતન–મનન કરવાની ટેવ પાડવી જોઈએ અને તેમાંનું થોડું થોડું જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવો જોઈએ. જેમ ટીપે ટીપે સરોવર ભરાય છે અને કાંકરે કાંકરે પાળ બંધાય છે, તેમ નાના નાના વ્રત–નિયમો ગ્રહણ કરતાં ધર્મનો સંચય થાય છે અને તેમાંથી ધાર્મિક–આધ્યાત્મિક વલણ ઘડાય છે. તેમાં એક વસ્તુ ખાસ ધ્યાનમાં રાખવાની છે કે જે વ્રત–નિયમ ગ્રહણ કર્યાં હોય, તે કોઈ પણ સંયોગોમાં તોડવા નહિ:

જો આટલી દૃઢતા કેળવાય તો ધીરે ધીરે જરૂર આગળ વધી શકાય છે અને ધાર્મિક–આધ્યાત્મિક ક્ષેત્રમાં ધારેલી પ્રગતિ સાધી શકાય છે. વંકચૂલકુમારની વાત તો તમે સાંભળી હશે. તેણે ગ્રહણ કરેલા ચાર નિયમો સાવ સાદા જણાતા હતા, પણ તેણે એની કસોટી કરી, તે એમાં પાર ઉતર્યો અને આખરે જીવનની બાજી જીતી ગયો.

'આત્મા છે,' 'તે નિત્ય છે,' 'તે કર્મોનો કર્તા છે,' 'તે કર્મફલનો ભોક્તા છે,' 'તે પુરુષાર્થબલે સર્વ કર્મમાંથી છૂટી શકે છે અર્થાત્ મોક્ષ પામી શકે છે' અને 'એ મોક્ષપ્રાપ્તિનો ઉપાય સુધર્મ છે.' આ છ સિદ્ધાંતો બરાબર સમજી લેવાથી અને તેના પર વારંવાર ચિંતન–મનન કરવાથી અધ્યાત્મનો રંગ લાગે છે અને તે આત્મ-શુદ્ધિકારક સુવિહિત ક્રિયાઓના આધારે ટકી રહે છે. તેમાં લોગસ્સસૂત્રના નિત્ય–નિયમિત પાઠનું, તેમ જ તેના ચિંતન–મનનનું મહત્ત્વ વિશેષ છે, તેથી તેને અધ્યાત્મની આધારશિલા માનવી જોઈએ.

સૂત્ર શબ્દમય છે અને શબ્દોની અસર માનવ, પશુ, પક્ષી, સાપ તથા વનસ્પતિ ઉપર પણ અવશ્ય થાય છે, એ વસ્તુ અનેકવિધ પ્રયોગોથી સિદ્ધ થઈ ચૂકી છે. એક મનુષ્યને તમે સારા શબ્દોથી બોલાવો તો પ્રસન્ન થાય છે અને ગાળો દેવા માંડો તો રોષે ભરાય છે. આ બંને પ્રકારની અસરો શબ્દને આભારી છે કે નહિ? બાળકો હાલરડું સાંભળતાં ઊંઘી જાય છે, વરરાજા તથા જાનૈયાઓ

લગ્નનાં ગીતો સાંભળી પોરસ અનુભવે છે અને સૈનિકો ભાટ–ચારણનાં મુખેથી ગવાતાં સિંધૂડા આદિથી શૂરાતનમાં આવી જાય છે. આ જ રીતે સાધુ–મહાત્માના શબ્દો સાંભળી આપણું હૃદય પ્રભાવિત બને છે અને જે વસ્તુ આપણને અશક્ય લાગતી હોય છે તે શક્ય બની જાય છે, એક મનુષ્યને દારૂ પીવાની બુરી લત લાગી હતી, તે કેમે ય કરી છૂટતી ન હતી. ઘણા માણસોએ તેને સમજાવ્યો, અનેક પ્રકારની દલીલો કરી, પણ બધું વ્યર્થ ગયું. પરંતુ તે એક સંતના સમાગમમાં આવ્યો અને તે સંતપુરુષે તેને એટલું જ કહ્યું કે 'દારુ પીવાનું તને શોભે ખરૂં ? તે આજથી છોડી દે.' અને તેણે તરત જ દારૂ પીવાનું છોડી દીધું. તાત્પર્ય કે શબ્દોની અસર માનવહૃદય પર સારી રીતે પડે છે.

પશુઓ પર પણ શબ્દની અસર પડે છે. ગાય, ભેંસ, બળદ વગેરેને તેના માલીકો સારા શબ્દે બોલાવે છે, ત્યારે તેઓ ખુશ થાય છે અને વિવિધ ચેષ્ટાઓ દ્વારા પોતાનો એ ભાવ પ્રદર્શિત કરે છે. તે જ રીતે માલીક તેને ઠપકો આપે કે તેના પર ક્રોધ કરે, ત્યારે તેઓ નારાજગી અનુભવે છે, દુઃખી થાય છે અને કેટલીક વાર કંપવા પણ લાગે છે. તમે ખેડૂતોને તેમના બળદો સાથે વાતો કરતા સાંભળ્યા હશે. તે વખતે તેઓ અવનવા ભાવો અનુભવતા હોય છે. હાથી, ઘોડા અને કૂતરા પણ પોતાના માલીકના શબ્દો અનુસાર લાગણીનું સંવેદન અનુભવતા હોય છે. હરણ

પર તો શબ્દની અસર ખૂબ જ થાય છે. જ્યાં તે પાવાનો મધુર સ્વર–શબ્દ સાંભળે ત્યાં જ સ્થિર થઈ જાય છે અને તે સાંભળવામાં લીન બની જાય છે. પછી તેને આસપાસની પરિસ્થિતિનું ભાન રહેતું નથી. પારધિ લોકો તેના આ સ્વભાવનો લાભ લે છે.

મેના, પોપટ, રાજહંસ વગેરે પક્ષીઓને અમુક રીતે બોલાતા શબ્દોની અસર થાય છે. એક સ્વામીજી પક્ષીઓના ખૂબ પ્રેમી હતા. તેઓ અમુક અવાજ કરતા કે આસપાસથી બધા પક્ષીઓ તેમની સામે આવી જતા અને કિલ્લોલ કરવા લાગતા. પછી તેઓ એમને દાણા નાખતા, એટલે તેઓ ગેલ–ગમ્મત કરતાં એને ચપોચપ ચણી જતાં. તે પછી સ્વામીજીએ કરી રાખેલી વ્યવસ્થા અનુસાર તેઓ પાણી પીતાં અને પાછા તેમની સામે આવી જતાં. સ્વામીજી તેમને પ્રેમપૂર્વક થોડું સંબોધન કરતા અને ‘ કાલે પાછા સમયસર આવજો ’ એ શબ્દોપૂર્વક વિદાય દેતા. જો પક્ષીઓ પર શબ્દની અસર ન થતી હોય, તો આ બધું શી રીતે બને ?

સાપ પર મોરલીના શબ્દની અસર થાય છે, તેમ મનુષ્યોના શબ્દોની અસર પણ થાય છે. ભગવાન મહાવીરે ‘ બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિય !’ એટલા શબ્દો કહ્યા અને તેની અસર તેના પર બહુ ભારે થઈ.

વનસ્પતિ પર શબ્દની અસર થાય છે, એ બાબતમાં શ્રી જગદીશચંદ્ર બસુએ ઘણા પ્રયોગો કરેલા છે અને થોડા

સમય પહેલાં લોનાવલામાં રહેતા એક સ્વામીજીએ વનસ્પતિના અમુક છોડોને રોજ નમસ્કારમંત્ર સંભળાવતાં તે અન્ય છોડો કરતા વધારે પુષ્ટ અને સુંદર બન્યા હતા. તાત્પર્ય કે શબ્દની અસર બધા જીવંત પ્રાણીઓ પર થાય છે.

આ સંયોગોમાં અમુક સૂત્ર કે સ્તોત્રનો નિત્ય-નિયમિત પાઠ કરતાં અમુક પ્રકારની અસર થાય, એ સ્વાભાવિક છે. તેને લગતા પ્રયોગો ભૂતકાળમાં સફલતાપૂર્વક થયા છે અને આજે પણ થઈ રહ્યા છે. મયૂર કવિએ સુંદર શબ્દોમાં સૂર્યનારાયણની સ્તુતિ કરી પોતાનો કોઢ મટાડ્યો હતો, બાણ કવિએ ચંડિકાની સારગર્ભિત શબ્દોમાં સ્તુતિ કરીને પોતાના કપાયેલા હાથ–પગ પાછા મેળવ્યા હતા, તો શ્રી માનતુંગસૂરિએ શ્રી ઋષભદેવ ભગવાનની ૪૪ ગાથામય ભક્તામરસ્તોત્રની રચના કરીને ૪૪ સાંકળ તથા તાળાનાં બંધનો તોડી નાંખ્યાં હતાં.

આજથી ત્રણસો–સાડાત્રણસો વર્ષ પહેલા થયેલાં શ્રી ભાસ્કરાચાર્ય મકખી કે જેમણે લલિતાસહસ્રનામ પર વિદ્વત્તાપૂર્ણ મંત્રમય ટીકા લખી છે, તેમણે વારાણસીના પંડિતો સાથે તંત્રસંબંધી વાદ કરતાં જે જે દેવીનું સ્વરૂપ પૂછાયું, તે તેમણે શ્લોકમાં રજૂ કર્યું હતું અને તેના પોતાના ખભા પર દર્શન કરાવ્યાં હતાં.

આજથી પચાશ વર્ષ પહેલાં બંગાળનો એક વિદ્યાર્થી કે જે પેરીસમાં રહીને અભ્યાસ કરતો હતો, તેણે દત્તાત્રય-

સ્તોત્રનો પાઠ કરતાં પડદા પર ગુરુ દત્તાત્રયનું ચિત્ર દેખાયું હતું. તે જ રીતે સંગીતમય શબ્દોથી પુષ્પરચના થવી, અમુક પ્રકારનાં દૃશ્યો ખડા થવાં વગેરે પ્રયોગો પણ સફલતાને પામેલા છે. બેંગલોરના શશિકાંત જૈન કે જે પ્રસિદ્ધ જ્યોતિષી છે, તેઓ શ્રી પદ્માવતીસ્તોત્રનો પાઠ કરતાં પુષ્પોનું અદૃશ્ય થવું, ફરી દેખાવું, ગોળ ગોળ ફરવું વગેરે ચમત્કારો થાય છે, જે અમે નજરે નિહાળેલા છે. ખ્રિસ્તી પાદરીઓ બાઈબલનો અમુક પાઠ બોલીને લોકોના રોગો મટાડતા જોવામાં આવ્યા છે. એટલે લોગસ્સસૂત્રનો નિત્ય–નિયમિત પાઠ અદ્ભુત પરિણામ લાવે, એ સર્વથા શક્ય છે. તેમાં સંશયને કોઈ સ્થાન નથી.

લોગસ્સસૂત્રનો નિત્ય–નિયમિત પાઠ કરતાં નાસ્તિકતાનો નાશ થાય છે, મિથ્યાત્વ પોતાનું મ્હોં છૂપાવવા લાગે છે અને વિષય તથા કષાયનું જોર ઘટી જાય છે. પરિણામે અધ્યાત્મને અવકાશ મળે છે અને તેનો ગુલાબી રંગ અંતરમાં છંટકાવા લાગે છે.

તીર્થંકર–જિન–અર્હંતના જેવું મંગલમય અને કલ્યાણકારી નામ બીજું કોનું છે? આ નામનો વારંવાર ઉચ્ચાર થાય અને તેમને ભક્તિભાવે વંદન કરવામાં આવે, એટલે મનોગત મલિનભાવો દૂર થાય છે અને પવિત્રતાનો પ્રકાશ ઝળહળવા લાગે છે. વિઘ્નો, સંકટો, આપત્તિઓ, મુશ્કેલીઓ કે મુંઝવણની મગદૂર નથી કે તેઓ આ સાત્ત્વિક સ્તુતિ–સ્તવન–કીર્તન સામે જરા પણ ટકી શકે. જેમ સૂર્યનો

ઉદય થતાં અંધારું ભાગવા માંડે છે, તેમ જિનભગવંતની સ્તુતિ–સ્તવન–કીર્તન થતાં સર્વ વિઘ્નો, સંકટો, આપત્તિઓ, મુશ્કેલીઓ કે મુંઝવણો ભાગવા માંડે છે અને સુખનો સૂર્ય ચમકવા લાગે છે. વળી આ અર્હંતોના ગુણાનુવાદથી આપણા અંતરમાં અધ્યાત્મની પૂર્ણ પ્રતિષ્ઠા થાય છે અને આપણે ધાર્મિક–આધ્યાત્મિક ક્ષેત્રમાં ધારી પ્રગતિ કરી શકીએ છીએ.

પાઠક મિત્રો ! આ સંયોગોમાં તમે લોગસ્સસૂત્રને અધ્યાત્મની આધારશિલા માનશો કે નહિ ?

[ ૭ ]

# લોગસ્સસૂત્રનો અક્ષરદેહ

પૂર્વ પ્રકરણોમાં જેની પ્રભાવશાળી પ્રશસ્તિ કરવામાં આવી છે, તે 'चउवीसत्थयसुत्त' કે લોગસ્સસૂત્રનો અક્ષર-દેહ આ પ્રમાણે જાણવો :

## લોગસ્સસૂત્ર

### મૂલપાઠ

### વિષયનિર્દેશ

लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे।
अरिहंते कित्तइस्सं, चउवीसं पि केवली ॥ १ ॥

### ભાવવંદના

उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च।
पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥ २ ॥

सुविहिं च पुप्फदंतं, सीअल सिज्जंस वासुपुज्जं च।
विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ॥ ३ ॥

कुंथु अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।
वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥ ४ ॥

### પ્રણિધાન-ગાથાત્રિક

एवं मए अभिथुआ, विहुयरयमला पहीणजरमरणा ।
चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥ ५ ॥
कित्तिय-वंदिय-महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।
आरुग्ग-बोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ॥ ६ ॥
चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।
सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥ ७ ॥

### સંસ્કૃત છાયા

लोकस्य उद्योतकरान्, धर्मतीर्थकरान् जिनान् ।
अर्हतः कीर्तयिष्यामि, चतुर्विंशतिमपि केवलिनः ॥ १ ॥
ऋषभमजितं च वन्दे, सम्भवमभिनन्दनं च सुमतिं च ।
पद्मप्रभं सुपार्श्वं, जिनं च चन्द्रप्रभं वन्दे ॥ २ ॥
सुविधिं च पुष्पदन्तं, शीतल-श्रेयांस-वासुपूज्यांश्च ।
विमलमनन्तं च जिनं, धर्मं शान्तिं च वन्दे ॥ ३ ॥
कुन्थुमरं च मल्लिं, वन्दे मुनिसुव्रतं नमिजिनं च ।
वन्दे अरिष्टनेमिं, पार्श्वं तथा वर्द्धमानं च ॥ ४ ॥
एवं मया अभिस्तुताः, विधूतरजोमलाः प्रक्षीणजरामरणाः ।
चतुर्विंशतिरपि जिनवराः, तीर्थंकरा मे प्रसीदन्तु ॥ ५ ॥

कीर्तित–वन्दित–महिताः, ये एते लोकस्य उत्तमाः सिद्धाः ।
आरोग्य–बोधिलाभं, समाधिवरमुत्तमं ददतु ॥ ६ ॥
चन्द्रेभ्यो निर्मलतराः, आदित्येभ्योऽधिकं प्रकाशकराः ।
सागरवरगम्भीराः सिद्धाः, सिद्धिं मम (मह्य) दिशन्तु ॥७॥

## શુદ્ધ પાઠ

આપણા સમાજમાં–સંઘમાં ઉપર જણાવેલો પાઠ પ્રચલિત છે અને તે જ અહીં આપવામાં આવ્યો છે. આ પાઠનું જ પઠન, પાઠન, સ્મરણ, ચિંતન, નિદિધ્યાસન કરવું ઘટે, કારણ કે તે પરંપરાથી ચાલ્યો આવતો શુદ્ધ પાઠ છે.

## પાઠાંતરો જરૂરી નથી.

સંશોધનાત્મક શાસ્ત્રીય ગ્રંથોમાં પાઠાંતરો આપવાની પદ્ધતિ છે અને તે યોગ્ય છે, કારણ કે તેથી વિદ્વાનોને મૂલ કે સત્ય પાઠનો નિર્ણય કરવાનું સુગમ પડે છે, પરંતુ જે ગ્રંથો સામાન્ય જિજ્ઞાસુજનો કે આરાધક આત્માઓ માટે લખાયેલા હોય, તેમાં પાઠાંતરો આપવા યોગ્ય નથી–જરૂરી નથી, કારણ કે તે પાઠકના મનમાં એવો વિકલ્પ જગાડે છે કે આમાંથી કયો પાઠ ખરો ? હું આ પાઠ બોલું કે તે પાઠ બોલું ? અને તેમાંથી વિસંવાદ ઊભો થવા સંભવ છે. દાખલા તરીકે આપણા પ્રચલિત પાઠ **नमो अरिहंताणं** પદના **नमो अरहंताणं** અને **नमो अरुहंताणं** એવા પાઠાંતરો આપીએ તો સંભવ છે કે એક **नमो अरिहंताणं** ને સાચો પાઠ માનશે, બીજો **नमो अरहंताणं** ને સાચો પાઠ માનશે, તો ત્રીજો **नमो**

अरुहंताणं ને સાચો પાઠ માનશે. હવે સમૂહમાં ધાર્મિક ક્રિયા થતી હોય અને તેમાં ત્રણ જણા ત્રણ પ્રકારના પાઠો બોલે તો વિસંવાદ ઊભો થયા વિના રહે ખરો ?

થોડા વખત પહેલાં શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયના એક મુનિશ્રીએ **नमो** अरिहंताणं ની જગાએ **णमो** अरिहंताणं લખવા માંડયું. અમે પૂછયું, 'આમ કેમ ?' તેમણે કહ્યું: 'આ જ સાચો પાઠ છે.' અમે તેમને પૂછયું 'તો શું પ્રચલિત પાઠ ખોટો છે? શ્રી હેમચંદ્રાચાર્ય વગેરે શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયના મહાપુરુષોએ તેનો પ્રયોગ કરેલો નથી શું ? તેઓ સૂત્ર-સિદ્ધાંત તથા વ્યાકરણના ઘણા જાણકાર હતા, છતાં જ્યારે તેમણે એ પાઠનો સ્વીકાર કર્યો છે, ત્યારે તમે એને ખોટો શી રીતે કહી શકો ? વળી પ્રાકૃત ભાષામાં न શ્રુતિ અને ण શ્રુતિ બંનેનો સ્વીકાર થયેલો છે, એટલે **नमो** अरिहंताणं પદ ભાષાની દૃષ્ટિએ બરાબર છે અને તે સંપ્રદાયમાન્ય પણ છે, તેથી તમારે તેનો આદર કરવો જોઈએ.

અમે તેમને એ પણ કહ્યું, માની લો કે તમારા કેટલાક અનુયાયીઓ હવે પછી णमो अरिहंताणं બોલવા માંડશે તો સામૂહિક ધાર્મિક ક્રિયામાં વિસંવાદ ઊભા થશે કે નહિ ? એક नमो अरिहंताणं બોલે અને બીજો **णमो** अरिहंताणं બોલે, એટલે તરત જ પ્રશ્ન ઊભો થાય કે આ બેમાંથી સાચું કોણ ? જેમણે શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો હોય અને માધ્યસ્થવૃત્તિ ધરાવતા હોય, તે જ તેનો નિર્ણય

કરી શકે, પણ આપણે ત્યાં એવા પુરુષો કેટલા? વળી તે સ્થળે સ્થળે થોડા જ મળી આવે છે? જ્યારે આ વિસંવાદ તો સ્થળે સ્થળે ઊભો થવાનો. પરિણામે જીભાજોડી થવાની, સામસામા આક્ષેપો થવાના અને તેમાંથી પક્ષો પડવાના. આપણે ત્યાં જે પક્ષો પડયા છે, તે નાના–નાના વિવાદો અને વિસંવાદોમાંથી જ પડયા છે. તેનું માધ્યસ્થતાથી નિવારણ થયું નથી, એટલે આપણામાં વિસંવાદ ઊભો થાય, એવી પરિસ્થિતિ ઊભી કરવી હરગીઝ યોગ્ય નથી. એ શાસનની કુસેવા છે.

આ સાંભળીને મુનિશ્રીએ તરત જ કહ્યું : ‘ મારી ભૂલ સુધારી લઈશ.’ અને તેમની સરલતા, ન્યાયપ્રિયતા તથા શાસન પ્રત્યેની હિતબુદ્ધિને અમારું મસ્તક નમી પડયું.

તાત્પર્ય કે આવા ગ્રંથોમાં પાઠાંતરો ન આપવા એ જ ઠીક છે, એમ માનીને અમે તેનાથી દૂર રહ્યા છીએ. આમ છતાં અર્થનિર્ણયપ્રસંગે તેની જરૂર જણાશે તો તેનો ઉપયોગ કરીશું.

અહીં એ પણ જણાવી દઈએ કે જેમ મંત્રનો અક્ષરદેહ નિશ્ચિત હોય છે અને તેમાં એક પણ અક્ષરની ઘાલમેલ થતાં તે દુષિત થયો ગણાય છે, તેમ સૂત્રનો અક્ષરદેહ પણ નિશ્ચિત જ હોવો ઘટે–તેમાં એકપણ અક્ષરની ઘાલમેલ કે કાના-માત્રા–વરડૂ–અનુસ્વારનો વ્યત્યય તેને દૂષિત કરે છે અને તેના અર્થમાં મોટું પરિવર્તન કરી નાખે છે. તાત્પર્ય કે અક્ષરદેહનું સ્વરૂપ નિશ્ચિત જ હોવું ઘટે.

## સૂત્રની ભાષા

જિનાગમો અર્ધમાગધી ભાષામાં લખાયેલાં છે, એટલે આવશ્યકસૂત્રના એક ભાગરૂપ લોગસ્સસૂત્રનો ઉપરનો પાઠ અર્ધમાગધી ભાષાનો છે. જે પ્રાકૃત ભાષા મગધ દેશ અને તેની આસપાસના પ્રદેશમાં બોલાતી, તે અર્ધમાગધી ગણાઈ. ભાષાવિશારદોએ તેને આર્ષપ્રાકૃત માનેલી છે. કેટલાકના મતથી આજે પ્રાપ્ત થતી લોગસ્સ સૂત્રની આ કૃતિ મહારાષ્ટ્રી તથા શૌરસેની પ્રાકૃતથી પ્રભાવિત છે.

આ કૃતિમાં જે સંધિ, સમાસ તથા વિશિષ્ટ પ્રયોગો છે, તેની વિચારણા યથાસ્થાને થશે.

## સૂત્રનું પદ્યાત્મક સ્વરૂપ

ષડાવશ્યકનાં બીજાં બધાં આવશ્યકોનો સૂત્રપાઠ ગદ્યાત્મક છે, ત્યારે આ બીજા આવશ્યકનો સૂત્રપાઠ પદ્યાત્મક છે, એ તેની વિશેષતા છે. આ સૂત્ર કીર્તન–સ્તવનરૂપ હોઈ સારી રીતે ગાઈ શકાય, તે માટે તેની રચના પદ્યમાં થયેલી હોવી જોઈએ, એવું અનુમાન કરીએ તો એ અસ્થાને નથી. અમે પ્રસ્તુત ગ્રંથના પ્રાક્કથનમાં જણાવ્યા મુજબ પ્રાર્થનામાં તેનો સંગીતમય ઉપયોગ કરેલો છે અને તેના લીધે વાતાવરણમાં ભક્તિરસની જે ભવ્યતા વ્યાપે છે, તેનો અનુભવ લીધેલો છે. એક વાર એક સંગીતવિશારદ પાસે અમે આ સૂત્રની બધી ગાથાઓ વિવિધ રાગ–રાગિણીઓમાં ગવડાવી જોતાં તે અમારા અંતરને ઊંડો સ્પર્શ કરી ગઈ હતી. તેનું

ગુંજન દિવસો સુધી અમારા કર્ણવિવરમાં રહ્યું હતું અને તે અનેક પ્રકારે જિનભક્તિનું ઉદ્‌બોધન કરતું હતું. આપણી સંસ્થાઓએ આ દિશામાં પહેલ કરવી ઘટે.

## છંદોની પસંદગી

પદ્યાત્મક કૃતિમાં છંદનો ઉપયોગ આવશ્યક છે. એ રીતે સાત પદ્યોવાળી આ કૃતિમાં કયા છંદો પસંદગી પામ્યા છે? તે જાણવું જોઈએ. આ પદ્યાત્મક કૃતિ ભગવાન મહાવીરના સમયની છે, એ હકીકત અમે પ્રસ્તુત ગ્રંથના ત્રીજા પ્રકરણમાં અનેક પ્રમાણો વડે સિદ્ધ કરી ચૂકયા છીએ. એ વખતે જૈન શ્રમણસમુદાયમાં '**સિલોગો**' એટલે શ્લોક અને '**ગાહા**' એટલે ગાથા આ બે છંદો વિશેષ પ્રચારમાં હતા, એટલે પ્રસ્તુત પદ્યાત્મક કૃતિ માટે આ બે છંદો પસંદગી પામેલા છે. મહર્ષિ નંદિષેણકૃત અજિત–શાન્તિ–સ્તવ કે જે ઘણી પ્રાચીન કૃતિ ગણાય છે અને જેમાં પ્રાકૃત ભાષાના અનેક છંદોનો ઉપયોગ થયેલો છે, તેમાં પણ સહુ પ્રથમ 'ગાહા' અને 'સિલોગો' છંદનો જ ઉપયોગ થયેલો છે. પ્રસ્તુત કૃતિની પ્રથમ ગાથા સિલોગો છંદમાં અને બાકીની બધી ગાથાઓ ગાહા છંદમાં છે.

પાઠકમિત્રો સિલોગો અર્થાત્ શ્લોકનું લક્ષણ જાણવા ઇંતેજાર હશે, એટલે તેની અહીં રજૂઆત કરવા ઇચ્છીએ છીએ, પણ તે પહેલાં એટલું જણાવી દઈએ કે પ્રાચીન કાલમાં સિલોગોના પ્રથમ ત્રણ ચરણો આઠ અક્ષરોવાળાં રહેતાં, જ્યારે ચોથું ચરણ આઠ કે નવ અક્ષરવાળું રહેતું.

ઉત્તરાધ્યયનસૂત્ર, દશવૈકાલિકસૂત્ર વગેરેમાં આવા સિલોગો-શ્લોકો ઘણા મળી આવે છે. નમસ્કારમહામંત્રની ચૂલિકાનું ચોથું ચરણ પણ નવ અક્ષરોનું જ છે; (पढमं हवइ मंगलं) પરંતુ પછીના કાલમાં સિલોગોનાં ચારેય ચરણો આઠ અક્ષરોના જ હોવા જોઈએ, અને તે અમુક પ્રકારનાં જ હોવા જોઇએ, એવો ક્રમ સ્થાપિત થયેલો જણાય છે. મહર્ષિ નંદિતાઢયે **ગાહાલક્ખણમાં** કહ્યું છે કે કે-

पंचमं लहुयं सव्वं, सत्तमं दु-चउत्थए ।
छट्ठं पुण गुरुं सव्वं, सिलोयं बिंति पंडिया ॥

'ચારે પાદમાં-ચરણમાં પાંચમો અક્ષર લઘુ હોય, છઠ્ઠો અક્ષર સર્વત્ર ગુરુ હોય અને દ્વિતીય તથા ચતુર્થ ચરણમાં સાતમો અક્ષર લઘુ હોય, તેને પંડિતો 'શ્લોક' કહે છે.'

**શ્રુતબોધમાં** પણ શ્લોકનું લક્ષણ લગભગ આવું જ બતાવ્યું છે. જેમ કે-

श्लोके षष्ठं गुरु ज्ञेयं, सर्वत्र लघु पञ्चमम् ।
द्विचतुष्पादयोर्ह्रस्वं, सप्तमं दीर्घमन्ययोः ॥

'શ્લોકમાં સર્વત્ર છઠ્ઠો અક્ષર ગુરુ અને પાંચમો અક્ષર લઘુ જાણવો, બીજા અને ચોથા પાદનો સાતમો અક્ષર લઘુ જાણવો અને પહેલા તથા ત્રીજા પાદનો સાતમો અક્ષર ગુરુ જાણવો.'

સંસ્કૃત ભાષામાં અષ્ટાક્ષરી છંદને અનુષ્ટુપ્‌ની જાતિ ગણવામાં આવી છે અને તેના અસંખ્ય ભેદો માનવામાં આવ્યા છે. તેમાં છેલ્લા શબ્દો એ જણાવ્યા છે કે આ છંદમાં શ્રવ્યતાની પ્રધાનતા છે, એટલે કે મધુર લાગે તે પ્રમાણે અક્ષરયોજના કરાય છે. તાત્પર્ય કે શ્લોકમાં જે લક્ષણો ઉપર જણાવ્યાં છે, તે માર્ગદર્શક છે, પણ ચુસ્ત નિયમરૂપે નથી.

આ વસ્તુ લક્ષ્યમાં રાખીને આપણે લોગસ્સસૂત્રની પ્રથમ ગાથાનું નિરીક્ષણ કરીએ. તેની ઉત્થાપનિકા[1] આ પ્રમાણે બને છે.

## પ્રથમ ગાથાની ઉત્થાપનિકા

છંદ પ્રકાર—સિલોગો

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| પહેલું ચરણ | लो | ग | स्स | उ | ज्जो | अ | ग | रे |
| માત્રાગણ | ગા | ગા | લ | ગા | ગા | લ | લ | ગા |
| વર્ણસંખ્યા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| બીજું ચરણ | ध | म्म | ति | त्थ | य | रे | जि | णे |
| માત્રાગણ | ગા | લ | ગા | લ | લ | ગા | લ | ગા |
| વર્ણસંખ્યા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ત્રીજું ચરણ | अ | रि | हं | ते | कि | त्त | इ | स्सं |
| માત્રાગણ | લ | લ | ગા | ગા | ગા | લ | ગા | ગા |

---

૧. છંદમાં અક્ષરગણ કે માત્રાગણનો મેળ કેવી રીતે બેસે છે, તે દર્શાવનારી રીતિ.

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| વર્ણસંખ્યા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| ચોથું ચરણ | च | उ | वी | सं | पि | के | व | ली |
| માત્રાગણ | લ | લ | ગા | ગા | લ | ગા | લ | ગા |
| વર્ણસંખ્યા | ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |

[ અહીં ગુરુ માટે ગા અને લઘુ માટે લ અક્ષર મૂકેલો છે. ]

આ પદ્યનાં—ગાથાનાં ચારે ય ચરણો આઠ અક્ષરનાં છે, પરંતુ તેનો પાંચમો અક્ષર બીજા અને ચોથા ચરણમાં લઘુ છે, જ્યારે પ્રથમ અને ત્રીજા ચરણમાં ગુરુ છે. તેના બીજા અને ચોથા ચરણમાં સાતમો અક્ષર લઘુ હોવો જોઈએ, તે પ્રમાણે તેમાં લઘુ છે. એટલે **ગાહા–લક્ખણ**માં જણાવેલું સિલોગોનું લક્ષણ સામાન્ય અપવાદ સિવાય તેને બરાબર લાગુ પડે છે.

**શ્રુતબોધ**નાં લક્ષણો અનુસાર જોઈએ તો તેમાં સર્વત્ર છઠ્ઠો અક્ષર ગુરુ હોવાને બદલે બીજા અને ચોથા ચરણમાં છઠ્ઠો અક્ષર ગુરુ છે, અને પાંચમો સર્વત્ર લઘુ હોવાને બદલે તેમાં બીજા અને ચોથા ચરણમાં જ પાંચમો અક્ષર લઘુ છે. તેમાં બીજા અને ચોથા ચરણનો સાતમો અક્ષર લઘુ હોવો જોઈએ, તે બરાબર લઘુ છે અને પહેલા તથા ત્રીજા ચરણનો સાતમો અક્ષર ગુરુ હોવો જોઈએ, તેમાં માત્ર ત્રીજા ચરણનો સાતમો અક્ષર ગુરુ છે. આમ છતાં એકંદર તેનું ધોરણ ઠીક જળવાયું છે.

આ છંદ મધુરતાનું ધોરણ સાચવીને અનેક રીતે ગાઈ શકાય છે.

સિલોગો કરતાં પણ ગાહા છંદનો ઉપયોગ પ્રાચીન જૈન સાહિત્યમાં વિશેષ પ્રમાણમાં થયેલો છે. સંસ્કૃત સાહિત્યમાં તેને આર્યા કહેવામાં આવે છે, તેનો આશય આર્ય મહર્ષિઓ દ્વારા બોલાતી એક પ્રકારની ગાથા સમજવાનો છે. તેનાં લક્ષણ અંગે મહર્ષિ નંદિતાઢયે **ગાહા લક્ખણમાં** જણાવ્યું છે કે—

**सव्वाए गाहाए, सत्तावन्ना हवंति मत्ताओ।**
**अग्गद्धंमि य तीसा, सत्तावीसा य पच्छद्धे ॥ ६ ॥**

**सव्वाए गाहाए, सोलस अंसा अवस्स कायव्वा।**
**तेरस चउरो मत्ता, दो य दुमत्तेगमत्ता य ॥ ७ ॥**

**सत्त सरा कमलंता, नहगण छट्ठा त्रिमेहया विसमे।**
**तह बीयद्धे गाहा, छट्ठंसो एगमत्तो य ॥ ८ ॥**

(૧) સર્વ પ્રકારની ગાહાઓની-ગાથાઓની માત્રા સત્તાવન હોય છે, તેના પૂર્વાર્ધમાં ત્રીશ અને ઉત્તરાર્ધમાં સત્તાવીશ.

(૨) સર્વ ગાહા ગાથાઓના સોળ અંશ એટલે ભાગ અવશ્ય કરવા. તેમાં તેર અંશ ચતુર્માત્રાવાળા, બે અંશ બે માત્રાવાળા અને એક અંશ એક માત્રાવાળો કરવો.

(૩) તેમાં સાત શરો એટલે ચતુર્માત્રાવાળા અંશો

ક્રમલાંત એટલે દીર્ઘાન્ત કરવા. છઠ્ઠો શરજગણ અથવા સર્વ લઘુ અક્ષરવાળો કરવો અને વિષમ એટલે પહેલો, ત્રીજો, પાંચમો અને સાતમો ગણ જગણ રહિત કરવો. ગાહાના–ગાથાના બીજા અર્ધમાં છઠ્ઠો અંશ લઘુ હોવો જોઈએ. પરંતુ આ ત્રીજા નિયમનું પાલન સર્વાંશે થતું નથી.

[ જેમાં પ્રથમ લઘુ, પછી ગુરુ અને છેવટે લઘુ અક્ષર હોય તે જગણ કહેવાય છે. **જકાત** એ જગણનો પ્રકાર છે. ]

ગાહાનાં આ લક્ષણો પરથી એમ જણાય છે કે પ્રથમ તેમાં પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ એવા બે ભાગો રહેતા, પણ પછીના છંદઃશાસ્ત્રીઓએ તેનાં ચાર ચરણો કલ્પીને તેનું લક્ષણ બાંધેલું છે. તે અંગે **પ્રાકૃતપિંગલમાં** કહ્યું છે કે—

**पढमे बारह मत्ता, बीए अट्ठार होइ संजुत्तो।**
**जह पढमं तह तीअं, दह–पंच विहूसिआ गाहा ॥**

'પહેલા ચરણમાં બાર માત્રા, બીજા ચરણમાં અઢાર માત્રા, ત્રીજા ચરણમાં પહેલા જેટલી જ એટલે બાર માત્રા અને ચોથા ચરણમાં પંદર માત્રા એ ગાથાનું લક્ષણ છે.'

આમાં પણ માત્રા તો સત્તાવન જ માની છે, પણ તેનો ક્રમ ચરણ અનુસાર ૧૨ + ૧૮ + ૧૨ + ૧૫ = ૫૭ માનવામાં આવ્યો છે.

**ગાહાલક્ખણ** અને **નાગપિંગલમાં** લઘુ-ગુરુના ઓછાવત્તાપણા ઉપરથી ગાહાના ૨૬ ભેદો નીચે પ્રમાણે માનવામાં આવ્યા છેઃ

| | | લઘુ | ગુરુ |
|---|---|---|---|
| ૧ | કમલા | ૩ | ૨૭ |
| ૨ | લલિતા | ૫ | ૨૬ |
| ૩ | લીલા | ૭ | ૨૫ |
| ૪ | જ્યોત્સ્ના | ૯ | ૨૪ |
| ૫ | રંભા | ૧૧ | ૨૩ |
| ૬ | માગધી | ૧૩ | ૨૨ |
| ૭ | લક્ષ્મી | ૧૫ | ૨૧ |
| ૮ | વિદ્યુત્ | ૧૭ | ૨૦ |
| ૯ | માલા | ૧૯ | ૧૯ |
| ૧૦ | હંસી | ૨૧ | ૧૮ |
| ૧૧ | શશિકલા | ૨૩ | ૧૭ |
| ૧૨ | જાહ્નવી | ૨૫ | ૧૬ |
| ૧૩ | શુદ્ધા | ૨૭ | ૧૫ |
| ૧૪ | કાલી | ૨૯ | ૧૪ |
| ૧૫ | કુમારી | ૩૧ | ૧૩ |
| ૧૬ | મેધા | ૩૩ | ૧૨ |
| ૧૭ | સિદ્ધિ | ૩૫ | ૧૧ |
| ૧૮ | ઋદ્ધિ | ૩૭ | ૧૦ |
| ૧૯ | કુમુદિની | ૩૯ | ૯ |
| ૨૦ | ધરણી | ૪૧ | ૮ |
| ૨૧ | યક્ષિણી | ૪૩ | ૭ |
| ૨૨ | વીણા | ૪૫ | ૬ |

| | | |
|---|---|---|
| ૨૩ બ્રાહ્મી | ૪૭ | ૫ |
| ૨૪ ગાન્ધર્વી | ૪૯ | ૪ |
| ૨૫ મંજરી | ૫૧ | ૩ |
| ૨૬ ગૌરી | ૫૩ | ૨ |

છંદઃશાસ્ત્રી સ્વયંભૂએ ગાહાના ૨૬ ભેદો તો માન્યા છે, પણ તેનાં નામો જુદાં જ આપ્યાં છે. પિંગલાચાર્યે પ્રકારાન્તરે આર્યાના ૮૦ ભેદો માનેલા છે અને શ્રી હેમચંદ્રાચાર્યે આર્યાના ૧૬ પ્રકારો જણાવેલા છે.

હવે પ્રસ્તુત કૃતિમાં કયા પ્રકારની ગાહાઓ છે, તે ગાહાલક્ખણના આધારે જણાવીશું.

| | |
|---|---|
| ગાથા બીજી | હંસી ગાહા |
| ગાથા ત્રીજી | લક્ષ્મી ગાહા |
| ગાથા ચોથી | માગધી[1] ગાહા |
| ગાથા પાંચમી | જાહ્નવી ગાહા |
| ગાથા છઠ્ઠી | લક્ષ્મી ગાહા |
| ગાથા સાતમી | વિદ્યુત્ ગાહા |

આ યાદિ પરથી સમજી શકાશે કે પ્રસ્તુત કૃતિમાં પાંચ પ્રકારની ગાહાઓનો ઉપયોગ થયેલો છે. માત્ર લક્ષ્મી ગાહા બે વાર આવેલી છે.

અહીં આ છયે ગાથાની ઉત્થાપનિકા આપીશું, જેથી પાઠકોને તેમનું સ્વરૂપ સમજવાની અનુકૂલતા રહેશે. તેમાં સ્થાનસંકોચને લીધે નીચેની સંજ્ઞાઓ વાપરીશું:

---

૧. લોગસ્સસૂત્ર–સ્વાધ્યાયમાં માધવી નામ છપાયું છે, તે ભૂલ છે.

| | |
|---|---|
| પહેલું ચરણ | પ. ચ. |
| બીજું ચરણ | બી. ચ. |
| ત્રીજું ચરણ | ત્રી. ચ. |
| ચોથું ચરણ | ચો. ચ. |
| માત્રાગણ | મા. ગ. |
| ગણની જાત | ગ. જા. |
| ગણની સંખ્યા | ગ. સં. |
| ચતુષ્કલ | ચતુ. |

ગુરુ ગુ.
લઘુ લ.
જોડાક્ષરનો આગળનો અક્ષર લઘુ હોય તો તે ગુરુ બને છે.

## બીજી ગાથાની ઉત્થાપનિકા

છંદનો પ્રકાર–હંસી ગાહા

પ. ચ. उ स भ म जि अं च वं दे
મા. ગ. લ લ લ લ લ ગા લ ગા ગા
ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ.
ગ. સં. ૧ ૨ ૩ = માત્રા ૧૨

બી. ચ. सं भ व म भि णं द णं च सु म इं च
મા. ગ. ગા લ લ લ લ ગા લ ગા લ લ લ ગા ગા
ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ. + ચતુ. + ગુ.
ગ. સં. (ચાલુ) ૪ ૫ ૬ ૭ ૧
= માત્રા ૧૮

ત્રી. ચ. प उ म प्प हं सु पा सं
મા. ગ. લ લ ગા લ ગા લ ગા ગા
ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ.
ગ. સં. (ચાલુ) ૮ ૯ ૧૦ = માત્રા ૧૨

ચો. ચ. [illegible]

મા. ગ. [illegible]

ગ. જા. ચતુ. + ગુ. + લ. + ચતુ. + ગુ.

ગ. સં. (ચાલુ) ૧૧ ૧૨ ૧ ૧૩ = માત્રા ૭૭

આ ગાથામાં ૨૬ અંશો કરવામાં આવ્યા છે. તેમાં ૧૩ અંશો ચતુષ્કલના છે, ૧૨ અંશો ગુરુના છે અને ૧ અંશ લઘુનો છે. આ રીતે (૧૩ × ૪ =) ૫૨ + (૧૨ × ૨ =) ૨૪ + ૧ = ૭૭ માત્રાઓ છે. તેમાં છઠ્ઠો ચતુષ્કલ [illegible] હોવાથી, ૨૧ લઘુ તથા ૨૮ ગુરુ હોવાના કારણે આ [illegible] નામની ગાથા છે.

**શ્રી [illegible] ગાથાથી ઉત્થાપનિકા**

**છંદની પ્રકાર — લક્ષ્મી ગાથા**

પ્ર. ચ. સુવિ [illegible]

મા. ગ. [illegible]

ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ. + [illegible]

ગ. સં. ૧ ૨ [illegible] માત્રા [illegible]

બી. ચ. [illegible] વજં ચ

મા. ગ. ગા [illegible] ગા ગા

ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ. + ચતુ. + ગુ.

ગ. સં. (ચાલુ) ૪ ૫ ૬ ૭ ૧ = મા. ૧૮

૭

| | |
|---|---|
| ત્રી. ચ. | वि म ल म णं तं च जि णं |
| મા. ગ. | લ લ લ લ ગા ગા લ લ ગા |
| ગ. જા. | ચતુ. + ચતુ. + ચતુ. |
| ગ. સં. (ચાલુ) | ૮ ૯ ૧૦ =માત્રા ૧૨ |
| ચો. ચ. | ध म्मं सं तिं च वं दा मि |
| મા. ગ. | ગા ગા ગા ગા લ ગા ગા ગા |
| ગ. જા. | ચતુ. + ચતુ. + લ.+ ચતુ. + ગુ. |
| ગ. સં. (ચાલુ) | ૧૧ ૧૨ ૧ ૧૩ ૧=માત્રા ૧૫ |

આ ગાથાના સોળ અંશો કરવામાં આવ્યા છે. તેમાં ૧૩ અંશો ચતુષ્કલના છે, ૨ અંશો ગુરુના છે અને ૧ અંશ લઘુનો છે. પરંતુ તેમાં બીજા ચરણને છેડે આવેલ च અને ચોથા ચરણને છેડે આવેલા मि એ બે લઘુ અક્ષરને ગુરુ માનતાં આ શરત પૂરી થાય છે. પદ્યના છેડે આવેલ લઘુ અક્ષરને ગુરુ ગણવાનો રિવાજ છંદઃશાસ્ત્રીઓમાં પ્રચલિત છે. તેનું છટ્ઠું ચતુષ્કલ स वा सु જગણ પ્રકારનું છે. ૧૫ લઘુ તથા ૨૧ ગુરુ હોવાનાં કારણે આ **લક્ષ્મી** નામની ગાહા છે.

## ચોથી ગાથાની ઉત્થાપનિકા

છંદનો પ્રકાર—માગધી ગાહા

| | |
|---|---|
| પ્ર. ચ. | कुं थुं अ रं च म ल्लि |
| મા. ગ. | ગા ગા લ ગા લ ગા ગા |
| ગ. જા. | ચતુ. + ચતુ. + ચતુ. |
| ગ. સં. | ૧ ૨ ૩ =માત્રા ૧૨ |

બી. ચ. वं दे मु णि सु व्व यं न मि जि णं च
મા. ગ. ગા ગા લ લ ગા લ ગા લ લ લ ગા ગા
ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ. + ચતુ. + ગુ.
ગ. સં. (ચાલુ) ૪ ૫ ૬ ૭ ૧
= માત્રા ૧૮

ત્રી. ચ. वं दा मि रि ट्ठ ने मिं
મા. ગ. ગા ગા લ ગા લ ગા ગા
ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ.
ગ. સં. (ચાલુ) ૮ ૯ ૧૦ =માત્રા ૧૨

ચો. ચ. पा सं त ह व द्ध मा णं च
મા. ગ. ગા ગા લ લ ગા લ ગા ગા ગા
ગ. જા. ચતુ. + ચતુ. + લ+ ચતુ. + ગુ.
ગ. સં. (ચાલુ) ૧૧ ૧૨ ૧ ૧૩ ૧ =માત્રા ૧૫

આ ગાથાના ૧૬ અંશો કરવામાં આવ્યા છે. તેમાં ૧૩ અંશો ચતુષ્કલના છે, ૨ અંશો ગુરુના છે અને ૧ અંશ લઘુનો છે. તેમાં બીજા તથા ચોથા ચરણના છેડે આવેલા च ને દીર્ઘ ગણવામાં આવ્યો છે. છઠ્ઠું ચતુષ્કલ व्व यं न જગણ પ્રકારનું છે. ૧૩ લઘુ અને ૨૨ ગુરુ હોવાનાં કારણે આ '**માગધી**' નામની ગાહા છે.

## પાંચમી ગાથાની ઉત્થાપનિકા

છંદ પ્રકાર—જાહ્નવી ગાહા

પ્ર. ચ. ए वं म ए अ भि थु आ
મા. ગ. ગા ગા લ ગા લ લ લ ગા
ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ.
ગ. સં. ૧ ૨ ૩ =માત્રા ૧૨

બી. ચ. विहुयरयमला पहीणजरमरणा
મા. ગ. લ લ લ લ લ લ ગા લ ગા લ લ લ લ લ ગા
ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ. + ચતુ. ગુ.
ગ. સં. (ચાલુ) ૪ ૫ ૬ ૭ ૧
= માત્રા ૧૮

ત્રી. ચ. चउवीसं पि जिणवरा
મ. ગા. લ લ ગા ગા લ લ લ લ ગા
ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ.
ગ. સં. (ચાલુ) ૮ ૯ ૧૦ = માત્રા ૧૨

ચો. ચ. तित्थयरा मे पसीयंतु
મા. મ. ગા લ લ ગા ગા લ ગા ગા ગા
ગ. જા. ચતુ. + ચતુ. + લ. + ચતુ. + ગુ.
ગ. સં. (ચાલુ) ૧૧ ૧૨ ૧ ૧૩ ૧
=માત્રા ૧૫

આ ગાથાના ૧૬ અંશો કરવામાં આવ્યા છે. તેમાં ૧૩ ચતુષ્કલો છે, ૨ ગુરુ અને ૧ લઘુ છે. તેમાં ચોથા ચરણને છેડે આવેલા न्तु ને ગુરુ ગણવામાં આવ્યો છે. તેનું છઠ્ઠું ચતુષ્કલ पहीण જગણ પ્રકારનું છે. ૨૫ લઘુ અને ૧૬ ગુરુ હોવાનાં કારણે આ 'જાહ્નવી' નામની ગાહા છે.

## છઠ્ઠી ગાથાની ઉત્થાપનિકા

છંદપ્રકાર-લક્ષ્મી ગાહા

પ્ર. ચ. कित्तिय वंदिय महिया
મા. ગ. ગા લ લ ગા લ લ ગા લ લ ગા
ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ.
ગ. સં. ૧ ૨ ૩ = માત્રા ૧૨

બી. ચ. जे ए लो ग स्स उ त्त मा सि द्धा
મા. ગ. ગા ગા ગા ગા લ ગા લ ગા ગા ગા
ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ. + ચતુ. ગુ.
ગ. સં. (ચાલુ) ૪ ૫ ૬ ૭ ૧
= માત્રા ૧૮

ત્રી. ચ. आ रु ग्ग बो हि ला भं
મા. ગ. ગા ગા લ ગા લ ગા ગા
ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ.
ગ. સં. (ચાલુ) ૮ ૯ ૧૦ = માત્રા ૧૨

ચો. ચ. स मा हि व र मु त्त मं दिं तु
મા. ગા. લ ગા લ લ લ ગા લ ગા ગા ગા
ગ. જા. ચતુ. + ચતુ. + લ + ચતુ. + ગુ.
ગ. સં. (ચાલુ) ૧૧ ૧૨ ૧ ૧૩ ૧
= માત્રા ૧૫

આ ગાથાના ૧૬ અંશો કરવામાં આવ્યા છે. તેમાં ૧૩ ચતુષ્કલો છે, ૨ ગુરુ છે અને ૧ લઘુ છે. તેમાં ચોથા ચરણને છેડે આવેલ तु ને ગુરુ ગણવામાં આવ્યો છે. તેનું છઠ્ઠું ચતુષ્કલ स्स उ त्त જગણ પ્રકારનું છે. ૧૫ લઘુ અને ૨૬ ગુરુ હોવાનાં કારણે આ '**लक्ष्मी**' પ્રકારની ગાહા છે.

## સાતમી ગાથાની ઉત્થાપનિકા

છંદપ્રકાર – વિદ્યુત્ ગાહા

પ્ર. ચ. चं दे सु नि म्म ल य रा
મા. ગ. ગા ગા લ ગા લ લ લ ગા
ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ.
ગ. સં. ૧ ૨ ૩ = માત્રા ૧૨

બી. ચ. आ इ च्चे सु अ हि यं प या स य रा
મા. ગ. ગા ગા ગા લ લ લ ગા લ ગા લ લ ગા
ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ. + ચતુ. + ગુ
ગ. સં. (ચાલુ) ૪ ૫ ૬ ૭ ૧
= માત્રા ૧૮

ત્રી. ચ. सा ग र व र गं भी रा
મા. ગ. ગા લ લ લ લા ગ ગા ગા
ગ. જા. ચતુ. + ચતુ. + ચતુ.
ગ. સં. (ચાલુ) ૧૧ ૧૨ ૧૩
= માત્રા ૧૨

ચો. ચ. सि द्धा सि द्धिं म म दि सं तु
મા. ગ. ગા ગા ગા ગા લ લ લ ગા ગા
ગ. જા. ચતુ. + ચતુ. + લ. + ચતુ. + ગુ.
ગ. સં. (ચાલુ) ૧૧ ૧૨ ૧ ૧૩ ૧
= માત્રા ૧૫

આ ગાથાના ૧૬ અંશો કરવામાં આવ્યા છે. તેમાં ૧૩ ચતુષ્કલો છે, ૨ ગુરુ છે અને ૧ લઘુ છે. તેમાં ચોથા ચરણના છેડે આવેલા तु ને દીર્ઘ ગણવામાં આવ્યું છે. તેનું છઠ્ઠું ચતુષ્કલ हि यं प જગણ પ્રકારનું છે. ૧૭ લઘુ અને ૨૦ ગુરુ હોવાના કારણો આ 'વિદ્યુત્' નામની ગાહા છે.

## ચરણ અને સંપદાઓ

સિલોગોને ચાર ચરણો હોય છે અને ગાહાને પણ ચાર ચરણો હોય છે, એટલે આ સૂત્રમાં ૭ × ૪ = ૨૮ ચરણો છે.

સૂત્રોનો પરિચય આપતી વખતે તેની સંપદાઓ ગણવામાં આવે છે. જેમકે– નમસ્કારમાં ૮ સંપદાઓ છે, નમોત્થુણંસૂત્રમાં ૯ સંપદાઓ છે વગેરે. સંપદા એટલે અર્થનું વિશ્રામસ્થાન અથવા અર્થાધિકાર. 'साकल्येन पद्यते परिच्छिद्यतेऽर्थो याभिरिति संपदः–જેનાથી સંગત રીતે અર્થ છૂટો પડાય, તે સંપદાઓ.' **દેવવંદનભાષ્યમાં** એમ કહેવાયું છે કે ' नामथयाइसु संपय पयसम–નામસ્તવમાં જેટલાં પદો–ચરણો છે, તેટલી સંપદા સમજવી.' તાત્પર્ય કે તેમાં ૨૮ સંપદાઓ છે. પરંતુ તેના અર્થવિવેચનમાં આ સંપદાઓનો ઉપયોગ થયો હોય, એવું જાણવામાં આવ્યું નથી.

## અક્ષરસંખ્યા

સૂત્રનો કોઈ પણ અક્ષર ઓછોવત્તો ન થઈ જાય, તે માટે તેના અક્ષરોની સંખ્યા નક્કી કરવાની પ્રથા પ્રચલિત છે. તે પ્રમાણે લોગસ્સસૂત્રની અક્ષરસંખ્યા નીચે પ્રમાણે ૨૫૬ ગણાય છે:

| | |
|---|---|
| પહેલી ગાથા | ૩૨ અક્ષર |
| બીજી ગાથા | ૩૯ ,, |
| ત્રીજી ગાથા | ૩૬ ,, |
| ચોથી ગાથા | ૩૫ ,, |
| પાંચમી ગાથા | ૪૧ ,, |
| છઠ્ઠી ગાથા | ૩૬ ,, |
| સાતમી ગાથા | ૩૭ ,, |
| | કુલ ૨૫૬ |

એક વાર એક મિત્રે પ્રશ્ન પૂછ્યો કે 'આ ૨૫૬ ની સંખ્યામાં કંઈ ખૂબી છે ખરી?' એમ કહ્યું 'જરૂર. આ સંખ્યા ઘણી સુંદર અવયવોવાળી છે. તેના ભાગ કરતા જઈએ તો છેવટ સુધી ભાગ થયા જ કરે. જેમ કે ૨૫૬ ÷ ૨ = ૧૨૮, ૧૨૮ ÷ ૨ = ૬૪, ૬૪ ÷ ૨ = ૩૨, ૩૨ ÷ ૨ = ૧૬, ૧૬ ÷ ૨ = ૮, ૮ ÷ ૨ = ૪, ૪ ÷ ૨ = ૨, ૨ ÷ ૨ = ૧.' અને એ મિત્રે જ્ઞાનની ધૂટ પકડી.

## મુખ્ય વિભાગો

લોગસ્સસૂત્રના મુખ્ય વિભાગો ત્રણ છે. તેનો પ્રથમ વિભાગ માત્ર પહેલી એક જ ગાથાનો બનેલો છે, પણ તે સહુથી વધારે અર્થગંભીર છે. તેને આપણે **વિષયનિર્દેશ** સમજવો જોઈએ.

લોગસ્સસૂત્રનો બીજો વિભાગ બીજી, ત્રીજી, અને ચોથી ગાથાનો બનેલો છે. તેમાં મુખ્યત્વે ચોવીશ તીર્થંકરોને ભક્તિપૂર્વક વંદના કરાયેલી હોવાથી તેને **ભાવવંદના** રૂપ સમજવો જોઈએ.

અને લોગસ્સસૂત્રનો ત્રીજો વિભાગ પાંચમી, છઠ્ઠી તથા સાતમી ગાથાનો બનેલો છે. તેમાં પ્રણિધાનપૂર્વક અરિહંતોને પ્રાર્થના કરવામાં આવી છે, એટલે તેને **પ્રણિધાન-ગાથાત્રિક** તરીકે સમજવો જોઈએ. પ્રણિધાનને લગતી ત્રણ ગાથાઓ તે પ્રણિધાનગાથાત્રિક.

લોગસ્સસૂત્રના અક્ષરદેહનો પરિચય અહીં પૂરો થાય છે, પણ તે આપણને લોગસ્સસૂત્રની રચના પ્રસંગે ઘણું ઘણું કહી જાય છે. તેના પર વારંવાર ચિંતન-મનન કરવું આવશ્યક છે.

[ ૮ ]

## અર્થપ્રકાશ અંગે કિંચિત્

ગણધર ભગવંતેરચિત આવશ્યકસૂત્રના બીજા અધ્યયનરૂપ લોગસ્સસૂત્રનો મંગલ મહિમા આપણે જાણી લીધો અને તેના અનન્ય પ્રભાવશાળી અક્ષરદેહનો પરિચય પણ મેળવી લીધો. આ રીતે આપણે કરવા ધારેલી કાર્યયાત્રાનો એક ભાગ પૂરો થયો. તેનાથી આપણને ઘણું જાણવા-સમજવાનું મળ્યું, પરંતુ સૂત્રનો અર્થપ્રકાશ મેળવવાનું અતિ અગત્યનું કાર્ય હજી બાકી છે. તે માટે આપણે તત્પર બનીએ.

કેટલાક કહે છે કે, 'સૂત્રનો પાઠ બોલવો એ પૂરતું નથી શું ? તેના અર્થની કડાકૂટમાં શા માટે પડવું ?' તેનો ઉત્તર એ છે કે સૂત્રપાઠ બોલવો એ જરૂરનું છે, પણ તે પૂરતું નથી. તેનો અર્થપ્રકાશ પણ મેળવવો જ જોઈએ, અન્યથા આપણે ધાર્મિક-આધ્યાત્મિક ક્ષેત્રમાં પ્રગતિ કરી શકીએ નહિ. જેને જ્ઞાન નથી, તે ક્રિયા શું કરવાનો ? જ્ઞાન વિનાની ક્રિયા ભૂલભરેલી હોવાનો પૂરો સંભવ છે. પણ

नाणं तओ दया ' એ આર્ષવચનનું રહસ્ય પણ આ જ છે. જૈન મહર્ષિઓએ જ્ઞાનપ્રાપ્તિને લગતા જે આઠ નિયમો બાંધ્યા છે, તેમાં છઠ્ઠો નિયમ એવો છે કે સૂત્રપાઠ શુદ્ધિ-પૂર્વક ગ્રહણ કરવો અને સાતમો નિયમ એવો છે કે તેનો અર્થ બરાબર શીખી લેવો. જે અર્થજ્ઞાન મેળવવાના પ્રયત્ન –પ્રયાસને કડાકૂટ સમજે છે, તે અર્થજ્ઞાન કદી પણ મેળવી શકવાનો નહિ. પરિણામે તે અલ્પજ્ઞાની કે અજ્ઞાની જ રહેવાનો. શું આ પરિસ્થિતિ પસંદ કરવા યોગ્ય છે ?

અર્થનો પ્રકાશ મેળવવાની પદ્ધતિ એવી છે કે પ્રથમ સૂત્રનાં બધાં પદો છૂટા પાડવાં, પછી એ દરેક પદનો સામાન્ય અને વિશેષ અર્થ કરવો અને તે પરથી તેની અર્થસંકલના કરવી. છેવટે તેમાં રહેલા ભાવોને યથાર્થરૂપે બહાર લાવવા માટે યોગ્ય વિવેચન કરવું.

અહીં કોઈ એમ કહેતું હોય કે ' સામાન્ય અર્થથી કામ કેમ ન ચાલે ? સામાન્ય મનુષ્યોને માટે તો સામાન્ય અર્થ જ કામના છે. ' તો એ કથન ભૂલભરેલું છે. સૂત્રના સામાન્ય અર્થથી કામ ચાલતું નથી. એમાં તો ઘણી વાર વિચિત્ર સ્થિતિ ઉત્પન્ન થાય છે.

એક વાર એક યુવાનબંધુ અમારી પાસે આવ્યા. તેમણે જણાવ્યું : 'નમસ્કારમંત્રના છઠ્ઠા-સાતમા પદમાં એમ કહ્યું છે કે, 'एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो–આ પંચનમસ્કાર સર્વ પાપનો અત્યંત નાશ કરનારો છે.' પણ આ વાત મારા મગજમાં બેસતી નથી. જો આપણે પંચનમસ્કારનો પાઠ

બોલીએ તો આપણાં બધાં પાપોનો નાશ થાય ખરો ? જો પાપનાશનની ક્રિયા આટલી સરલ હોય તો આપણા શાસ્ત્રકાર ભગવંતો તે માટે અનેક જાતની તપશ્ચર્યાઓ અને અનેક જાતનાં અનુષ્ઠાનો શા માટે બતાવે ? હું પંચનમસ્કારનો પાઠ અનેક વાર બોલી ચૂકયો છું, પણ તેથી મારાં પાપોનો નાશ થયો હોય કે થઈ રહ્યો હોય, એવું જણાયું નથી, પછી અત્યંત નાશની તો વાત જ કયાં રહી ?'

અમે કહ્યું : ' નમસ્કારમંત્રના છઠ્ઠા–સાતમા પદમાં જે કહેવાયું છે, તે બરાબર કહેવાયું છે, પણ તમે એનો સામાન્ય અર્થ પકડીને બેસી ગયા છો અને વિશેષ અર્થ સમજવાનો પ્રયાસ કર્યો નથી, તેનું આ પરિણામ છે.'

તેમણે પૂછયું : 'તેનો વિશેષાર્થ શું છે ?' એટલે અમે આ પ્રમાણે ઉત્તર આપ્યો : ' આ પંચનમસ્કારની ક્રિયા શ્રદ્ધા, શુદ્ધિ અને વિધિપૂર્વક નિત્ય–નિયમિત કરવામાં આવે તો તેનાથી પાપનો નાશ થવા માંડે છે અને જ્યારે તે ઉત્કૃષ્ટ ભાવે થાય, ત્યારે પાપનો પૂર્ણ નાશ કરનારી બને છે.'

તેમણે કહ્યું : ' આ તો બરાબર લાગે છે. પણ આપણા કોઈ ધાર્મિક પુસ્તકમાં આવું સ્પષ્ટીકરણ જોવામાં આવ્યું નથી.' અમે કહ્યું : ' આપણે ત્યાં એ મોટી ખામી છે. ધાર્મિક સૂત્રો પર જે પ્રકારનાં વિવેચનો થવાં જોઈએ, તે થયાં નથી કે બહુ ઓછાં થયાં છે. આપણે પોતે સામાન્ય અર્થોથી ટેવાઈ ગયા છીએ, એટલે આ બધું ચાલ્યા કરે છે.'

એક પાઠકમિત્ર કહે છે કે, ' જો પરિસ્થિતિ આવી જ

હોય તો સામાન્ય અર્થ આપવા શા માટે? તેનો પ્રારંભ વિશેષાર્થથી જ કરવો.' પરંતુ આ કથન પરિસ્થિતિ સમજ્યા વિનાનું છે. સામાન્ય અર્થ વિશેષાર્થની ભૂમિકા પૂરી પાડે છે; તેથી તે જરૂરનો છે. આવી કોઈ ભૂમિકા વિના સીધો વિશેષાર્થ કરવામાં આવે તો એ પ્રતીતિજનક બની શકે નહિ; એટલે પ્રથમ સામાન્ય અર્થ અને પછી વિશેષાર્થ એ ક્રમ ઉચિત છે.

સામાન્ય અર્થ વ્યાકરણના આધારે કરી શકાય છે, પણ વિશેષાર્થ માટે શાસ્ત્ર અને પરંપરાનું જ્ઞાન આવશ્યક છે. વળી જૈન ધર્મે સાપેક્ષતાનો સિદ્ધાંત સ્વીકારેલો હોઈ સાપેક્ષવાદનો અભ્યાસ પણ જરૂરી છે. જે સાપેક્ષવાદને જાણતો નથી, તે જૈન સૂત્રોના અર્થને ન્યાય આપી શકતો નથી; પછી તે ભલે ગમે તેટલી ઉચ્ચકોટિનો વિદ્વાન હોય. કેટલા ય વિદ્વાનો જૈનધર્મનાં મંતવ્યો યથાર્થપણે સમજી શક્યા નથી, તેનું મુખ્ય કારણ સાપેક્ષવાદનું અજ્ઞાન છે.

આપણો સામાન્ય ખ્યાલ એવો છે કે એક વસ્તુ ટૂંકી હોય કે લાંબી હોય, પણ એકી સાથે ટૂંકી કે લાંબી ન હોય. એક વસ્તુ સારી હોય કે ખરાબ હોય, પણ એકી સાથે સારી કે ખરાબ ન હોય. તાત્પર્ય કે તેમાં એકી સાથે બે વિરોધી ધર્મો સંભવી શકે નહિ. પરંતુ સાપેક્ષવાદ કહે છે કે આપણો આ ખ્યાલ બરાબર નથી, તે સુધારવા જેવો છે. એક વસ્તુ એક દૃષ્ટિએ ટૂંકી હોય તો બીજી દૃષ્ટિએ લાંબી પણ હોય. દાખલા તરીકે બે વ્યક્તિઓને આપણે એવો

પ્રશ્ન પૂછીએ કે ' તમારી અનામિકા આંગળી (અંગૂઠાથી ત્રીજી) ટૂંકી છે કે લાંબી છે ?' તો સંભવ છે કે એક વ્યક્તિ તેને ટૂંકી કહેશે અને બીજી વ્યક્તિ તેને લાંબી કહેશે. જેણે અનામિકાની સરખામણી મધ્યમા એટલે વચલી આંગળી સાથે કરી, તેને એ ટૂંકી લાગી તેથી તેણે ટૂંકી કહી અને જેણે એ અનામિકાની સરખામણી કનિષ્ઠા એટલે ટચલી આંગળી સાથે કરી, તેને એ લાંબી લાગી તેથી તેણે લાંબી કહી. વાસ્તવમાં અનામિકા આંગળી સર્વથા ટૂંકી પણ નથી અને સર્વથા લાંબી પણ નથી, એટલે જેની સામે જે અપેક્ષા કે દૃષ્ટિબિંદુ હોય, તે પ્રમાણે તેનું વિધાન કરી શકે છે.

અહીં સાપેક્ષવાદ આપણને એવી સમજ આપે છે કે અનામિકા આંગળી ટૂંકી છે, એમ કહેવું એ અપેક્ષાએ સાચું છે અને અનામિકા આંગળી લાંબી છે, એમ કહેવું એ પણ અપેક્ષાએ સાચું છે, પરંતુ અહીં એમ કહેવામાં આવે કે અનામિકા આંગળી ટૂંકી જ છે અથવા અનામિકા આંગળી લાંબી જ છે, તો એ બંને વિધાનો અસત્ય છે, કારણ કે ત્યાં જ શબ્દનો પ્રયોગ કરવાથી તેના બીજા ગુણ-ધર્મોનો નિષેધ થાય છે કે જે અંતર્ગત તેમાં રહેલા છે. ઢાલની બે બાજુના દૃષ્ટાંતથી આ વસ્તુ સારી રીતે સમજી શકાશે.

## ઢાલની બે બાજુનું દૃષ્ટાંત

એક ગામના ગોંદરે કોઈ શૂરવીર પુરુષનું બાવલું ઊભું કરવામાં આવ્યું. તેના એક હાથમાં તલવાર અને બીજા

હાથમાં ઢાલ આપવામાં આવી. હવે એ ઢાલની એક બાજુ રૂપેરી રંગથી અને બીજી બાજુ સોનેરી રંગથી રંગવામાં આવી. કાલાંતરે ત્યાં બે પ્રવાસીઓ સામસામી દિશામાંથી આવી ચડયા અને તેને જોઈને પોતપોતાનો અભિપ્રાય પ્રકટ કરવા લાગ્યા.

એકે કહ્યું : 'આ ઢાલ રૂપેરી છે, તેથી સરસ લાગે છે.' બીજાએ કહ્યું : 'આ ઢાલ સોનેરી હોવાના કારણે સુંદર લાગે છે.' પહેલાએ કહ્યું : 'આ ઢાલ રૂપેરી જ છે, સમજ્યો ?' બીજાએ કહ્યું : 'એ સોનેરી હોવા વિષે કશી જ શંકા નથી.' પહેલાએ કહ્યું : 'જે આંધળો હોય તે જ રૂપેરીને સોનેરી કહે.' બીજાએ કહ્યું : 'જે બેવકૂફ હોય, તે જ સોનેરીને રૂપેરી કહે.' પહેલાએ કહ્યું : 'તને બોલવાનું ભાન નથી.' બીજાએ કહ્યું : 'તારા જેવા ગમારને બોલતાં આવડે છે જ કયાં ?' પહેલાએ કહ્યું : 'જીભ સમાલ.' બીજાએ કહ્યું : 'આવી જા. તારી ખબર લેવા હું તૈયાર જ છું.' અને ત્યાં ધમાચકડી મચી ગઈ.

એ તો સારું થયું કે એવામાં ત્યાં કેટલાક ડાહ્યા માણસો આવી પહોંચ્યા અને તેમના ઝઘડાનું કારણ જાણીને તેમની એક-બીજાના સ્થાને બદલી કરી. આથી પેલા બંને પ્રવાસીઓ સમજી ગયા કે આ ઢાલ તો રૂપેરી પણ છે અને સોનેરી પણ છે. આપણે નકામા વઢી પડયા. અને તેઓ શરમીંદા બની પોતપોતાના માર્ગે ચાલ્યા ગયા.

આપણા ધાર્મિક, સામાજિક તથા રાષ્ટ્રીય ઝઘડાઓ-

ના મૂલમાં પણ આ જ વસ્તુ હોય છે. 'બીજો પણ અમુક દૃષ્ટિએ સાચો હોઈ શકે.' 'તેના કહેવામાં પણ તથ્ય છે.' 'તેની વાત પણ સાંભળવી ઘટે.' આવા વિચારોને આપણે સ્થાન આપતા નથી, એટલે ઘર્ષણ થાય છે અને તેમાંથી ખૂબ મોટા ઝઘડાઓનાં મૂળ નંખાય છે. સાપેક્ષવાદનો સહુથી મોટો સાર એ છે કે 'આપણે બીજાની વાત સાંભળવા શીખવું અને તેમાં જે સત્ય જણાય, તેનો નિઃસંકોચ સ્વીકાર કરવો.' 'મારું એ જ સાચું.' 'હું કહું તે જ થાય.' 'મારી જ માન્યતા સાચી છે.' આવા વચનપ્રયોગોને જૈનધર્મ કે જૈન સંસ્કૃતિમાં સ્થાન નથી.

જ નો રોગ મટાડવા માટે લોકકવિઓએ જે વચનો કહ્યાં છે, તે પણ સાંભળવા–વિચારવા જેવાં છે.

**જેના મનમાં જે વસ્યું, તેને તે જ સુહાય;**
**દ્રાક્ષ તણો તજી માંડવો, કાગ લીંબોળી ખાય.**

'જેના મનમાં જે વાત વસી ગઈ હોય, તેને તે જ સારી લાગે છે. દ્રાક્ષનો માંડવો અને લીમડાનું ઝાડ પાસે પાસે રહેલા હોય તો કાગડો દ્રાક્ષના માંડવા પર ન બેસતાં લીમડાના ઝાડ પર બેસશે અને તેની લીંબોળીઓ ખાવામાં મજા માણશે, કારણ કે તેના મનમાં એ વાત વસી ગઈ છે કે દ્રાક્ષ કરતાં લીંબોળીનો સ્વાદ વધારે સારો હોય છે.'

જો તમે કાગડાને એમ કહો કે લીંબોળી કરતાં દ્રાક્ષનો સ્વાદ ઘણો સારો હોય છે, માટે લીમડો છોડીને દ્રાક્ષના

સ્તંભ પર બેસે, તો તે તેમને સૂર્ય માનવાનો અને ખાવી શિખામણ આપવા માટે તમારો તિરસ્કાર કરવાનો. તાત્પર્ય કે મનુષ્યના મનમાં એક પ્રકારની ગ્રંથિ બંધાઈ જાય છે, ત્યારે તે સત્યાસત્યનો નિર્ણય બાજુએ મૂકી પોતાને ઠીક લાગે તેમ જ વર્તવા લાગે છે.

**જેને ભાવે તે ભલું, નહિ સદ્ગુણ-વિચાર;**
**તજી ગજમુક્તા ભીલડી, પહેરે ગુંજા-હાર.**

'જે મનુષ્યને જે ભાવતું હોય—પસંદ હોય, તેને જ તે સારું માની લેવાનો. પછી તે એના ગુણ–દોષમાં ઉતરવાનો નહિ. વનમાં વિચરતી ભીલડીને હાથીના મસ્તકમાંથી ખરી પડેલાં મોતી મળી આવે છે (જ્યારે સિંહ હાથીનો શિકાર કરતાં તેના કુંભસ્થલ પર હુમલો કરી તેને ચીરી નાખે છે, ત્યારે આવી સ્થિતિ બને છે) પણ તે એનો હાર બનાવીને પહેરતી નથી, કારણ કે તેને ચણોઠીનો લાલરંગ પસંદ પડી ગયેલો છે. એ તો ચણોઠીનો હાર પહેરીને જ આનંદ માનવાની.' તાત્પર્ય કે મનુષ્યનું મન એક બાજુ વળી ગયું હોય તો એને બીજી બાજુ વાળવું ઘણું મુશ્કેલ છે. આમાં દલીલ કરતાં સહૃદયતાભરી સમજાવટ જ વધારે કામ લાગે છે. તાત્પર્ય કે લોગસ્સસૂત્રનો અર્થપ્રકાશ મેળવતી વખતે સાપેક્ષવાદના સિદ્ધાંતને લક્ષ્યમાં રાખવાનો છે અને મુખ્ય અર્થ ગૌણ ન બની જાય અને ગૌણ અર્થ મુખ્ય ન બની જાય, એ ખાસ જોવાનું છે.

લોગસ્સસૂત્રનો અર્થ શ્રી ભદ્રબાહુસ્વામીએ **આવશ્યકનિર્યુક્તિમાં,** શ્રી હરિભદ્રસૂરિએ **આવશ્યક-ટીકામાં** તથા **લલિતવિસ્તરાચૈત્યવંદનવૃત્તિમાં,** શ્રી હેમચંદ્રાચાર્યે **યોગશાસ્ત્રસ્વોપજ્ઞ વિવરણમાં,** વાદિવેતાલ શ્રી શાંતિસૂરિએ **ચેઇયવંદણ-મહાભાસમાં,** શ્રી દેવેન્દ્રસૂરિએ **દેવવંદન ભાષ્ય** તથા **વન્દારુવૃત્તિમાં,** શ્રી વર્ધમાનસૂરિએ **આચારદિનકરમાં** અને શ્રી માનવિજય ઉપાધ્યાયે **ધર્મસંગ્રહમાં** પ્રકાશેલા છે. વર્તમાન કાલે **શ્રી પ્રતિક્રમણસૂત્ર-પ્રબોધટીકાના પ્રથમ ભાગમાં** આ ગ્રંથના લેખકે પણ એ દિશામાં પ્રયત્ન કરેલો છે અને ત્યારબાદ શ્રી અમૃતલાલ કાલીદાસ શેઠે **લોગસ્સસૂત્ર-સ્વાધ્યાયમાં** લોગસ્સસૂત્રના અર્થ વગેરેને લગતી કેટલીક સામગ્રી એકત્ર કરેલી છે. લોગસ્સસૂત્રનો અર્થપ્રકાશ મેળવવા માટે આ બધી સામગ્રી ઉપયોગી છે.

# પ્રથમ ગાથાનો અર્થપ્રકાશ–૧

## [ લોક અને તેનો ઉદ્યોત ]

વિષયનિર્દેશરૂપ લોગસ્સસૂત્રની પ્રથમ ગાથા આ પ્રમાણે યોજાયેલી છે :

**लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।**
**अरिहंते कित्तइस्सं, चउवीसं पि केवली ॥ १ ।**

આ ગાથામાં નવ પદો આવેલાં છે, તેનો સામાન્ય અર્થ નીચે પ્રમાણે જાણવો :

### સામાન્ય અર્થ

लोगस्स–( लोकस्य )–લોકનો.

उज्जोअगरे–( उद्योतकरान् )–ઉદ્યોત કરનારાઓને.

धम्मतित्थयरे–( धर्मतीर्थकरान् )–ધર્મતીર્થકરોને, ધર્મતીર્થંકરોને. સંસ્કૃત ભાષામાં તીર્થકર અને તીર્થંકર એ બંને શબ્દોનો પ્રયોગ છે, જ્યારે ગુજરાતી–હિંદીમાં તીર્થંકર શબ્દનો ઉપયોગ વિશેષ પ્રમાણુમાં થાય છે.

जिणे–[ जिनान् ]–જિનોને.

अरिहंते–[ अर्हतः ]–અર્હંતોને, અરિહંતોને.

कित्तइस्सं–[ कीर्तयिष्यामि ]–કીર્તિશ, હું કીર્તન કરીશ.

चउवीसं–[ चतुर्विंशतिम् ]–ચોવીશને.

वि–[ अपि ]–પણ.

केवली–[ केवलिनः ]–કેવલીઓને, કેવલી ભગવંતોને.

## વિશેષાર્થ

लोगस्स–આ પદ છઠ્ઠી વિભક્તિના એકવચનમાં આવેલું છે. તેમાં મૂલ શબ્દ लोग છે. लोग એટલે लोक. તે સંબંધી અહીં વિશેષ વિચારણા કરવાની છે. 'लोक्यतेऽसौ लोकः–જે દેખાય તે લોક.' એ તેની સામાન્ય વ્યાખ્યા છે. આપણે જે કંઈ નજરે જોઈએ છીએ, તે લોક છે. પરંતુ આપણી નજરે તો બહુ થોડું દેખાય છે, એટલે ટીકાકારોએ ખુલાસો કર્યો છે કે 'लोक्यते प्रमाणेन दृश्यते इति भावः–પ્રમાણવડે જે દેખાય, જે સિદ્ધ થાય, તે લોક સમજવો.' લોકના પર્યાયશબ્દો અનેક છે. જેમકે–વિશ્વ, બ્રહ્માંડ, સૃષ્ટિ, જગત્, દુનિયા વગેરે. તેમાં વિશ્વ શબ્દ લોકના અર્થ સાથે સહુથી વધારે મળતો છે. બીજા શબ્દો વ્યવહારથી માન્ય થયેલા છે. અંગ્રેજી ભાષામાં તેનો અનુવાદ યુનિવર્સ Universe તરીકે કરવામાં આવે છે, તે એકંદર ઠીક છે.

લોક એટલે દ્રવ્યલોક, ક્ષેત્રલોક, કાલલોક અને ભાવ-લોક. તેમાં છ દ્રવ્યનો સમૂહ એ દ્રવ્યલોક છે, ચૌદ રાજનો

વિસ્તાર એ ક્ષેત્રલોક છે; ભૂત, વર્તમાન અને ભવિષ્યનો સમુચ્ચય એ કાલલોક છે અને ગુણો ( Ttributes ) તથા પર્યાયો ( Modifications )નો સમસ્ત સમુદાય એ ભાવ-લોક છે. તેમાં દ્રવ્યલોક અને ક્ષેત્રલોકનું સ્વરૂપ વિશેષ પ્રકારે સમજવા યોગ્ય છે, તેથી તે અંગે કેટલુંક વિવેચન કરીએ છીએ.

શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના અઠ્ઠાવીમા અધ્યયનમાં કહ્યું છે કે–

**धम्मो अहम्मो आगासं, कालो पुग्गल जंतवो ।**
**एस लोगोत्ति पण्णत्तो, जिणेहिं वरदंसिहिं ॥**

'(૧) ધર્મ, (૨) અધર્મ, (૩) આકાશ, (૪) કાલ, (૫) પુદ્ગલ અને (૬) જીવ એટલે આત્મા, એ છ દ્રવ્યના સમૂહને શ્રેષ્ઠદર્શનવાળા જિનોએ લોક કહેલો છે.'

તાત્પર્ય કે ધર્મ એક પ્રકારનું દ્રવ્ય છે, અધર્મ પણ એક પ્રકારનું દ્રવ્ય છે, આકાશ પણ એક પ્રકારનું દ્રવ્ય છે, કાલ પણ એક પ્રકારનું દ્રવ્ય છે, પુદ્ગલ પણ એક પ્રકારનું દ્રવ્ય છે અને જીવ કે આત્મા પણ એક પ્રકારનું દ્રવ્ય છે. આ છ દ્રવ્યો વડે સમસ્ત વિશ્વનો વ્યવહાર ચાલે છે, તેને આપણે લોક સમજવાનો છે. આ દ્રવ્યોનો ટૂંકમાં પરિચય કરી લઈએ.

(૧) **ધર્મ** એટલે પોતાના સ્વભાવથી ગતિ કરી રહેલા પુદ્ગલ અને આત્માને સહાય આપનારું દ્રવ્ય.

માછલીમાં તરવાની શક્તિ રહેલી છે, પરંતુ પાણી વિના તે તરી શકતી નથી. તાત્પર્ય કે તેને તરવા માટે પાણીના માધ્યમ ( Mediam )ની જરૂર રહે છે. તે જ રીતે પુદ્ગલ અને આત્મા ગતિ કરવામાં સમર્થ હોવા છતાં તેમને ગતિ કરવા માટે ધર્મરૂપી માધ્યમની જરૂર રહે છે. આજના વૈજ્ઞાનિકોની ઈથિરની શોધ લગભગ આને મળતી જ છે.

(૨) **અધર્મ** એટલે સ્વભાવથી સ્થિર થનારા પુદ્ગલ અને આત્માને સહાય કરનારું દ્રવ્ય. સ્થિર થવાની શક્તિ-વાળા મનુષ્યને સ્થિર થવામાં શય્યા, આસન વગેરે સહાય-ભૂત થાય છે, તે રીતે અધર્મદ્રવ્ય પુદ્ગલ તથા આત્માને સ્થિર થવામાં સહાયભૂત થાય છે.

તાત્પર્ય કે આ લોકમાં ગતિ અને સ્થિતિ બંને જોવા માં આવે છે, તેમાં ધર્મ અને અધર્મ દ્રવ્યો અદૃશ્યપણે સહાય કરે છે.

કેટલાક જૈનેતર વિદ્વાનો કે જેમણે જૈન ધર્મનો ઉપરછલો અભ્યાસ કર્યો છે, તે આ ધર્મ અને અધર્મ શબ્દથી ભારે ગોટાળામાં પડી ગયા છે. તેઓ કહે છે: ‘ જૈનો ધર્મને માને છે, એ તો ઠીક છે, પણ તેઓ અધર્મને શા માટે માને છે ? એક બાજુ તેઓ અધર્મનું ફલ દુઃખ માને છે અને બીજી બાજુ તેનો તત્ત્વ તરીકે સ્વીકાર કરે છે, એ ખરેખર ! ઘણું વિચિત્ર છે ! ’ જો તેઓ એટલું સમજ્યા હોત કે આ તો જૈનોના દ્રવ્યાનુયોગની પરિભાષા

છે, તો આવો છબરડો વળત નહિ, પણ એટલા ઊંડા ઉતરવાની કોને પડી છે ?

(૩) **આકાશ** એટલે અવકાશ અથવા પોલાણ. તેનો ગુણ અવગાહન છે, એટલે કે બીજી વસ્તુઓને પોતાની અંદર સ્થાન આપવાનો છે. ધર્મ, અધર્મ, કાલ, પુદ્ગલ અને આત્મા આ બધાં યે દ્રવ્યો આકાશમાં જ રહેલાં છે. અન્ય શબ્દોમાં કહીએ તો સમસ્ત લોક આકાશમાં અવસ્થિત છે. આપણે પણ તેમાં આવી ગયા. જો આપણી આસપાસ આકાશ ન હોય તો આપણે હલન–ચલનાદિ કોઈ પણ પ્રકારની પ્રવૃત્તિ કરી શકીએ નહિ. આકાશના અવકાશ-નો–પોલાણનો વધારે સ્પષ્ટ ખ્યાલ ગગનમંડલ તરફ નજર નાખવાથી આવે છે. આકાશને માટે અંગ્રેજી ભાષામાં સ્પેસ ( Space ) શબ્દ યોજાયેલો છે.

આકાશદ્રવ્ય સ્વરૂપથી એક ને સળંગ હોવા છતાં વ્યવહારથી તેના બે ભેદો ગણાય છેઃ એક લોકાકાશ, બીજું અલોકાકાશ. આકાશના જેટલા ભાગમાં લોક વ્યાપેલો છે, તે લોકાકાશ અને જ્યાં માત્ર આકાશ જ વ્યાપેલું છે, તે અલોકાકાશ. તાત્પર્ય કે લોકની બહાર માત્ર આકાશ જ વ્યાપેલું છે અને તેને આપણે અલોકાકાશ સમજવાનું છે. લોકનો વિસ્તાર અબજો માઇલ હોવા છતાં તેને મર્યાદા છે, જ્યારે અલોકને કોઈ મર્યાદા જ નથી, તેથી અલોકાકાશ-ને અનંત કહેવામાં આવ્યું છે. જેનો કોઈ અંત નથી,

છેડો નથી, મર્યાદા નથી, તે અનંત. આજના વૈજ્ઞાનિકોએ પણ આકાશને અનંત જ માનેલું છે.

(૪) **કાલ** એટલે સમય( Time ). આ દ્રવ્યને લીધે આપણને વસ્તુની વર્તનાનો ખ્યાલ આવે છે. જેમકે—આ વસ્તુ હતી, છે, હશે. કાલ વિના વસ્તુની પ્રાચીનતા–અર્વાચીનતાનો ખ્યાલ આવી શકે નહિ.

(૫) **પુદ્ગલ** એટલે પૂરણ અને ગલન સ્વભાવવાળું અણુ અને સ્કંધરૂપ વર્ણાદિ ગુણોથી યુક્ત દ્રવ્ય. પૂરણ એટલે ભેગા થવું કે એકબીજાની સાથે જોડાવું અને ગલન એટલે છૂટા પડવું. વર્ણાદિ ગુણો એટલે વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શબ્દ. આ પુદ્ગલ દ્રવ્યને વૈજ્ઞાનિકોએ 'મેટર' ( Matter )ની સંજ્ઞા આપેલી છે. બધી દૃશ્ય વસ્તુઓ આ પુદ્ગલની જ લીલા છે. ધર્મ અને અધર્મ દ્રવ્યને આપણે નજરે જોઈ શકતા નથી. આકાશને કોઈ પણ રંગ-રૂપ નહિ હોવાથી તે પણ દૃષ્ટિનો વિષય બની શકતું નથી. તેમાં જે વાદળી રંગ દેખાય છે, તે આપણી દૃષ્ટિક્રિયાને આભારી છે. સવાર–સાંજ તેમાં નજરે પડતાં વિવિધ રંગો એ તેમાં રહેલી પૌદ્ગલિક વસ્તુઓનું એક પ્રકારનું પરિણામ છે. આકાશમાં અનેક પ્રકારના વાયુ, રજ તથા જલના કણો વગેરે હોય છે. કાલ પણ ચક્ષુ વડે જોઈ શકાતો નથી. આત્માનું પણ તેમ જ છે.

(૬) **આત્મા**—તેનું મુખ્ય લક્ષણ ચેતના કે ચૈતન્ય છે. ઉપયોગ, અનાદિનિધનતા, શરીરપૃથક્ત્વ, કર્મભોક્તૃત્વ

આદિ બીજાં ઘણાં લક્ષણો તેમાં રહેલા છે. બુદ્ધિ, કલ્પના, સ્મૃતિ, જ્ઞાન, વિજ્ઞાન, આનંદ એ બધું આત્માને લીધે જ સંભવે છે. જો આત્મા ન હોય તો આ લોક—આ વિશ્વ પાંચ જડ વસ્તુઓનો જમેલો જ હોય, અને તેમાં જીવસૃષ્ટિ કે જીવનને લગતો કોઇ પણ પ્રકારનો વ્યવહાર ન હોય.

આ છ દ્રવ્યોની સંખ્યામાં કે કદમાં વૃદ્ધિ યા હાનિ થતી નથી. તે છે તેવાજ સ્વરૂપે સદાકાલ રહે છે. અલબત્ત, તેના પર્યાયોમાં ફેરફાર થયા કરે છે.

આ છ દ્રવ્યો પૈકી કાલ સિવાયનાં બધાં દ્રવ્યોને 'અસ્તિકાય' કહેવામાં આવે છે. અસ્તિ એટલે પ્રદેશ અને કાય એટલે સમૂહ. તાત્પર્ય કે જેમાં પ્રદેશના સમૂહનો ખ્યાલ આવી શકે, એટલે કે જેની લંબાઈ—પહોળાઈ—ઊંચાઈ સંબંધી કલ્પના કરી શકાય, તેને અસ્તિકાય સમજવાં. કાલમાં પ્રદેશના સમૂહનો ખ્યાલ આવી શકતો નથી, એટલે કે તેની લંબાઇ—પહોળાઇ—ઊંચાઈ અંગે કોઈ કલ્પના થઈ શકતી નથી, એટલે તેને અસ્તિકાયની સંજ્ઞા લાગુ પડતી નથી. પાંચ અસ્તિકાયના સમૂહને 'પંચાસ્તિકાય' કહેવામાં આવે છે.

કેટલાક કહે છે કે લોકને પંચાસ્તિકાયાત્મક સમજવો, પરંતુ એમ કરતાં કાલદ્રવ્ય બાદ થઈ જાય છે, તેનું શું ? જૈન શાસ્ત્રોમાં તો કાલલોકનો વિચાર થયેલો છે, એટલે લોકને પંચાસ્તિકાયાત્મક કહેવો તેના કરતાં ષડ્દ્રવ્યાત્મક કહેવો એ જ વધારે યોગ્ય છે. કેટલાકના મતે કાલ એ દ્રવ્ય ભલે ન હોય, પણ જ્યારે ઉત્તરાધ્યયનસૂત્ર જેવા આગમ-

ગ્રંથમાં તેની એક દ્રવ્ય તરીકે ગણના થયેલી છે, ત્યારે તેની ઉપેક્ષા કરી શકાય નહિ.

જૈન શાસ્ત્રો કહે છે કે આ લોક ચૌદ રાજપ્રમાણ ઊંચો છે અને કેડે હાથ દઈને ઊભેલા પુરુષના જેવા આકારવાળો છે, તેને સામાન્ય રીતે ચૌદ રાજલોક કહેવામાં આવે છે. આ રાજનું માપ ઘણું મોટું હોવાથી તે ગજ કે ગાઉથી કહી શકાય એવું નથી, એટલે તેનો ખ્યાલ ઉપમાનથી આપવામાં આવ્યો છે. જેમકે એક-નિમિષમાત્રમાં-આંખના પલકારામાં એક લાખ યોજન જનારો દેવ છ માસમાં જેટલું અંતર કાપે, તેને એક રાજ સમજવું. અથવા ૩, ૮૧, ૨૭, ૯૭૦ મણનો એક ભાર, એવા હજાર ભાર મણના લોખંડના તપાવેલા ગોળાને આકાશમાં ફેંકવામાં આવે અને તે ૬ માસ, ૬ દિવસ, ૬ પહોર, ૬ ઘડી અને ૬ સમયમાં જેટલું અંતર કાપે, તેને એક રાજ સમજવું. આ ઉપમાન સાંભળીને ભડકશો નહિ. આજના વૈજ્ઞાનિકો પણ ગ્રહ-તારા વગેરેની ઊંચાઈ બતાવવા પ્રકાશવર્ષ જેવા ઉપમાનોનો જ ઉપયોગ કરે છે કે જેની સંખ્યા ઘણી જ મોટી છે. જ્યાં અંકસંખ્યા ઓછી પડતી હોય, ત્યાં ઉપમા વિના કામ ચાલે જ નહિ. વર્તમાન ભાષામાં કહીએ તો આ લોક અબજો કીલોમીટરમાં વિસ્તરેલો છે.

જૈન શાસ્ત્રોમાં ચૌદ રાજલોકનું વર્ણન થયેલું છે. તેનો સાર એ છે કે સાત રાજથી કંઈક અધિક ભાગમાં અધોલોક આવેલો છે અને સાત રાજથી કંઈક ઓછા ભાગમાં

ઊર્ધ્વલોક આવેલો છે. વચ્ચેના ૯૦૦ યોજનનો ભાગ જે નીચેથી રાજનો ક્રમ ગણતાં આઠમા રાજમાં આવે છે, તેમાં તિર્યગ્લોક આવેલો છે. આપણે સામાન્ય રીતે અધોલોકને પાતાળ, તિર્યગ્લોકને મર્ત્યલોક અને ઊર્ધ્વલોકને સ્વર્ગ કહીએ છીએ.

આ ત્રણ લોકના સમૂહને ત્રિલોક કહેવામાં આવે છે, પણ તેને ચૌદ રાજલોકના જ ત્રણ ભાગો સમજવાના છે.

ચૌદ રાજલોકમાં ગોઠવાયેલી વસ્તુઓનો ક્રમ શાસ્ત્રોમાં નીચે પ્રમાણે જણાવેલો છે: સૌથી ઉપર સિદ્ધશિલા છે, એટલે કે સિદ્ધ પરમાત્માઓને વસવાનું સ્થાન છે; તેની નીચે પાંચ અનુત્તર વિમાનો, તેની નીચે નવ ગ્રૈવેયક, તેની નીચે સામ સામે આવેલા બાર દેવલોક, તેની નીચે જ્યોતિષચક્ર એટલે સૂર્ય–ચંદ્ર–ગ્રહ–નક્ષત્ર–તારા અને તેની નીચે મર્ત્યલોક આવેલો છે.

તેની નીચે અનુક્રમે વ્યંતર, વાણવ્યંતર, તથા ભુવનપતિ દેવોનાં નિવાસસ્થાન છે અને તેની નીચે ઘર્મા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા અને માઘવતી નામના વિભાગો છે કે જેમાં સાત નરકો આવેલાં છે. ઘર્મામાં પહેલી નરક અને માઘવતીમાં સાતમી નરક એ તેનો ક્રમ છે.

આજના વૈજ્ઞાનિકો આ વસ્તુનો સ્વીકાર કરતા નથી, પણ તેઓ જે કંઈ કહે છે, તે પણ પાશેરામાં પહેલી પૂણી જેવું જ છે. તેમનાં મંતવ્યો કાલાંતરે બદલાયાં છે અને હજી બદલાતાં જ રહે છે, એટલે માત્ર તેના પર આધાર રાખીને

આપણા શાસ્ત્રીય મંતવ્યોને નિરાધાર કે અસત્ય માની લેવા એ યોગ્ય નથી. અહીં એ પણ જણાવી દઈએ કે વૈજ્ઞાનિક સંશોધનો ગમે તેટલાં આગળ વધે તો પણ આપણા દ્રવ્યાનુયોગને એટલે કે દ્રવ્યને લગતા સિદ્ધાંતોને અસત્ય ઠેરવી શકે એમ નથી.

તત્પર્ય કે અહીં લોક શબ્દથી **ષડ્દ્રવ્યાત્મક ચૌદરાજ પ્રમાણ લોક સમજવાનો છે.**

उज्जोअगरे–આ પદ બીજી વિભક્તિના બહુવચનમાં આવેલું છે. તેમાં મૂલ શબ્દ उज्जोअगर છે. उज्जोअगर એટલે ઉદ્યોતકર. જે ઉદ્યોતને કરે તે ઉદ્યોતકર કહેવાય. ઉદ્યોત એટલે પ્રકાશ, પ્રભા, અજવાળું. તાત્પર્ય કે ઉદ્યોતકર નો અર્થ પ્રકાશ કરનાર કે પ્રકાશ ફેલાવનાર થાય છે.

આ જગતમાં પ્રકાશ કરનારી વસ્તુઓ ઘણી છે. જો જંતુસૃષ્ટિ તરફ નજર કરીએ તો આગિયો પ્રકાશ કરનારો છે. અંધારી રાતે તે આકાશમાં ઉડતો હોય, ત્યારે પ્રકાશમાન તણખા જેવો લાગે છે. દરિયામાં અનેક પ્રકારની માછલીઓ થાય છે. તેમાં કેટલીક માછલીઓ પ્રકાશ કરનારી હોય છે. તે તરતી હોય ત્યારે પ્રકાશના લીસોટા પડે છે. ચંદ્રકાંતમણિ અને સૂર્યકાંતમણિ પ્રકાશ કરનારા હોય છે. દીપક તેલનો હોય, ઘીનો હોય કે વીજળીનો હોય, પણ તે પ્રકાશ કરે છે. સર્ચલાઈટો તેમના પ્રકાશ માટે જાણીતી છે. આકાશમાં ટમટમતા તારા પણ પ્રકાશકરની ગણતરીમાં આવે છે. પરંતુ પ્રકાશકરની ખરી ખ્યાતિ તો ચંદ્ર અને સૂર્યને પ્રાપ્ત થયેલી છે. તેમનો પ્રકાશ હજારો કીલોમીટરનું

અંતર વટાવીને આપણી પૃથ્વી સુધી પહોંચે છે. જો ચંદ્ર કે સૂર્ય એ બેમાંથી કોઈનો પ્રકાશ આપણને પ્રાપ્ત થતો ન હોય તો આપણે આ પૃથ્વીનો કોઈ પણ ભાગ જોઈ શકીએ નહિ અને તેથી જીવન જીવવા જેવું રહે નહિ. આપણે વર્ષો સુધી અંધારી કોટડીમાં રહેવાનો વખત આવે તો કેવું લાગે? એ વિચારી જુઓ.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે ચંદ્ર–સૂર્ય મહાન પ્રકાશકરની ખ્યાતિ પામેલા છે, પણ તે મર્યાદિત ક્ષેત્રમાં જ પ્રકાશ કરે છે. તેમનો પ્રકાશ સમસ્ત લોકના સોમા ભાગમાં પણ પહોંચતો નથી. અહીં પ્રશ્ન થવો સ્વાભાવિક છે કે 'તો પછી સમસ્ત લોકને પ્રકાશિત કરી શકે એવી કોઈ વસ્તુ આ લોકમાં ખરી?' તેનો ઉત્તર જૈન શાસ્ત્રકારોએ આપ્યો છે. તેઓ કહે છે કે 'આ લોકમાં બે જાતના પ્રકાશો છે: એક પુદ્ગલ–પરિણામી અને બીજો આત્મ–પરિણામી. તેમાં પુદ્ગલ–પરિણામી પ્રકાશ લોકના અમુક ભાગને જ પ્રકાશિત કરી શકે છે, જ્યારે આત્મ–પરિણામી પ્રકાશ સમસ્ત લોકને પ્રકાશિત કરી શકે છે.'

**ઉત્તરાધ્યયનસૂત્રના** અઠ્ઠાવીશમા અધ્યયનમાં કહ્યું છે કે—

**सद्दंधयार उज्जोओ, पहा छायाऽऽतवेइ वा ।**
**वण्ण–रस–गंध–फासा, पुग्गलाणं तु लक्खणं ॥**

'શબ્દ, અંધકાર, ઉદ્યોત, પ્રભા (કાંતિ), છાયા, આતપ,

વર્ણ, રસ, ગંધ અને સ્પર્શ એ પુદ્ગલનાં લક્ષણો છે.' તાત્પર્ય કે પુદ્ગલનું પરિણમન અમુક સંયોગોમાં ઉદ્યોતનું રૂપ ધારણ કરે છે, કે જેને સામાન્ય રીતે આપણે પ્રકાશ સમજીએ છીએ. આગિયાનું શરીર એવા પુદ્ગલોથી રચાયું છે કે તે પ્રકાશ આપે છે. મણિ વગેરેની રચના એવા પુદ્ગલોથી થઈ છે કે તે પ્રકાશવંત બને છે. દીપક વગેરેનો પ્રકાશ પણ પુદ્ગલની વિશિષ્ટ રચનાને આભારી છે. ચંદ્ર તથા સૂર્યનાં વિમાનો ઘણો પ્રકાશ આપે છે, તે પણ પુદ્ગલની વિશિષ્ટ રચનાનું જ પરિણામ છે.

હવે આત્મ–પરિણામી પ્રકાશની વાત કરીએ. આત્માના મૂલભૂત ગુણોનો વિકાસ થતાં જે જ્ઞાન પ્રકટે છે, તેને આત્મ–પરિણામી પ્રકાશ કહેવાય છે. જ્ઞાનવડે વસ્તુને જાણી શકાય છે, તેના સ્વરૂપનો બોધ કરી શકાય છે, એટલે તેને પ્રકાશ કહેવામાં આવ્યો છે. આજે કોઈ પણ જ્ઞાનપ્રદ સંસ્થા, સત્ર કે સમારોહનું ઉદ્ઘાટન દીપક પ્રકટાવીને કરવામાં આવે છે, કારણ કે જ્ઞાન એ પ્રકાશરૂપ છે.

જૈન શાસ્ત્રોમાં જ્ઞાનના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવલ, એવા પાંચ પ્રકારો જણાવેલા છે અને તેનું વિસ્તૃત વર્ણન કરેલું છે. તેમાં કેવલજ્ઞાનને શ્રેષ્ઠ માનવામાં આવ્યું છે, કારણ કે તેના વડે સર્વ વસ્તુના સર્વ ભાવો પ્રકાશી શકાય છે. તીર્થંકરદેવોએ આવું કેવલજ્ઞાન પ્રાપ્ત કરેલું છે, તેથી તેઓ લોકના સ્વરૂપનો સંપૂર્ણ પ્રકાશ કરી શકે છે.

શાસ્ત્રોમાં એક જગાએ પ્રશ્ન પૂછાયો છે કે 'તીર્થંકરો લોકનો ઉદ્યોત શી રીતે કરે છે?' તેના ઉત્તરમાં એમ કહેવાયું છે કે તેઓ 'उपपन्नेइ वा, विगमेइ वा, धुवेइ वा,' એટલે ઉત્પન્ન પણ થાય છે, વ્યય પણ પામે છે અને ધ્રુવ પણ રહે છે,' એ ત્રિપદી વડે કરે છે. આનો અર્થ એ છે કે આ વિશ્વ કેટલાક માને છે તેમ માત્ર કલ્પના નથી, પણ સત્ છે અને તે ઉત્પન્ન થવાના, નાશ પામવાના અને છતાં કાયમ રહેવાના સ્વભાવથી યુક્ત છે. તેમાં ઉત્પત્તિ અને નાશ પર્યાયને આધીન છે અને ધ્રૌવ્ય–ધ્રુવપણું ગુણને આધીન છે.'

પરંતુ તીર્થંકરો આટલું કહીને જ બેસી રહેતા નથી. આ તો તેમણે લોકનું સ્વરૂપ સમજવાની ચાવી બતાવી. તેઓ તીર્થંકરકાલ દરમિયાન સતત દેશના દેતા જ રહે છે અને તેમાં લોકનું સ્વરૂપ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવથી પ્રકાશતા રહે છે. તેથી જ તેમને लोगस्स उज्जोअगरे **એટલે ષડ્દ્રવ્યાત્મક ચૌદરાજ પ્રમાણ લોકનું સંપૂર્ણ સ્વરૂપ પ્રકાશનારા** કહ્યા છે.

અહીં કોઈ પાઠકમિત્ર એવો પ્રશ્ન કરશે કે 'શું તીર્થંકરો લોકનું જ સ્વરૂપ પ્રકાશનારા છે? અલોકનું નહિ?' તેનો ઉત્તર એ છે કે 'આકાશદ્રવ્યનું વર્ણન–વિવેચન કરતાં અલોકાકાશનું સ્વરૂપ આવી જ જાય છે, એટલે તેઓ અલોકના સ્વરૂપનો પણ પ્રકાશ કરનારા છે, પણ ખરું મહત્ત્વ લોકના સ્વરૂપ–પ્રકાશનું હોઈ તેમને લોકનું સ્વરૂપ પ્રકાશનારા કહ્યા છે.'

હવે થોડું પ્રશ્નોત્તરીરૂપે.

**પ્રશ્ન** :–અર્હંત્‌કેવલીઓએ લોકનું જે સ્વરૂપ પ્રકાશ્યું છે, તેમાં કોઈ ભૂલ તો રહી ગઈ નહિ હોય ?

**ઉત્તર** :—છદ્મસ્થો ભૂલને પાત્ર છે, કેવલી ભગવંતો ભૂલને પાત્ર નથી, એટલે અર્હંત્‌કેવલીઓએ લોકનું જે સ્વરૂપ પ્રકાશ્યું છે, તેમાં કોઈ ભૂલ હોવા સંભવ નથી.

**પ્રશ્ન** :—શું અર્હંત્ કેવલીઓ સર્વજ્ઞ અને સર્વદર્શી હોય છે ? કેટલાક કહે છે કે સર્વજ્ઞતા શક્ય જ નથી, તેનું શું ?

**ઉત્તર** :—બધા કેવલીઓ સર્વ વસ્તુના સર્વભાવો જાણનારા અને જોનારા હોવાથી સર્વજ્ઞ અને સર્વદર્શી હોય છે. જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીય કર્મના સંપૂર્ણ ક્ષયથી આવી સર્વજ્ઞતા અને સર્વદર્શિતા પ્રાપ્ત થાય છે. કેટલાકના ગળે આ વાત ઉતરતી ન હોય, તેથી તે ખોટી ઠરતી નથી. ભૂતકાલમાં આ વિષય પર ભારે વાદવિવાદો થયેલા છે અને તેમાં સર્વજ્ઞતાની સિદ્ધિ થયેલી છે, એટલે આપણે તેનો એક સિદ્ધ હકીકત તરીકે સ્વીકાર કરવાનો છે.

**પ્રશ્ન** :—આ લોકની રચના કોણે કરેલી છે?

**ઉત્તર** :—આ લોકની રચના કોઈએ કરેલી નથી. એ તો એક સ્વયંસંચાલિત તંત્ર છે, એટલે કે અનાદિકાલથી પોતાની મેળે ચાલ્યું આવે છે અને અનંત ભવિષ્યકાલમાં પણ એ જ રીતે ચાલ્યા કરશે.

**પ્રશ્ન** :—રચના કરનાર સિવાય રચના શી રીતે થાય?

**ઉત્તર** :—જો રચના કરનાર વિના રચના ન થાય, એમ માનીએ તો એ રચના કરનારનો રચનાર પણ માનવો પડશે. એ રીતે આ સાંકળ એટલી આગળ લંબાતી જશે કે તેનો છેડો જ નહિ આવે. એટલે મૂળભૂત દ્રવ્યોની રચના કોઈએ કરેલી નથી, તે અનાદિકાલીન છે, એમ માનવું જ યુક્તિસંગત છે. આપણે જેને રચના કે ઉત્પત્તિ કહીએ છીએ, તે વાસ્તવમાં કોઈ પુરાણી વસ્તુનું સ્વરૂપ–પરિવર્તન હોય છે, પણ તે સર્વથા નવી હોતી નથી.

**પ્રશ્ન** :—આ લોકનો પ્રલય થશે ખરો?

**ઉત્તર** :—આ લોકના કોઈ એક ભાગનો પ્રલય સંભવી શકે છે, પણ તેનો સર્વથા પ્રલય સંભવિત નથી. આપણે જે ભાગનો પ્રલય થયો માનીએ છીએ, તે વાસ્તવમાં અન્ય કોઈ સ્વરૂપ ધારણ કરતો હોય છે, પણ સર્વથા નાશ પામતો નથી.

**પ્રશ્ન**:—કેટલાક વિદ્વાનો પ્રલયની આગાહીઓ કરે છે, તેનું કેમ?

**ઉત્તર** :—છેલ્લાં ત્રીશ–ચાલીશ વર્ષમાં કેટલાક વિદ્વાનો દ્વારા એક કે બે વાર પ્રલયની આગાહી થઈ હતી, પણ તે સાચી પડી નથી, એટલે આ જાતની આગાહીઓ પર વિશ્વાસ રાખવો એ સરાસર ભૂલ છે. તમે પ્રલયની બીક રાખ્યા વિના નિર્ભયતાથી જીવતા શીખો.

**પ્રશ્ન** :—કેટલાક વિદ્વાનોએ કરેલી પ્રલયની આગાહી ભલે ખોટી પડી, પણ આ દુનિયામાં અણુયુદ્ધ ફાટી નીકળે તો તેનો પ્રલય થાય કે નહિ?

**ઉત્તર** :—આ દુનિયામાં અણુયુદ્ધનો ભય ઝઝુમ્યા કરે છે, પણ અણુયુદ્ધ થવાનું નથી, કારણ કે તે કોઈને ય પરવડે એવું નથી, લાભકારક થાય એવું નથી. છતાં માની લઈએ કે અણુયુદ્ધ થશે તો એ દુનિયાના અમુક ભાગનો અમુક રીતે નાશ કરી શકશે, પણ સર્વથા નાશ કરી શકશે નહિ. કદાચ આ દેખાતી દુનિયા નાશ પામશે તો તેમાંથી નવી દુનિયા રચાશે, પણ તેથી લોકના મૂલસ્વરૂપમાં કશો ફેરફાર થશે નહિ.

[ ૧૦ ]

# પ્રથમ ગાથાનો અર્થપ્રકાશ–૨

## [ ધર્મતીર્થંકર ]

ગત પ્રકરણમાં પહેલા બે પદોનું અર્થવિવેચન પૂરું થયું. હવે धम्मतित्थयरे પદ પર આવીએ અને તેનો અર્થપ્રકાશ મેળવવાનો પ્રયત્ન કરીએ.

धम्मतित्थयरे–આ પદ બીજી વિભક્તિના બહુવચનમાં આવેલું છે. તેમાં મૂલ શબ્દ धम्मतित्थयर છે. धम्मतित्थयर એટલે ધર્મતીર્થંકર. આજનો અતિ પ્રચલિત તીર્થંકર શબ્દ તેનું જ ટૂંકું રૂપ છે. સૂત્રની પાંચમી ગાથામાં तित्थयर શબ્દ વડે એ સૂચન થયેલું છે. **આવશ્યકટીકામાં** ધર્મ-તીર્થંકર શબ્દનો અર્થ બે રીતે કરવામાં આવ્યે છેઃ એક તો 'ધર્મ એ જ તીર્થ, તે ધર્મતીર્થ, અને તેનું પ્રવર્તન કરનાર તે ધર્મતીર્થંકર.' બીજો 'ધર્મપ્રધાન એવું જે તીર્થ, તે ધર્મતીર્થ, અને તેનું પ્રવર્તન કરનાર તે ધર્મતીર્થંકર.' ' धर्म एव तीर्थं धर्मतीर्थं धर्मप्रधानं वा तीर्थं धर्मतीर्थं तत्करण-

शीलान् धर्मतीर्थंकरान् ।' આ બંનેનો વિશેષાર્થ આપણે વિચારવાનો છે.

'ધર્મ એ જ તીર્થ' એમ માનવાનું કારણ એ છે કે તેના વડે સંસારસાગર તરી શકાય છે. 'જેના વડે તરાય, તે તીર્થ.' એ તેની પ્રસિદ્ધ વ્યાખ્યા છે. અહીં કદાચ પ્રશ્ન થશે કે 'આ જગતમાં તો અનેક પ્રકારના ધર્મો છે, શું તે બધા સંસારસાગર તરવાનું સાધન બની શકે એવા છે?' તેનો ઉત્તર એ છે કે 'જે સુધર્મ હોય તે સંસારસાગર તરવાનું સાધન બની શકે છે.' અહીં કદાચ ફરી પ્રશ્ન થશે કે 'સુધર્મ કોને સમજવો?' તેનો ઉત્તર એ છે કે 'જે ચતુર્વિધ પરીક્ષામાંથી પાર ઉતરે, તેને સુધર્મ સમજવો. તે અંગે શાસ્ત્રકારોએ કહ્યું છે કે—

यथा चतुर्भिः कनकं परीक्ष्यते,
निघर्षण-च्छेदन-ताप-ताडनैः ।
तथैव धर्मो विदुषा परीक्ष्यते,
श्रुतेन शीलेन तपोदयागुणैः ॥

'જેમ સોનાની પરીક્ષા નિઘર્ષણ, છેદન, તાપ અને તાડન, એ ચાર પ્રકારે થાય છે, તેમ ધર્મની પરીક્ષા વિદ્વાનો વડે શ્રુત, શીલ, તપ અને દયા એ ચાર ગુણો વડે થાય છે.'

નિઘર્ષણ એટલે કસોટીના પત્થર પર કસીને જોવાની ક્રિયા. છેદન એટલે છીણી વડે કાપીને જોવાની ક્રિયા. તાપ એટલે અગ્નિમાં તપાવીને જોવાની ક્રિયા અને તાડન એટલે

હથોડા વડે ટીપીને જોવાની ક્રિયા. આ ચાર ક્રિયાઓ અજમાવતાં સોનું સાચું છે કે નહિ? એની ખબર પડી જાય છે; તેમ શ્રુત, શીલ, તપ અને દયાના ધોરણે ધર્મની પરીક્ષા કરવામાં આવે તો તે સુધર્મ છે કે કુધર્મ? એની ખબર જરૂર પડી જાય છે.

શ્રુતના ધોરણે ધર્મની પરીક્ષા કરવી, એટલે તેનાં શાસ્ત્રો તપાસી જોવાં. જો તેનાં શાસ્ત્રો પ્રામાણિક, અવિસંવાદી એટલે પરસ્પર વિરોધ વિનાનાં અને જ્ઞાની મહાપુરુષોનાં રચેલાં હોય તો એ ધર્મને સુધર્મ—સારો ધર્મ સમજવો, અન્યથા તેની ખતવણી કુધર્મ—કુત્સિત ધર્મમાં કરવી.

શીલના ધોરણે ધર્મની પરીક્ષા કરવી, એટલે તેમાં વ્રત, નિયમો તથા ચારિત્રઘડતર અંગે કેવાં વિધાનો કરેલાં છે, તે જોવું. જો તેમાં વ્રત, નિયમો તથા ચારિત્રઘડતર માટે વ્યવસ્થિત પ્રશસ્ત વિધાનો કરેલાં હોય તો તેને સુધર્મ સમજવો, નહિ તો તેને કુધર્મની કોટિમાં બેસાડવો.

તપના ધોરણે ધર્મની પરીક્ષા કરવી, એટલે તેમાં શરીર મન—આત્માની શુદ્ધિ માટે કોઈપણ પ્રકારની તપશ્ચર્યાઓ બતાવી છે કેમ? તે જોવું. જો તેમાં આ પ્રકારની સુવિહિત તપશ્ચર્યાઓ બતાવી હોય, તો તેને સુધર્મ સમજવો અને તપશ્ચર્યા પર ખાસ વજન આપ્યું ન હોય કે ખાઈ—પીને લહેર કરવાની ભલામણ કરી હોય, તો તેને કુધર્મ સમજવો.

દયાના ધોરણે ધર્મની પરીક્ષા કરવી, એટલે તેમાં દયા ગુણ પર કેવો અને કેટલો ભાર આપ્યો છે, તે જોવું. જો

તેમાં દયાગુણ પર પૂરતા પ્રમાણમાં ભાર અપાયેલો હોય અને કોઈ હિંસક વિધાનો કરેલાં ન હોય, તો તેને સુધર્મ સમજવો, અન્યથા તેની ગણના કુધર્મમાં કરવી.

જૈનધર્મને સુધર્મની ખ્યાતિ મળવાનું કારણ એ છે કે તેનાં શાસ્ત્રો સર્વજ્ઞ મહાપુરુષનાં રચેલાં છે; તેણે વ્રત, નિયમો તથા ચારિત્રઘડતર માટે ઉત્તમ કોટિનાં વિધાનો કરેલાં છે; શરીર-મન-આત્માની શુદ્ધિ માટે વિવિધ પ્રકારની તપશ્ચર્યાઓ બતાવી છે અને દયા ગુણ પર ઘણો ભાર મૂકેલો છે, તેમજ કોઈ પણ પ્રકારનાં હિંસક વિધાનો કરેલાં નથી. તાત્પર્ય કે જિનેશ્વર દેવો દ્વારા પ્રવર્તન પામતો ધર્મ એ સુધર્મ છે અને તેનાથી સંસારસાગર તરી શકાય છે, તેથી તેને તીર્થની—ભાવતીર્થની સંજ્ઞા આપવામાં આવી છે.

જૈન શાસ્ત્રોમાં ધર્મની વ્યાખ્યા આ પ્રમાણે કરાઈ છે:

**दुर्गतिप्रसृतान् जन्तून्, यस्माद्धारयते पुनः ।**
**धत्ते चैतान् शुभे स्थाने, तस्माद्धर्म इति स्मृतः ॥**

'દુર્ગતિ તરફ જઈ રહેલા જીવોને ધારણ કરીને એટલે કે તેમનો ઉદ્ધાર કરીને શુદ્ધ સ્થાને સ્થાપે છે, તેથી તે ધર્મ કહેવાય છે.'

ધર્મ શબ્દ ધૃ-ધારણ કરવું, એ ધાતુ પરથી બનેલો છે, એટલે તે ધારણ કરવાનો અર્થ દર્શાવે છે. એ અર્થ ઉપરની વ્યાખ્યામાં બરાબર ઉતારવામાં આવ્યો છે. દુર્ગતિ એટલે દુર્દશા અથવા નરક અને તિર્યંચગતિ. તેના પ્રત્યે

તે જીવો જાય છે કે જે અનીતિ, અન્યાય અને અધર્મનું આડેધડ આચરણ કરી રહેલ છે. તેમાંથી તેમનો ઉદ્ધાર કરવો, એટલે તેમને નીતિ, ન્યાય અને ધર્મના માર્ગે ચડાવવા. જેઓ નીતિ, ન્યાય અને ધર્મના માર્ગે ચડે છે અને તેમાં આગળ વધતા જાય છે, તે શુભસ્થાનના એટલે કે માનવગતિ, દેવગતિ અને પાંચમી મોક્ષગતિના અધિકારી થાય છે. તાત્પર્ય કે જેનાથી અધઃપતન અટકે અને ઉન્નતિનો માર્ગ મોકળો બને, તેને ધર્મ સમજવો.

ધર્મની આ ઘણી સુંદર અને વ્યાપક વ્યાખ્યા છે અને તે સહુ કોઈને સ્વીકાર્ય થાય એવી છે, કારણ કે કોઈ પણ મનુષ્ય પોતાના અધઃપતનને ઇચ્છતો નથી. કદાચ તે અધઃપતનના માર્ગે હોય તો તેમાંથી બહાર નીકળી ઉન્નતિ ભણી જવા ઇચ્છે છે. સુજ્ઞજનોની સ્થિતિ તો આવી હોય છે જ.

જૈનાચાર્યોએ ધર્મની વિશેષ વ્યાખ્યા પણ કરી છે. **દશવૈકાલિકસૂત્રની** પ્રથમ ગાથામાં તેનાં મનોરમ દર્શન થાય છે. ત્યાં એમ કહેવાયું છે કે—

**धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो ।**
**देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥**

'આ જગતમાં ધર્મ એ જ ઉત્કૃષ્ટ મંગલ છે. તે અહિંસા, સંયમ અને તપ રૂપ છે. જેના મનમાં સદા આવો ધર્મ વસે છે, તેને દેવો પણ વંદે—પૂજે છે.'

તાત્પર્ય કે ધર્મનું ખરું સ્વરૂપ અહિંસા, સંયમ અને તપ વડે નિર્માણ થાય છે અને તેનું અનન્ય આરાધન કરવાથી દેવાધિદેવની સ્થિતિએ પહોંચી શકાય છે અને છેવટે સંસારસાગર પણ તરી શકાય છે.

ધર્મ એ તીર્થ છે—સંસારસાગર તરવાનું સુંદર સાધન છે, એમ માનીને જ તીર્થંકરો કેવલજ્ઞાન અને કેવલદર્શનની પ્રાપ્તિ થયા પછી ધર્મની દેશના દે છે, ધર્મનો ઉપદેશ આપે છે અને ધર્મનું સામ્રાજ્ય ફેલાવે છે. અન્ય શબ્દોમાં કહીએ તો તીર્થંકરના ધર્મોપદેશથી અનીતિ, અન્યાય અને અધર્મનું ઉન્મૂલન થાય છે અને નીતિ, ન્યાય તથા સુધર્મની સ્થાપના થાય છે, જેના લીધે એક નવો ધર્મયુગ પ્રવર્તે છે અને તે માનવ—ઇતિહાસનાં અનેક પૃષ્ઠો સુવર્ણાક્ષરે લખે છે. જો યુગે યુગે એટલે કે અમુક અમુક સમયના અંતરે તીર્થંકરો દ્વારા આ રીતે ધર્મતીર્થનું પ્રવર્તન ન થતું હોત તો આ દુનિયાના શા હાલ—હવાલ થાત, એ કલ્પવું મુશ્કેલ છે. ઈશ્વર—પરમેશ્વર માટે અન્ય લોકોની માન્યતા—કલ્પના ગમે તે હોય, પણ આપણા માટે તો આ સર્વજ્ઞ અને સર્વદર્શી તથા સુધર્મ રૂપી તીર્થનું—ભાવતીર્થનું પ્રવર્તન કરનારા મહાન તીર્થંકરો—જિનેશ્વરો—અર્હંતો જ ઈશ્વર—પરમેશ્વર છે અને તેમના જ સ્મરણ—વંદન—પૂજનથી આપણે કૃતકૃત્ય થવાનું છે.

તીર્થંકરો ધર્મનું પ્રવર્તન ઘણા વિશાલ પાયે કરી શકે છે, તેનાં મુખ્ય કારણો ત્રણ છેઃ એક તો તેઓ કેવલ-

જ્ઞાની એટલે પૂર્ણજ્ઞાની હોય છે, બીજું તેઓ યથાખ્યાત ચારિત્રવાળા એટલે ઉત્તમોત્તમ ચારિત્રના હોય છે અને ત્રીજું તેઓ અદ્ભુત વક્તૃત્વશક્તિથી અલંકૃત હોય છે. જે જ્ઞાની ન હોય તે બીજાને સમજાવી શકતો નથી, જે ચારિત્રવાન ન હોય તેનો પ્રભાવ પડતો નથી અને જે અદ્ભુત વક્તૃત્વ શક્તિથી યુક્ત ન હોય તે લાખોની મેદનીઓનાં દિલ ડોલાવી શકતો નથી. જે મન-વચન-કર્મથી એકરસ હોય, એટલે કે વિચારે તેવું બોલતા હોય અને બોલતા હોય એવું કરતા હોય, તેને સાંભળવા લોકો પડાપડી કરે છે અને તેમને અંતરનાં ફૂલડે વધાવે છે. તીર્થંકરોનો ઉપદેશ સાંભળવા માટે જબ્બર મેદની જામે છે, તેની ભીતરમાં આવાં જ કારણો રહેલાં છે.

તીર્થંકરોની અદ્ભુત વક્તૃત્વશક્તિનો આપણને સ્પષ્ટ ખ્યાલ આવે, તે માટે શાસ્ત્રકારોએ તેમની વાણીના ૩૫ ગુણોનું વર્ણન કરેલું છે. તે આ પ્રણાણે :

(૧) તે વ્યાકરણના નિયમોથી યુક્ત હોય છે.
(૨) ઉચ્ચ સ્વરે બોલાતી હોય છે.
(૩) અગ્રામ્ય હોય છે.
(૪) મેઘની જેમ ગંભીર સ્વરવાળી હોય છે.
(૫) પડઘો પાડનારી હોય છે.
(૬) સરલતાવાળી હોય છે.
(૭) માલકોશ વગેરે રાગોથી યુક્ત હોય છે.

આ સાત અતિશયો શબ્દની અપેક્ષાએ સમજવાના છે. બાકીના બધા અતિશયો અર્થની અપેક્ષાએ સમજવાના છે.

(૮) તે મોટા અર્થવાળી હોય છે.

(૯) પૂર્વાપર વાક્ય અને અર્થના વિરોધ વિનાની હોય છે.

(૧૦) ઇષ્ટ સિદ્ધાંતના અર્થને કહેનારી હોય છે તથા વક્તાની શિષ્ટતા સૂચવનારી હોય છે.

(૧૧) સંદેહરહિત હોય છે.

(૧૨) બીજાનાં દૂષણો રહિત હોય છે.

(૧૩) અંતઃકરણને પ્રસન્ન કરનારી હોય છે.

(૧૪) પદો અને વાક્યોની પરસ્પર સાપેક્ષતાવાળી હોય છે.

(૧૫) દેશ અને કાલને અનુસરનારી હોય છે.

(૧૬) વસ્તુસ્વરૂપને અનુસરનારી હોય છે.

(૧૭) વિષયાંતરથી રહિત અને અતિવિસ્તારના અભાવ-વાળી હોય છે.

(૧૮) સ્વપ્રશંસા અને અન્યનિંદાથી રહિત હોય છે.

(૧૯) પ્રતિપાદ્ય વિષયની ભૂમિકાને અનુસરનારી હોય છે.

(૨૦) મધુર હોય છે.

(૨૧) પ્રશંસાને પાત્ર હોય છે.

(૨૨) અન્યધર્મને ન ઉઘાડવાના સ્વરૂપવાળી હોય છે.

(૨૩) કથન કરવા યોગ્ય અર્થની ઉદારતાવાળી હોય છે.

(૨૪) ધર્મ અને અર્થથી યુક્ત હોય છે.

(૨૫) કારક, કાલ, વચન, લિંગ વગેરેના વિપર્યાસ-વાળા વચનદોષથી રહિત હોય છે.

(૨૬) મનના વિક્ષેપથી રહિત હોય છે.

(૨૭) શ્રોતાઓના ચિત્તને અવિચ્છિન્નપણે આશ્ચર્ય ઉત્પન્ન કરનારી હોય છે.

(૨૮) અદ્ભુત હોય છે.

(૨૯) અત્યંત વિલંબરહિત હોય છે.

(૩૦) વસ્તુઓને વિવિધ રીતે વર્ણવનારી હોય છે.

(૩૧) બીજાં વચનોની અપેક્ષાએ વિશેષતા સ્થાપિત કરનારી હોય છે.

(૩૨) સત્ત્વપ્રધાન હોય છે.

(૩૩) વર્ણ–પદ–વાક્યના વિવેકવાળી હોય છે.

(૩૪) અખંડિત વચનપ્રવાહવાળી હોય છે.

(૩૫) અનાયાસે ઉત્પન્ન થનારી હોય છે.

તેમની વાણી એક યોજન પર્યંત સંભળાય છે અને તે દેવ, મનુષ્ય, તિર્યંચ સહુને પોતપોતાની ભાષામાં પરિણમે છે, એ તેની અસાધારણ વિશેષતા છે. તીર્થંકર દ્વારા ધર્મતીર્થનું પ્રવર્તન થવામાં તેમની વાણી ઘણો અગત્યનો ભાગ ભજવે છે, એમ કહીએ તો ખોટું નથી.

તીર્થંકરની દેશનાભૂમિ કે જેને સમવસરણ કહેવામાં આવે છે, તેનાં ઘણાં રોચકવર્ણનો શાસ્ત્રમાં પ્રાપ્ત થાય છે. તેનો સાર એ છે કે–

ચાર ઘાતીકર્મનો ક્ષય થતાં જ તીર્થંકર ભગવંતને વિશિષ્ટ પ્રકારની નામકર્મની પ્રકૃતિનો ઉદય થાય છે કે જેને તીર્થંકરનામકર્મ કહેવાય છે. તેના લીધે નીચેની ઘટનાઓ બને છે :

વાયુકુમાર દેવતાઓ એક યોજનપ્રમાણ ભૂમિનું પ્રમાર્જન કરે છે, મેઘકુમાર દેવતાઓ તેના પર સુગંધિ જલનું સિંચન કરે છે, ઋતુકુમાર દેવતાઓ ત્યાં પાંચ વર્ણના સુગંધી પુષ્પોની વૃષ્ટિ કરે છે, વ્યંતર દેવતાઓ ત્યાં મણિ, રત્ન અને સુવર્ણથી નિર્મિત એક યોજનપ્રમાણ પીઠબંધ તૈયાર કરે છે, વૈમાનિક દેવતાઓ તે પીઠ પર રત્નમય પ્રથમ પ્રાકાર એટલે પહેલો ગઢ બનાવે છે, જેને ચાર દ્વાર હોય છે, જેના કાંગરાં મણિનાં હોય છે અને ધ્વજા–પતાકા–તોરણોથી સુશોભિત હોય છે. જ્યોતિષી દેવતાઓ સોનાનો બીજો પ્રાકાર એટલે બીજો ગઢ બનાવે છે, તેને પણ ચાર દ્વાર હોય છે અને તે રત્નના કાંગરાથી સુશોભિત હોય છે. ભવનપતિ દેવતાઓ રૂપાનો ત્રીજો પ્રાકાર એટલે ત્રીજો ગઢ બનાવે છે, તેને પણ ચાર દ્વાર હોય છે અને તે સોનાના કાંગરાથી સુશોભિત હોય છે. ભક્તિવંત દેવતાઓ અષ્ટમહાપ્રાતિહાર્યની રચના કરે છે, જેનું વર્ણન આગળ આવશે. આ પ્રમાણે સમવસરણની ભવ્ય રચના થાય છે.

પછી ભગવંત દેવતાનિર્મિત નવ સુવર્ણ કમલો પર પગ મૂકતાં મૂકતાં ચારેય પ્રકારના દેવતાઓથી પરિવરેલા સમવસરણમાં પધારે છે, '**नमो तित्थस्स**' કહી તીર્થને પ્રણામ કરે

છે અને સિંહાસન પર પૂર્વાભિમુખ વિરાજે છે. એ વખતે દેવ-તાઓ બીજી ત્રણ દિશામાં તેમના રૂપની રચના કરે છે, એટલે તેઓ ચારે ય દિશામાં બેઠેલા લોકોને–શ્રોતાઓને પોતાની સન્મુખ બિરાજેલા હોય, એમ જણાય છે. તે પછી સાધુઓ, સાધ્વીઓ, મનુષ્યો, દેવતાઓ વગેરે પોતપોતાનાં સ્થાને બેસી જાય છે અને ચોસઠ ઈન્દ્રો તેમની પૂજા કરે છે. પછી ભગવાન પોતાની સાતિશય અનુપમ વાણી વડે દેશના દે છે, જે ત્યાં બેઠેલા સર્વ પ્રાણીઓ આપસનાં વેર-ઝેર ભૂલીને અનન્ય મને સાંભળે છે અને સંશયરહિત બની, ધર્મ પામી, આત્માનું કલ્યાણ સાધે છે.

તીર્થંકરો છદ્મસ્થાવસ્થામાં એટલે કે કેવલજ્ઞાનની પ્રાપ્તિ થયા પહેલાં ધર્મોપદેશ કરતા નથી, એ ઘણું સૂચક છે. તેમાં અધૂરા જ્ઞાને ઉપદેશ ન આપવો, એ સિદ્ધાંતનું પાલન જણાય છે. અધૂરા જ્ઞાને ઉપદેશ આપવાથી તેમાં અસત્યનો અંશ આવી જાય છે, અથવા પરસ્પર વિરોધી એવા સિદ્ધાંતનું પ્રતિપાદન થાય છે, અથવા તે જોઈએ તેવો અસરકારક નીવડી શકતો નથી. આજે તો બે–ત્રણ શાસ્ત્રો ભણ્યાં કે થોડું બોલતાં આવડ્યું કે પાટે ચડીને ઉપદેશ આપવાની–વ્યાખ્યાન કરવાની પ્રથા ચાલુ થઈ ગઈ છે, તે આ દૃષ્ટિએ કેટલી ઉચિત છે? તે વિચારવું ઘટે.

શ્રી જિનેશ્વરદેવોએ ઉપદેશેલો ધર્મ એક પ્રકારનો, બે પ્રકારનો, ત્રણ પ્રકારનો, ચાર પ્રકારનો યાવત્ અનેક પ્રકારનો છે. આત્મશુદ્ધિ એ તેનો એક પ્રકાર છે. તેમના બધા

ઉપદેશનો સાર એમાં આવી જાય છે. સાધુધર્મ અને શ્રાવક-ધર્મ એ તેના બે પ્રકારો છે, અથવા શ્રુતધર્મ અને ચારિત્ર-ધર્મ એ તેના બે પ્રકારો છે. જિનાગમોનું-જૈનશાસ્ત્રોનું પઠન-પાઠન કરવું, એ શ્રુતધર્મ છે અને તેનું આલંબન લઈને સમ્યક્ચારિત્રનું ઘડતર કરવું, એ ચારિત્રધર્મ છે. नाणकिरियाहिं मोक्खो-જ્ઞાન અને ક્રિયાથી મોક્ષ મળે છે, એ સૂત્ર અહીં ચરિતાર્થ થાય છે.

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ તેના ત્રણ પ્રકારો છે. તેમાં સમ્યગ્ દર્શનથી દેવ-ગુરુ-ધર્મ પરની શ્રદ્ધા-ભક્તિ સૂચવાયેલ છે, સમ્યગ્ જ્ઞાનથી શ્રદ્ધા-પૂર્વકનો તાત્ત્વિક બોધ સૂચવાયેલો છે અને સમ્યક્ ચારિત્રથી શ્રદ્ધા અને જ્ઞાનપૂર્વકનું સદાચારી પવિત્ર જીવન સૂચ-વાયેલ છે.

દાન, શીલ, તપ અને ભાવ એ તેના ચાર પ્રકારો છે. હિતબુદ્ધિએ પોતાની વસ્તુ બીજાને આપવી, તે દાન છે. તેના અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન આદિ ભેદો છે. મનુષ્યે બીજાને ઉપયોગી થવાની વૃત્તિ રાખવી જોઈએ, એ તેનો સાર છે. શીલ એટલે વ્રત-નિયમોનું પાલન. તેમાં સાધુ અને શ્રાવક બંનેના વ્રત-નિયમોનો સમાવેશ થાય છે. તપ એટલે ઇચ્છાઓનો નિરોધ. ઇચ્છાઓ આકાશ જેવી અનંત છે, એટલે તેનો નિરોધ કર્યા સિવાય મનુષ્ય સંયમનું યથાર્થ પાલન કરી શકતો નથી, બહિરાત્મભાવનું વિસર્જન કરીને અંતરાત્મદશા તરફ વળી શકતો નથી કે બાહ્ય-અભ્યં-

તર તપશ્ચર્યાઓ કરવામાં આનંદ પામી શકતો નથી. ભાવ એટલે ધર્મકરણી માટેનો ઉત્સાહ, ચિત્તની શુદ્ધિ કે પવિત્ર ઉત્તમ વિચારોનું સેવન. જગતનો કોઈપણ મનુષ્ય આ એક-વિધ, દ્વિવિધ, ત્રિવિધ કે ચતુર્વિધ ધર્મનું આલંબન લઈને દુર્ગતિનું નિવારણ કરવાપૂર્વક મુક્તિ કે મોક્ષને પ્રાપ્ત કરી શકે છે.

આ રીતે **ધર્મરૂપી તીર્થનું પ્રવર્તન કરનારાનો વિશેષાર્થ એ છે કે સાતિશયા અનુપમ વાણી વડે સત્ય ધર્મની અપૂર્વ દેશના દેનારા.**

હવે બીજા અર્થનો મર્મ વિચારીએ. 'ધર્મપ્રધાન તીર્થ, તે ધર્મતીર્થ' એ તેની વ્યાખ્યા છે, એટલે ધર્મપ્રધાન તીર્થ કયું? એ વિચારવાનું રહે છે. જૈન શાસ્ત્રકારોના અભિપ્રાયથી ચતુર્વિધશ્રીસંઘ એ ધર્મપ્રધાન તીર્થ છે; કારણ કે તેના આલંબન–આશ્રયથી ધર્મનું આરાધન સારી રીતે થાય છે અને તે સંસાર–સાગર તરવાનું સાધન બને છે. આ ચતુર્વિધશ્રીસંઘની સ્થાપના શી રીતે થાય છે? તે જોઈ લઈએ.

તીર્થંકરોની પ્રથમ દેશનાએ જ કેટલાક પુરુષો અને સ્ત્રીઓ ધર્મપ્રતિબોધ પામે છે. તેમાંથી જે પુરુષો સર્વ-વિરતિરૂપ ત્યાગધર્મનો સ્વીકાર કરે છે, તે સાધુઓ કે શ્રમણો કહેવાય છે; જે સ્ત્રીઓ સર્વવિરતિરૂપ ત્યાગધર્મનો સ્વીકાર કરે છે, તે સાધ્વીઓ કે શ્રમણીઓ કહેવાય છે; જે પુરુષો દેશવિરતિરૂપ ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કરે છે, તે શ્રાવકો

કહેવાય છે; અને જે સ્ત્રીઓ દેશવિરતિરૂપ ગૃહસ્થધર્મનો સ્વીકાર કરે છે, તે શ્રાવિકાઓ કહેવાય છે. આ ચારેય વર્ગો વચ્ચે અરસપરસ મેળ રહે, સંઘ-સંગઠનની ભાવના જળવાઇ રહે અને ધર્મની ભાવના ઉત્તરોત્તર વૃદ્ધિ પામે, તે માટે તેઓ તેમનો એક ધર્મસંઘ કે સંઘ સ્થાપે છે કે જે તેના ચતુર્વિધપણાને લીધે ચતુર્વિધશ્રીસંઘ કહેવાય છે. આપણે જ્યાં શ્રીસંઘ કહીએ ત્યાં આ ચતુર્વિધ શ્રી સંઘ જ સમજવાનો. **તીર્થંકરો ધર્મના અનન્ય આલંબનરૂપ આ ચતુર્વિધ શ્રી સંઘરૂપ તીર્થનું પ્રવર્તન કરનારા હોવાથી પણ ધર્મતીર્થંકર કહેવાય છે.**

અહીં અમે પાઠકમિત્રોનું એ વસ્તુ તરફ ધ્યાન દોરવા ઇચ્છીએ કે તીર્થંકરો માત્ર ધર્મનો ઉપદેશ આપીને જ બેસી રહેતા નથી; પણ તેના પાલન-પ્રચાર-સંરક્ષણાર્થે શ્રીસંઘની ખાસ વ્યવસ્થા પણ ઉભી કરે છે. ઇતિહાસ અને અનુભવ એમ કહે છે કે આ વ્યવસ્થા ઘણી સફલ પુરવાર થયેલી છે અને તે ધર્મને લાંબા સમય સુધી ગતિમાન રાખે છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે ભગવાન મહાવીરની પ્રથમ ધર્મદેશના ખાલી ગઈ હતી, એટલે કે તે સાંભળીને કોઈએ પણ સર્વવિરતિરૂપ ત્યાગધર્મનો સ્વીકાર કર્યો ન હતો. શાસ્ત્રોમાં આ ઘટનાને મહા આશ્ચર્યકારી ગણવામાં આવી છે. ભગવાન મહાવીરે અપાપાપુરી નજીક મહાસેન વનમાં સમવસરી બીજી ધર્મ દેશના દીધી, ત્યારે

ઘણાં સ્ત્રી–પુરુષોએ ધર્મ પ્રતિબોધ પામી સર્વવિરતિરૂપ ત્યાગધર્મનો તથા દેશ વિરતિરૂપ ગૃહસ્થ ધર્મનો સ્વીકાર કરતાં ચતુર્વિધશ્રીસંઘની સ્થાપના થઈ હતી અને તેણે ભગવાન મહાવીરના ઉપદેશ તથા સિદ્ધાંતોનો વ્યવસ્થિત સુંદર પ્રચાર કર્યો હતો. તેમના નિર્વાણ પછી પણ આ ચતુર્વિધશ્રીસંઘે પોતાની પ્રવૃત્તિ ચાલુ રાખતાં જૈન ધર્મ કાલના પ્રવાહમાં આગળ વધવા લાગ્યો હતો અને અનુક્રમે તે આપણા સુધી પહોંચ્યો છે. એટલે ચતુર્વિધશ્રીસંઘના ધર્મતીર્થપણા અંગે આપણા મનમાં કશી શંકા રાખવા જેવી નથી.

અહીં એ પણ જણાવી દઈએ કે શાસ્ત્રોમાં ‘ચાતુર્વર્ણશ્રમણસંઘ’ એવો શબ્દપ્રયોગ અનેક સ્થળે આવે છે, તેનો અર્થ પણ સમજી લેવો જોઇએ, અન્યથા સંઘનું સ્વરૂપ સમજવામાં ખામી રહી જશે. ચાતુર્વર્ણશ્રમણસંઘનો દેખીતો અર્થ તો એટલો જ છે કે ચાર પ્રકારનો શ્રમણસંઘ. ‘હવે શ્રમણસંઘ તો શ્રમણ અને શ્રમણી એમ બે પ્રકારનો જ છે, તો અહીં શું સમજવું ?’ તેનો ખુલાસો એ છે કે અહીં ચાતુર્વર્ણશ્રમણસંઘનો અર્થ ચાતુર્વર્ણ શ્રમણપ્રધાન-સંઘ એમ સમજવો. તાત્પર્ય કે ભગવાને જે ચતુર્વિધ શ્રીસંઘ સ્થાપ્યો છે, તે શ્રમણોની સાધુઓની મુખ્યતાવાળો છે. ચતુર્વિધશ્રીસંઘના ચાર પ્રકારો ગણવા હોય તો સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એ ક્રમને અનુસરવો પડે છે.

ચતુર્વિધશ્રીસંઘમાં સાધુઓને આ રીતે મુખ્યતા આપવાનું કારણ એ છે કે આ સંઘ ચલાવવાની જવાબદારી તેમના શિરે છે. આચાર્યો, ઉપાધ્યાયો, પંન્યાસો, ગણિઓ,

પ્રવર્તકો વગેરે તેની વ્યવસ્થાના વિભાગો છે. જ્યાં તંત્ર ચલાવવાની વાત આવે ત્યાં કોઈકને તો મુખ્યતા આપવી જ પડે. રાજયતંત્ર ચલાવવા માટે પ્રથમ રાજા-મહારાજાઓને મુખ્યતા અપાતી, હાલ ચૂંટાયેલા પ્રમુખ કે વડાપ્રધાનને મુખ્યતા આપવામાં આવે છે અને ભવિષ્યમાં જે વ્યવસ્થા અમલમાં હશે, તે અનુસાર કોઈકને તો મુખ્યતા આપવી જ પડશે. જ્યાં કોઈ મુખ્ય ન હોય, મુખી ન હોય, ત્યાં અંધાધુધી અને અરાજકતા વ્યાપે છે અને નાશની નોબતો ગડગડે છે.

શાસ્ત્રોમાં કોઈક સ્થળે પ્રથમ ગણધરને પણ તીર્થ કહેવામાં આવ્યા છે, કારણ કે શ્રી જિનેશ્વરદેવની શિષ્ય-પરંપરા તેનાથી શરૂ થાય છે અને તેના વડે ધર્મનો વ્યવસ્થિત પ્રચાર થતાં મનુષ્યોને સંસારસાગર તરવાનું સાધન મળી જાય છે.

આ સમગ્ર વિવેચનનો સાર જો ધર્મતીર્થંકર શબ્દમાં ઉતારવો હોય તો તેનો વિશેષાર્થ નીચે પ્રમાણે કરવો ઘટે:

**ધર્મતીર્થંકર એટલે સાતિશયા અનુપમ વાણી વડે સત્ય ધર્મની અદ્ભુત દેશના દેનારા તથા ધર્મના અનન્ય આલંબન રૂપ ચતુર્વિધ શ્રી સંઘની સ્થાપના કરનારા.**

હવે થોડા પ્રશ્નો અને તેના ઉત્તરો.

**પ્રશ્ન** :—અર્હત્‌કેવલીઓને લોકનું સંપૂર્ણ સ્વરૂપ પ્રકાશનારા કહ્યા પછી તેમને ધર્મતીર્થંકર કહેવાની જરૂર શી?

**ઉત્તર :**—અર્હત્‌કેવલીઓ લોકનું સંપૂર્ણ સ્વરૂપ પ્રકાશનારા હોય છે, તેમ અનીતિ, અન્યાય અને અધર્મને સ્થાને નીતિ, ન્યાય અને ધર્મની સ્થાપના કરનારા પણ હોય છે, એમ દર્શાવવા માટે તેમને ધર્મતીર્થંકર કહેવામાં આવ્યા છે.

**પ્રશ્ન :**—અર્હત્‌કેવલીઓ કયા ધર્મની સ્થાપના કરે છે?

**ઉત્તર :**—અર્હત્ કેવલીઓ સત્ય-દયામય વિશ્વ-ધર્મની સ્થાપના કરે છે કે જે લોકો વડે જૈન ધર્મની સંજ્ઞા પામેલો છે.

**પ્રશ્ન :**—શું જૈનધર્મ વિશ્વધર્મ છે? જો એ વિશ્વધર્મ હોય તો આજે માત્ર ભારતમાં જ તેનો પ્રચાર કેમ છે?

**ઉત્તર :**—જૈનધર્મ વર્ણ, જાતિ કે રાષ્ટ્રના ભેદ વિના સર્વ મનુષ્યના કલ્યાણનો સમાન ઉપદેશ આપે છે, તેથી તે ખરેખર વિશ્વધર્મ છે. જૈન ધર્મનો પ્રચાર જૈન શ્રમણ-સંસ્થા પર આધારિત છે અને એ નિયમોનું ચુસ્ત પાલન કરનારી હોવાથી ભારત બહાર વિચરી જૈન ધર્મનો પ્રચાર કરી શકે એવી શક્યતા ઓછી છે. જેમણે સાધુ ધર્મના નિયમો બાજુએ મૂકી જૈન ધર્મનો વિદેશમાં પ્રચાર કરવાનો પ્રયત્ન કર્યો છે, તેમને હજી સુધી તો કંઈ સફલતા મળી નથી. ભારતમાં જૈન ધર્મનો જે પ્રચાર છે, તે પણ ઘણો મર્યાદિત છે. પ્રથમ તો તેને જ વિસ્તારવાની જરૂર છે. વ્યવ-સ્થિત પ્રયાસ વિના એ વિસ્તાર શક્ય નથી.

**પ્રશ્ન :**—જો જૈન ધર્મ વિશ્વધર્મ છે, તો તેમાં સંપ્રદાયો કેમ પડયા?

**ઉત્તર :**—સંપ્રદાય એ મનુષ્ય સ્વભાવને આધીન વસ્તુ છે. જ્યાં ઘણા મનુષ્યો ભેગા થાય, ત્યાં મતભેદો થવાના અને તેમાંથી સંપ્રદાયો જન્મવાના. આજે જગતમાં કોઈ પણ ધર્મ એવો નથી કે જેમાં સંપ્રદાયો ન હોય.

**પ્રશ્ન :**—જૈનધર્મના બધા સંપ્રદાયો એક થાય એવી શકયતા ખરી?

**ઉત્તર :**—હાલ તો એવી શકયતા દેખાતી નથી. દરેક મનુષ્યને પોતાના સંપ્રદાયનું મમત્વ હોય છે અને તે છૂટવું મુશ્કેલ છે. અત્યાર સુધીમાં જૈનોના ચાર સંપ્રદાયોને—ફીરકાઓને એકત્ર કરવાના જે પ્રયાસો થયા છે, તેમાંથી ચાર ફિરકાની એકતામાં માનનારો એક નવો સંપ્રદાય જન્મ્યો છે, પણ કોઈ વર્તમાન સંપ્રદાય ઓછો થયો નથી.

**પ્રશ્ન :**—તો પછી સાંપ્રદાયિક એકતાનો પ્રશ્ન છોડી દેવો ?

**ઉત્તર :**—જે પ્રશ્નને વાસ્તવિક ભૂમિકા ન હોય, તે આપોઆપ છૂટી જાય છે. પરંતુ બધા સંપ્રદાયો એક જ મહાવૃક્ષની ડાળો છે અને તેમણે પરસ્પર ભાઈચારાથી વર્તવું જોઈએ, એવી ભાવનાનો પ્રચાર કરવાની જરૂર છે. જેઓ સાથે બેસતા થાય છે, તેઓ સાથે મળીને કામ કરી શકે છે. આજે જૈન સમાજ સામે એવા કેટલાયે પ્રશ્નો છે કે જેમાં સાથે બેસીને કામ કરવાની જરૂર છે.

✕

[ ૧૧ ]

## પ્રથમ ગાથાનો અર્થપ્રકાશ-૩

## [ જિન ]

પાઠકમિત્રો ! ચાલો, આપણે જ્ઞાનયાત્રામાં આગળ વધીએ અને આપણી સમીપે ઊભેલા જિણે પદને વંદન કરી તેનો અર્થપ્રકાશ મેળવવાનો પ્રયત્ન કરીએ. અહીં જિણે પદને વંદન કરવાનું અમારું સૂચન કદાચ કેટલાકને વિચિત્ર લાગશે, પણ જેમ જિનો વંદનીય છે, તેમ તેમની સ્થાપના-આકૃતિ-મૂર્તિ પણ વંદનીય છે અને તેનો અર્થ સૂચવતાં પદો પણ વંદનીય છે, કારણ કે તે આપણા મનમાં જિનનો સંસ્કાર જગાડે છે. જિન યાદ આવે, એટલે જિનનું સ્વરૂપ યાદ આવે અને જિનનું સ્વરૂપ યાદ આવે, એટલે તેમની ભક્તિ કરવાનું દિલ થાય, તેથી જિનસૂચક પદનું-નામનું મહત્ત્વ જરાયે ઓછું આંકવાનું નથી. જૈન શાસ્ત્રોએ સ્પષ્ટાર્થની પ્રાપ્તિ માટે ચાર નિક્ષેપની જે પદ્ધતિ વિકસાવી છે, તેમાં પહેલું **નામ** મૂકેલું છે અને સ્થાપના, દ્રવ્ય તથા ભાવનો

ઉલ્લેખ તે પછી કરેલો છે. જે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચારે ય નિક્ષેપો વડે જિનનું આરાધન કરે છે, તે શીઘ્ર મોક્ષનો અધિકારી થાય છે. તાત્પર્ય કે અહીં જિણે પદને વંદન કરવાનું અમારું સૂચન આપણી પરંપરા-પ્રણાલિ સાથે સુસંગત છે.

અહીં પ્રાસંગિક એ પણ જણાવી દઈએ કે **ભગવતી સૂત્ર**ના પ્રારંભે પંચપરમેષ્ઠી ઉપરાંત છઠ્ઠી બ્રાહ્મી લિપિને પણ નમસ્કાર કરવામાં આવ્યો છે. ઘણી લિપિઓનું મૂલ બ્રાહ્મી લિપિમાં છે. આ લિપિ વડે અક્ષરો-શબ્દો શાસ્ત્રો લખાય છે અને તે જ્ઞાનવૃદ્ધિનું કારણ બને છે, તેથી આપણા સહુ માટે એ વંદનીય બનેલ છે.

જિણે-પદ બીજી વિભક્તિના બહુવચનમાં આવેલું છે. તેમાં મૂલ શબ્દ જિણ છે. જિણ એટલે જિન. આ જિન શબ્દ જિ ધાતુ પરથી બનેલો છે કે જે જિતવાનો અર્થ દર્શાવે છે. જિનનો સામાન્ય અર્થ છે જિતનાર તેનો વિશેષ અર્થ તો હવે પછીનાં વિવેચન પરથી જાણી શકશો.

પ્રાચીન કાલમાં જિન શબ્દ જ્ઞાન અને ધ્યાનના ક્ષેત્રમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર માટે વપરાતો એવો અમારો ખ્યાલ બંધાયો છે. જો એમ ન હોય તો અભિન્નદશપૂર્વી, ચતુર્દશપૂર્વધર, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાની, કેવલી અને અર્હત્ એ બધાને માટે જિન શબ્દનો સમાન પ્રયોગ કેમ થાય ? ગોશાલક પોતાને જિન કહેવડાવવા માટે આતુર બન્યો, કારણ કે એ વખતે જિન શબ્દ જ્ઞાન-ધ્યાન-સિદ્ધ

પુરુષના અર્થમાં પ્રચલિત હતો અને તે પોતાને એ કક્ષામાં રહેલો જાહેર કરવા ઇચ્છતો હતો. બુદ્ધને તેના અનુયાયી-ઓએ જિન કહ્યા, તે પણ આ જ અર્થમાં. યોગવાશિષ્ઠના વૈરાગ્યપ્રકરણમાં આવતો નીચેનો શ્લોક પણ અમારા ખ્યાલને પુષ્ટ કરે છે.

**नाहं रामो न मे वाञ्छा, भावेषु च न मे मनः ।**
**शान्त आसितुमिच्छामि, स्वात्मन्येव जिनो यथा ॥**

'હું રામ નથી. મને કોઈ પ્રકારની ઇચ્છા નથી, ભાવોમાં–વિચારોમાં મારું મન ચોંટતું નથી. હું તો જિનની માફક મારા આત્મામાં શાંતિથી રહેવા ઈચ્છું છું.'

જિન શબ્દમાંથી, જ્ઞાન–ધ્યાન–સિદ્ધ એવો અર્થ શી રીતે નીકળે ! એ પ્રશ્ન છે. પરંતુ બધો વ્યવહાર યૌગિક એટલે વ્યુત્પન્ન શબ્દોના આધારે જ થતો નથી. તેમાં રૂઢ અને સાંકેતિક શબ્દો પણ કામમાં લેવાય છે. વળી જ્ઞાન–ધ્યાન–સિદ્ધ એ પણ એક પ્રકારનો જય છે કે જે નિર્ગ્રંથ સમુદાયને અતિ પ્રિય હતો. એટલે જિન શબ્દ જ્ઞાન–ધ્યાન–સિદ્ધ મહાત્માના અર્થમાં વપરાતો હોય, એ ઘણું સંભવિત છે.

અહીં બીજો મુદ્દો એ પણ વિચારણીય છે કે જૈન સંઘમાં અભિન્નદશપૂર્વી આદિ જિનોનો એક ખાસ વર્ગ હતો, તેથી જ તીર્થંકરો કે અર્હંતો જિનવર, જિનેશ્વર, જિનેન્દ્ર, જિનચંદ્ર આદિ વિશેષણોથી વિભૂષિત થયા. જિનવર એટલે જિનોમાં શ્રેષ્ઠ. જિનેશ્વર એટલે જિનોના સ્વામી. જિનેન્દ્ર એટલે જિનોમાં ઈન્દ્ર સમાન અર્થાત્ તેમના નાયક

કે વડા. જિનચંદ્ર એટલે જિનોમાં ચંદ્ર સમાન અર્થાત્ ઉત્તમ. હવે જિન શબ્દનો અર્થ તીર્થંકર કે અર્હત્ થતો હોત તો આ કે આવાં કોઈ વિશેષણો-અસ્તિત્વમાં આવ્યાં જ ન હોત, કારણ કે એક તીર્થંકરની બીજા તીર્થંકર સાથે સરખામણી કરી, એકને નાના અને બીજાને મોટા કે એકને સામાન્ય અને બીજાને શ્રેષ્ઠ કહેવાની મનાઈ છે. બધા તીર્થંકરો શક્તિ અને સામર્થ્યમાં સમાન હોવાથી આ જાતની સરખામણી આશાતનાજનક લેખાય છે. તાત્પર્ય કે જિન શબ્દ જ્ઞાન-ધ્યાન-સિદ્ધ મહાત્માઓના અર્થમાં વપરાતો અને આવા જિનોમાં તીર્થંકર-અર્હત્ શ્રેષ્ઠ હોઇ તેમને જિનવર આદિ વિશેષણથી વિભૂષિત કરવામાં આવતા.

અહીં એક પ્રશ્ન ઉઠવા સંભવ છે કે 'લોગસ્સસૂત્રની પ્રથમ ગાથામાં જિણે પદનો પ્રયોગ કેમ? શું અહીં જિણવરે એવું પદ મૂકવાનું જરૂરી ન હતું?' તેનો ઉત્તર એ છે કે 'અહીં ખરી રીતે જિણવરે પદ જ મૂકવું જોઇતું હતું, પણ સિલોગો છંદની મર્યાદાને લીધે માત્ર બે અક્ષરવાળું જિણે પદ મૂકીને કામ ચલાવ્યું છે. અથવા તો કાલાંતરે જિન શબ્દ તીર્થંકર કે અર્હતના અર્થમાં રૂઢ થઈ જતાં અહીં જિણે પદ મૂકાયું છે. પરંતુ પાંચમી ગાથામાં જિણવરા શબ્દના પ્રયોગદ્વારા એમ સૂચિત કરવામાં આવ્યું છે કે અહિં જિન શબ્દનો પ્રયોગ જિનવરના અર્થમાં જ સમજવાનો છે.'

હવે જિન શબ્દની વ્યાખ્યાઓ જોઈએ, જેથી તેનું એક સુરેખ-સ્પષ્ટ ચિત્ર આપણા મનમાં અંકિત થશે.

(૧) जियकोहमाणमाया, जियलोहा तेण जिणा हुंति–ક્રોધ, માન, માયા અને લોભને જિતી લીધેલા હોવાથી તેઓ જિન કહેવાય છે.' ક્રોધ, માન, માયા અને લોભ, એ મનની ચાર વૃત્તિઓને કષાય કહેવામાં આવે છે. આ ચાર કષાયો પુનર્ભવનું સિંચન કરનારા છે, એટલે કે પ્રાણીઓને સંસારમાં રખડાવનારા છે, તેથી જેણે સંસારસાગરનો પાર પામવો હોય, તેણે આ ચાર કષાયોને જિતી લેવા જોઈએ, તેના પર પૂરેપૂરો કાબુ મેળવવો જોઈએ. આ કામ કંઈક કળથી અને કંઈક બળથી થાય છે. અહીં કળ શબ્દથી શાસ્ત્રવિહિત ઉપાયો અને બળથી પુરુષાર્થ સમજવાનો છે. તાત્પર્ય કે મુમુક્ષુ જ્યારે શાસ્ત્રવિહિત ક્ષમા, નમ્રતા, સરલતા અને સંતોષનો ગુણ પૂરેપૂરો વિકસાવે છે, ત્યારે આ કષાયો પર પૂર્ણ કાબુ આવે છે અને તેનો સાધક બારમું ક્ષીણમોહ નામનું ગુણસ્થાનક વટાવી તેરમા સયોગીકેવલી ગુણસ્થાને પહોંચી જાય છે. એ જ જિનની અવસ્થા છે.

અહીં કદાચ પ્રશ્ન પૂછાશે કે 'चउविहकसायमुक्को' એ પદથી ગુરુનું લક્ષણ પણ ક્રોધ, માન, માયા અને લોભને જિતવાનું મનાયું છે, તેનું કેમ?' તેનો ઉત્તર એ છે કે ગુરુનાં લક્ષણમાં આ વસ્તુ કહેવાઈ છે, તે પ્રયત્નના અર્થમાં કહેવાઈ છે અને જિનના લક્ષણમાં આ વસ્તુ કહેવાઈ છે, તે સિદ્ધિના અર્થમાં કહેવાઈ છે. વધારે સ્પષ્ટ કહીએ તો આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણે ય ગુરુવર્ગ ક્રોધાદિ ચાર કષાયો જિતવા માટે પ્રયત્નશીલ હોય છે અને તેમાં

અનુક્રમે પ્રગતિ કરતા રહે છે, જ્યારે જિન ભગવંતોએ ક્રોધાદિ ચારે ય કષાયો પૂરા જિતી લીધા હોય છે, એટલે એ બંને ભૂમિકા વચ્ચે મોટું અંતર છે.

કેટલાક એમ માને છે કે પંચિંદિયસૂત્રમાં જે ૩૬ ગુણોનું વર્ણન કરેલું છે, તેવા ગુણવાળા હોય તેને જ ગુરુ માનવા જોઈએ, પણ એ માન્યતા સુધારવા જેવી છે. ત્યાં ગુરુમાં કેવા ગુણો હોવા જોઇએ, તેનું વર્ણન છે. જો આ ૩૬ ગુણવાળા ગુરુ મળે તો ઉત્તમ, નહિ તો તેનાથી ઓછા ગુણે પણ કામ ચલાવવાનું હોય છે. પરંતુ તેમાં નવ ગુણો તો અવશ્ય હોવા જોઇએ અને તે બ્રહ્મચર્યની નવ વાડના. જેના બ્રહ્મચર્યમાં ખામી છે, તે સાધુપણાને લાયક નથી.

(૨) जयन्ति रागादीन् इति जिनाः–જે રાગાદિને જિતે તે જૈન. रागादि जेतारो जिनाः–રાગાદિને જિતનારા તે જિન. આ બંને વ્યાખ્યાઓ લગભગ સરખી છે. તેમાં રાગાદિ શબ્દથી રાગ અને દ્વેષ સમજવાના છે, કારણ કે આ બેની પ્રતિપક્ષભાવે જોડી છે. જ્યાં રાગ હોય, ત્યાં દ્વેષ પણ જરૂર હોય અને જયાં દ્વેષ હોય, ત્યાં રાગ પણ જરૂર હોય, એટલે એકને જિતતાં બીજાને જિતાય, એવી પરિસ્થિતિ છે. આમ છતાં પ્રથમ દ્વેષ પૂરેપૂરો જિતાય છે અને પછી રાગ પૂરેપૂરો જિતાય છે. અનુભવીઓનું કહેવું છે કે દ્વેષ કરતાં રાગને જિતવો વધારે મુશ્કેલ છે.

જૈન શાસ્ત્રોમાં 'जिनान् रागद्वेषादिजेतॄन्' એવા સ્પષ્ટ શબ્દો પણ મળે છે.

આજે આ વ્યાખ્યા ઘણી પ્રચલિત છે અને ધાર્મિક પાઠ્ય પુસ્તકોમાં બહુધા તેનો જ ઉલ્લેખ થાય છે. પરિણામે આપણા સહુનાં હૈયે અને હોઠે એ વસી ગયેલી છે.

(૩) जयति रागद्वेषमोहरूपान्तरङ्गान् रिपूनिति जिनाः– જે રાગ, દ્વેષ અને મોહરૂપી અંતરંગ શત્રુઓને જિતે, તે જિન. આમાં રાગ અને દ્વેષ તો લીધા જ છે, વિશેષમાં મોહને ઉમેર્યો છે. જો કે મોહ એ રાગથી ભિન્ન વસ્તુ નથી, પણ લોકોને બોધ થવા માટે તે અહીં મૂકાયેલો છે. આ રાગ, દ્વેષ અને મોહ અંતરંગ શત્રુ છે, કારણ કે તે આત્માનું હિત બગાડવામાં કંઈ બાકી રાખતા નથી. તેમને જેર કરવાનું–જિતવાનું કામ ઘણું કઠિન છે, પણ ગુરુકૃપા, શાસ્ત્રસ્વાધ્યાય, દૃઢ સંકલ્પ અને અપ્રમત્ત સાધનાના બળે તેમને જિતી જિનપદના અધિકારી થઈ શકાય છે.

અહીં એક પાઠકમિત્ર પ્રશ્ન કરે છે કે 'આ વ્યાખ્યાઓમાં રાગ, દ્વેષ અને મોહને જિતવાની વાત છે, જ્યારે ભગવાન મહાવીર પોતે આત્માને જિતવાનું કહે છે, તેમાં શું સમજવું ?' તેનો ઉત્તર એ છે કે 'આ બંને વસ્તુઓ તત્ત્વતઃ એક જ છે, પણ કહેવાની શૈલિનો ફેર છે. તે માટે ભગવાન મહાવીરે **ઉત્તરાધ્યયનસૂત્રમાં** કહેલી નીચેની ગાથાઓનું નિરીક્ષણ ઉપયોગી થઈ પડશે :

**जो सहस्सं सहस्साणं, संगामे दुज्जए जिए।**
**एगं जिणेज्ज अप्पाणं, एस से परमो जओ ॥**

'એક મનુષ્ય દુર્જય સંગ્રામમાં દશ લાખ શત્રુઓને જિતે, તે કરતાં તે પોતાના આત્માને જિતે, તે શ્રેષ્ઠ જય છે.'

**अप्पाणमेव जुज्झाहि, किं ते जुज्झेण बज्झणो।**
**अप्पाणमेव अप्पाणं, जइत्ता सुहमेहए॥**

'હે પુરુષ! તું બહારના શત્રુઓ સાથે શા માટે લડે છે? આત્માની સાથે જ યુદ્ધ કર, આત્મા વડે આત્માને જિતવાથી સુખ મળે છે.'

**अप्पा कत्ता विकत्ता य, दुक्खाण य सुहाण य।**
**अप्पा मित्तममित्तं च, दुपट्ठिय—सुपट्ठिओ॥**

'આત્મા પોતે જ દુઃખ અને સુખને ઉત્પન્ન કરનારો તથા તેનો નાશ કરનારો છે. જો આત્મા સન્માર્ગ પર ચાલે તો આપણો મિત્ર બને છે અને કુમાર્ગે ચાલે તો શત્રુ બને છે.'

આ બધાનો સાર એ છે કે આપણા અંતરમાં જે દુષ્ટ વૃત્તિઓ રહેલી છે, તેને અંતરંગ શત્રુ માની તેના પર જય મેળવવો. દુષ્ટ વૃત્તિઓને શુભ વૃત્તિઓ વડે જિતી શકાય છે, તેથી વિવિધ ઉપાયો વડે શુભ વૃત્તિઓની વૃદ્ધિ કરતા રહેવું.

(૪) જે સાત પ્રકારના ભયોને જિતે તે જિન, એવી વ્યાખ્યા પણ જૈન શાસ્ત્રોમાં જોવામાં આવે છે. પ્રસિદ્ધ નમોત્થુણં સૂત્રમાં '**नमो जिणाणं जिअभयाणं**' એ પદો વડે અરિહંતની

સ્તુતિ કરવામાં આવી છે, ત્યાં પણ ભાવ તો એ જ છે કે જેમણે સાતે ય પ્રકારના ભયોને જિત્યા છે, એવા જિનોને હું નમસ્કાર કરું છું.

ભયને જિત્યા વિના નિર્ભય બની શકાતું નથી અને નિર્ભય બન્યા વિના સંયમસાધના કે યોગસાધના થઈ શકતી નથી. જે મનુષ્ય ભયમાં જ જીવે છે, તેની શક્તિઓ કુંઠિત થઇ જાય છે, એટલે તે પોતાનો વિકાસ સાધી શક્તો નથી. તેને દરેક જગાએ ભય લાગ્યા જ કરે છે, એટલે તે પારોઠનાં પગલાં ભરે છે કે સ્થાન છોડી પલાયન થઈ જાય છે. જ્યાં ભય હોય, ત્યાં સુખ કે આનંદ હોતા નથી. નિર્ભય મનુષ્ય સુખી ને આનંદી હોય છે. તેથી જ મહાપુરુષોએ નિર્ભય થવાનો ઉપદેશ આપેલો છે. મનુષ્યે માત્ર એક જ વસ્તુથી બીવાનું છે અને તે પાપથી. જે પાપથી બીએ છે, તે પાપ કરતો નથી અને જે પાપ કરતો નથી, તે પવિત્ર જીવન ગાળી શકે છે. પવિત્ર જીવન ગાળનારને તો આલોક અને પરલોક બંનેમાં સુખ થાય છે.

અહીં એ જાણવું જરૂરનું છે કે ભયની સંજ્ઞા તો પ્રાણી-માત્રમાં હોય છે. રીસામણીને સ્પર્શ કરતાં તેનાં પાંદડા બીડાવા લાગે છે. જંતુઓની દોડાદોડ મોટા ભાગે ભયને જ આભારી હોય છે. પંખીઓ બીએ છે, પશુઓ બીએ છે અને જેને આપણે હિંસક પ્રાણીઓ તરીકે ઓળખીએ છીએ, તેઓ પણ બીએ છે. સાપ પર પગ પડતાં તે આપણને ડંશ મારી દે છે, એનું કારણ પણ ભયમાંથી રક્ષણ મેળ-

વવાનું છે. મનુષ્યો અનેક વાર અનેક વસ્તુઓથી બીએ છે, એ આપણો રોજિંદો અનુભવ છે. આ રીતે ભયનું સામ્રાજ્ય સર્વત્ર વ્યાપેલું છે, પણ આપણે તેના પર વિજય મેળવવાનો છે.

અહીં કદાચ પ્રશ્ન થશે કે 'આહાર, નિદ્રા, ભય અને મૈથુન, એ ચાર સંજ્ઞાઓ પ્રાણીમાત્રમાં અનાદિકાલથી હોય છે, તેના પર વિજય શી રીતે મેળવી શકાય ?' તેનો ઉત્તર એ છે કે મનુષ્ય ધારે તો એ ચારેય સંજ્ઞાઓપર વિજય મેળવી શકે છે. આહારસંજ્ઞાને જિતવાનું મુખ્ય સાધન તપશ્ચર્યા છે; નિદ્રાસંજ્ઞાને જિતવાનું મુખ્ય સાધન સંયમ છે; ભયસંજ્ઞાને જિતાનું મુખ્ય સાધન અહિંસા છે. અને મૈથુનસંજ્ઞાને જિતવાનું મુખ્ય સાધન બ્રહ્મચર્ય છે. તાત્પર્ય કે તપ, સંયમ, અહિંસા ને બ્રહ્મચર્ય વડે ચારેય સંજ્ઞાઓ જિતી શકાય છે, તેથી જ જૈન ધર્મમાં આ ચારેય વસ્તુઓને ખૂબ મહત્વ આપવામાં આવ્યું છે.

મનુષ્યને ભય ઉત્પન્ન થવાનાં સાત સ્થાનો છે, તે આ પ્રમાણે :

(૧) **ઈહલોક ભય**—મનુષ્યને મનુષ્ય તરફનો ભય. તે યુદ્ધ, મારામારી, તકરાર વગેરેના રૂપે આવે છે.

(૨) **પરલોકભય**—અહીં પરલોકથી મનુષ્યથી ભિન્ન એવા તિર્યંચો અને દેવો વગેરે સમજવાના છે. તેનો ભય અનેકરૂપે પ્રકટ થાય છે.

(૩) **આદાનભય**—ધનમાલ ચોરો, ડાકુઓ, ગુંડાઓ,

મવાલીઓ વગેરે વડે લૂંટાઈ જવાનો ભય. મોટાં શહેરોમાં તો તે સતત ડોકિયાં કરતો હોય છે અને ગામડાંઓ પણ તેમાંથી સાવ મુક્ત હોતાં નથી. આજે વિજ્ઞાનનો વિકાસ થવાથી ચોરી–લૂંટ કરવાની તરકીબો પણ વધી છે અને તે સીનેમા, ટેલીવીઝન વગેરેમાં નજરે જોવાથી ચોર અને લૂંટારાઓનું પ્રમાણ પણ વધ્યું છે. અમેરિકા જેવો દેશ કે જે વધારે પ્રગતિશાળી ગણાય છે, ત્યાં ચોરી–લૂંટનું પ્રમાણ સહુથી વધારે છે, એટલે ત્યાંના લોકો આપણા કરતાં વધારે ભયમાં જીવે છે.

(૪) **અકસ્માતભય**—આગ, પાણીનાં પૂર, ધરતીકંપ વગેરે તરફનો ભય. તે પણ અવારનવાર આવ્યા જ કરે છે અને હવે તો તેમાં વિમાનોનાં અકસ્માતો કે અપહરણો. રેલ્વે ગાડીના અકસ્માતો, મોટર અને ખટારાના અકસ્માતો વગેરેનો સારો એવો ઉમેરો થયો છે.

(૫) **વેદનાભય**—રોગાદિ પીડાનો ભય. તે પણ પહેલાં કરતાં મોટા પ્રમાણમાં વધી ગયો છે. નવી નવી જાતના રોગો દેખાવ દઈ રહ્યા છે અને તેમાંથી કેમ બચવું, એ એક મોટી સમસ્યા ઊભી થઈ છે. વળી માણસોનાં મન પહેલાં કરતાં નબળાં હોવાથી આ પ્રકારની વેદનાનો અનુભવ વધારે તીવ્રપણે થાય છે.

(૬) **મરણભય**—મરવાનો ભય. તે સર્વ પ્રાણીઓને સતાવી રહ્યો છે, કોઈને ઓછો ને કોઈને વધારે. જેઓ બહાદુર હોવાની બડાશ મારે છે, તે પણ મૃત્યુને–મરણને

સામે જોતાં જ થરથરવા લાગે છે ને પોતાનાં સાન-ભાન ભૂલી જાય છે.

(૭) **અશ્લોકભય**—અપકીર્તિ થવાનો ભય. તે પણ અનેક રીતે આપણી સામે આવી પડે છે અને આપણાં હોજાં ગગડાવી નાખે છે.

આ સાત પ્રકારના ભયો જિતનારા તે કહેવાય કે જે ગમે તેવા ક્રૂર કે જંગલી માણસોથી ભય પામે નહિ; વાઘ, સિંહ, દીપડા, હાથી વગેરે જનાવરોથી તેમજ સાપ-અજગર વગેરેથી પણ ભય પામે નહિ; ચોર-લૂંટારુઓથી પણ ભય પામે નહિ; કુદરતી આફતોથી કે અન્ય અકસ્માતોથી પણ ભય પામે નહિ; રોગ કે મરણના વિચારથી ભયભીત બને નહિ, તેમજ સત્ય સિદ્ધાંતોનું અનુસરણ કરતાં લોકોનો ભય રાખે નહિ; ભગવાન મહાવીરના જીવનમાં આપણને આ ભયજિતપણાનાં સર્વાંગસુંદર દર્શન થાય છે અને તેથી તેમના પ્રત્યે આપણું મસ્તક સહસા નમી પડે છે. તાત્પર્ય કે 'સાત પ્રકારના ભયોને જિતે તે જિન' એ વ્યાખ્યા ઘણી ગૌરવશાળી છે, તેથી તેના પ્રત્યે દુર્લક્ષ્ય કરવું યોગ્ય નથી.

એક પાઠકમિત્ર પ્રશ્ન કરે છે કે 'ભગવાન મહાવીર તો મહાપુરુષ હતા, પણ આમાંથી આપણે કોઈ પણ ભય જિતી શકીએ ખરા ?' તેનો ઉત્તર એ છે કે 'જો આપણે ભગવાન મહાવીરના ચરિત્રને સામે રાખીને ચાલવાનો-જીવવાનો નિષ્ઠાભર્યો પ્રયત્ન કરીએ, તો આ બધા ભયો જિતી શકીએ. તેમાં અશક્ય કે અસંભવિત જેવું કશું જ નથી.

જો આ વસ્તુ અશક્ય કે અસંભવિત લાગતી હોય તો આપણી સમજમાં ખામી છે. મનુષ્યને અનંત શક્તિનો ભંડાર કહ્યો છે, તેનો અર્થ એ છે કે તે પોતાની શક્તિઓને ખીલવતો રહે તો અશક્ય કે અસંભવિત લાગતાં કાર્યો પણ જરૂર કરી શકે.

અત્યાર સુધીમાં જિન શબ્દની ચાર વ્યાખ્યાઓ રજૂ કરવામાં આવી અને તે તમે બધાયે રસપૂર્વક વાંચી. તેનાથી જિન કોને કહેવાય? અથવા જિન કયારે થવાય? એ તમે જાણી શકશો, પરંતુ જિનો બે પ્રકારના છે. એક સામાન્ય કેવલીરૂપ અને બીજા અર્હત્‌કેવલીરૂપ. તેમાં અર્હત્ કેવલીરૂપ જિનને ઓળખવા માટે ખાસ વ્યાખ્યાની જરૂર પડે એમ છે, અન્યથા બે પ્રકારના જિનો વચ્ચે ભેદરેખા આંકી શકશો નહીં. લક્ષણનું મુખ્ય પ્રયોજન જ એ છે કે એક વસ્તુને બીજી વસ્તુથી જુદી પાડી બતાવવી. તો હવે અમે એ પાંચમી વ્યાખ્યાની રજુઆત કરીએ છીએ.

(૫) જે ચોત્રીશ અતિશયોથી યુક્ત હોય, તે જિન કહેવાય. આ લક્ષણ માત્ર અર્હત્‌કેવલીરૂપ જિનમાં જ હોય છે, એટલે તેમને સામાન્ય કેવલીરૂપ જિનથી જુદા પાડી શકાય છે. ઘણા શાસ્ત્રકારોએ જિન ભગવંતને ચોત્રીશ અતિશયથી યુક્ત વર્ણવીને તેમની સ્તુતિ-સ્તવના કરેલી છે.

અહીં પ્રથમ વસ્તુ તો એ વિચારવાની છે કે 'અતિશય કોને કહેવાય? અતિશય શબ્દથી શું સમજવું?' તેનો ઉત્તર શ્રી હેમચંદ્રાચાર્યે **અભિધાનચિંતામણિની**

**સ્વોપજ્ઞ ટીકામાં** (કાંડ ૧, શ્લો. ૫૮) આ રીતે આપ્યો છે : 'जगतोऽप्यशेरते तीर्थकरा एभिरित्यतिशयाः-તીર્થંકર ભગવંતો સમસ્ત જગત કરતાં પણ અતિશાયી-ચઢિયાતા છે, એમ બતાવનારા ગુણોને અતિશયો કહેવામાં આવે છે.' તાત્પર્ય કે આ જગતના અન્ય કોઈ મનુષ્યમાં ન હોય, એવા ૩૪ અદ્ભુત-અપ્રતિમ ગુણોથી જિન ભગવંત અલંકૃત હોય છે.

આ ૩૪ અતિશયોમાંથી ૪ અતિશયો જન્મથી જ પ્રાપ્ત થાય છે, એટલે તે ચાર સહજ અતિશયો કહેવાય છે; ૧૧ અતિશયો જિન ભગવંતના ચાર ઘાતીકર્મોનો ક્ષય થતાં ઉત્પન્ન થાય છે, એટલે તેને ૧૧ કર્મક્ષયજ અતિશયો કહેવાય છે; અને ૧૯ અતિશયો ભક્તિનિમિત્તે દેવતાઓ કરે છે, એટલે તે દેવતાકૃત અતિશયો કહેવાય છે. આ રીતે ૪ + ૧૧ + ૧૯ મળી કુલ ચોત્રીશ અતિશયોની ગણના થાય છે.

ચોત્રીશ અતિશયોનું સ્વરૂપ ટૂંકમાં આ પ્રમાણે જાણવું:

## ૧ થી ૪-સહજ અતિશયો

(૧) જિન ભગવંતનું રૂપ જન્મથી જ અદ્ભુત હોય. શરીર સુગંધી તથા રોગ, મેલ અને પરસેવાથી રહિત હોય.

(૨) ભગવંતનો શ્વાસોચ્છ્વાસ કમલ જેવો સુગંધી હોય.

(૩) ભગવંતના રક્ત અને માંસ જન્મથી જ ગાયના દૂધ જેવા શ્વેત અને દુર્ગંધથી રહિત હોય.

(૪) ભગવંતના આહાર અને નિહારની એટલે કે

મલવિસર્જનની ક્રિયા ચર્મચક્ષુવાળા એટલે આપણા જેવા સામાન્ય માણસો દેખી શકે નહિ. જે અવધિજ્ઞાની હોય, તે જોઈ શકે.

## ૫ થી ૧૫–કર્મક્ષયજ અતિશયો

(૫) ભગવંતના સમવસરણમાં યોજનમાત્ર ભૂમિમાં મનુષ્યો, દેવો અને તિર્યંચો ગમે તેટલી મોટી સંખ્યામાં સમાઈ જાય. તેઓ વિના હરકતે ભગવંતની વાણી સાંભળી શકે.

(૬) ભગવંતની વાણી એક યોજનપર્યંત સંભળાય એવી હોય અને તે બધા જીવોને પોતપોતાની ભાષામાં સમજાય.

(૭) ભગવંતના મસ્તકની પાછળ અપૂર્વ તેજોરાશિથી યુક્ત ભામંડલની રચના થાય.

(૮) ભગવંત વિચરતા હોય, તેની આસપાસના સવાસો યોજન સુધી રોગ ન થાય.

(૯) ભગવંત વિચરતા હોય, તેની આસપાસના સવાસો યોજન સુધી આપસનાં વેર-ઝેર શમી જાય. તેમના સમવસરણમાં પરસ્પર દુશ્મનાવટવાળા મનુષ્યો તથા દેવો સાથે બેસે અને પ્રાણીઓ પોતાનું જન્મજાત વૈર ભૂલી જાય, એટલે કે વાઘ–બકરી, નોળિયો–સાપ, બિલાડી–ઉંદર પણ સાથે બેસી શકે.

(૧૦) તીડ, ઉંદર કે સૂડાનાં ટોળાં ખેતરના પાકને નુકશાન કરે નહિ.

(૧૧) ભગવંત વિચરતા હોય, તેની આસપાસના

સવાસો યોજનમાં કોલેરા, મરકી, પ્લેગ, ઈન્ફ્લ્યુએન્ઝા જેવા ચેપી જીવલેણ રોગચાળા ફાટે નહિ.

(૧૨) ભગવંત વિચરતા હોય, તે પ્રદેશમાં અતિવૃષ્ટિ થાય નહિ.

(૧૩) ભગવંત વિચરતા હોય તે પ્રદેશમાં અનાવૃષ્ટિનો અભાવ હોય.

(૧૪) ભગવંત વિચરતા હોય, તે પ્રદેશમાં દુર્ભિક્ષ પડે નહિ. જ્યારે ભિક્ષુકોને કોઈ પણ પ્રકારની ભિક્ષા મળે એવું ન રહે, ત્યારે દુર્ભિક્ષ પડયો કહેવાય. અનાવૃષ્ટિનું જ આ વિસ્તૃત સ્વરૂપ છે.

(૧૫) ભગવંત વિચરતા હોય તે પ્રદેશમાં સ્વચક્રભય એટલે પોતાનું લશ્કર બળવો કરે એવો ભય ઉત્પન્ન થાય નહિ અને પરચક્રભય એટલે પારકું લશ્કર આક્રમણ કરે એવી સ્થિતિ ઊભી થાય નહિ.

## ૧૬ થી ૩૪–દેવતાકૃત અતિશયો

(૧૬) ભગવંતની આગળ આકાશમાં દેદીપ્યમાન ધર્મ-ચક્રનું ચાલવું.

(૧૭) ભગવંતની આગળ આકાશમાં ચામરો ચાલવા. ભગવંત બેઠા પછી તેમની બંને બાજુ દેવતાઓ દ્વારા વીંઝાવા.

(૧૮) ભગવંતની આગળ આકાશમાં પાદપીઠ સહિત સ્ફટિકરત્નના સિંહાસનનું ચાલવું. ભગવંત બેસવાના હોય ત્યાં ઉચિત સ્થાને ગોઠવાઈ જવું.

(૧૯) ભગવંતની આગળ આકાશમાં ત્રણ છત્રોનું ચાલવું. ભગવંત બેસે ત્યારે તેમની ઉપરના ભાગમાં અશોકવૃક્ષ નીચે યોગ્ય સ્થાને ગોઠવાઈ જવું.

(૨૦) ભગવંતની આગળ આકાશમાં રત્નધ્વજનું ચાલવું. સમવસરણ પ્રસંગે ઉચિત સ્થાને ગોઠવાઇ જવું.

(૨૧) ભગવંત ચાલતા હોય ત્યારે તેમની આગળ નવ સુવર્ણકમલોની રચના કરવી, જેના પર પગ મૂકતાં ભગવંત આગળ વધી શકે. આ કમળો અનુક્રમે આગળ ગોઠવાતા જ જાય; એટલે ભગવંતની ગતિ અસ્ખલિત રહે.

(૨૨) સમવસરણમાં રત્નમય, સુવર્ણમય અને રૌપ્યમય ત્રણ ગઢોની રચના કરવી.

(૨૩) ભગવંત સમવસરણમાં પૂર્વાભિમુખ બિરાજે, ત્યારે બાકીની દિશામાં તેમના ત્રણ રૂપ કરવા, જેથી તે ચારે દિશામાં સહુને સન્મુખ દેખાય.

(૨૪) ભગવંતના શરીરથી બાર ગુણા ઊંચાઈવાળા અશોકવૃક્ષની રચના કરવી. વિહાર વખતે તેને આકાશમાં ભગવંતની આગળ ચલાવવું.

(૨૫) ભગવંત ચાલતા હોય, તે માર્ગના કાંટાઓને અધોમુખ કરી દેવા, જેથી તેમને કોઇ કાંટો વાગે નહિ.

(૨૬) ભગવંત ચાલતા હોય, તે માર્ગની બંને બાજુએ રહેલા વૃક્ષોની ડાળીઓને નીચે નમાવી.

(૨૭) આકાશમાં દુંદુભિનાદ કરવો.

(૨૮) ભગવંત વિચરતા હોય ત્યાં પવનનું અનુકૂલ-પણે વહેવું.

(૨૯) ભગવંત વિચરતા હોય, ત્યારે આકાશમાં પક્ષીઓ વડે પ્રદક્ષિણા આપવી.

(૩૦) ભગવંત વિચરતા હોય, તે ક્ષેત્રમાં ગંધોદકની વૃષ્ટિ કરવી.

(૩૧) ભગવંત જ્યાં વિદ્યમાન હોય, ત્યાં પચરંગી સુગંધી પુષ્પોની વૃષ્ટિ કરવી.

(૩૨) ભગવંતના દીક્ષા સમયથી કેશ, રોમ, દાઢી અને નખનું એક સરખું રહેવું, એટલે કે તેમાં વૃદ્ધિ ન થવી.

(૩૩) ઓછામાં ઓછા એક ક્રોડ દેવોનું ભગવંતની સમીપે રહેવું.

(૩૪) ભગવંતની હાજરીમાં સર્વઋતુઓ તથા પંચેન્દ્રિયના વિષયોનું અનુકૂલ થવું.

આ બધી લોકોત્તર વસ્તુ છે, એટલે તેમાં તર્કને સ્થાન નથી.

હવે આ વિવેચન સમેટીને અર્થપ્રકાશ જાહેર કરીશું : **જિન એટલે રાગ અને દ્વેષરૂપી અંતરંગ શત્રુઓને પૂરેપૂરા જિતી લેનારા તથા ચોત્રીશ અદ્ભુત અતિશયોને ધારણ કરનારા.**

## પ્રશ્નોત્તરી

**પ્રશ્ન**—અર્હત્કેવલીઓને લોકના ઉદ્યોતકર્તા અને ધર્મતીર્થંકર કહ્યા પછી જિન કહેવાનું કારણ શું ?

**ઉત્તર**—અર્હત્કેવલીઓ જેમ લોકનું સંપૂર્ણ સ્વરૂપ પ્રકટ કરનારા, ધર્મની અપૂર્વ દેશના દેનારા તથા ચતુર્વિધ-શ્રીસંઘની સ્થાપના કરનારા હોય છે, તેમ રાગ-દ્વેષનો સંપૂર્ણ જય કરી વીતરાગદશાને પ્રાપ્ત થયેલા હોય છે, તેમજ ૩૪ અદ્ભુત અતિશયોથી યુક્ત હોવાને લીધે લોકોમાં આનંદમંગલ પ્રવર્તાવનારા હોય છે, તેમ જણાવવાને માટે તેમને જિન કહ્યા છે.

**પ્રશ્ન**—અર્હત્કેવલીઓ ધર્મતીર્થપ્રવર્તન આદિ જે પ્રવૃતિ કરે છે, તેમાં તેમનો કંઈ સ્વાર્થ હોય છે ખરો ?

**ઉત્તર**—ના. જેઓ વીતરાગ મહાપુરુષ હોય, તેમને કશો અંગત સ્વાર્થ હોય નહિ, તેઓ લોકહિતાર્થે જ સઘળી પ્રવૃત્તિ કરે.

**પ્રશ્ન**—અર્હત્કેવલીઓ પરોપકાર અર્થે કઈ પ્રવૃત્તિ કરે ?

**ઉત્તર**—માત્ર ઉપદેશની. તેમનો દાન-દયા-પરોપકારને લગતો ઉપદેશ એટલો સચોટ હોય છે કે તેનું તરત પરિણામ આવે છે, એટલે કે લોકોમાં પરોપકારી પ્રવૃત્તિઓ થવા લાગે છે.

**પ્રશ્ન**—અર્હત્કેવલીઓ કોઈને દબાવીને કંઈ કહે ખરા ?

**ઉત્તર**—ના. તેમનો ઉપદેશ સર્વભોગ્ય હોય છે અને તેમાંથી જેમને જે સમજવું હોય, તે સમજી લે છે.

**પ્રશ્ન**—કેવલજ્ઞાનની પ્રાપ્તિ કર્યા વિના કોઈ જિન બની શકે ખરૂં ?

**ઉત્તર**—જિન શબ્દની જે વર્તમાન પરિભાષા છે, તે અનુસાર તો નહિ જ. પ્રાચીન કાલમાં દશપૂર્વધર, ચૌદ પૂર્વધર, અવધિજ્ઞાની તથા મનઃપર્યવજ્ઞાનીને પણ એક પ્રકારના જિન માનવામાં આવતા. જૈન શાસ્ત્રોમાં તેને લગતા અનેક ઉલ્લખો પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન**—જિન શબ્દની પાછળ મુખ્ય ભાવના કઈ રહેલી છે ?

**ઉત્તર**—જિન શબ્દની પાછળ મુખ્ય ભાવના આપણા આત્માનો જય કરવાની છે. આત્માનો જય કરવો, એટલે આત્માની દુષ્ટ વૃત્તિઓ પર પૂરેપૂરો કાબુ મેળવી લેવો.

**પ્રશ્ન**—આજે આપણા દેશમાં કોઈ જિન છે ખરા ?

**ઉત્તર**—ના. કેવલજ્ઞાન વિના જિન થઈ શકાય નહિ અને કેવલજ્ઞાનનો તો આજે વિચ્છેદ છે.

**પ્રશ્ન**—કેવલજ્ઞાનનો વિચ્છેદ શા માટે ?

**ઉત્તર**—કેવલજ્ઞાન શુકલ ધ્યાનના બીજે પાયે થાય છે અને શુકલધ્યાન ધરવા જેવું સંઘયણ કે મનોબળ આપણે ધરાવતા નથી.

**પ્રશ્ન**—શું બધા જ જિનોને ૩૪ અતિશયો હોય ? ઓછા-વત્તા નહિ ?

**ઉત્તર**—બધા જ જિનોને નિયમા ૩૪ અતિશયો હોય છે, એટલે ઓછા-વત્તાનો પ્રશ્ન ઉદ્ભવતો નથી.

**પ્રશ્ન**—પરંતુ કોઇ દેવોને કોઇ જિન તરફ વધારે ભક્તિ હોય તો વધારે અતિશયો કરે કે નહિ?

**ઉત્તર**—દેવોને બધા જિનો તરફ સરખી ભક્તિ હોય છે, એટલે તેઓ પોતાના કલ્પ અનુસાર કે દેવેન્દ્રની આજ્ઞા અનુસાર પોતાનું કર્તવ્ય બજાવ્યા કરે છે.

**પ્રશ્ન**—આજે જિનભગવંતનાં સાક્ષાત્ દર્શન કરવા હોય તો?

**ઉત્તર**—તો મહાવિદેહ ક્ષેત્રમાં થઇ શકે, પણ ત્યાં જવાની આપણી શક્તિ નથી. કોઈ વિદ્યા-મંત્રસિદ્ધિના બળે ત્યાં જાય, એ જુદી વાત છે. શ્રી કાલિકાચાર્ય અમુક સંદેહના નિવારણાર્થે સૂક્ષ્મ દેહે મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર સ્વામી પાસે ગયા હતા, એવો શાસ્ત્રમાં ઉલ્લેખ છે. આજના ધર્મ પ્રચારકોમાંથી કોઈ કોઇ મહાવિદેહ ક્ષેત્રમાં ગયાનો દાવો કરે છે, પણ તે માત્ર પ્રચાર છે; તેમાં સત્ય કંઇ નથી.

**પ્રશ્ન**—જિન ભગવંતના નામનો મંત્ર જપીએ તો એ ફળે ખરો?

**ઉત્તર**—જરૂર. મંત્ર મંત્રનું કામ કરે છે, પણ તે શ્રદ્ધા, શુદ્ધિ અને વિધિપૂર્વક જપવો જોઈએ.

**પ્રશ્ન**—જિન ભગવંતની કોઈ પ્રકારની માન્યતા રાખી શકાય ખરી?

**ઉત્તર**—ના, એ એક પ્રકારનું મિથ્યાત્વ છે.

[ ૧૨ ]

# પ્રથમ ગાથાનો અર્થપ્રકાશ-૪

## [ અરિહંતો ]

પાઠક મિત્રો ! પ્રારંભમાં આપણામાંના કેટલાક એમ માનતા હતા કે ૩૨ અક્ષર, ૯ પદ, ૪ ચરણ અને ૧ શ્લોકરૂપ લોગસ્સસૂત્રની પ્રથમ ગાથામાં એવું તે શું ભર્યું છે કે તે માટે ખાસ પ્રકરણ લખવું પડે ! પરંતુ પ્રમાણમાં ઠીક ઠીક લાંબા એવા ત્રણ પ્રકરણો તે માટે ટૂંકા પડયાં છે અને ચોથું પ્રકરણ લખાઈ રહ્યું છે. કદાચ આ ચોથું પ્રકરણ પણ તે માટે ટૂંકું પડે, કારણ કે હજી अरिहंते, कित्तइस्स, चउवीसं, पि અને केवली એ પાંચ પદો અંગે વિચારણા કરવાની છે અને એ વિચારણા ટૂંકી તો નહિ જ હોય. પરંતુ એક પ્રકરણ વધારે લખાય કે ઓછું લખાય, એ બહુ મહત્ત્વની વસ્તુ નથી. આપણે જે વિષય હાથ ધર્યો છે, તેને પૂરતો ન્યાય મળે અને તેમાંથી આપણને જોઈતો તત્ત્વપ્રકાશ મળે, એ જ

ખરું મહત્ત્વનું છે. તે માટે જેવી અને જેટલી ચર્ચા-વિચારણા કરવી જોઇએ, તે અમે કરી રહ્યા છીએ.

अरिहंते પદ બીજી વિભક્તિના બહુવચનમાં આવેલું છે. તેમાં મૂલપદ अरिहंत છે. अरिहंत એટલે અર્હત્-અરિહંત. અર્હત્ શબ્દ સંસ્કૃત ભાષાનો છે, પણ તે તત્સમ તરીકે ગુજરાતી ભાષામાં ઉતરી આવેલો છે; અને અરિહંત શબ્દ પ્રાકૃત ભાષાનો છે, તે પણ તત્સમ તરીકે ગુજરાતી ભાષામાં ઉતરી આવેલો છે. આ બંને શબ્દો આજે ગુજરાતી ભાષામાં છૂટથી બોલાય છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઇએ કે સંસ્કૃત ભાષાનો અર્હત્ શબ્દ તો સ્થિર રહ્યો છે, પણ પ્રાકૃત ભાષાના અરિહંત શબ્દનું તેવું નથી. એ ઉચ્ચારભેદે **અરહંત** અને **અરુહંત**નું રૂપ પણ પામેલો છે. **જૈન** શાસ્ત્રોમાં આ ત્રણે ય શબ્દોના પ્રયોગો થયેલા છે. શ્રી ભદ્રબાહુસ્વામીએ **આવશ્યકનિર્યુક્તિ**માં અરિહંત અને અરહંત એ બંને શબ્દો પર નિર્યુક્તિ રચેલી છે અને **શ્રીમહાનિતીથસૂત્ર**માં અરહંત, અરુહંત અને અરિહંત એ ત્રણેય શબ્દનું અર્થ-વિવેચન થયેલું છે. કેટલાક શિલાલેખોમાં અરહત એવો શબ્દ પણ જોવામાં આવે છે, પરંતુ શાસ્ત્રોમાં તો ઉપર જણાવેલા ત્રણ શબ્દોનો જ ઉપયોગ થયેલો છે અને તેમાં પણ અરહંત અને અરિહંતનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં થયેલો છે.

ભાષાશાસ્ત્રીઓનું એવું માનવું છે કે અર્હત્માંથી

કાલાંતરે અરહત શબ્દ બન્યો, તેમાંથી અરહંત શબ્દ બન્યો અને તેમાંથી અરિહંત અને અરુહંત એ બંને રૂપો પ્રચારમાં આવ્યાં. પરંતુ પ્રાકૃત ભાષા મૂલ છે અને સંસ્કૃત ભાષા તો તેમાંથી સંસ્કાર પામેલી છે, એટલે અરહત, અરહંત, અરિહંત અને અરુહંત એવા જે શબ્દો પ્રાકૃતમાં બોલાઈ રહ્યા હતા, તેનો સંસ્કાર સંસ્કૃત ભાષામાં અર્હત્ તરીકે થયો, એમ માનવું વધારે ઠીક છે.

અરિહંત માટેનો એક શબ્દ '**અરહા**' પણ છે, જેનો પ્રાચીન કાલમાં વિશેષ પ્રમાણમાં ઉપયોગ થતો હતો, એટલે એવું અનુમાન કરવાને કારણ મળે છે કે અરહત આદિ બધા શબ્દો તેમાંથી જ ઉતરી આવ્યા હશે. એ ગમે તેમ હોય, પણ આ બધા શબ્દોનું મૂળ अर्ह् ધાતુમાં છે કે જે યોગ્યતા કે પૂજાનો અર્થ દર્શાવે છે, એટલે અર્હતનો અર્થ યોગ્ય કે પૂજ્ય થાય છે.

**આવશ્યકનિર્યુક્તિ**માં કહ્યું છે કે-

**अरहंति वंदण-नमंसणाइं, अरहंति पूय-सक्कारं ।**
**सिद्धिगमणं च अरहा, अरहंता तेण वुच्चंति ॥ ९२१ ॥**[1]

'જેઓ વંદન-નમસ્કારને યોગ્ય છે, પૂજા-સત્કારને યોગ્ય છે અને સિદ્ધિગમનને યોગ્ય છે, તેઓ એ યોગ્યતાના કારણે અરિહંત કહેવાય છે.'

---

૧ આ ગાથામાં સંપાદકે अरहंति અને अरहंता સ્થાને अरिहंति અને अरिहंता શબ્દો મૂક્યા છે, તે બરાબર નથી.

તાત્પર્ય કે જેમને જોતાં જ આપણને વંદવાનું, પૂજવાનું, સત્કારવાનું, સન્માનવાનું મન થાય ઉમળકો આવે અને જેઓ પોતાનો આ ભવ પૂરો થયે અવશ્ય મોક્ષમાં જવાના હોય, તેમને અરહંત સમજવા. સામાન્ય કેવળીઓ પણ પોતાનો આ ભવ પૂરો થયે અવશ્ય મોક્ષમાં જનારા હોય છે, પણ તેમને ઉપર જણાવ્યો તેવો પૂજાતિશય હોતો નથી, એટલે આ વસ્તુને અરહંતની વિશેષતા સમજવાની છે.

અહીં કોઇ એમ કહેતું હોય કે 'આ જગતમાં વંદન, પૂજન, સત્કાર–સન્માન તો ઘણા પામે છે, શું તેને આપણે પૂજાતિશય સમજવો ?' તેનો ઉત્તર એ છે કે 'આ જગતમાં જે વંદન, પૂજન, સત્કાર–સન્માન થાય છે, તે મોટા ભાગે વ્યવહારથી થતા હોય છે, તેમાં અંતરનો ઉમળકો બહુ ઓછો હોય છે; અને કદાચ અંતરનો ઉમળકો હોય તો પણ તે ઉત્કૃષ્ટ કોટિનો તો હોતો જ નથી. જ્યારે આ ઉમળકામાં તો પૂજ્યભાવનો અતિરેક હોય છે, તેથી જ તેને પૂજાતિશય કહેવામાં આવે છે.' તાત્પર્ય કે સામાન્ય વંદન–પૂજન–સત્કાર–સન્માનની ગણના પૂજાતિશયમાં થઈ શકે નહિ.

**મહાનિશીથસૂત્ર**માં કહ્યું છે કે '**सनरामरासुरस्स णं सव्वस्सेव जगस्स अट्ठमहापाडिहेराइपूयाइसओवलक्खियं अणण्णसरिसमचिंतमाहप्पं केवलाहिट्ठियं पवरुत्तमत्तं अरहंति त्ति अरहंता ।** મનુષ્ય, દેવતા અને દાનવોવાળા આ સમગ્ર જગતના તેમ જ આઠ મહાપ્રાતિહાર્યના પૂજાતિશયથી

ઉપલક્ષિત, અનન્યસદૃશ, અચિંત્ય માહાત્મ્યવાળા, કેવલાધિષ્ઠિત અને પ્રવર ઉત્તમતાને યોગ્ય હોય, તે અરહંત કહેવાય છે.'

આ જગતમાં મનુષ્ય, દેવતા અને દાનવો એ ત્રણ પ્રકારના લોકો છે. તેમાં મનુષ્યના નાયકો મહારાજા કે ચક્રવર્તી કહેવાય છે, દેવતાઓના નાયકો દેવેન્દ્ર કે સુરેન્દ્ર કહેવાય છે અને દાનવોના નાયકો દાનવેન્દ્ર કે અસુરેન્દ્ર કહેવાય છે. આ બધા લોકો અને તેમના નાયકો અરિહંત ભગવંતને અનન્ય ભાવે વંદે છે, પૂજે છે, સત્કારે છે, સન્માને છે અને તેમની વિવિધ પ્રકારે ભક્તિ કરવામાં ગૌરવ માને છે. આને પૂજાતિશય સમજવો. જો ભગવંતમાં અસાધારણ પૂજ્યતા ન હોય, તો આટલી વ્યાપક અને વિશિષ્ટ પૂજા થાય શી રીતે ?

દેવેન્દ્ર કેટલાક દેવોને ભગવંતના પ્રતિહારી થવાનું કાર્ય સોંપે છે, એટલે તેઓ નિરંતર તેમની સમીપે રહે છે અને તેમના પ્રત્યે ભક્તિ દર્શાવવા માટે અશોકવૃક્ષ આદિ આઠ દિવ્ય વસ્તુઓની રચના કરે છે. આ પ્રતિહારીનું કાર્ય હોવાને લીધે પ્રાતિહાર્ય કહેવાય છે. આવા આઠ મહાન પ્રાતિહાર્યોનો સમુદાય, તે અષ્ટમહાપ્રાતિહાર્ય. સામાન્ય લોકો આ મહાપ્રાતિહાર્યોને જોતાં જ સમજી જાય છે કે નક્કી અહીં અરિહંત ભગવંત બિરાજતા હોવા જોઈએ; એટલે તેઓ તેમની સમીપે આવવા લાગે છે અને તેમની અનન્ય ભાવે ભક્તિ કરવા માંડે છે. જેમ ચુંબક લોખંડને

પોતાના તરફ આકર્ષે છે, તેમ અરિહંત ભગવંતનું અદ્ભુત વ્યક્તિત્વ લોકોને પોતાના તરફ આકર્ષે છે.

અશોકવૃક્ષાદિ આઠ મહાપ્રાતિહાર્યોનાં નામ **પ્રવચન-સારોદ્ધાર**ના ઓગણચાલીશમા દ્વારમાં નીચે પ્રમાણે સંઘરાયેલાં છે :

**किंकिली कुसुमवुट्ठी, देवज्झुणि चामराऽऽसणाइं च ।**
**भावलय भेरिछत्तं, जयंति जिणपाडिहेराइं ॥**

'(૧) અશોકવૃક્ષ, (૨) કુસુમવૃષ્ટિ, (૩) દિવ્યધ્વનિ, (૪) ચામર, (૫) આસન, (૬) ભાવલય–ભામંડલ, (૭) ભેરિ અને (૮) છત્ર એ જિન–પ્રાતિહાર્યો જય પામે છે.'

તે માટે નીચેનો સંસ્કૃત શ્લોક પ્રસિદ્ધ છે :

**अशोकवृक्षः सुरपुष्पवृष्टिः,**
**दिव्यध्वनिश्चामरमासनं च ।**
**भामण्डलं दुन्दुभिरातपत्रं,**
**सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥**

'(૧) અશોકવૃક્ષ, (૨) દેવતાઈ પુષ્પોની વૃષ્ટિ, (૩) દિવ્યધ્વનિ, (૪) ચામર, (૫) આસન, (૬) ભામંડલ, (૭) દુન્દુભિ અને (૮) છત્ર એ જિનેશ્વરનાં સત્પ્રાતિહાર્યો છે.'

આ બંનેમાં નામનો ક્રમ સમાન જ છે. કોઈ કોઈ જગાએ આ ક્રમમાં થોડો ફેરફાર પણ જોવામાં આવે છે,

પણ તેમાં કોઈ મહત્ત્વનો તફાવત નથી, એટલે આપણે આ ક્રમને જ સુવિહિત માનીને ચાલીએ.

હવે આ આઠે ય પ્રાતિહાર્યો ૩૪ અતિશયોમાં આવી જાય છે, પણ અહીં તેનો વિશેષ અધિકાર હોવાથી તેમનો ટૂંકમાં પરિચય કરી લઈએ. (૧) અરિહંત ભગવંત સમવસરણમાં બિરાજતા હોય, ત્યારે તેમના શરીરથી બારગણી ઉંચાઈવાળા અત્યંત મનોહર અશોક વૃક્ષની રચના પ્રતિહારી દેવતાઓ વડે કરવામાં આવે છે. તેનું વર્ણન શાસ્ત્રોમાં અનેક રીતે થયેલું છે. વિહાર વખતે આ અશોકવૃક્ષ ઉપર આકાશમાં સાથે ચાલે છે અને સમવસરણના સમયે પોતાના સ્થાને ગોઠવાઈ જાય છે. આ અશોકવૃક્ષ ઉપર બીજા એક ચૈત્યવૃક્ષની રચના હોય છે. ચૈત્યવૃક્ષ એટલે જ્ઞાનનું વૃક્ષ, ભગવંતને જે વૃક્ષ નીચે કેવલજ્ઞાન થયું હોય તે વૃક્ષ. આને અશોકવૃક્ષ નામનો પ્રથમ મહાપ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

(૨) સમવસરણની રચના વખતે આજુબાજુની એક યોજનપ્રમાણ ભૂમિમાં પ્રતિહારી દેવો પંચરંગી પુષ્પોની વૃષ્ટિ કરે છે. આ પુષ્પો અચિત્ત હોવા છતાં સુગંધથી ભરપૂર હોય છે. આને સુરપુષ્પવૃષ્ટિ નામનો બીજો મહાપ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

(૩) ભગવંત દેશના દેતા હોય ત્યારે વાતાવરણમાં ઊંચે સુધી એક પ્રકારનો દિવ્ય ધ્વનિ પ્રકટે છે, જે તેમની વાણીમાં રહેલી મધુરતા, દિવ્યતા આદિમાં ઉમેરો કરે છે અને માલકોશ આદિ રાગોના સૂર પણ પૂરે છે. જૈનોનો એક

સંપ્રદાય એમ માને છે કે દિવ્ય ધ્વનિ ૐકાર રૂપ હોય છે. આને દિવ્યધ્વનિ નામનો ત્રીજો મહાપ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

(૪) ભગવંત જ્યારે વિહાર કરતા હોય છે, ત્યારે આગળ ગગનમંડળમાં ૬૪ સુંદર ચામરો ચાલતા હોય છે. તેઓ જ્યારે સમવસરણમાં બિરાજે છે, ત્યારે એક બાજુના સોળ એ રીતે આ ૬૪ ચામરો તેમની બંને બાજુ દેવ–દેવીઓ દ્વારા વીંઝાય છે. તેને ચામર નામનો ચોથો મહાપ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

(૫) ભગવંત જ્યારે વિહાર કરતા હોય, ત્યારે પાદપીઠ સહિત નિર્મલ સ્ફટિકરત્નનું બનેલું અદ્ભુત સિંહાસન ઉપર આકાશમાં ચાલતું હોય છે. તે સમવસરણમાં બેસવાના સમયે યથાસ્થાને ગોઠવાઇ જાય છે. તેને આસન નામનો પાંચમો મહાપ્રાતિહાર્ય કહેવામાં આવે છે.

(૬) પ્રતિહારી દેવો દ્વારા ભગવંતના મસ્તકની પાછળ અત્યંત દેદીપ્યમાન તેજોવર્તુલની રચના કરવી, તે ભામંડલ નામનો છઠ્ઠો મહાપ્રાતિહાર્ય ગણાય છે.

(૭) ભગવંતનું સમવસરણ રચતી વખતે પ્રતિહારી દેવતાઓ દુન્દુભિ વગાડી એક પ્રકારનો જયનાદ પ્રકટ કરે છે, તે ઘણે દૂર સુધી સંભળાય છે, તેને સાતમો દુન્દુભિ નામનો મહાપ્રાતિહાર્ય ગણવામાં આવે છે.

(૮) ભગવંત વિહાર કરતા હોય ત્યારે તેમની ઉપર નભોમંડલમાં ત્રણ મનોહર છત્રો ચાલે છે અને તેઓ

બેસે ત્યારે તેમના મસ્તક ઉપર થોડે ઊંચે ઉચિત રીતે ગોઠવાઈ જાય છે. તેને છત્ર નામનો આઠમો પ્રાતિહાર્ય ગણવામાં આવે છે.

કેટલાક આચાર્યોએ તો આ આઠ મહાપ્રાતિહાર્ય વડે જ અરહંત કે અરિહંતની ઓળખાણ આપી છે, જેમકે—
—अशोकाद्यष्टमहाप्रातिहार्यादिरूपां पूजामर्हन्तीत्यर्हन्तः =–જે અશોકાદિ અષ્ટમહાપ્રાતિહાર્યરૂપી પૂજાને યોગ્ય છે, તે અરિહંતો.' 'अट्ठविहं पाडिहेरं, जम्हा अरहंति तेण अरिहंता–જેઓ અષ્ટમહાપ્રાતિહાર્યને યોગ્ય છે, તે અરિહંતો.'

અહીં કદાચ એવો પ્રશ્ન ઉઠે કે 'શું અરિહંતોને ઓળખવાનું આ મુખ્ય લક્ષણ છે?' તેનો ઉત્તર એ છે કે 'સામાન્ય લોકો તો તેમને આ આઠ મહાપ્રાતિહાર્યો વડે જ ઓળખે છે, તેથી તેને અરિહંતનું મુખ્ય લક્ષણ માનવામાં વાંધો નથી, પણ એટલું ખ્યાલમાં રાખવું કે આ તેમનું બાહ્ય લક્ષણ છે.' કદાચ અહીં આંતરિક લક્ષણ પણ પૂછાશે, એટલે જણાવી દઈએ કે ચાર મૂલ અતિશય –જ્ઞાનાતિશય, વચનાતિશય, અપાયાપગમાતિશય અને પૂજાતિશય[૨], એ તેમનાં આંતરિક લક્ષણો છે. આ બાહ્ય–આંતરિક બાર લક્ષણોને અરિહંતના બાર ગુણની પ્રસિદ્ધિ મળી છે.

---

૨. ઉત્પત્તિના ક્રમથી પ્રથમ અપાયાપગમાતિશય, પછી જ્ઞાનાતિશય પછી પૂજાતિશય અને છેવટે વચનાતિશય આવે છે. પ્રથમ જિનાવસ્થા પ્રાપ્ત થાય છે, તે અપાયાપગમાતિશય, પછી કેવલજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, તે જ્ઞાનાતિશય. પછી ઇંદ્રો વગેરેથી પૂજાવું તે પૂજાતિશય અને સમસરણમાં ઉપદેશ દેવો, તે વચનાતિશય.

તે માટે 'बारसगुण अरिहंता'[3] 'બાર ગુણ અરિહંત દેવ' આદિ પંક્તિઓ આપણા સમાજમાં પ્રચલિત છે.

આ જગતમાં જેના જેવું બીજું કોઈ ન હોય, તે અનન્યસદૃશ કહેવાય. તમે પૃથ્વીનું સમસ્ત પડ ફેંદી વળો, પણ તમને અરિહંતનો જોટો નહિ મળે, એ હકીકત છે. એક ભૂમિમાં એક સમયે તો બે અરિહંતો જન્મતા જ નથી, એટલે તેમની જોડી મળવી અસંભવિત છે. અહીં કોઈ એમ પૂછતું હોય કે 'આ પૃથ્વીમાં તેમનો જોટો ભલે ન જડે, પણ સ્વર્ગમાં જડે કે નહિ? ત્યાં તો ઘણી સંપત્તિ-શક્તિવાળા દેવો હોય છે.' તેનો ઉત્તર અમે નકારમાં આપીએ છીએ. અહીં અરિહંતનો જોટો શોધવાનો છે, તે તેમના ગુણની અપેક્ષાએ શોધવાનો છે. અરિહંત અનંત-ગુણોના ભંડાર હોય છે, તેના સોમા કે હજારમા ભાગે પણ કોઈ દેવ આવી શકે નહિ, પછી બરોબરીની વાત તો રહી જ ક્યાં? ખરી વાત તો એ છે કે દેવોના દેવો પણ

---

૩ बारसगुण अरिहंता, सिद्धा अट्ठेव सूरि छत्तीसं ।
उवज्झाया पणवीस, साहू सगवीस अट्ठसयं ॥

'અરિહંતના ૧૨ ગુણ, સિદ્ધના ૮ ગુણ, આચાર્યના ૩૬ ગુણ, ઉપાધ્યાયના ૨૫ ગુણ અને સાધુના ૨૭ ગુણ, એ રીતે પંચપરમેષ્ઠીના ૧૦૮ ગુણો થાય છે.'

અરિહંત ભગવંતની ભક્તિ—પૂજા કરતા હોય છે, એટલે તેઓ એમના સેવકની કોટિમાં આવે. શું સેવકની સરખામણી સ્વામી સાથે લઈ શકે ખરી ?

આજથી ૨૫૦૦–૨૬૦૦ વર્ષ પહેલાં ભારતવર્ષમાં ઘણા ધાર્મિક સંપ્રદાયો હતા અને ઘણા પ્રકારના વાદો–સિદ્ધાંતો ચાલતા હતા. એ દરેક સંપ્રદાય કે વાદનો સ્થાપક પોતાને મહાન સમજતો અને તીર્થંકર, ઇશ્વરી અવતાર, પરમમહર્ષિ કે એવા કોઈ બીજા નામે પોતાને ઓળખાવતો, પણ તેમાંનો કોઈ ભગવાન મહાવીરની તુલનામાં આવી શકયો નહિ. ગોશાલકે તેમની હરિફાઈ કરી તેમને ઉતારી પાડવાના પ્રયત્નો કર્યા, પણ પરિણામે પોતાને જ ભૂંડે હાલે મરવાનો વખત આવ્યો. તાત્પર્ય કે અરિહંત ભગવંત ગુણમાં અજોડ હોય છે, એટલે કોઈ તેમની હરિફાઈ કરી શકતું નથી.

અરિહંતો અચિંત્ય માહાત્મ્યવાળા હોય છે, એમ કહેવાનો આશય એ છે કે તેમનો મહિમા આપણે કલ્પી શકીએ, તે કરતાં પણ ઘણો મોટો હોય છે. જેમનાં દર્શન-માત્રથી પાપી મનુષ્યો પવિત્ર થતા હોય, દરિદ્ર મનુષ્યો ધનવાન બનતા હોય, અને મહા રોગથી પીડાઇ રહેલા મનુષ્યો નીરોગી બનતા હોય, તેમના મહિમાને તમે કેવો કહેશો ? માત્ર મનુષ્યો પર જ નહિ, પશુ, પક્ષીઓ અને અન્ય પ્રાણીઓ પર પણ તેમનો અજબ પ્રભાવ પડે છે અને તેમના જીવનમાં અનેરું પરિવર્તન આવે છે. ચંડકૌશિક એક દષ્ટિ–

વિષ ભયંકર સર્પ હતો અને દૃષ્ટિપાત માત્રથી પણ અનેક પ્રાણીઓના પ્રાણ હરતો હતો. તેણે ભગવાન મહાવીરને પોતાના રાફડાની નજીક ઊભેલા જોઈને તેમના પગે પોતાનો ઝેરી દંશ માર્યો, પરંતુ ભગવાન મહાવીરને તેની કોઈ અસર થઇ નહિ, આ તેમનો કેવો મહિમા! વળી 'ચંડકૌશિક બુજઝ! બુજઝ!' એ તેમના વાત્સલ્યપૂર્ણ શબ્દોએ તેનું સમસ્ત જીવન ફેરવી નાખ્યું અને હળાહળ ઝેરના સ્થાને સમતારસની સુધા પ્રકટાવી દીધી. અરેખર! અરિહંત ભગવંતનો મહિમા અપાર હોય છે, તેનું વૈખરી વાણી વડે વર્ણન થઈ શકે જ નહિ.

કેવલાધિષ્ઠિત એટલે કેવલજ્ઞાન અને કેવલદર્શનથી યુક્ત. અરિહંત ભગવંતો સંસારનો ત્યાગ કર્યા પછી સામાયિક યોગની સાધનાનો સ્વીકાર કરે છે અને અનેક પ્રકારના પરીષહો તથા ઉપસર્ગોનો જય કરીને અનુક્રમે વૃત્તિસંક્ષય સુધી પહોંચે છે, જ્યાં ચાર ઘાતીકર્મોનો ક્ષય થતાં કેવલજ્ઞાન અને કેવલદર્શનની પ્રાપ્તિ થાય છે. પછી જ તેઓ તીર્થપ્રવર્તન તથા ધર્મોપદેશનું કાર્ય કરે છે અને જગતમાં જયકાર વર્તે છે. તાત્પર્ય કે અરિહંત ભગવંતો કેવલજ્ઞાન અને કેવલદર્શનને અવશ્ય ધારણ કરનારા હોય છે.

અરિહંતો પ્રવર ઉત્તમતાને યોગ્ય હોય છે, એટલે કે તેઓ રૂપ, ગુણ, સંઘયણ, સંસ્થાન, કુલ, જાતિ, જ્ઞાન, ધ્યાન, સિદ્ધિ એ બધામાં ઉત્તમ હોય છે, તેથી જ તેમની ગણના પુરુષોત્તમ તથા સિદ્ધોત્તમ તરીકે થાય છે.

અરિહંત ભગવંતનો આત્મા દેવલોક કે નરકલોકમાંથી ચ્યવીને માતાના ગર્ભમાં આવે છે, તેને ચ્યવનકલ્યાણક કહેવાય છે; તેઓ માતાના ઉદરથી જન્મ પામે, તેને જન્મ-કલ્યાણક કહેવાય છે; તેઓ સંસારનો ત્યાગ કરી સંયમ-દીક્ષા કે યોગદીક્ષા ધારણ કરે છે, તેને દીક્ષાકલ્યાણક કહેવાય છે; તેઓ કેવલજ્ઞાનની પ્રાપ્તિ કરે, તેને કેવલજ્ઞાન કલ્યાણક કહેવાય છે અને તેઓ નિર્વાણ પામે, તેને નિર્વાણ-કલ્યાણક કહેવામાં આવે છે. જગતનું કલ્યાણ કરનારના જીવનમાં આ પાંચેય ઘટનાઓ મહત્ત્વની હોવાથી તેને કલ્યા-ણક સંજ્ઞા આપવામાં આવી છે. આ પાંચે ય કલ્યાણક–પ્રસંગોએ દૈવી તત્ત્વો ઉલ્લાસમાં આવે છે, એટલે કે દેવ–દેવીઓ ટોળે મળીને તેનો યોગ્ય ઉત્સવ–મહોત્સવ કરે છે અને આ જગતમાં તેનું વિશિષ્ટ વાતાવરણ સર્જાય છે. દેવ–દેવીઓ દ્વારા થતાં આ બધા ઉત્સવ–મહોત્સવોનો સમાવેશ પૂજાતિશયમાં જ થાય છે.

તાત્પર્ય કે अर्ह्‌ ધાતુમાંથી ઉદ્ભવેલા **અરહંત–અરિહંત, અરુહંત એ ત્રણેય શબ્દનો અર્થ અષ્ટ-મહાપ્રાતિહાર્ય તેમજ ત્રણે ય લોકના નાયકો વડે પૂજાતા આ જગતના એક લોકોત્તર મહાપુરુષ છે.**

લોગસ્સસૂત્રની આ પ્રથમ ગાથામાં लोगस्स उज्जोअगरे પદ વડે જ્ઞાનાતિશયનું, धम्मतित्थयरे પદ વડે વચનાતિશયનું, जिणे પદ વડે અપાયાપગમાતિશયનું અને अरिहंते પદ વડે પૂજાતિ-શયનું સૂચન થતાં પ્રસ્તુત કીર્તન કે સ્તવન ચાર મૂલાતિ-

શય-ગર્ભિત બને છે અને તેથી તેનું મહત્ત્વ ઘણું વધી જાય છે. આચાર્ય શ્રી મલ્લિષેણસૂરિએ **સ્યાદ્વાદમંજરીના** પ્રારંભમાં તથા શ્રીરત્નશેખરસૂરિએ **શ્રાદ્ધવિધિના** પ્રારંભમાં આ ચાર મૂલાતિશયોનું વર્ણન કરેલું છે.

## પ્રશ્નોત્તરી

પ્રશ્ન—અર્હત્‌કેવલીઓને લોકોદ્યોતકર, ધર્મતીર્થંકર તથા જિન એવાં ત્રણ વિશેષણો લગાડ્યા પછી અરિહંત એવું ચોથું વિશેષણ લગાડવાની જરૂર શી?

ઉત્તર—અર્હત્‌કેવલીઓને લોકનું સંપૂર્ણ સ્વરૂપ પ્રકાશનારા, ધર્મની અપૂર્વ દેશના દેનારા, ચતુર્વિધ શ્રીસંઘની સ્થાપના કરનારા, વીતરાગ મહાપુરુષ તથા ચોત્રીશ અતિશયોના ધારક કહ્યા પછી પણ એક વસ્તુ સ્પષ્ટ કરવાની હતી અને તે તેમની પરમપૂજ્યતા. આ ભાવ અરિહંત વિશેષણ દ્વારા વ્યક્ત કરવામાં આવ્યો છે.

પ્રશ્ન—અરિહંત શબ્દનો અર્થ શો છે?

ઉત્તર—અરિહંત એટલે અર્હત્‌, ત્રણે ય લોકની પૂજાને યોગ્ય, અષ્ટમહાપ્રાતિહાર્યની પૂજાને યોગ્ય. તેના બીજા પણ અર્થો થાય છે, પરંતુ તે અહીં પ્રસ્તુત નથી.

પ્રશ્ન—અરિહંતમાં કેટલા ગુણો હોય?

ઉત્તર—અરિહંતમાં અનંતગુણો હોય. જે ગુણોને આપણે ગણી ન શકીએ, તેને અનંત જ સમજવા.

પ્રશ્ન–તો અરિહંતના ગુણોની ગણના થઇ શકે એમ નથી?

ઉત્તર--અરિહંતના બધા ગુણોની ગણના થઈ શકે એમ નથી. કેટલાક ગુણોની ગણના થઇ શકે એમ છે, તેથીજ તેમના બાર ગુણોની ગણના કરવામાં આવે છે.

પ્રશ્ન–અનંત ગુણોમાંથી માત્ર બારની જ પસંદગી શા માટે?

ઉત્તર–અરિહંતોની મુખ્ય ઓલખાણ આઠ મહાપ્રાતિહાર્યો દ્વારા થાય છે, એટલે એ આઠ ગુણોને પસંદ કરવામાં આવ્યા. અને બીજા બધા ગુણોમાં ચાર મૂલાતિશયોનું મહત્ત્વ વધારે છે, એટલે બીજા ચાર એ ગુણોને પસંદ કરવામાં આવ્યા. આ રીતે કુલ બારગુણ પસંદ કરવામાં આવ્યા.

પ્રશ્ન–બાર ગુણોનો સંક્ષેપ કરવો હોય તો?

ઉત્તર–તો તે ચાર મૂલાતિશયો વડે થઈ શકે. તેમાં અરિહંત ભગવંતની ચાર અસાધારણ વિશેષતાઓનો યથાર્થ સમાવેશ કરવામાં આવ્યો છે.

પ્રશ્ન–એ શી રીતે?

ઉત્તર–જ્ઞાનાતિશય વડે એમ સૂચવાય છે કે અરિહંત ભગવંત મહાજ્ઞાની છે. વચનાતિશય વડે એમ સૂચવાય છે કે તેઓ અપૂર્વ અજોડ વક્તા છે. અપાયાપગમાતિશય વડે એમ સૂચવાય છે કે જ્યાં તેમનાં પનોતાં પગલાં પડે છે, ત્યાં આનંદમંગલ વર્તે છે. અને પૂજાતિશય વડે એમ સૂચવાય

છે કે તેઓ આ જગતની સહુથી વધારે પૂજનીય—પૂજ્ય વ્યક્તિ છે. આમાં બધું આવી ગયું કે નહિ ?

પ્રશ્ન—અપાયાપગમતાશિય શબ્દ ઘણો અટપટો લાગે છે. તેનો અર્થ શો છે ?

ઉત્તર—અપાયાપગમાતિશય શબ્દ અટપટો ભલે લાગતો હોય, પણ તેની કામગીરી અતિ સુંદર છે. આપાય, અપગમ અને અતિશય એ ત્રણ પદો વડે તેની રચના થયેલી છે. અપાય એટલે કષ્ટ—દુઃખ—મુશીબત, તેનો અપગમ થવો એટલે નાશ થવો; આવું પરિણામ લાવનારો જે અતિશય તે અપાયાપગમાતિશય. આ અતિશય વડે ભગવંત જ્યાં વિચરતા હોય, તેની આસપાસના સવાસો યોજનના વિસ્તાર-માંથી રોગ, વૈર, ઇતિ, મારી, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, દુર્ભિક્ષ અને સ્વચક્ર—પરચક્રભય, એ આઠ અપાયોનો અપગમ થઈ જાય છે, એટલે કે અભાવ થઈ જાય છે.

પ્રશ્ન—અષ્ટવિધ અપાયોનો અપગમ શી રીતે થાય છે? શું એ અપગમ અરિહંત ભગવંતો પોતે કરે છે?

ઉત્તર—અરિહંત ભગવંતના ઘાતીકર્મોનો ક્ષય થતાં જ તીર્થંકર નામપ્રકૃતિનો ઉદય થાય છે, તેના લીધે અષ્ટવિધ અપાયોનો અપગમ થવા લાગે છે. તેનું કર્તૃત્વ અરિહંતના શિરે હોતું નથી.

પ્રશ્ન—આ સંયોગોમાં અરિહંત ભગવંતને અન્યનાં દુઃખો દૂર કરનારા કહી શકાય ?

ઉત્તર :—જેની શક્તિથી કામ થતું હોય, તેણે જ તે કામ કરેલું ગણાય છે. આ સંયોગોમાં અરિહંત ભગવંતને અન્યનાં દુઃખો દૂર કરનારા કહી શકાય. એમાં કોઈ શાસ્ત્રીય બાધ નથી.

પ્રશ્ન :—અરિહંત ભગવંતને આખી દુનિયા પૂજે, તેથી તેમને કંઈ અભિમાન આવે ખરું ?

ઉત્તરઃ—ના. તેમણે માન નામના કષાયને પૂરેપૂરો જિતેલો હોય છે, તેથી તેમને આ બાબતનું લેશ માત્ર અભિમાન આવે નહિ. દુનિયા દુનિયાની રીતે ચાલતી હોય છે અને અરિહંત ભગવંત નિજાનંદમાં મસ્ત હોય છે. તેમને કોઈપણ મલિન વિચાર સ્પર્શી શકતો નથી. અરિહંત એટલે જ પરમ પવિત્રતાની મૂર્તિ. તેમને આપણાં લાખો વંદન હો.

[ ૧૩ ]

## પ્રથમ ગાથાનો અર્થપ્રકાશ–૫

## [ છેલ્લાં ચાર પદો ]

પ્રિય પાઠકો ! આપણે એકધારી મજલ કરીને પ્રથમ ગાથાના ઉત્તરાર્ધમાં આવી પહોંચ્યા છીએ અને તેની આદિમાં રહેલા અતિ અર્થગંભીર 'अरिहंते' પદને વટાવી ચૂકયા છીએ. હવે માત્ર ચાર પદોનું અર્થ વિવરણ–માત્ર ચાર પદોની અર્થવિચારણા બાકી છે; તે પ્રસ્તુત પ્રકરણમાં અવશ્ય પૂરી થઇ જશે. પરંતુ હજી એકંદર લાંબો પંથ કાપવાનો છે અને તેમાં આપણે ઘણાં ભાવ-શિખરો સર કરવાનાં છે, તે તમારા જેવા સમજુ અને ધૈર્યવાન પાઠક-મિત્રોનો સંગાથ મળતાં અવશ્ય સર થઈ જશે, એવો અમને વિશ્વાસ છે. ચાલો, ત્યારે આપણે આગળ વધીએ અને ક્રમપ્રાપ્ત **कित्तइस्सं** પદની અર્થ વિચારણા કરીએ.

**कित्तइस्सं** એ **कित्त** ધાતુના ભવિષ્યકાલના પ્રથમ પુરુષનું એકવચન છે. તેનું સંસ્કૃતરૂપ કેટલાક ટીકાકારોએ

कीर्तयिष्यामि કર્યું છે, તો કેટલાક ટીકાકારોએ कीर्तयिष्ये કર્યું છે. તેમાં આ રૂપ ઠીક કે તે રૂપ ઠીક, એ ચર્ચાને સ્થાન નથી, કારણ કે આ બંને રૂપો સંસ્કૃતભાષાને માન્ય છે. कित्तइस्सं પદનો સામાન્ય અર્થ 'હું કીર્તન કરીશ.' એવો થાય છે, પણ કીર્તન શબ્દથી અહીં શું સમજવું ? તે વિચારણીય છે.

कीर्त् ધાતુ પ્રશંસાનો અર્થ દર્શાવે છે, એટલે કીર્તનનો અર્થ પ્રશંસા, ગુણાનુવાદ કે સ્તવન થાય છે. પરંતુ અહીં તેનો અર્થ '**સ્મરણ-વંદનપૂર્વકનું સ્તવન**' સમજવાનો છે.

અહીં એક પાઠકમિત્ર પ્રશ્ન કરે છે કે 'કીર્તનનો અર્થ નામપૂર્વકનું સ્તવન કરીએ તો કંઈ હરકત ખરી ?' તેનો ઉત્તર એ છે કે 'જો આ અર્થનો સ્વીકાર કરીએ તો સૂત્રની બીજી, ત્રીજી અને ચોથી ગાથા કીર્તનમાં આવે, પણ પાંચમી છઠ્ઠી તથા સાતમી ગાથા તેની બહાર રહી જાય, જે કીર્તનનો એક અગત્યનો ભાગ છે, એટલે આ અર્થ અધૂરો હોઈ તેનો સ્વીકાર થઈ શકે નહિ.'

પ્રથમ જિનોને-તીર્થંકરોને નામ સ્મરણપૂર્વક વંદના કરવી અને પછી તેમનો ગુણાનુવાદ કરવો કે તેમનું સ્તવન કરવું, એ પરંપરા જૈન ધર્મમાં ઘણા પ્રાચીનકાળથી ચાલી આવે છે, એ જોતાં કીર્તન શબ્દનો આ વિશેષાર્થ પૂરેપૂરો સંગત છે. અન્ય સંપ્રદાયો પણ ભગવાનનું ભજન-કીર્તન

કરતાં પહેલાં તેમના નામનું સ્મરણ કરીને તેમને વંદન કરે છે.

અહીં પ્રાસંગિક એટલું જણાવી દઈએ કે કીર્તનના મુખ્ય બે પ્રકારો છે: એક નામકીર્તન અને બીજું ગુણ-કીર્તન. જેમાં ભગવાનનું નામસ્મરણ મુખ્ય હોય, તે નામ-કીર્તન અને જેમાં ભગવાનનું ગુણસ્મરણ મુખ્ય હોય, તે ગુણકીર્તન. આ બંને પ્રકારનાં કીર્તનોનો આપણે ત્યાં ઘણા પ્રાચીનકાલથી પ્રચાર હતો, તેથી જ મહર્ષિ નંદિષેણે **અજિત-શાન્તિ-સ્તવમાં** તેની માનભેર નોંધ લીધેલી છે. તેઓ કહે છે :

**अजियजिण ! सुहप्पवत्तणं,**
**तव पुरिसुत्तम ! नामकित्तणं ।**
**तह य धिइ-मइ-पवत्तणं,**
**तव य जिणुत्तम ! संति ! कित्तणं ॥ ४ ॥**

'હે પુરુષોત્તમ અજિતજિન ! તમારું નામકીર્તન સર્વ સુખને પ્રવર્તાવનારું છે તથા ધૈર્ય અને ઉત્તમ પ્રકારની મતિને આપનારું છે. હે જિનોત્તમ શાંતિનાથ ! તમારું નામકીર્તન પણ તેવું જ છે.'

આ શબ્દો પરથી એમ સમજવાનું કે નામકીર્તન એક મહિમાશાળી વસ્તુ છે. તેનું આલંબન લેવાથી મનુષ્ય પર આવી પડેલી કે આવી પડનારી આપત્તિઓ દૂર થાય છે અને સર્વ સુખો આવી મળે છે. વળી કષ્ટ-પીડા-દુઃખના

કારણે મન વિષાદગ્રસ્ત બની ગયું હોય—અસ્થિર થઈ ગયું હોય, તો આ નામકીર્તનના પ્રભાવે ધૈર્ય સાંપડે છે અને વિમલ મતિનો ઉદય થાય છે કે જેના લીધે એ કષ્ટ-પીડા -દુઃખને દૂર કરવાનો સિદ્ધ ઉપાય સૂઝી આવે છે.

> પ્રભુ નામકી ઔષધિ, ખરી ખાંતસુ ખાય;
> રોગ-પીડા વ્યાપે નહિ, સબ સંકટ મીટ જાય.

આ પ્રસિદ્ધ દુહામાં પણ લગભગ આ જ વાત કહી છે. પ્રભુનું-જિનનું નામ એક એવી ઔષધિ છે કે જે ખરા ઉત્સાહથી ખાનારને રોગ કે પીડા સતાવી શકતા નથી અને તેના પર આવેલાં સર્વ સંકટો ટળી જાય છે.

નામકીર્તનનો એક અદ્ભૂત ચમત્કાર અમે અમારા જીવનમાં અનુભવ્યો છે, તે પાઠકોની જાણ માટે અહીં રજૂ કરીશું.

ચૌદ-પંદર વર્ષની ઉંમરે અમે ઊનાળાની રજાઓ ગાળવા અમદાવાદથી અમારા મૂલ વતન દાણુવાડા ગામે ગયેલા. ત્યાં સંધ્યાટાણે પત્થરના એક ઢગલા પાસેથી પસાર થતાં જમણા પગે સર્પદંશ થયો. એ જ વખતે અમે ધોતિયાનો એક છેડો જમણા પગની પીંડી પર જોરથી બાંધી દીધો. લોકો અમને ઘરે લઈ આવ્યા. ગામમાં દવાખાનું ન હતું કે કોઈ ડૉક્ટર-વૈદ્યની સગવડ ન હતી, એટલે લોકોએ પોતાની સમજ પ્રમાણે ઉપાયો અજમાવવા માંડ્યા. તેમાં પ્રથમ લીંબડાનાં પાન, મરી અને મીઠું ભેળવેલું ગરમ ઘી છાલિયું ભરીને પાયું. તે પછી એક પાડોશિયે

શાક સમારવાની છરીથી અમારા જમણા પગની પાનીના ઉપરના ભાગમાં જ્યાં સર્પદંશ થયો હતો, ત્યાં એક ચોરસ ઈંચ જેટલી જગામાં ખોદાણ કર્યું અને પુષ્કળ લોહી વહેવા માંડયું. અમારી વેદનાનો પાર ન હતો, મુખમાંથી ચીસો નીકળી રહી હતી. તે વખતે શ્રદ્ધામૂર્તિ માતાએ આદેશ કર્યો, ' તારી ચીસો બંધ કર અને ભગવાન મહાવીરનું નામ લેવા માંડ. તેનાથી તને સારું થઈ જશે. '

અમે હિંમત એકઠી કરી ' મહાવીર–મહાવીર ' એ પ્રમાણે ભગવાનનું નામ લેવા માંડયું. કોઈ વાર વેદના અસહ્ય બનતી તો એ નામ મોટેથી બોલાઈ જવાતું. આ સ્થિતિમાં આશરે દોઢેક કલાક પસાર થતાં અમે ઝેરની અસરમાંથી મુક્ત થયા. તે આખી રાત લોકોએ અમને સૂવા દીધા નહિ, કારણ કે ' સૂવાથી ઝેર ચડે છે ' એ માન્યતા પ્રચલિત હતી.

પગ સૂઝીને થાંભલા જેવો થઈ ગયો, પણ સ્થાનિક વનસ્પતિઓના થોડા દિવસના ઉપચારથી તે મૂલ સ્થિતિમાં આવી ગયો અને અમે પાછા અમદાવાદ–શેઠ ચીમનલાલ નગીનદાસ છાત્રાલયમાં પહોંચી વિદ્યાભ્યાસમાં લાગી ગયા.

અન્ય આપત્તિઓ પ્રસંગે પણ અમે નામકીર્તનનો મહિમા નિહાળ્યો છે, તેથી અમે તેમાં પૂરેપૂરા શ્રદ્ધાન્વિત છીએ.

મંત્રવિશારદો કહે છે કે દરેક જિનેશ્વરનું નામ એક શાન્તિમંત્ર છે અને તેનું રટણ–તેનો જપ આપત્તિઓને અવશ્ય દૂર કરે છે. આમ છતાં આપણે અન્ય મંત્રો તરફ લોભાઈને નામકીર્તનને ગૌણ બનાવી દીધું છે. પરિણામે

ભક્તિ અને શક્તિ બંનેમાં ખોટ આવી છે. સુજ્ઞજનોએ આ પરિસ્થિતિ અવશ્ય સુધારી લેવી ઘટે.

ગુણકીર્તનનો દાખલો દેવાની અહીં જરૂર નથી, કારણ કે તે અંગે આપણે ત્યાં નાની-મોટી સેંકડો કૃતિઓ વિદ્યમાન છે. આજે હજારોની સંખ્યામાં ઉપલબ્ધ થતાં ભિન્ન ભિન્ન ભાષામય સ્તવનો એ ગુણકીર્તન નહિ તો બીજું શું છે?

નામકીર્તન અને ગુણકીર્તન ભક્તિરસની ભવ્ય જમાવટ કરનારાં છે, તેથી જ મહાપુરુષોએ તેની હિમાયત કરેલી છે. 'ભક્તિ વિના શક્તિ નહિ અને શક્તિ વિના સિદ્ધિ નહિ' એ ઉક્તિનો મર્મ તમે જાણો છો ખરા? ભગવાનની ભક્તિ કરવાથી એક પ્રકારની શક્તિ જાગૃત થાય છે અને તે આપણા અનેકવિધ કાર્યોમાં સહાયભૂત થતાં સિદ્ધિ સાંપડે છે. 'પાંચ કોડીનાં ફૂલડે, પામ્યા દેશ અઢાર' વગેરે પંક્તિઓ એમ દર્શાવે છે કે જિનભક્તિનું ફલ અમાપ છે, અપરિમિત છે. જે જિનની-જિનવરની ભક્તિ ભાવથી કરે છે, તેને આ જગતમાં કોઈ વસ્તુની ખોટ રહેતી નથી. હજી આગળ પર આ વિષયમાં કેટલુંક વિવેચન આવવાનું છે, એટલે અહીં તેનો વિસ્તાર નહિ કરીએ.

હવે **चउवीसं** પદ પર આવીએ. તેનું સંસ્કૃતરૂપ છેઃ '**चतुर्विंशतिम्**' અને તેનો અર્થ છે 'ચોવીશને.' આ સંખ્યાનો નિર્દેશ અહીં કેમ કરાયો છે, તેનું કારણ જાણી લઈએ.

આજ સુધીમાં અનંત કાલચક્રો વ્યતીત થયાં છે. એ દરેક કાલચક્રમાં અવસર્પિણી અને ઉત્સર્પિણીનો ક્રમ ચાલુ

રહ્યો છે અને તેમાં ત્રીજા આરાના છેડાથી ચોથા આરાના છેડા સુધીમાં ચોવીશ-ચોવીશ તીર્થંકરો થતા રહ્યા છે, એટલે આજ સુધીમાં તેમની અનંત ચોવીશીઓ થઈ ગઈ છે; પરંતુ તે બધાનું નામકીર્તન શક્ય નથી, કારણ કે પ્રથમ તો આપણે એ બધાનાં નામો જાણતાં નથી અને બીજું એ નામો કદાચ જાણીએ-જાણવા પામીએ તો પણ તેને ક્રમશઃ બોલી શકીએ એમ નથી. એ માટે હજાર વર્ષનું આયુષ્ય પણ ઓછું પડે એમ છે. આ વસ્તુ દાખલાથી વધારે સ્પષ્ટ થશે. ધારો કે આપણે એક મીનીટમાં ૧૦ નામો બોલી શકીએ છીએ, તો એક કલાકમાં ૬૦૦ નામો બોલી શકીએ અને એક અહોરાતમાં ૬૦૦ X ૨૪ = ૧૪૪૦૦ નામો બોલી શકીએ. આ રીતે એક વર્ષમાં ૧૪૪૦૦ X ૩૬૦ = ૫૧,૮૪,૦૦૦ બોલી શકીએ અને પૂરાં સો વર્ષનું આયુષ્ય હોય તો ૫૧,૮૪,૦૦,૦૦૦ એકાવન ક્રોડ ને ચોરાશી લાખ નામો બોલી શકીએ. હવે માની લો કે આપણું આયુષ્ય હજાર વર્ષનું છે અને તે બધો સમય આપણે ભૂતકાલીન જિનનાં નામો બોલ્યા જ કરીએ છીએ, તો એ સંખ્યા પર બીજાં ત્રણ મીડાં ચડે, એટલે કે તે ૫૧૦૦૦ ક્રોડ ઉપર પહોંચે, પરંતુ અનંતના હિસાબે તો આ સંખ્યા એક બિંદુ જેટલી જ છે. તાત્પર્ય કે કોઈ પણ સંયોગોમાં તે બધાનું નામકીર્તન શક્ય નથી, એટલે ઉચિત એ છે કે જેમનાં નામ અને કામ આપણે જાણી શકયાં છીએ, એવા વર્તમાન ચોવીશીના શ્રીઋષભદેવ આદિ ચોવીશ તીર્થંકરોનું જ નામ-કીર્તન કરવું.

આધુનિક યુગની રોશની પામેલા એક બંધુ પૂછે છે કે 'ત્રીજા આરાના છેડાથી ચોથા આરાના છેડા સુધી ચોવીશ તીર્થંકરો જ થાય, એમ શા માટે? તેથી ઓછા કે વત્તા કેમ નહિ?' અમે આ બંધુને ઉત્તર આપીએ તે પહેલાં એક સામો પ્રશ્ન પૂછવા ઇચ્છીએ છીએ કે 'મનુષ્યને બે આંખો જ શા માટે? એક કે ત્રણ આંખો કેમ નહિ?' એ બંધુ ઉત્તર આપે છે કે 'એ તો પ્રકૃતિનો નિયમ છે.' તો અમારો ઉત્તર પણ એમ છે કે 'એ તો પ્રકૃતિનો નિયમ છે.' છતાં બુદ્ધિગમ્ય કારણ જાણવું હોય તો અમે જણાવીએ છીએ કે 'બધા શુભ ગ્રહો ઉચ્ચ સ્થાનના હોય, ત્યારે તીર્થંકરનો જન્મ થાય છે અને ત્રીજા આરાના છેડાથી ચોથા આરાના છેડા સુધી આવા પ્રસંગો ચોવીશ વાર જ આવે છે, તેથી તીર્થંકરોની સંખ્યા ચોવીશની હોય છે.'

હવે એક બીજા બંધુ પ્રશ્ન કરે છે કે 'આપણે ત્યાં શ્રી ઋષભદેવ આદિ ચોવીશ તીર્થંકરો થઈ ગયા, તેનું પ્રમાણ શું?' તેનો ઉત્તર એ છે કે, 'શાસ્ત્રોમાં આવતા તથાપ્રકારના ઉલ્લેખો એ તેનું પ્રમાણ છે.'

આ બંધુ ફરી પ્રશ્ન કરે છે કે 'આ બાબતમાં કોઈ ઐતિહાસિક પ્રમાણો મળી શકે ખરાં?' અમે તેમને જણાવવા ઇચ્છીએ છીએ કે 'ઇતિહાસની દૃષ્ટિમર્યાદા ઘણી ટૂંકી છે. તે ત્રણ–ચાર હજાર વર્ષથી આગળ ભાગ્યે જ જઈ શકે છે. પછીથી તો તેને પણ અનુમાનનો જ આશ્રય લેવો

પડે છે. તાત્પર્ય કે આ વસ્તુ લાખો વર્ષને સ્પર્શનારી હોઈ તેમાં ઇતિહાસને વચ્ચે લાવવો નકામો છે. આમ છતાં એટલું જાણી લો કે લોકમાન્ય બાલ ગંગાધર ટિળક, શ્રી રાધાકૃષ્ણન્ તથા શ્રી પ્રાણનાથ વિદ્યાલંકાર જેવા ભારતના માન્ય વિદ્વાનોએ આ બાબતમાં ઘણું શોધન-મંથન કર્યા પછી જણાવ્યું છે કે 'જૈનોએ માનેલા ચોવીશ તીર્થંકરોની બાબતમાં ઘણું તથ્ય રહેલું છે.' અમે **નવતત્ત્વદીપિકા**ના પ્રાક્કથન તરીકે 'જૈન ધર્મની પ્રાચીનતા અને મૌલિકતા' નામનું પ્રકરણ લખેલું છે, તે આ વિષયમાં વધારે પ્રકાશ પાડનારું છે, એટલે જિજ્ઞાસુજનોએ તે અવશ્ય જોવું.

તાત્પર્ય કે **चउवीसं** પદ શ્રી ઋષભદેવથી માંડીને શ્રી મહાવીર સ્વામી સુધીના ચોવીશ તીર્થંકરોનો નિર્દેશ કરે છે.

વિ—આ એકાક્ષરી પદ અવ્યયરૂપ છે. તેનું સંસ્કૃતરૂપ अपि છે અને તેનો અર્થ ગુજરાતી ભાષામાં '**પણ**' તથા '**વળી**' એ શબ્દો વડે વ્યક્ત થાય છે. તેમાંથી અહીં 'પણ' અર્થ પ્રસ્તુત છે, એટલે **चउवीसं** पि એ બે પદોનો અર્થ 'ચોવીશને પણ' એવો થાય છે. અહીં ચોવીશને પણ' એમ કહેતાં ચોવીશની સમગ્રતા પર ભાર આવે છે, એટલે 'ચોવીશે ચોવીશ, તેમાં એક પણ ઓછા નહિ' એવો અર્થ ધ્વનિત થાય છે, અને આપણે જોઈ શકીએ છીએ કે સૂત્રની બીજી, ત્રીજી તથા ચોથી ગાથામાં ચોવીશે ચોવીશ જિનનો ક્રમશઃ નામોલ્લેખ કરીને તેમને વંદના કરવામાં આવી છે. તાત્પર્ય કે અહીં પિનો અર્થ '**પણ**' કરવો

સમુચિત છે. કેટલાકે અહીં પિ શબ્દથી અન્ય તીર્થંકરોને પણ ગ્રહણ કરવાનું સૂચન કરેલું છે.

હવે છેલ્લા केवली પદ પર આવીએ. આ પદ દ્વિતીયા વિભક્તિના બહુવચનમાં આવેલું છે. તેનું સંસ્કૃતરૂપ 'केवलिनः' છે. તેમાં મૂલ શબ્દ केवलिन् છે, જેનો અર્થ કેવલી છે, તે અંગે અહીં કેટલીક વિચારણા કરવાની છે.

જેમને કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત થયું હોય, તેમને કેવલી કહેવામાં આવે છે. તેમના બે પ્રકારો માનવામાં આવ્યા છે : એક સામાન્ય કેવલી અને બીજા અર્હત્‌કેવલી. તેમાં સામાન્ય કેવલી જીવનભર એજ સ્થિતિમાં રહે છે, જ્યારે અર્હત્ કેવલી કેવલજ્ઞાન અને કેવલ દર્શનની પ્રાપ્તિ થયા પછી તીર્થપ્રવર્તનાદિ કરે છે અને અષ્ટમહાપ્રાતિહાર્યાદિ વડે પૂજાય છે. તેમને સામાન્ય રીતે તીર્થંકર, જિન, જિનેશ્વર, જિનેન્દ્ર, અર્હત્, અરિહંત વગેરે કહેવામાં આવે છે અને કેટલીક વાર તેમનું ઉદ્બોધન માત્ર કેવલી કે સર્વજ્ઞ તરીકે પણ થાય છે. 'केवलिपन्नत्तो धम्मो मंगलं, केवलिपन्नत्तो धम्मो लोगुत्तमो અને केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि' એ પદોમાં કેવલી પદ અર્હત્‌કેવલીને જ સૂચવનારું છે, કારણ કે ધર્મનો વ્યવસ્થિત પ્રચાર તેઓ જ કરે છે. નમોત્થુણં સૂત્રમાં અરિહંતોની સ્તુતિ 'सव्वन्नूणं सव्वदरिसीणं–સર્વજ્ઞ અને સર્વદર્શી' તરીકે કરવામાં આવી છે.

તાત્પર્ય કે અહીં केवली પદનો વિશેષાર્થ '**અર્હત્ કેવલીઓને**' એમ સમજવો ઘટે છે.

આ કેવલી પદ અહીં વિશેષ્ય છે અને लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे, जिणे તથા अरिहंते પદ તેનાં વિશેષણો છે, જે અનુક્રમે જ્ઞાનાતિશય, વચનાતિશય, અપાયાપગમાતિશય અને પૂજાતિશયનું સૂચન કરે છે.

બધા વિશેષાર્થો લક્ષ્યમાં લેતાં પ્રથમ ગાથાની અર્થ-સંકલના નીચે પ્રમાણે થાય છે :

## પ્રથમ ગાથાની અર્થસંકલના

**ષડ્દ્રવ્યાત્મક ચૌદ રાજપ્રમાણ લોકનું સંપૂર્ણ સ્વરૂપ પ્રકાશનારા, સાતિશયા અનુપમ વાણી વડે ધર્મની અપૂર્વ દેશના દેનારા તથા ધર્મારાધનના અનન્ય આલંબનરૂપ ચતુર્વિધશ્રી સંઘની સ્થાપના કરનારા, રાગ અને દ્વેષરૂપી અંતરંગ શત્રુઓને પૂરેપૂરા જિતી લેનારા તથા ચોવીશ અદ્ભૂત અતિશયોથી યુક્ત અને અષ્ટમહા-પ્રાતિહાર્ય તથા ત્રણેય લોકના નાયકોની પૂજા પામનારા એવા ચોવીશે પણ અર્હત્‌કેવલીઓનું હું સ્મરણ-વંદનપૂર્વક સ્તવન કરીશ. ૧.**

પ્રિય પાઠકો ! લોગસ્સસૂત્રની પ્રથમ ગાથામાં કેવું-કેટલું રહસ્ય ભરેલું છે ? તે આ અર્થસંકલના પરથી સમજી શકાશે. તેના પર ચિંતન-મનન કરતા રહેવાથી જિન ભગવંતનું એક સુંદર-સુરેખ ચિત્ર તમારા મન પર જરૂર અંકિત થશે અને તેનું વારંવાર ઉદ્‌બોધન થતાં તેમનાં દર્શનનો લાભ મળ્યા કરશે.

## પ્રશ્નોત્તરી

**પ્રશ્ન :**—કીર્તન કે સ્તવન કોનું કરવું જોઈએ?

**ઉત્તર :**—ઉત્તમોત્તમ વ્યકિતઓનું.

**પ્રશ્ન :**—આવી ઉત્તમોત્તમ વ્યક્તિઓ કઈ છે?

**ઉત્તર :**—તીર્થંકરો–જિનો–અર્હત્‌કેવલીઓ.

**પ્રશ્ન :**—તેમની સંખ્યા કેટલી હશે?

**ઉત્તર :**—જો ભૂત, ભવિષ્ય અને વર્તમાન એ ત્રણેય કાલ અને સર્વક્ષેત્રો સામે રાખીને કહીએ તો અનંત, અને માત્ર અવસર્પિણીકાલ અને ભરતક્ષેત્રને સામે રાખીને કહીએ તો ચોવીશ.

**પ્રશ્ન :**—આ ચોવીશે ય અર્હત્‌કેવલીઓનું સ્તવન સાથે કરી શકાય ખરું?

**ઉત્તર:**—હા. સમાન ગુણવાળી સઘળી વ્યક્તિઓનું સ્તવન સાથે કરી શકાય. આ ચોવીશે ય અર્હત્‌કેવલીઓ ગુણમાં સમાન છે.

**પ્રશ્ન :**—આ ચોવીશે ય અર્હત્‌કેવલીઓનું સ્તવન કરવાનું તાત્કાલિક ફલ શું?

**ઉત્તર :**—આ ચોવીશેય અર્હત્‌કેવલીઓનું સ્તવન કરવા બેસીએ તેટલો વખત સંવર એટલે પાપવ્યાપારનો ત્યાગ થાય છે; જીભ, મુખ તથા અંતઃકરણ પવિત્ર બને છે અને વાતાવરણમાં વિમલતા પ્રસરે છે. વળી આ ક્રિયા જોઈ અન્ય લોકોને પણ આવી ક્રિયા કરવાનું મન થાય છે, એટલે પવિત્રતાની પરંપરા ચાલે છે અને તે અનેકનાં કલ્યા-

ણનું કારણ બને છે. આ રીતે ચોવીશેય અર્હત્કેવલીઓનું સ્તવન કરવાના લાભો ઘણા છે.

**પ્રશ્ન** :—આપણને કોઈ લાભની ઇચ્છા ન હોય તો ?

**ઉત્તર** :—આપણે ગમે તેવા લાભને ન ઇચ્છીએ, પણ ઉત્તમ કોટિના લાભની ઇચ્છા તો જરૂર કરીએ. ઉપર જણાવ્યા એ લાભો ઉત્તમ કોટિના છે.

**પ્રશ્ન** :—અર્હત્કેવલીઓનું અનન્ય ભાવે સ્તવન કરતાં કોઈ ચમત્કાર થાય ખરો ?

**ઉત્તર** :—થાય. એના કેટલાક દાખલાઓ ઇતિહાસમાં નોંધાયેલા છે. શ્રીજિનપ્રભસૂરિએ શત્રુંજયમંડન શ્રી આદિનાથ ભગવાનનું અનન્ય ભાવે સ્તવન કર્યા પછી સુલતાન તઘલખના માણસોએ તેના પર ઘણના ઘા કરવા માંડયા હતા, પણ તેનો એ મૂર્તિને સ્પર્શ થયો ન હતો. વિક્રમની અઢારમી સદીમાં શ્રી ભાવવિજયજી મહારાજે શ્રી અંતરીક્ષ પાર્શ્વનાથના યાત્રાધામમાં જઇ તેમનું અનન્ય ભાવે સ્તવન કરતાં તેમની આંખનો અંધાપો દૂર થયો હતો. લંકાપતિ રાવણે અષ્ટપદ પર જિનભગવંતોનું અનન્ય ભાવે સંગીતમય સ્તવન કરતાં તીર્થંકરનામકર્મ બાંધ્યું, એ પણ એક ચમત્કાર જ સમજોને ! પરંતુ અમારી મિત્રભાવે સલાહ છે કે અર્હત્કેવલીઓનું-જિનોનું સ્તવન કોઇ ચમત્કાર જોવાની બુદ્ધિએ નહિ, પણ ભક્તિનિમિત્તે જ કરવું અને તે ખૂબ ભાવપૂર્ણ કરવું. ભાવે કરેલી ભક્તિનું ફલ આપણી ધારણા કરતાં ઘણું મોટું હોય છે.

[ ૧૪ ]

## તીર્થંકરવાદ

અત્યાર સુધીના વિવેચન પરથી આપણા તારણહાર તીર્થંકર ભગવંતો અંગે તમે કેટલીક હકીકતો જાણી ચૂક્યા છો, પણ હજી કેટલીક અગત્યની હકીકતો જાણવાની બાકી છે, તે અમે આ પ્રકરણમાં રજુ કરવા ધારીએ છીએ, જેથી તમને જૈન ધર્મના તીર્થંકરવાદનો–જૈન ધર્મના તીર્થંકર અંગેની માન્યતાઓનો પૂરો ખ્યાલ આવી જશે અને તે અનેક રીતે ઉપયોગી થઈ પડશે. જે બીજું ઘણું જાણતો હોય, પણ તીર્થંકર અંગે જાણવા જેવું જાણતો ન હોય તો તેણે વાસ્તવમાં કશું જાણ્યું નથી. એકડા વિના ગમે તેટલાં મીંડાં હોય, તેનું કંઈ મૂલ્ય ખરું ?

તીર્થંકર ભગવંત એ જૈન ધર્મનો એકડો છે. તેને પ્રારંભમાં જ સારી રીતે ઘૂંટવો જોઇએ, જેથી તેના સંસ્કાર મનમાં ઘણા ઊંડા પડે અને તે આપણી જીવનવાટિકાનો વિકાસ કરવામાં અનેરો–અનોખો ભાગ ભજવે. અમે એક

ગામડામાં તદ્દન સામાન્ય સ્થિતિના કુટુંબમાં જન્મ્યા હતા, પણ એટલા ભાગ્યશાળી હતા કે માતાએ અમને નમસ્કાર મહામંત્રની સાથે ચોવીશ તીર્થંકરોનાં નામ પણ કંઠસ્થ કરાવી દીધાં અને તેમના જીવન અંગે જાણવા જેવી કેટલીક કથાઓ પણ ખૂબ પ્રેમપૂર્વક અવારનવાર કહ્યા કરી. તેનાથી જે ધાર્મિક સંસ્કારો પ્રાપ્ત થયા, તે અમારા જીવનની મોંઘેરી મૂડી બની ગઇ. તાત્પર્ય કે તીર્થંકર ભગવંત અંગેનાં મંતવ્યો આપણે શ્રદ્ધા–ભક્તિ–બહુમાનપૂર્વક સાંભળવા જોઇએ અને તેને બરાબર અવધારી લેવાં જોઈએ.

આ સંસારમાં રહેલા સઘળા પુરુષોનું વર્ગીકરણ (૧) અધમાધમ, (૨) અધમ, (૩) વિમધ્યમ, (૪) મધ્યમ, (૫) ઉત્તમ અને (૬) ઉત્તમોત્તમ, એ છ પ્રકારો કે છ કોટિમાં કરવામાં આવે તો તીર્થંકર ભગવંતો ઉત્તમોત્તમની કોટિમાં આવે, કારણ કે તેઓ ત્રણ લોકના નાથ, ત્રણ-લોકમાં સહુથી અધિક પૂજનીય અને ત્રણેય લોક પર પ્રભુત્વ ધરાવનારા હોય છે. તેઓ સર્વગુણસંપન્નતા અને પરમ પવિત્રતાને લીધે સદા સ્મરવા યોગ્ય, સદા વંદવા યોગ્ય, સદા પૂજવા યોગ્ય અને સદા ધ્યાન ધરવા યોગ્ય હોય છે.

તેમનો જીવ અનાદિ કાલથી જ્યારે અવ્યવહાર રાશિમાં હોય છે, ત્યારે પણ કેટલાક વિશેષ ગુણોને લીધે બીજા જીવો કરતાં ઉત્તમ હોય છે. તે પછી યથાપ્રવૃત્તિકરણ વડે જ્યારે વ્યવહારરાશિમાં આવે છે, ત્યારે પણ પૃથ્વી-કાયના જીવોમાં ચિંતામણિ રત્ન, પદ્મરાગ રત્ન વગેરે ઉત્તમ

રત્નોની જાતિમાં ઉત્પન્ન થાય છે; અપ્કાયના જીવોમાં મહાન તીર્થોદક રૂપે ઉત્પન્ન થાય છે; અગ્નિકાયના જીવોમાં મંગલ-દીપ આદિરૂપે ઉત્પન્ન થાય છે; વાયુકાયમાં મૃદુ, શીતલ, સુગંધ વાયુરૂપે ઉત્પન્ન થાય છે અને વનસ્પતિકાયમાં કલ્પવૃક્ષ, પારિજાત, ચંદન, ચંપક, આમ્ર, અશોક વગેરે વૃક્ષ તરીકે અથવા ચિત્રાવેલ આદિ પ્રભાવશાળી ઔષધિઓ તરીકે ઉત્પન્ન થાય છે. તે જ રીતે બેઇન્દ્રિય, તેઇન્દ્રિય ચઉરિન્દ્રિયમાં પણ ઉત્તમ રૂપે ઉત્પન્ન થાય છે અને પંચેન્દ્રિય તિર્યંચમાં ઉત્તમ પ્રકારના હસ્તી કે શુભ લક્ષણોવાળા અશ્વ વગેરે તરીકે ઉત્પન્ન થાય છે.

તે પછી મનુષ્યગતિમાં ઉત્તમ કુલોમાં ઉત્પન્ન થઈ સમ્યક્ત્વ પામે છે અને પ્રશસ્ત સામગ્રીના યોગે વીશ સ્થાનકની ઉત્કૃષ્ટ આરાધના કરીને શ્રી તીર્થંકરનામકર્મની ઉપાર્જના પૂર્વક અનુત્તર વિમાન આદિ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. તીર્થંકરનો કોઈ કોઈ આત્મા ચક્રવર્તી અવસ્થા પામતાં અનેકવિધ યુદ્ધો આદિનાં કારણે નરકમાં પણ ઉત્પન્ન થાય છે.

મનુષ્યભવ સિવાય અન્ય કોઈ ભવમાં મુક્તિ નથી, એટલે તીર્થંકરનો છેલ્લો જન્મ મનુષ્ય તરીકે વિશુદ્ધ કુલ—જાતિમાં થાય છે. ભગવાન મહાવીરને મરીચિના ભવમાં કરેલા કુલમદના કારણે તીર્થંકરના ભવમાં દેવાનંદા બ્રાહ્મણીની કૂખમાં આવવું પડ્યું, તેને એક અભૂતપૂર્વ ઘટના માનવામાં આવી હતી અને દેવેન્દ્રે હરિણૈગમેષી નામના

દેવને એ ગર્ભનું ત્યાંથી **પરિવર્તન કરીને** ત્રિશલા ક્ષત્રિયાણીની કૂખમાં સ્થાપવાનું કામ સોંપ્યું હતું, જેથી તીર્થંકર અંગેનો પરંપરાથી ચાલ્યો આવતો કલ્પ બરાબર સચવાઈ રહે.

તીર્થંકરનો આત્મા માતાના ગર્ભમાં આવે છે, ત્યારે માતાને ચૌદ મહાસ્વપ્નો આવે છે, તે આ પ્રમાણે. (૧) હાથીનું, (૨) વૃષભ એટલે બળદનું, (૩) કેશરી સિંહનું, (૪) અભિષેક થતી લક્ષ્મીદેવીનું, (૫) પુષ્પમાળાની જોડનું, (૬) ચંદ્રનું, (૭) સૂર્યનું, (૮) લહેરાઈ રહેલા મહાધ્વજનું, (૯) પૂર્ણકુંભનું, (૧૦) પદ્મસરોવરનું, (૧૧) રત્નાકર એટલે સમુદ્રનું, (૧૨) વિમાનનું. (૧૩) રત્નના ઢગલાનું અને (૧૪) ધૂમાડા વિનાના અગ્નિનું. આ ક્રમમાં ક્વચિત્ ફેરફાર હોય છે, જેની નોંધ આગળ તીર્થંકરોના જીવન-પરિચય પ્રસંગે આવશે.

તેઓ ગર્ભાવાસમાં મતિ અને શ્રુત ઉપરાંત અવધિજ્ઞાનથી પણ યુક્ત હોય છે, એ વખતે તેમની માતાને વેદના હોતી નથી અને આહારાદિની અશુભ પરિણતિ પણ હોતી નથી. વળી તેમનામાં દાન, દયા, પરોપકાર, દેવગુરુભક્તિ આદિ ગુણો વિકસે છે અને તેમને સર્વ શુભ વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. ગર્ભના પ્રભાવે માતા સહુને પ્રિય લાગે છે.

પિતાને અતિ હર્ષ પ્રાપ્ત થાય છે. તેમનો કોઈ પરાભવ કરી શકતું નથી અને ચારે બાજુથી સર્વ સંપત્તિઓ આવવા લાગે છે.

ગર્ભસ્થિતિ પરિપકવ થયે તેમનો જન્મ થાય છે, ત્યારે સર્વ શુભ ગ્રહો ઉચ્ચ સ્થાનમાં હોય છે, ત્રણે ય લોકમાં સર્વત્ર ઉદ્યોત થાય છે અને નારકીના જીવોને પણ ક્ષણભર સુખ ઉપજે છે. વળી સર્વ દિશાઓ પ્રસન્ન થાય છે, સુગંધી શીતલ પવન વહેવા લાગે છે અને પૃથ્વી પરથી ઉડતી ધૂળ બંધ થઈ જાય છે. સર્વત્ર આનંદની અપૂર્વ લહરિ પ્રસરી જાય છે. પછી તરત જ છપ્પનદિક્ કુમારીઓ વડે સૂતિકા-કર્મ થાય છે અને ચોસઠ ઇંદ્રો વડે મેરુપર્વતના શિખર પર પાંડુકવનમાં તેમનો અતિ ભવ્ય સ્નાત્રમહોત્સવ ઉજવાય છે, જેના અનુકરણરૂપે આપણે આજે વિવિધ પ્રકારની સ્નાત્રપૂજાઓ ભણાવીએ છીએ.

બધા તીર્થંકરો પુરુષરૂપે જ જન્મે છે, છતાં તેમાં કોઈવાર અપવાદ પણ થાય છે. વર્તમાન ચોવીશીના ઓગણીશમા તીર્થંકર શ્રીમલ્લિનાથ સ્ત્રીરૂપે જન્મ્યા હતા. દિગમ્બર સંપ્રદાય સ્ત્રીને મુક્તિની અધિકારિણી માનતો નથી, એટલે તે મલ્લિનાથને મલ્લનાથ નામના પુરુષ તીર્થંકર માને છે.

તીર્થંકરના શરીરનું બંધારણ ઘણું મજબૂત હોય છે, જેને શાસ્ત્રીય પરિભાષામાં વજ્ર–ઋષભ–નારાચ–સંઘયણ કહેવામાં આવે છે. આ પ્રકારના શરીરબંધારણને લીધે તેઓ ગમે તેવા આક્રમણનો સામનો કરી શકે છે. તેમના શરીરનું સંસ્થાન–શરીરની આકૃતિ સમચતુરસ્ત્ર હોય છે, એટલે કે પ્રમાણોપેત હોય છે. તેઓ ૧૦૦૮ શુભ લક્ષણોથી યુક્ત હોય છે અને તેમના સાથળમાં એક પ્રકારનું વિશિષ્ટ ચિન્હ

હોય છે, જેને આપણે 'લંછન' તરીકે ઓળખીએ છીએ. આપણી કેટલીક સ્તુતિઓમાં ચોવીશ તીર્થંકરનાં લંછનોનાં નામ આવે છે. અમે પોતે અવધાનપ્રયોગોની પ્રક્રિયામાં તેનો સફલતા પૂર્વક ઉપયોગ કરેલો છે.

તીર્થંકરનું બલ ઘણું હોય છે. ચરણનો અંગૂઠો દબાવે અને મેરુ પર્વત કંપી ઉઠે, એ બળને કેટલું સમજવું ? તેઓ બળનો ઉપયોગ કરે તો હિંસક પશુઓ, દુર્દાંત મનુષ્યો તથા અધમાધમ અસુરો--વ્યંતરો આદિનો ક્ષણભરમાં જ પરાભવ કરી શકે, પણ તેઓ આવી પડતા ઉપસર્ગોને સમતા-ભાવે ઝીલી લેવામાં માને છે અને એ રીતે પોતાનાં કર્મોની નિર્જરા કરે છે.

તીર્થંકરોમાં રૂપ પણ ઘણું હોય છે અને કાંતિ પણ ઘણી હોય છે. તેના લીધે તેમનું વ્યક્તિત્વ અદ્ભુત લાગે છે.

માતા-પિતા પણ તેમના જન્મનો ભારે મહોત્સવ કરે છે, જે વખતે સ્નેહી-સંબંધીજનોને મિષ્ટ ભોજન અને દીન-દુઃખી--જનોને છૂટા હાથે દાન આપવામાં આવે છે. પ્રજા પણ એ મહોત્સવમાં સામેલ થાય છે અને વિવિધ પ્રકારે પોતાનો આનંદ પ્રદર્શિત કરે છે. યોગ્ય દિવસે વિધિપૂર્વક તેમનું નામકરણ થાય છે.

ટૂંકમાં તીર્થંકરનો જન્મ એ આ જગતની એક એવી મહત્ત્વપૂર્ણ અને ઉપકારક ઘટના છે કે તેની નોંધ પ્રકૃતિનાં ગૂઢ બલો, દેવ-દેવતાઓ તથા માનવસમાજને લીધા વિના ચાલતું નથી.

તીર્થંકરનો ઉછેર રાજકુમાર તરીકે થાય છે. પાંચ ધાવમાતાઓ તથા બીજા અનેક નોકર–ચાકરો તેમની સેવામાં હાજર હોય છે. પાણી માગે ત્યાં દૂધ અને દૂધ માગે ત્યાં ઘી હાજર થાય, એવી સ્થિતિ હોય છે. આજનાં બાળકોને તો બાલ્યાવસ્થમાં ઓરી, અછબડા, દાંત આવવા, ઝાડા થવા વગેરે નાના–મોટા અનેક રોગોમાંથી પસાર થવું પડે છે, જ્યારે તીર્થંકરોનું શરીર રોગરહિત હોવાથી તેમને આવી કોઈ પરિસ્થિતિનો સામનો કરવો પડતો નથી. બગીચામાં પુષ્પો ખીલે, એ રીતે તેમનું શરીર પ્રમાણોપેત અંગોપાંગ વડે ખીલી ઊઠે છે અને સહુનું આકર્ષણ કરે છે.

તીર્થંકરો બાલ્યાવસ્થામાં પણ અનેક વિદ્યા–શાસ્ત્રોના જાણકાર હોય છે, તેથી તેમને વિદ્યાગુરુ કરવા પડતા નથી. આજે પણ કેટલાંક એવાં બાળકો મળી આવે છે, જે ઉમરમાં ઘણા નાના હોવા છતાં સંગીત, ગણિત તથા ધર્મશાસ્ત્ર આદિના જાણકાર હોય છે અને અતિ તીવ્ર સ્મરણશક્તિ ધરાવતા હોય છે; એટલે બાલ્યાવસ્થામાં આ બધું શી રીતે સંભવે ? એ પ્રશ્ન અસ્થાને છે.

તીર્થંકરોમાં કેટલાક વિવાહિત થાય છે, તો કેટલાક અવિવાહિત રહે છે, પણ વિવાહિત કરતાં અવિવાહિતની સંખ્યા ઘણી ઓછી હોય છે. ચોવીશ તીર્થંકરોમાં બાવીશ તીર્થંકરો વિવાહિત અને માત્ર બે જ અવિવાહિત છે : એક મલ્લિનાથ અને બીજા અરિષ્ટનેમિ.

તીર્થંકરો પૂર્વ ભવમાં ઉપાર્જન કરેલાં કર્મોને કારણે વિપુલ રાજ્યલક્ષ્મી તથા સાંસારિક સુખો ભોગવે છે, પણ અંતરથી ન્યારા રહે છે, એટલે કે તેમાં લેપાતા નથી, તેમાં ઊંડી દિલચસ્પી ધરાવતા નથી. અનેક જન્મની યોગ-સાધનાને લીધે તેમનો આત્મા વૈરાગ્યના રંગે રંગાયેલો હોય છે, એટલે આ બધું બાહ્ય ભાવે થતું હોય છે.

તીર્થંકરો સ્વયંસંબુદ્ધ હોય છે, એટલે કે કોઈ ગુરુના ઉપદેશથી નહિ, પણ પોતાની મેળે જ બોધ પામીને સંસારનો ત્યાગ કરનારા હોય છે. આમ છતાં પાંચમા દેવ-લોકમાંથી નવ લોકાંતિક દેવો આવીને પોતાના આચાર પ્રમાણે તેમને વિનંતિ કરે છે કે 'भयवं तित्थं पवत्तेह-હે ભગવન્! હવે તીર્થ પ્રવર્તાવો.' એટલે તેઓ સંસાર છોડ-વાની તૈયારી કરે છે. લોકાંતિક દેવોનાં આ વચનો ઉપદેશ-રૂપ નહિ, પણ વૈતાલિક વચનરૂપ સમજવાનાં છે.

સંસાર છોડવા માટેની તૈયારીનો સમય લગભગ બાર માસ જેટલો હોય છે. તે દરમિયાન તેઓ સંયમથી વર્તે છે અને પોતાની પાસે રહેલી વિવિધ પ્રકારની સંપત્તિનું તથા દ્રવ્યાદિનું લોકોને ઇચ્છિત દાન કરે છે, જે વરસીદાન તરીકે ઓળખાય છે. આ રીતે તીર્થંકરો દ્વારા દાનધર્મનો મહિમા પ્રસરે છે, જે વ્યક્તિ તથા સમાજ બંનેને માટે અત્યંત હિતકારી છે. તીર્થંકરોના ધર્મોપદેશમાં પણ પહેલો નિર્દેશ દાનનો હોય છે; શીલ, તપ અને ભાવનો નિર્દેશ તે પછી

હોય છે. જૈન ધર્મમાં દાનનું મહત્ત્વ આજ સુધી જળવાઈ રહ્યું છે, તેનું મુખ્ય કારણ આ જ છે.

સંસાર છોડવાની ક્રિયાને પ્રવ્રજ્યા કહેવામાં આવે છે. આ પ્રવ્રજ્યાવિધિપ્રસંગે ઉત્સવ–મહોત્સવ થાય છે અને તેમાં દેવો પણ સપરિવાર ભાગ લે છે. પ્રવ્રજ્યાવિધિ નગર બહાર કોઈ ઉદ્યાનમાં વૃક્ષ નીચે થાય છે. ત્યાં તેઓ સર્વ વસ્ત્રાલંકાર ઉતારીને તથા **नमो सिद्धाणं** પદના ઉચ્ચારણ વડે સર્વ સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરીને પંચમુષ્ટિ લોચ કરે છે અને યાવજ્જીવ સામાયિક અંગીકાર કરી મહાવ્રતોની ધારણાપૂર્વક શ્રમણાવસ્થાનો સ્વીકાર કરે છે. આ વખતે તેમને નાનું–મોટું કોઈ તપ અવશ્ય હોય છે.

શ્રમણાવસ્થાનો સ્વીકાર કર્યા પછી થોડા જ વખતે તેમને મનઃપર્યવ નામનું ચોથું જ્ઞાન ઉત્પન્ન થાય છે, જેનાથી તેઓ અન્ય વ્યક્તિઓના વિચારો જાણી શકે છે. આજે જેને ટેલીપથી કહેવામાં આવે છે, તે જ પ્રકારનું આ જ્ઞાન છે, પણ તે વધારે ઉત્તમ કોટિનું હોય છે.

પ્રવ્રજ્યા કે દીક્ષા ગ્રહણ કર્યા પછીનો સમય સાધના-કાલ કહેવાય છે. તેની મર્યાદા કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ સુધીની હોય છે. પછી તેમને સાધના કરવાની રહેતી નથી. આ સાધનાકાલ એ તેમના જીવનની કસોટીનો કાલ હોય છે, કારણ કે તેમાં નિઃસંગભાવે એકાકી વિચારવાનું હોય છે, બાવીશ પ્રકારના પરીષહો સહન કરવાના હોય છે, ઉપરાંત મનુષ્યકૃત, દેવકૃત અને તિર્યંચકૃત

ઉપસર્ગો પણ સહન કરવાના હોય છે, જેમાંના કેટલાક ઉપસર્ગો તો આપણાં રૂંવાડાં ખડાં કરી દે તેવાં ભયંકર અને જીવલેણ હોય છે. પરંતુ તીર્થંકરો અત્યંત ધીર–વીર બનીને આ બધું સહન કરી લે છે અને સમયનો મોટો ભાગ તપ તથા ધ્યાનમાં વીતાવે છે. તેઓ પ્રથમ ધર્મ-ધ્યાનની સિદ્ધિ કરે છે અને પછી શુકલધ્યાનની સિદ્ધિ કરે છે. જ્યારે તેઓ પ્રથમ શુકલધ્યાન પૂર્ણ કરી બીજા શુકલધ્યાન પર આવે છે, ત્યારે શુકલધ્યાનની સિદ્ધિ થઈ ગણાય છે. આ ધ્યાનસિદ્ધિ થતાં જ તેમના જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય તથા અંતરાય એ ચાર ઘાતી-કર્મનો સંપૂર્ણક્ષય થાય છે અને તેઓ કેવલજ્ઞાન તથા કેવલદર્શનની પ્રાપ્તિ કરી સર્વજ્ઞ તથા સર્વદર્શી બને છે.

આ જ વખતે કર્મક્ષય જ ૧૧ અતિશયો ઉત્પન્ન થાય છે અને દેવતાઓ બીજા ૧૯ અતિશયો ભક્તિ નિમિત્તે કરે છે. ૪ અતિશયો તો તેમને મૂળથી જ હોય છે, એટલે તેઓ બધા મળીને ૩૪ અતિશયોના ધારક બને છે અને તેમની જિનાવસ્થા–તેમનું અરિહંતપણું પ્રકાશી ઉઠે છે. પછી તો દેવી–દેવતાઓ તથા અન્ય ઋષિ–મહર્ષિઓ ત્યાં આવવા લાગે છે અને તેમને ભક્તિભાવથી વંદન કરીને તથા તેમના ચરણાદિનું પૂજન કરીને કૃતાર્થ થાય છે.

તે પછી તેઓ ધર્મદેશના દેવા તત્પર થાય છે, એ વખતે દેવો દ્વારા સમવસરણ રચાય છે અને તેઓ તેમાં ગોઠવાએલા સ્ફટિકમય સુંદર સિંહાસન પર બિરાજી

ધર્મદેશના દે છે અને તે જ વખતે ધર્મતીર્થનું કે તીર્થનું પ્રવર્તન કરે છે, એટલે તીર્થંકરની ખ્યાતિ પામે છે.

એ સમય એવો હોય છે, જ્યારે નીતિ અને ન્યાયનો લગભગ નાશ થઈ ચૂક્યો હોય છે, અધર્મનું ચડી વાગ્યું હોય છે, સાધુઓ અને સતીઓનાં માન સાવ ઘટી ગયા હોય છે અને પાખંડીઓ, ધૂર્તો તથા દુષ્ટો પોતાની મનગમતી લીલા આચરી રહ્યા હોય છે. રાજાઓ રાજ્યધર્મ ભૂલ્યા હોય છે અને વિદ્વાનો સ્વાર્થપરાયણ બની પોતાનો સ્વાર્થ સાધતા હોય છે. પણ તીર્થંકર ભગવંતની અદ્ભુત ધર્મદેશના ચાલુ થતાં આ પરિસ્થિતિમાં મોટું પરિવર્તન થવા લાગે છે. ટૂંકમાં કહીએ તો અનીતિના સ્થાને નીતિ, અન્યાયના સ્થાને ન્યાય અને અધર્મના સ્થાને ધર્મની સ્થાપના થાય છે, તેથી સમાજ અને રાજ્યનું સમસ્ત ચિત્ર બદલાઈ જાય છે. તીર્થંકર ભગવંતોને આદિકર કહેવામાં આવે છે, તેનો અર્થ એ છે કે તેઓ એક નવો જ ધર્મયુગ શરૂ કરે છે અને સમસ્ત માનવજાતિનું વિચારધોરણ તથા આચારધોરણ ખૂબ ઊંચું લાવે છે.

તીર્થંકરોની ધર્મદેશના દરમિયાન તેમણે સ્થાપેલા ચતુર્વિધશ્રીસંઘની ઝડપથી વૃદ્ધિ થતી રહે છે અને તે એક મોટું ધર્મપ્રચારક બળ બની જાય છે.

કોઈ તીર્થંકર રોગથી મરે નહિ, તેમનું અપમૃત્યુ થાય નહિ કે તેમને કોઈ અકસ્માત નડે નહિ. તેઓ

પોતાનો નિર્વાણસમય નજીક આવે ત્યારે પોતાની મેળે યોગક્રિયાથી દેહનો ત્યાગ કરે છે. તેની પદ્ધતિ એવી છે કે તેઓ પ્રથમ બાદર કાયયોગમાં રહી બાદર મનોયોગ ને વચનયોગને રુંધે છે. પછી સૂક્ષ્મ કાયયોગમાં સ્થિત થઈ બાદર કાયયોગને પણ રુંધે છે. પછી વચન તથા મનના સૂક્ષ્મયોગને પણ રુંધે છે. તે વખતે સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી નામનું ત્રીજું શુક્લધ્યાન પ્રાપ્ત થયું ગણાય છે. પછી સૂક્ષ્મ તનુયોગને રુંધી જેમાં સર્વ ક્રિયાનો ઉચ્છેદ થાય છે, એવા સમુચ્છિન્નક્રિયા નામના ચોથા શુક્લધ્યાનની પ્રાપ્તિ કરે છે. પછી अ इ उ ऋ ऌ એ પાંચ હ્રસ્વ અક્ષરનો ઉચ્ચાર કરીએ એટલી વારમાં સકલકર્મબંધનથી રહિત થયેલો તેમનો આત્મા દેહ છોડીને સ્વભાવિક ઊર્ધ્વ ગતિથી સમય માત્રમાં લોકના અગ્રભાગે આવેલી સિદ્ધશિલાના ઉપરના ભાગે પહોંચી જાય છે અને ત્યાં સિદ્ધાત્મા તરીકે—સિદ્ધભગવંત તરીકે સદા સ્થિર રહે છે. સિદ્ધશિલામાં અનંત સિદ્ધાત્માઓ સાથે જ રહે છે. તેઓ અરૂપી હોવાથી ગમે તેટલી સંખ્યામાં સાથે રહી શકે છે. આગળ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય નામનાં દ્રવ્યો નહિ હોવાથી તેઓ સદાને માટે ત્યાં જ સ્થિર રહે છે અને અનિર્વચનીય અનુપમ આનંદનો ઉપભોગ કરે છે.

તીર્થંકર ભગવંતનો વિરહ થતાં લોકોની આંખમાંથી અશ્રુ સરવા લાગે છે અને શોકની છાયા ફરી વળે છે, છતાં જૈન ધર્મના આચાર અનુસાર ' જય જય નંદા,

જય જય ભદ્દા' ના બુલંદ સૂરો સાથે વાજતે ગાજતે તેમની પાલખી કાઢવામાં આવે છે અને તેમને ઉત્તમ પ્રકારનાં ચંદનકાષ્ટોની ચિતા રચી તેમાં અગ્નિદાહ દેવામાં આવે છે.

આ રીતે તીર્થંકરનું શરીર તો ભસ્મીભૂત થઈ જાય છે, પણ તેમનું નામ સદાને માટે અમર થઈ જાય છે. તીર્થંકરોનાં શરીરને જ્યાં અગ્નિદાહ દેવાયો હોય, ત્યાં સ્તૂપ કે કોઈ સ્મારક ઊભું કરવામાં આવે છે.

હવે તીર્થંકરોનાં નામ અંગે પણ થોડી વિચારણા કરી લઈએ. **ભગવતીસૂત્રમાં, સમવાયાંગસૂત્રમાં** અને **આવશ્યકસૂત્ર**ના એક ભાગરૂપ પ્રસ્તુત લોગસ્સસૂત્રમાં ચોવીશે ય તીર્થંકરોનાં નામ આવે છે. તે પાઠકોની જાણ તથા સરખામણી માટે અહીં રજૂ કરીશું.

| | ભગ૦ | સમ૦ | લોગસ્સ૦ |
|---|---|---|---|
| ૧ | उसभ | उसभ | उसभ |
| २ | अजिय | अजित | अजिअ |
| ३ | संभव | संभव | संभव |
| ४ | अभिणंदण | अभिणंदण | अभिणंदण |
| ५ | सुमति | सुमइ | सुमइ |
| ६ | सुप्पभ | पउमप्पह | पउमप्पह |
| ७ | सुपास | सुपास | सुपास |

| | | | |
|---|---|---|---|
| ૮ | ससि | चंदप्पह | चंदप्पह |
| ૯ | पुप्फदंत | सुविधि | सुविहि-पुप्फदंत |
| ૧૦ | सीयल | सीअल | सीअल |
| ૧૧ | सेज्जंस | सिज्जंस | सिज्जंस |
| ૧૨ | वासुपुज्ज | वासुपुज्ज | वासुपुज्ज |
| ૧૩ | विमल | विमल | विमल |
| ૧૪ | अणंत | अणंत | अणंत |
| ૧૫ | धम्म | धम्म | धम्म |
| ૧૬ | संति | संति | संति |
| ૧૭ | कुंथु | कुंथु | कुंथु |
| ૧૮ | अर | अर | अर |
| ૧૯ | मल्लि | मल्लि | मल्लि |
| ૨૦ | मुणिसुव्वय | मुणिसुव्वय | मुणिसुव्वय |
| ૨૧ | नमि | नमि | नमि |
| ૨૨ | नेमि | नेमि | अरिट्ठनेमि |
| ૨૩ | पास | पास | पास |
| ૨૪ | वद्धमाण | वद्धमाण | वद्धमाण |

આમાં ઉચ્ચારભેદની વાત જતી કરીએ તો નામોમાં નીચે પ્રમાણે તફાવત જણાય છે. ભગવતીસૂત્રમાં છઠ્ઠા

તીર્થંકરનું નામ सुप्पभ એટલે સુપ્રભ આપ્યું છે, ત્યારે સમવાયંગસૂત્ર અને લોગસ્સસૂત્રમાં पउमप्पह એટલે પદ્મપ્રભ આપેલું છે. ભગવતીસૂત્રમાં આઠમા તીર્થંકરનું નામ ससि એટલે શશિ આપેલું છે, ત્યારે સમવાયાંગસૂત્ર અને લોગસ્સસૂત્રમાં चंदप्पह એટલે ચંદ્રપ્રભ આપેલું છે. ભગવતી સૂત્રમાં નવમા તીર્થંકરનું નામ पुप्फदंत એટલે પુષ્પદંત આપેલું છે, ત્યારે સમવાયાંગસૂત્રમાં સુવિધિ અને લોગસ્સસૂત્રમાં सुविहि અને पुप्फदंत એ બંને નામો આપેલાં છે. અને ભગવતીસૂત્રમાં તથા સમવાયાંગસૂત્રમાં બાવીશમા તીર્થંકરનું નામ नेमि આપેલું છે, ત્યારે લોગસ્સસૂત્રમાં अरिट्ठनेमि—અરિષ્ટનેમિ આપેલું છે. પરંતુ કાલાંતરે છઠ્ઠા તીર્થંકરનું નામ સુપાર્શ્વ, આઠમા તીર્થંકરનું નામ ચંદ્રપ્રભ, નવમા તીર્થંકરનું નામ સુવિધિ અને બાવીશમા તીર્થંકરનું નામ નેમિ સ્થિર થયેલું જણાય છે. આજે તીર્થંકરોનાં નામ સંબંધી કોઇ વિવાદ નથી.

અહીં બીજો મુદ્દો વિચારવાનો એ છે કે પ્રાચીન ગ્રંથોમાં તીર્થંકરોનાં જે નામો પ્રાપ્ત થાય છે, તે ઋષભ અજિત, સંભવ, આ રીતે માત્ર સાદાં નામો જ પ્રાપ્ત થાય છે, એટલે પ્રાચીનકાલમાં તે એ રીતે જ બોલાતાં હશે. રામ, કૃષ્ણ એ નામો પણ આ જ પ્રકારનાં છે ને ? પરંતુ લોગસ્સસૂત્રની બીજી, ત્રીજી અને ચોથી એ દરેક ગાથામાં એક जिणं પદ મૂકીને એમ સૂચવ્યું છે કે આ દરેક નામના છેડે જિન શબ્દ લગાડવો. આ નામો ઋષભજિન

અજિતજિન, સંભવજિન એ પ્રકારનાં બને છે અને એ રીતે ચોવીશેય નામોના છેડે જિન શબ્દ લાગતાં ચોવીશજિનની એક સંવાદી હારમાળા તૈયાર થાય છે, તે આ પ્રમાણે :—

| | | | |
|---|---|---|---|
| ૧ | ઋષભજિન | ૧૩ | વિમલજિન |
| ૨ | અજિતજિન | ૧૪ | અનંતજિન |
| ૩ | સંભવજિન | ૧૫ | ધર્મજિન |
| ૪ | અભિનંદનજિન | ૧૬ | શાન્તિજિન |
| ૫ | સુમતિજિન | ૧૭ | કુંથુજિન |
| ૬ | પદ્મપ્રભજિન | ૧૮ | અરજિન |
| ૭ | સુપાર્શ્વજિન | ૧૯ | મલ્લિજિન |
| ૮ | ચંદ્રપ્રભજિન | ૨૦ | મુનિસુવ્રતજિન |
| ૯ | સુવિધિજિન | ૨૧ | નમિજિન |
| ૧૦ | શીતલજિન | ૨૨ | નેમિજિન |
| ૧૧ | શ્રેયાંસજિન | ૨૩ | પાર્શ્વજિન |
| ૧૨ | વાસુપૂજ્યજિન | ૨૪ | વર્દ્ધમાનજિન |

ઘણાં શાસ્ત્રો, સ્તોત્રો તથા સ્તવનોમાં આ શબ્દોનો પ્રયોગ થયેલો છે અને હજી પણ થાય છે, તો પછી તીર્થંકરના નામના છેડે દેવ, નાથ કે સ્વામી શબ્દ ક્યારે–કેવા સંયોગોમાં લાગવા માંડયો ? એ વિચારણીય બને છે. આજે તો આ ચોવીશ નામો પ્રાયઃ નીચે પ્રમાણે જ બોલાય છે :–

| | |
|---|---|
| ૧ શ્રી ઋષભદેવ [ આદિનાથ ] | ૧૩ શ્રી વિમલનાથ |
| ૨ શ્રી અજિતનાથ | ૧૪ શ્રી અનંતનાથ |
| ૩ શ્રી સંભવનાથ | ૧૫ શ્રી ધર્મનાથ |
| ૪ શ્રી અભિનંદનસ્વામી | ૧૬ શ્રી શાન્તિનાથ |
| ૫ શ્રી સુમતિનાથ | ૧૭ શ્રી કુંથુનાથ |
| ૬ શ્રી પદ્મપ્રભસ્વામી | ૧૮ શ્રી અરનાથ |
| ૭ શ્રી સુપાર્શ્વનાથ | ૧૯ શ્રી મલ્લિનાથ |
| ૮ શ્રી ચંદ્રપ્રભસ્વામી | ૨૦ શ્રી મુનિસુવ્રતસ્વામી |
| ૯ શ્રી સુવિધિનાથ | ૨૧ શ્રી નમિનાથ |
| ૧૦ શ્રી શીતલનાથ | ૨૨ શ્રી નેમિનાથ |
| ૧૧ શ્રી શ્રેયાંસનાથ | ૨૩ શ્રી પાર્શ્વનાથ |
| ૧૨ શ્રી વાસુપૂજ્યસ્વામી | ૨૪ શ્રી મહાવીરસ્વામી |

ખૂબ વિચાર કરતાં અમને એમ લાગે છે કે જ્યારે આ દેશમાં નાથસંપ્રદાયનું જોર વધ્યું અને નાથ એટલે મહા ચમત્કારિક સિદ્ધપુરુષ એવો ખ્યાલ લોકોમાં વ્યાપક બન્યો, ત્યારે આપણે તીર્થંકરોના નામને છેડે નાથ લગાડવા લાગ્યા, તે એમ સૂચવવાને કે તેઓ પણ મહાચમત્કારિક સિદ્ધ પુરુષો હતા. શ્રી ઋષભદેવની તો વાત જ જુદી

હતી. તેમને તો પ્રારંભથી જ દેવ શબ્દ લાગતો હતો. સ્વામી શબ્દ પણ અમુક સંપ્રદાયમાં ઘણો માનસૂચક બની ગયો હતો અને આજે પણ તે એવા જ ભાવમાં વપરાય છે, એટલે આપણે કેટલાકને છેડે સ્વામી શબ્દ પણ લગાડયો. નામોનું આ આયોજન એ વખતે ખૂબ પ્રભાવશાળી લાગ્યું હશે, એટલે તે પ્રચારમાં આવ્યું અને આજે તો એ નામો આપણાં હૈયે અને હોઠે જડાઈ ગયાં છે.

હવે પછી લોગસ્સસૂત્રની બીજી, ત્રીજી અને ચોથી ગાથાના અર્થપ્રકાશ અંગે વિવેચન આવવાનું છે, તેની આ પૂર્વભૂમિકા છે. પાઠકોએ તેનું યથાર્થ મનન કરવું ઘટે.

[ ૧૫ ]

## બીજી–ત્રીજી–ચોથી ગાથાનો અર્થપ્રકાશ

હવે ચોવીશ જિનોને ભાવવંદના કરવા નિમિત્તે બીજી, ત્રીજી અને ચોથી ગાથા નીચે પ્રમાણે યોજાયેલી છે :

**उसभमजिअं च वंदे, संभवममिणंदणं च सुमइं च ।**
**पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥ २ ॥**

**सुविहिं च पुप्फदंतं, सीअल सिज्जंस वासुपुज्जं च ।**
**विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ॥ ३ ॥**

**कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च ।**
**वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥ ४ ॥**

આ ગાથાઓમાં ત્રણ સંધિપ્રયોગો થયેલા છે, તેનો પ્રથમ વિગ્રહ કરીએ, જેથી આપણને મૂલપદોની પ્રાપ્તિ થાય. તેમાં **उसभमजिअं** એ પહેલો સંધિપ્રયોગ છે, તેનો વિગ્રહ કરતાં **उसभं** અને **अजिअं** એવાં બે **પદો**

પ્રાપ્ત થાય છે. उसमं પદના છેડે આવેલું અનુસ્વાર અર્ધા म् રૂપ છે, તેમાં अजिअं પદનો આદિ अ મળતાં म વર્ણ બનેલો છે. **संभवमभिणंदणं** એ બીજો સંધિપ્રયોગ છે, તેનો વિગ્રહ કરતાં **संभवं** અને **अभिणंदणं** એવાં બે પદો પ્રાપ્ત થાય છે. તેમાં સંધિ ઉપરના ધોરણે જ થયેલી છે. **विमलमणंतं** એ ત્રીજો સંધિપ્રયોગ છે, તેનો વિગ્રહ કરતાં **विमलं** અને **अणंतं** એવાં બે પદો પ્રાપ્ત થાય છે. તેમાં પણ સંધિ ઉપરના ધોરણે જ થયેલી છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે ત્રીજી ગાથામાં **सीअल** અને **सिज्जंस** એવાં બે પદો છે, તેના છેડેથી અનુસ્વારનો લોપ થયેલો છે, એટલે ત્યાં **सीअलं** અને **सिज्जंसं** એવાં મૂલ પદો માનવા જોઈએ. કેટલાક **सीअल–सिज्जंस–वासुपुज्जं** એવો પાઠ માને છે, પણ તેમ કરતાં **वासुपुज्जं** પદ બહુવચનમાં લાવવું પડે, જે શક્ય નથી, એટલે અહીં **सीअल** અને **सिज्जंस** એ બંને પદોને સ્વતંત્ર માની તેના છેડેથી આર્ષત્વાત્ અનુસ્વારનો લોપ માનવો, એ જ યોગ્ય છે.

ચોથી ગાથામાં **रिट्ठनेमिं** શબ્દ છે, તેના પ્રારંભના अનો લોપ થયેલો છે, તે છંદરચનાનું કારણ છે. તાત્પર્ય કે અહીં મૂલ શબ્દ **अरिट्ठनेमिं** માનવાનો છે.

મૂલપદો અંગે આટલી સ્પષ્ટતા કર્યા પછી હવે તે દરેકનો સામાન્ય અર્થ જણાવીશું :

## સામાન્ય અર્થ

उसभं-[ ऋषभम् ] ઋષભને, ઋષભજિનને, શ્રી ઋષભદેવને.

अजिअं-[ अजितम् ] અજિતને, અજિતજિનને, શ્રી અજિતનાથને.

च-[च] અને.

वंदे-[ वन्दे ] વંદું છું, નમસ્કાર કરું છું.

संभवं-[ सम्भवम् ] સંભવને, સંભવજિનને, શ્રી સંભવનાથને.

अभिणंदणं-[ अभिनन्दनम् ] અભિનંદનને, અભિનંદન જિનને, શ્રી અભિનંદન સ્વામીને.

च-[ च ] અને.

सुमइं-[ सुमतिम् ] સુમતિને, સુમતિજિનને, શ્રી સુમતિનાથને.

च-[ च ] અને.

पउमप्पहं-[ पद्मप्रभम् ] પદ્મપ્રભુને, પદ્મપ્રભજિનને, શ્રી પ્રદ્મપ્રભસ્વામીને.

सुपासं-[ सुपार्श्वम् ] સુપાર્શ્વને, સુપાર્શ્વજિનને, શ્રી સુપાર્શ્વનાથને.

जिणं-[ जिनम् ] જિનને.

च-[ च ] અને.

चंदप्पहं-[चन्द्रप्रभम् ] ચંદ્રપ્રભને, ચંદ્રપ્રભજિનને, શ્રી ચંદ્રપ્રભસ્વામીને.

वंदे-[ वन्दे ] વંદુ છું, નમસ્કાર કરું છું.

सुविहिं-[ सुविधिम् ] સુવિધિને, સુવિધિજિનને, શ્રી સુવિધિનાથને.

च-[ च ] અથવા.

पुप्फदंतं-[ पुष्पदन्तम् ] પુષ્પદંતને, શ્રી પુષ્પદંતજિનને.

सीअलं-[ शीतलम् ] શીતલને, શીતલજિનને, શ્રી શીતલનાથને.

सिज्जंसं-[ श्रेयांसम् ] શ્રેયાંસને, શ્રેયાંસજિનને, શ્રી શ્રેયાંસનાથને.

वासुपुज्जं-[ वासुपूज्यम् ] વાસુપૂજ્યને, વાસુપૂજ્યજિનને, શ્રી વાસુપૂજ્યસ્વામીને.

च-[ च ] અને.

विमलं-[ विमलम् ] વિમલને, વિમલજિનને, શ્રી વિમલનાથને.

अणंतं-[ अनन्तम् ] અનંતને, અનંતજિનને, શ્રી અનંતનાથને.

च-[ च ] અને.

जिणं-[ जिनम् ] જિનને.

धम्मं-[ धर्मम् ] ધર્મને, ધર્મજિનને, શ્રી ધર્મનાથને.

संतिं–[शान्तिम्] શાંતિને, શાંતિજિનને, શ્રી શાંતિનાથને.

च–[च] અને.

वंदामि–[वन्दे] વંદું છું, નમસ્કાર કરું છું.

कुंथुं–[कुन्थुम्] કુંથુને, કુંથુજિનને, શ્રી કુંથુનાથને.

अरं–[अरम्] અરને, અરજિનને, શ્રી અરનાથને.

च–[च] અને.

मल्लिं–[मल्लिम्] મલ્લિને, મલ્લિજિનને, શ્રી મલ્લિનાથને.

वंदे–[वन्दे] વંદું છું, નમસ્કાર કરું છું.

मुणिसुव्वयं–[मुनिसुव्रतम्] મુનિસુવ્રતને, મુનિસુવ્રત-જિનને, શ્રી મુનિસુવ્રતસ્વામીને.

नमिजिणं–[नमिजिनम्] નમિને, નમિજિનને, શ્રી નમિનાથને.

च–[च] અને.

वंदामि–[वन्दे] વંદું છું, નમસ્કાર કરું છું.

अरिट्ठनेमिं–[अरिष्टनेमिम्] અરિષ્ટનેમિને, અરિષ્ટ-નેમિજિનને, શ્રીનેમિનાથને.

पासं–[पार्श्वम्] પાર્શ્વને, પાર્શ્વજિનને, શ્રી પાર્શ્વનાથને.

तह–[तथा] તથા.

वद्धमाणं–[वर्द्धमानम्] વર્ધમાનને, વર્ધમાનજિનને, શ્રી મહાવીરસ્વામીને.

च–[च] અને.

## વિશેષાર્થ

વિશેષનામો સંજ્ઞારૂપ હોઈ તેનો વિશેષ અર્થ કરવાનો હોતો નથી, પણ દરેક તીર્થંકરનું નામ પડવાની પાછળ

કોઈ કારણ રહેલું છે, એવો આપણા આચાર્યોનો મત છે અને તે કારણો તેમણે જણાવેલાં છે, એટલે તે આ વિભાગમાં રજૂ કરીશું. ઉપરાંત તીર્થંકરો અંગે જે વિશેષ કહેવા જેવું હશે, તેની પણ અહીં રજૂઆત કરીશું. બધાં તીર્થંકરોનાં નામો બીજી વિભક્તિના એકવચનમાં આવેલાં છે.

उसमं–આ પદનું સંસ્કૃતરૂપ ऋषभ છે અને વિકલ્પે ऋषभ પણ છે. આ ऋषभ કે वृषभ નો સામાન્ય અર્થ બળદ છે પણ પોતાની જાતિમાં શ્રેષ્ઠ હોય, તેને પણ વૃષભ કહેવામાં આવે છે. जिणवर वसहस्स वद्धमाणस्स એ પંક્તિમાં વૃષભ શબ્દનો પ્રયોગ આ રીતે થયેલો છે.

શ્રી ઋષભદેવના બંને સાથળોમાં વૃષભનું લંછન હતું અને તેમની માતાને ચૌદ મહાસ્વપ્નમાં પ્રથમ હાથી દેખાવાને બદલે શ્વેત વર્ણવાળો, પુષ્ટ સ્કંધવાળો, લાંબા અને સરલ પુચ્છવાળો તથા સુવર્ણની ઘુઘરમાળવાળો વૃષભ દેખાયો હતો, એટલે તેમના પિતા નાભિકુલકરે અને માતા મરુદેવીએ આ નામ પસંદ કર્યું હતું.

શ્રી ઋષભદેવ વર્તમાન ચોવીશીના પહેલા તીર્થંકર થયા, એટલે આદિનાથ કહેવાયા છે અને સંસ્કૃત યુગના પ્રારંભમાં થયા, એટલે યુગાદિદેવની ખ્યાતિ પામેલા છે. તેઓ આ દેશના પ્રથમ રાજા, પ્રથમ સાધુ અને પ્રથમ તીર્થંકર હતા, તેથી જ શ્રી હેમચંદ્રાચાર્યે તેમની નિમ્ન શબ્દો વડે સ્તુતિ કરેલી છે:

आदिमं पृथिवीनाथमादिमं निष्परिग्रहम् ।
आदिमं तीर्थनाथं च, श्रीऋषभस्वामिनं स्तुमः ॥

'તેઓ પહેલા રાજા શા માટે ? શું તેમના પિતા રાજા ન હતા ?' એવો પ્રશ્ન કદાચ અહીં પૂછાશે. તેનો ઉત્તર એ છે કે રાજા અને રાજ્યપદ્ધતિ તેમના જ સમયમાં દાખલ થઈ હતી. તે પહેલાં મનુષ્યો ટોળીઓ બાંધી વન–અરણ્ય–જંગલમાં રહેતા અને તેમનો નાયક કુલકર કહેવાતો. શ્રી ઋષભદેવના પિતા નાભિ આવા એક કુલકર હતા, પરંતુ તેમનો મોભો તો રાજા જેવો જ ગણી શકાય. તેઓ વિમલવાહન નામના કુલકરની સાતમી પેઢીએ ઉતરી આવ્યા હતા, એટલે તેમનામાં ખાનદાનીનું ખમીર પણ હતું. એ જમાનો યુગલિયાઓનો ગણાતો, એટલે એ વખતે સ્ત્રી પુત્ર–પુત્રીનાં જોડકાંને સાથે જ જન્મ આપતી અને તે મોટા થતાં તેમની વચ્ચે પ્રાકૃતિક વ્યવહાર થતો. એ રીતે પ્રજનન કાર્ય ચાલુ રહેતું. તેઓ અત્યંત ભદ્રિક અને ભોળા હતા અને જંગલમાંથી જે કંઇ પત્ર–પુષ્પ–ફલાદિ મળે તેના પર નિર્વાહ કરતા. તેની જ્યારે અછત થઈ ત્યારે ચોખા વગેરે ધાન્યનો ઉપયોગ કરવા લાગ્યા, પણ તે ધાન્ય એમને એમ પચતું ન હતું, એટલે શ્રી ઋષભદેવે તેમને માટીનાં વાસણો બનાવતાં શીખવ્યું અને અગ્નિપ્રયોગ પણ શીખવ્યો. પછી તેમણે જીવનોપયોગી બીજી પણ ઘણી કલાઓ શિખવી અને લિપિ તથા ગણિતનું જ્ઞાન પણ આપ્યું. ટૂંકમાં તેમના વડે માનવસંસ્કૃતિનો પાયો નંખાયો અને સમાજ તથા રાજ્ય અસ્તિત્વમાં

આવ્યાં. આ સંજોગોમાં તેઓ પહેલા રાજા બન્યા. તેની ઘણી રસદાયક વિગતો જૈન શાસ્ત્રોમાં સંઘરાયેલી છે.

તેઓ પહેલા સાધુ અને પહેલા તીર્થંકર શા માટે? એ પ્રશ્ન પણ જરૂર પૂછાશે. તેનો ઉત્તર એ છે કે તેમના સમયમાં કોઈ સાધુ, સંત, ઋષિ કે મુનિ હતા જ નહિ. સમાજ અને રાજ્યની પૂરી વ્યવસ્થા થઈ ગયા પછી એ દિશામાં પણ તેમણે જ પહેલ કરી. લોકાંતિક દેવોનાં વચનોનું નિમિત્ત પામીને તેમણે પોતાના મોટા પુત્ર ભરતને રાજગાદી સોંપી અને બીજા નવાણું પુત્રોને તેમની યોગ્યતા મુજબ જુદા જુદા દેશોનાં રાજ્ય સોંપ્યાં. પછી વરસીદાન આપીને એક શુભ દિવસે સંસારનો ત્યાગ કર્યો, એટલે સમાજને પ્રથમ સાધુનાં દર્શન થયાં.

પરંતુ તે માટે તેમને કપરી કસોટીમાંથી પસાર થવું પડયું, કારણ કે લોકોને ખબર ન હતી કે આ પ્રકારના સાધુને કઈ ભિક્ષા કેવી રીતે અપાય? જ્યારે ઋષભસાધુ ભિક્ષા માગવા નીકળ્યા, ત્યારે કોઈ તેમને ભેટ આપવા માટે હાથી, તો કોઇ ઘોડો, તો કોઈ રથ, તો કોઈ વસ્ત્રો, તો કોઈ અલંકારો લઈને સામે આવ્યા. પરંતુ તેમણે તેમાંની કોઈ વસ્તુનો સ્વીકાર કર્યો નહિ. લોકો આશ્ચર્ય પામ્યા: 'આ મહાપુરુષ આપણી કોઈ ભેટનો સ્વીકાર કેમ કરતા નથી?' તેઓ આહારપાણી લેવા નીકળ્યા છે, એ કલ્પના તો આવે જ શેની? લાખોની પ્રજાનો પાલણહાર શું બીજા પાસે આહારપાણી માગે ખરો? ઋષભસાધુ પોતાને સૂઝતો આહાર

ન મળ્યો, એટલે ઉપવાસી રહ્યા. તેમણે ધાર્યું હોત તો લોકોને આડકતરું સૂચન કરી દીધું હોત કે મને અમુક જાતના આહાર-પાણી આપો, પણ આ તો ખરા નિર્ગ્રંથ હતા, ખરા ફક્કડ હતા, તે આ પ્રકારનું આડકતરું સૂચન કરીને દોષપાત્ર કેમ ઠરે? આને કર્મનિર્જરાનો એક મહાન મોકો ગણી તેઓ ઉપવાસ પર ઉપવાસ કરવા લાગ્યા. આખરે ૧૩ માસ અને ૧૦ દિવસના અંતે હસ્તિનાપુરમાં શ્રેયાંસકુમારને હાથે તેમણે શેરડીના રસથી પારણું કર્યું. વૈશાખ સુદિ-૩ નો એ દિવસ હતો. તે આ અક્ષયદાનને લીધે અક્ષયતૃતીયા તરીકે પ્રસિદ્ધિ પામ્યો. આજે પણ શ્રી ઋષભદેવ ભગવાનની આ ભવ્ય અને દારુણ તપશ્ચર્યાના અનુકરણરૂપે આપણા સમાજમાં ઘણા ભાવિકો વરસીતપ કરે છે અને તેનું પારણું આ મંગલદિને કરી કૃતાર્થતા અનુભવે છે.

તપ-ધ્યાનાદિ ઉગ્ર સાધનાના અંતે તેઓ કેવલજ્ઞાન પામ્યા અને તીર્થપ્રવર્તન કરતાં પ્રથમ તીર્થંકર તરીકે વિખ્યાત થયા.

શ્રી ઋષભદેવ અષ્ટાપદગિરિપર નિર્વાણ પામ્યા, એ પણ એમની વિશેષતા જ છે, કારણ કે ત્યાર પછીના કોઈ તીર્થંકર અષ્ટાપદગિરિ પર જઈને નિર્વાણ પામેલા નથી.

શ્રી ઋષભદેવ તથા અન્ય તીર્થંકરોનાં માતા-પિતાનાં નામ, જન્મસ્થાન, લાંછન, શરીરપ્રમાણ, વર્ણ અને આયુષ્યને લગતી માહિતી આ પ્રકરણ પછી અપાયેલ ખાસ કોઠામાંથી મળી શકશે.

अजिअं–શ્રી અજિતનાથ ભગવાન ગર્ભમાં આવ્યા પછી તેમની માતાને તેમના પિતા દ્યૂતક્રીડામાં હરાવી ન શક્યા, એટલે કે તેઓ અજિત રહ્યા, તે પરથી તેમનું નામ અજિત પાડવામાં આવ્યું હતું. સગર ચક્રવર્તી અને તેમના સાઠ હજાર પુત્રોની ઘટના તેમના સમયમાં બનેલી છે.

च–આ અવ્યય જુદા જુદા અનેક અર્થોમાં વપરાય છે, પણ તે અહીં અનુસંધાનનો અર્થ દર્શાવવા માટે યોજાયેલું છે, એટલે તેનો અર્થ 'અને' સમજવાનો છે.

એક મહાશય પ્રશ્ન કરે છે કે 'લોગસ્સસૂત્રની આ ત્રણ ગાથામાં ૧૧ વખત च નો પ્રયોગ થયેલો છે, તેમાં કંઈ રહસ્ય છે કે શું ?' તેનો ઉત્તર એ છે કે 'આ ત્રણ ગાથામાં વિશેષ નામોની રજૂઆત મૂલક્રમ પ્રમાણે કરવાની છે અને તેમાં ગાહાછંદનું ધોરણ પણ સાચવવાનું છે, એટલે જ્યાં જ્યાં એક માત્રાની જરૂર પડી ત્યાં ત્યાં અનુસંધાનદર્શક च નો પ્રયોગ કરવામાં આવ્યો છે. આ સિવાય તેની પાછળ બીજું કંઈ રહસ્ય નથી. અહીં એટલી સ્પષ્ટતા પણ કરી દઈએ કે ૧૧ च માંથી ૧૦ च અનુસંધાનદર્શક છે, જ્યારે सुविहिं અને पुप्फदंतं એ બે પદોની વચ્ચે મૂકાયેલો च વિકલ્પદર્શક છે, એટલે ત્યાં 'અથવા' એવો અર્થ સમજવાનો છે.'

वंदे–પ્રથમ પુરુષના એકવચનમાં રહેલા આ ક્રિયાપદનો સામાન્ય અર્થ 'વંદન કરું છું, પ્રણામ કરું છું, નમસ્કાર કરું છું.' એવો થાય છે, પણ વંદનની ક્રિયા

અતિ મહત્ત્વની હોવાથી તે વિશેષ વિચારણા માગે છે. વંદન-પ્રણામ-નમસ્કાર કાયાથી, વચનથી અને મનથી એમ ત્રણ પ્રકારે થાય છે. એ ત્રણેય પ્રકારો અહીં ગ્રહણ કરવા યોગ્ય છે, કારણ કે તે સિવાય નમસ્કારની ક્રિયા પૂર્ણ થતી નથી, પૂર્ણતાને ધારણ કરતી નથી. હાથ જોડવા, મસ્તક નમાવવું, પંચાંગપ્રણિપાત કરવો, એ કાયિક નમસ્કાર છે, મુખથી નમસ્કારને યોગ્ય વચનો બોલવાં એ વાચિક નમસ્કાર છે અને મનથી વંદનીય વ્યક્તિ પ્રત્યે શ્રદ્ધા-ભક્તિ-બહુમાન-પૂજ્યભાવની લાગણી પ્રદર્શિત કરવી, એ માનસિક નમસ્કાર છે. આ ત્રણમાંથી એક પણ ક્રિયા ઓછી હોય તો નમસ્કારની ક્રિયા અધૂરી રહે છે, અપૂર્ણ રહે છે અને તેથી યોગ્ય ફલ આપી શકતી નથી.

એક મનુષ્ય કાયાથી તથા વાચાથી નમસ્કાર કરતો હોય, પણ માનસિક નમસ્કાર ન કરતો હોય, તો એ દ્રવ્ય-નમસ્કાર છે કે જેનું વિશેષ મૂલ્ય નથી. તે જ રીતે એક મનુષ્ય મનથી નમસ્કાર કરતો હોય, પણ તેને અનુરૂપ કાયા તથા વચનની ચેષ્ટા ન કરતો હોય તો એ નમસ્કાર અપૂર્ણ છે અને તેનું ફલ પણ જોઈએ તેવું મળી શકતું નથી. તેથી જ કાયિક, વાચિક અને માનસિક એ ત્રણેય પ્રકારના નમસ્કારો ગ્રહણ કરવા યોગ્ય છે. જો અહીં આપણે આ ત્રણેય પ્રકારના નમસ્કારો ગ્રહણ ન કરીએ તો છઠ્ઠી ગાથામાં **कित्तिय-वंदिय-महिया** એવાં જે પદો આવે છે, તે સાર્થક થઈ શકે નહિ. **कित्तिय** પદનો સંબંધ વાચિક નમસ્કાર

સાથે છે, वंदिय પદનો સંબંધ કાયિક નમસ્કાર સાથે છે અને महिय પદનો સંબંધ માનસિક નમસ્કાર સાથે છે.

શ્રીમાન્ હરિભદ્રસૂરિએ **લલિતવિસ્તરા–ચૈત્ય-વંદનવૃત્તિમાં** 'प्रशस्तकायवाङ्मनःप्रवृत्तिरिति वन्दनम्' એવું વિધાન કરેલું છે, તેનો અર્થ એ છે કે કાયા, વચન અને મનની પ્રશસ્ત પ્રવૃત્તિનું નામ વંદન છે, એટલે વંદન–નમસ્કારમાં આ ત્રણે ય વસ્તુઓ પ્રશસ્ત ભાવે પ્રવર્તવી જોઈએ. તે આ પ્રકારના નમસ્કારથી જ પ્રવર્તે છે.

**संभवं**–શ્રી સંભવનાથ ભગવાન જ્યારે માતાના ગર્ભમાં હતા, ત્યારે ખેતરોમાં ઘણા ધાન્યનો સંભવ થયો હતો, એટલે કે ઘણા ધાન્યની ઉત્પત્તિ થઈ હતી, તેથી તેમનું નામ સંભવ પાડવામાં આવ્યું હતું.

अभिणंदणं–શ્રી અભિનંદનસ્વામી જ્યારે માતાના ગર્ભમાં હતા, ત્યારે દેવેન્દ્ર વારંવાર આવીને તેમનું અભિનંદન કરતા હતા, તેથી તેમનું નામ અભિનંદન પાડવામાં આવ્યું હતું.

**सुमइं**–શ્રી સુમતિનાથ પ્રભુ જ્યારે ગર્ભમાં હતા, ત્યારે તેમની માતાને સારી મતિ ઉત્પન્ન થયેલી અને બે શોકયો વચ્ચેના ઝઘડાનું સમાધાન કરાવેલું, તેથી તેમનું નામ સુમતિ પડ્યું હતું.

**पउमप्पहं**–પ્રભુ માતાના ગર્ભમાં આવ્યા પછી માતાને પદ્મની–કમલની શય્યામાં સૂવાનો દોહદ થયો હતો, જે દેવતાએ પૂર્ણ કર્યો હતો અને તેઓ પદ્મ જેવા રંગવાળા હતા, તેથી તેમનું નામ પદ્મપ્રભ પડ્યું હતું.

सुपासं–ભગવંત માતાના ગર્ભમાં આવ્યા પછી તેમનો પાર્શ્વભાગ-પડખાંનો ભાગ સુંદર થયો હતો, તેથી તેમનું નામ સુપાર્શ્વ પડ્યું હતું.

चंदप्पहं–પ્રભુ માતાના ગર્ભમાં આવ્યા પછી માતાને ચંદ્રપાનનો દોહદ થયો હતો અને તેઓ ચંદ્ર જેવા વર્ણ-વાળા હતા, એટલે તેમનું નામ ચંદ્રપ્રભ પડ્યું હતું.

सुविहिं–ભગવંત માતાના ગર્ભમાં આવ્યા પછી તેમની માતા સર્વ વિધિ-વિધાનમાં વધારે કુશલ બન્યા, તેથી તેમનું નામ સુવિધિ પાડવામાં આવ્યું હતું. તેમનું બીજું નામ પુષ્પદંત હતું, તે તેમની દંતપંક્તિ મચકુંદ પુષ્પ જેવી શ્વેત હશે, તેથી પડ્યું હશે એમ લાગે છે.

सीअलं–પ્રભુના પિતાને ઉત્પન્ન થયેલો પિત્તદાહ અનેક પ્રકારનાં ઔષધોથી શાંત થયો ન હતો, તે પ્રભુ ગર્ભમાં આવ્યા પછી શાંત થઈ ગયો હતો. આ તેમના શીતલતા ગુણને લીધે તેમનું નામ શીતલ પાડવામાં આવ્યું હતું.

सिज्जंसं–ભગવંતના કુલમાં પરંપરાગત એક એવી શય્યા હતી કે જે દેવતાધિષ્ઠિત હતી. તેની રોજ પૂજા થતી હતી. જો કોઈ તેના પર ચડે તો દેવતા તેને ઉપસર્ગ કરતો હતો. ભગવંત માતાના ગર્ભમાં આવ્યા પછી તેમને આ શય્યા પર સૂવાનો દોહદ ઉત્પન્ન થયો અને તેઓ શય્યા પર ચડ્યા. ધારણા તો એવી હતી કે દેવતા જરૂર ઉપસર્ગ કરશે, પરંતુ ગર્ભના પ્રભાવથી એ દેવતા ત્યાંથી ચીસ પાડીને નાઠો. ફરી તે ત્યાં આવ્યો જ નહિ. આ રીતે ગર્ભના

પ્રભાવથી શ્રેય થયું, એટલે તેમનું નામ શ્રેયાંસ પાડવામાં આવ્યું હતું.

वासुपुज्जं—પ્રભુ ગર્ભમાં આવ્યા પછી વાસવ એટલે ઈન્દ્રે તેમની માતાની અનેક વાર પૂજા કરી હતી અને તેમનું ગૃહ વસુ એટલે રત્નોથી પૂર્ણ કર્યું હતું, એટલે તેમનું નામ વાસુપૂજ્ય પડવામાં આવ્યું હતું.

विमलं—પ્રભુ ગર્ભમાં આવ્યા પછી માતાનું શરીર અત્યંત નિર્મલ-વિમલ થયું, તેમજ બુદ્ધિ પણ નિર્મલ-વિમલ થઈ, તેથી તેમનું નામ વિમલ પાડવામાં આવ્યું હતું.

अणंतं—ભગવંત ગર્ભમાં આવ્યા પછી થોડા જ સમયે તેમની માતાએ સ્વપ્નમાં રત્નમય અનંત-અત્યંત લાંબી માલા જોઈ, તેથી તેમનું નામ અનંત પાડવામાં આવ્યું હતું.

धम्मं—ભગવંત ગર્ભમાં આવ્યા પછી તેમની માતા દાન-દયાદિ ધર્મ વિશેષ પ્રમાણમાં કરવા લાગ્યા, તેથી તેમનું નામ ધર્મ પડ્યું હતું.

संतिं—પ્રભુ માતાના ગર્ભમાં આવ્યા પછી તે દેશમાં લાંબા વખતથી ચાલતો મરકીનો ઉપદ્રવ એકાએક શાંત થઈ ગયો, તેથી તેમનું નામ શાંતિ પાડવામાં આવ્યું હતું.

શ્રી શાંતિનાથ ભગવાન દશમા ભવે મેઘરથ નામના રાજા હતા, તે વખતે જે એક ઘટના બની, તે સાહિત્યમાં અમર થયેલી છે. તેઓ પોષધમાં બેસી ધર્મધ્યાન કરતા હતા, એવામાં ભયથી થરથર ધ્રૂજતું એક કબૂતર ત્યાં આવી તેમના ખોળામાં બેસી ગયું. તેમણે તેને અભયવચન

આપ્યું. એવામાં તેનો પિછો કરતું એક બાજપક્ષી ત્યાં આવી પહોંચ્યું અને કહેવા લાગ્યું કે 'હે રાજન્! મારું ભક્ષ્ય મને આપી દો.' રાજાએ કહ્યું: 'જીવની હિંસા કરવાથી તારે નરકમાં જવું પડશે, એ તું જાણે છે?' બાજે કહ્યું: 'જો તમે કબૂતરને બચાવો છો, તો મને પણ ક્ષુધામાંથી બચાવો. હું માંસ સિવાય બીજું કંઇ ખાતો નથી.' રાજાએ કહ્યું: 'કબૂતરને તો હું અભયવચન આપી ચૂક્યો છું, એટલે તેને તો તને નહિ જ આપું, પણ તારી ક્ષુધા શાંત થાય, તે માટે હું તને કબૂતરના જેટલું જ દેહનું માંસ આપીશ.'

પછી ત્રાજવું મંગાવી એક પલ્લામાં પેલા કબૂતરને મૂક્યું અને બીજા પલ્લામાં પોતાના દેહનું માંસ કાપીને મૂક્યું; પણ તે કબૂતરના પલ્લા બરાબર થયું નહિ, એટલે તેમણે દેહનું વધારે માંસ કાપીને પલ્લામાં મૂક્યું, છતાં કબૂતરવાળું પલ્લું નીચું જ રહ્યું. મેઘરથ રાજા એકવચની હતા અને દયાળુ પણ એવા જ હતા. તેમણે પોતાના દેહની દરકાર ન કરતાં તેમાંથી વિશેષ માંસ કાપીને પલ્લામાં મૂક્યું, પરંતુ આશ્ચર્યની વાત કે કબૂતરવાળું પલ્લું ઊંચું આવ્યું જ નહિ. છેવટે તેઓ પોતે ત્રાજવામાં બેઠા કે હાહાકાર મચ્યો. સર્વ સ્નેહીજનો કહેવા લાગ્યા કે 'પ્રભો! તમે આ શું કરો છો! એક પક્ષીને માટે તમે તમારા અમૂલ્ય દેહનું બલિદાન શા માટે આપો છો? અમને તો આ કબૂતર માયાવી લાગે છે, નહિ તો તેનું વજન આટલું હોય નહિ.'

એવામાં કબૂતરમાં રહેલો દેવ પ્રત્યક્ષ થયો અને કહેવા લાગ્યો: 'હે રાજન્! ઇશાનેન્દ્રની સભામાં તમારી પ્રશંસા થતી હતી, તે મારાથી સહન થઇ નહિ, એટલે તમારી પરીક્ષા કરવા કબૂતરનું રૂપ ધારણ કર્યું હતું. આ બાજ પણ મારું જ માયાવી સ્વરૂપ છે. આપની પ્રશંસા સાંભળી હતી, તેના કરતાં પણ આપનામાં અધિક સત્ત્વ છે. મારો અપરાધ માફ કરો. એમ કહી મેઘરથ રાજાનું શરીર પૂર્વવત્ બનાવી દીધું અને તે પોતાના સ્થાને ચાલ્યો ગયો.

શ્રી શાંતિનાથ ભગવાન પૂર્વભવમાં પણ કેટલા સત્ત્વશાલી હતા, તે આ પરથી સમજી શકાશે. તેઓ તીર્થંકરના ભવમાં જ ચક્રવર્તી પણ થયા હતા. આજે શાન્તિમંત્ર–તંત્રમાં તેમનું નામસ્મરણ અદ્‌ભુત કામ કરે છે.

કુંથું–કુ એટલે પૃથ્વી, તેમાં રહેલ તે કુન્થુ. પ્રભુ ગર્ભમાં આવ્યા પછી તેમની માતાએ મનોહર ઉચ્ચ પ્રદેશમાં રહેલા રત્નમય સ્તૂપને જોયો હતો, તેથી તેમનું નામ કુંથુ પડ્યું હતું. તેઓ પણ તીર્થંકરના ભવમાં જ ચક્રવર્તી થયા હતા.

અરં–ભગવાન ગર્ભમાં આવ્યા પછી માતાએ રત્નમય, અતિ મનોહર અને ઘણો મોટો એવો ચક્રનો અર–આરો જોયો હતો, તેથી તેમનું નામ અર પડ્યું. તેઓ પણ તીર્થંકરના ભવમાં જ ચક્રવર્તી બન્યા હતા.

મલ્લિ–પ્રભુ ગર્ભમાં આવ્યા પછી માતાને સર્વ ઋતુના શ્રેષ્ઠ સુગંધી પુષ્પમાલાની શય્યામાં સૂવાનો દોહદ થયો હતો, તેથી તેનું નામ મલ્લિ–મલ્લિકુમારી પાડવામાં આવ્યું હતું. તેમને

સ્ત્રી રૂપે કેમ જન્મવું પડ્યું ? તેની કથા જાણવા જેવી છે.

જંબુદ્વીપના અમરવિદેહમાં સલિલાવતી વિજયમાં વીતશોકા નામની નગરી હતી. તેમાં બલ નામે રાજા હતો. તેને ધારિણી નામની રાણીથી મહાબલ નામે પુત્ર થયો. આ મહાબલને અચલ, ધરણ, પૂરણ, વસુ, વૈશ્રવણ અને અભિચંદ્ર નામના છ રાજાઓ મિત્ર હતા. હવે મહાબલને પૂર્વના પુણ્યોદયે દીક્ષા લેવાની ઇચ્છા થઇ. તેણે આ વાત પોતાના છયે મિત્રોને કરી, એટલે પરસ્પરના સ્નેહથી તેઓ પણ દીક્ષા લેવા તૈયાર થયા. આ રીતે સાતે ય જણે દીક્ષા લીધા પછી એવો નિર્ણય કર્યો કે આપણે બધાયે સરખી તપશ્ચર્યા કરવી, પણ મહાબલમુનિ પોતાને સહુથી અધિક ફલ મળે એવી ઇચ્છાથી કોઇ પણ બહાનું કાઢી પારણાને દિવસે પણ આહાર ન લેતાં અધિક તપશ્ચર્યા કરવા લાગ્યા. તેમણે વીશ સ્થાનકના આરાધનથી તીર્થંકરનામકર્મ બાંધ્યું, પણ માયામિશ્ર તપને કારણે સ્ત્રીવેદ બંધાયો, જે તેમને તીર્થંકરના ભવમાં ઉદયમાં આવ્યો. કર્મ કોઇને છોડતા નથી, એ હકીકત જૈન શાસ્ત્રોમાં અનેક સ્થળે અનેક રૂપે કહેવામાં આવી છે.

હવે શ્રી મલ્લિનાથ અંગે બીજું પણ થોડું જાણી લો. મલ્લિકુમારીના પૂર્વભવના મિત્ર અચલનો જીવ સાકેતપુર નગરમાં પ્રતિબુદ્ધ નામે રાજા થયો. ધરણનો જીવ ચંપાપુરીમાં ચંદ્રછાય નામે રાજા થયો. પૂરણનો જીવ શ્રાવસ્તી નગરીમાં રુકમી નામે રાજા થયો. વસુનો જીવ વારાણસી

નગરીમાં શંખ નામે રાજા થયો અને અભિચંદ્રનો જીવ કંપિલપુર નગરીમાં જિતશત્રુ નામે રાજા થયો. હવે તે છયે રાજાએ પૂર્વભવના સ્નેહને લીધે મલ્લિકુમારીના રૂપથી મોહિત થઈને તેમના પિતા કુંભરાજા આગળ પોતપોતાના દૂતો મોકલ્યા. પરંતુ મિથિલાપતિ કુંભે તેમને તિરસ્કારીને કાઢી મૂક્યા. આથી તે છ યે રાજાઓ પોતાનાં લશ્કર લઈ મિથિલા પર ચડી આવ્યા.

આ બાજુ મલ્લિકુમારીએ પોતાના પૂર્વભવના છ મિત્રરાજાઓને અશોકવાડીમાં બોધ થવાનો છે, એવું જાણીને, એ વાડીની અંદર મહેલના એક ઓરડામાં પોતાની સુવર્ણમય સુશોભિત મૂર્તિ બનાવીને સ્થાપન કરી હતી. પરંતુ તે મૂર્તિ અંદરથી પોલી રાખી હતી અને તેના માથે કમલનું ઢાંકણ કર્યું હતું. તે ઢાંકણ વાટે તેઓ આહારનો એકેક કોળિયો તેમાં નાખવા લાગ્યા હતા.

હવે છ રાજાઓને એક સામટા ચઢી આવેલા જોઈને કુંભરાજા ચિંતાતુર બન્યા. તે વખતે મલ્લિકુમારીએ કહ્યું : 'પિતાજી ! તમે ચિંતા કરશો નહિ. એ રાજાઓને કહેવડાવો કે તેઓ અશોકવાડીમાં મારા મહેલે આવે.' કુંભ રાજાએ તે પ્રમાણે ગોઠવણ કરતાં છયે રાજાઓ ત્યાં હાજર થયા, પણ તે દરેકને એવી રીતે બેસાડયા કે તેઓ એક-બીજાને જોઈ શકે નહિ. તે પછી મલ્લિકુમારીએ ઓરડામાં દાખલ થઈ પોતાની સુવર્ણમય પ્રતિમાનું ઢાંકણું ખોલી નાખ્યું કે તેમાંથી કોહેલા આહારની દુર્ગંધ આખા ઓર-

ઠામાં ફેલાઈ ગઈ. રાજાઓએ એ દુર્ગંધથી બચવા વસ્ત્રના છેડા વડે પોતાની નાસિકા ઢાંકી દીધી.

તે જ વખતે મલ્લિકુમારીએ સહુ સાંભળે એ રીતે કહ્યું : 'હે રાજાઓ ! આ મૂર્તિ તો સુવર્ણની છે, પણ પ્રતિદિન આહારનો એક કોળિયો ખાવાથી તેના શરીરમાંથી આ પ્રકારની દુર્ગંધ આવે છે, જેનાથી બચવા માટે તમારે વસ્ત્રનો ઉપયોગ કરવો પડયો છે. પરંતુ આ શરીર તો રોજ અનેક કોળિયાનો આહાર કરે છે અને તે રુધિર, માંસ, વિષ્ટા વગેરેથી ભરેલું છે, તેની દુર્ગંધ તમે શી રીતે સહન કરી શકશો ? વિવેકી પુરુષો તો આ શરીર પર મોહ કરતા નથી. વળી આજથી ત્રીજા ભવે તમે મારી સાથે દીક્ષા લઈને તપ કર્યો હતો, તે કેમ યાદ કરતા નથી ?

આ શબ્દો સાંભળતાં જ છ યે રાજાઓને જાતિ-સ્મરણ જ્ઞાન થયું અને પોતાનો પૂર્વભવ યાદ આવ્યો. તેમણે કહ્યું : 'હે પ્રભો ! તમે અમને દુર્ગતિમાં પડતા બચાવ્યા છે. હવે અમારે શું કરવું ? તે જણાવો.' મલ્લિકુમારીએ કહ્યું : 'સમય આવે ત્યારે સંયમમાર્ગે સંચરજો.' પછી તે છ યે રાજાઓ ત્યાંથી વિદાય થયા. ત્યાર બાદ શ્રીમલ્લિ-કુમારીએ લોકાંતિક દેવોનાં વચનોનું નિમિત્ત પામીને વરસીદાન દેવાપૂર્વક સંસારનો ત્યાગ કર્યો.

મુણિસુવ્વયં–પ્રભુ ગર્ભમાં આવ્યા પછી માતાને મુનિ જેવાં સુવ્રતો પાળવાનું મન થયું હતું અને તેમણે કેટલાંક સુવ્રતો પાળ્યાં પણ હતાં, તેથી તેમનું નામ મુનિસુવ્રત

પડ્યું. રામાયણની ઘટના તેમના સમયમાં જ બનેલી છે, જે જૈન રામાયણનું અધ્યયન કરતાં જાણી શકાય છે. કન્નડ ભાષામાં એક કરતાં વધારે જૈન રામાયણો રચાયેલાં છે અને તે કન્નડ ભાષાની દૃષ્ટિએ ઘણાં મહત્ત્વનાં છે.

**नमिजिणं**–ભગવાન ગર્ભમાં હતા ત્યારે પાડોશી શત્રુ-રાજાઓએ નગરીને ઘેરો ઘાલ્યો હતો, પરંતુ તેમની માતા વપ્રાદેવી મહેલ પર ચઢ્યા અને શત્રુઓની છાવણી પર નજર નાખી કે તેઓ વિજય રાજાને નમી પડ્યા, એટલે તેમનું નામ નમિ પાડ્યું. જે શત્રુઓને નમાવે તે નમિ.

**अरिट्ठनेमिं**–પ્રભુની માતા શિવાદેવીએ ચૌદ મહા-સ્વપ્ન પછી અરિષ્ટરત્નની ચક્રધારા જોઈ હતી, તેમથી તેનું નામ અરિષ્ટનેમિ પડ્યું, પરંતુ તેમની વિશેષ પ્રસિદ્ધિ તો નેમિનાથ તરીકે જ થઈ છે. શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીર સ્વામી, એ ત્રણ તીર્થંકરોનાં ચરિત્ર સુપ્રસિદ્ધ છે, તેથી તે અંગે અહીં વિશેષ નોંધ કરતા નથી.

**पासं**–ભગવાન ગર્ભમાં આવ્યા પછી માતાએ અંધારામાં પણ સામેથી આવતો સાપ જોયો હતો અને શય્યાની બહાર રહેલો પોતાના પતિનો હાથ ખેંચી લીધો હતો. રાજાએ કારણ પૂછતાં સાપની વાત કહી. પછી દીવો લાવીને જોયું તો સાપ નજરે પડ્યો. આ રીતે ગર્ભના પ્રભાવથી માતા અંધકારમાં પણ જોઈ શક્યા, એટલે તેમનું નામ પાર્શ્વ પાડ્યું. જે સર્વ જોઈ શકે તે પાર્શ્વ.

બધા તીર્થંકરોમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું નામ-કર્મ ઘણું જોરદાર હતું, તેથી તેમનો પ્રભાવ ખૂબ જ વિસ્તર્યો હતો. આજે ભારતવર્ષમાં સહુથી અધિક મંદિરો તેમનાં છે અને સહુથી અધિક સ્મરણ-જપ પણ તેમના જ થાય છે. યોગેશ્વર અને મંત્રેશ્વર તરીકે તેમની ખ્યાતિ ઘણી છે.

तह-તથા.

वद्धमाणं-ભગવાન ગર્ભમાં આવ્યા પછી સમસ્ત જ્ઞાત-કુલમાં ધન-ધાન્યાદિ વધવા લાગ્યા હતા, એટલે તેમનું નામ વર્દ્ધમાન પડ્યું. પરંતુ તેમણે બાલ્યાવસ્થામાં, તેમજ સાધનાકાલ દરમિયાન જે અસાધારણ વીરતા બતાવી હતી, તેથી મહાવીર નામે વિખ્યાત થયેલા છે. આજે તો સર્વત્ર મહાવીર નામની જ ઓલખાલા છે. તેઓ વર્તમાન જિન-શાસનના અધિપતિ છે, તેથી જ તેમને શાસનનાયક, શાસ-નપતિ આદિ વિશેષણો લગાડવામાં આવે છે.

## અર્થસંકલના

**શ્રી ઋષભદેવ, શ્રી અજિતનાથ, શ્રી સંભવ-નાથ, શ્રી અભિનંદન સ્વામી, શ્રી સુમતિનાથ, શ્રી પદ્મપ્રભ સ્વામી, શ્રી સુપાર્શ્વનાથ તથા શ્રી ચંદ્ર-પ્રભ સ્વામીને હું મન-વચન-કાયાથી વંદન કરું છું. ૨.**

**શ્રી સુવિધિનાથ અથવા શ્રી પુષ્પદંત, શ્રી શીતલનાથ, શ્રી શ્રેયાંસનાથ, શ્રી વાસુપૂજ્ય સ્વામી,**

શ્રી વિમલનાથ, શ્રી અનંતનાથ, શ્રી ધર્મનાથ અને શ્રી શાંતિનાથને પણ હું મન-વચન-કાયાથી વંદન કરું છું. ૩.

શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ, શ્રી મલ્લિનાથ, શ્રી મુનિસુવ્રતસ્વામી, શ્રી નમિનાથ, શ્રી નેમિનાથ શ્રી પાર્શ્વનાથ તથા શ્રી મહાવીર સ્વામીને પણ હું મન-વચન-કાયાથી વંદન કરું છું. ૪.

## ચોવીશ જિનોની કલ્યાણક-તિથિઓનો કોઠો

| નંબર | નામ | ચ્યવન | જન્મ | દીક્ષા | કેવલજ્ઞાન | નિર્વાણ |
|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી ઋષભદેવ | જ્યેષ્ઠ વદિ ૪ | ફાગણુ વદિ ૮ | ફાગણુ વદિ ૮ | માઘ વદિ ૧૧ | પોષ વદિ ૧૩ |
| ૨ | શ્રી અજિતનાથ | વૈશાખ સુદિ ૧૩ | માઘ સુદિ ૮ | માઘ સુદિ ૯ | પોષ સુદિ ૧૧ | ચૈત્ર સુદિ ૫ |
| ૩ | શ્રી સંભવનાથ | ફાગણુ સુદિ ૮ | માગશર સુદિ ૧૪ | માગશર સુદિ ૧૫ | આસો વદિ ૫ | ચૈત્ર સુદિ ૫ |
| ૪ | શ્રી અભિનંદન સ્વામી | વૈશાખ સુદિ ૪ | માઘ સુદિ ૨ | માઘ સુદિ ૧૨ | પોષ સુદિ ૧૪ | વૈશાખ સુદિ ૮ |
| ૫ | શ્રી સુમતિનાથ | શ્રાવણુ સુદિ ૨ | વૈશાખ સુદિ ૮ | વૈશાખ સુદિ ૯ | ચૈત્ર સુદિ ૧૧ | ચૈત્ર સુદિ ૯ |
| ૬ | શ્રી પદ્મપ્રભ સ્વામી | પોષ વદિ ૬ | આસો વદિ ૧૨ | આસો વદિ ૧૩ | ચૈત્ર સુદિ ૧૫ | કાર્તિક વ. ૧૧ |
| ૭ | શ્રી સુપાર્શ્વનાથ | શ્રાવણુ વદિ ૮ | જ્યેષ્ઠ સુદિ ૧૨ | જ્યેષ્ઠ સુદિ ૧૩ | માઘ વદિ ૬ | માઘ વદિ ૭ |
| ૮ | શ્રી ચંદ્રપ્રભસ્વામી | ફાગણુ વદિ ૫ | માગશર વદિ ૧૨ | માગશર વ. ૧૩ | માઘ વદિ ૭ | શ્રાવણુ વદિ ૭ |
| ૯ | શ્રી સુવિધિનાથ | માઘ વદિ ૯ | કાર્તિક વદિ ૫ | કાર્તિક વદિ ૬ | કાર્તિક સુદિ ૩ | ભાદરવા સુદિ ૯ |
| ૧૦ | શ્રી શીતલનાથ | ચૈત્ર વદિ ૬ | પોષ વદિ ૧૨ | પોષ વદિ ૧૨ | માગશર વ. ૧૪ | ચૈત્ર વદિ ૨ |
| ૧૧ | શ્રી શ્રેયાંસનાથ | વૈશાખ વદિ ૬ | માઘ વદિ ૧૨ | માઘ વદિ ૧૩ | પોષ વદિ ०)) | અષાડ વદિ ૩ |
| ૧૨ | શ્રી વાસુપૂજ્ય સ્વામી | જ્યેષ્ઠ સુદિ ૯ | માઘ વદિ ૧૪ | માઘ વદિ ०)) | માઘ સુદિ ૨ | અષાડ સુદિ ૧૪ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૩ | શ્રી વિમલનાથ | વૈશાખ સુ. ૧૨ | માઘ સુદિ ૩ | માઘ સુદિ ૪ | પોષ સુદિ ૬ | જયેષ્ઠ વદિ ૭ |
| ૧૪ | શ્રી અનંતનાથ | અષાડ વદિ ૭ | ચૈત્ર વદિ ૧૩ | ચૈત્ર વદિ ૧૪ | ચૈત્ર વદિ ૧૪ | ચૈત્ર સુદિ ૫ |
| ૧૫ | શ્રી ધર્મનાથ | વૈશાખ સુદિ ૭ | માઘ સુદિ ૩ | માઘ સુદિ ૧૩ | પોષ સુદિ ૧૫ | જયેષ્ઠ સુદિ ૫ |
| ૧૬ | શ્રી શાંતિનાથ | શ્રાવણ વદિ ૭ | વૈશાખ વ. ૧૩ | વૈશાખ વ. ૧૪ | પોષ સુદિ ૯ | વૈશાખ વદિ ૧૩ |
| ૧૭ | શ્રી કુંથુનાથ | અષાડ વદિ ૯ | ચૈત્ર વદિ ૧૪ | ચૈત્ર વદિ ૫ | ચૈત્ર સુદિ ૩ | ચૈત્ર વદિ ૧ |
| ૧૮ | શ્રી અરનાથ | ફાગણ સુદિ ૨ | માગશર સુ. ૧૦ | માગશર સુ. ૧૧ | કાર્તિક સુદિ ૧૨ | માગશર સુ. ૧૦ |
| ૧૯ | શ્રી મલ્લિનાથ | ફાગણ સુદિ ૪ | માગશર સુ. ૧૧ | માગશર સુ. ૧૧ | માગશર સુદિ ૧૧ | ફાગણ સુદિ ૧૨ |
| ૨૦ | શ્રી મુનિસુવ્રત સ્વામી | શ્રાવણ સુ. ૧૫ | વૈશાખ વદિ ૮ | ફાગણ સુદિ ૧૨ | માઘ વદિ ૧૨ | વૈશાખ વદિ ૯ |
| ૨૧ | શ્રી નમિનાથ | આસો સુ. ૧૫ | અષાડ વદિ ૮ | જયેષ્ઠ વદિ ૯ | માગસર સુદિ ૧૧ | ચૈત્ર વદિ ૧૦ |
| ૨૨ | શ્રી નેમિનાથ | આસો વદિ ૧૨ | શ્રાવણ સુદિ ૫ | શ્રાવણ સુદિ ૬ | ભાદરવા વદિ ૦)) | અષાડ સુદિ ૮ |
| ૨૩ | શ્રી પાર્શ્વનાથ | ફાગણ વદિ ૪ | માગશર વદિ ૧૦ | માગશર વ. ૧૧ | ફાગણ વદિ ૪ | શ્રાવણ સુદિ ૮ |
| ૨૪ | શ્રી મહાવીર સ્વામી | અષાડ સુદિ ૬ | ચૈત્ર સુદિ ૧૩ | કાર્તિક વદિ ૧૦ | વૈશાખ સુદિ ૧૦ | આસો વદિ ૦)) |

## ચોવીશ જિનોની કલ્યાણક-ભૂમિઓનો કોઠો

| ક્રમાંક | પ્રાચીન તીર્થો નગરીઓનાં નામ | કેટલામા તીર્થંકર | જિનેશ્વર ભગવંતોનાં નામ | [illegible] | [illegible] | [illegible] | [illegible] | નિર્વાણ | કુલ | નગરીમાં કુલ કેટલાં કલ્યાણક |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | વિનીતા અથવા અયોધ્યા | ૧ | ઋષભદેવ | ૧ | ૧ | ૧ | — | — | ૩ | ૧૯ |
| | | ૨ | અજિતનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | | ૪ | અભિનંદન | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | | ૫ | સુમતિનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | | ૧૪ | અનંતનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| ૨ | પ્રયાગ અથવા અલ્હાબાદ | ૧ | ઋષભદેવ | — | — | — | ૧ | — | ૧ | ૧ |
| ૩ | અષ્ટાપદ પર્વત | ૧ | ઋષભદેવ | — | — | — | — | ૧ | ૧ | ૧ |
| ૪ | શ્રાવસ્તી નગરી | ૩ | સંભવનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૫ | કૌશાંબી | ૬ | પદ્મપ્રભ સ્વામી | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૬ | બનારસ અથવા વારાણસીમાં | | | | | | | | | |
| | अ ભદૈનીમાં | ૭ | સુપાર્શ્વનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૧૬ |
| | आ ભેલુપુરમાં | ૨૩ | પાર્શ્વનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | इ ચંદ્રપુરીમાં | ૮ | ચંદ્રપ્રભસ્વામી | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | ई સિંહપુરીમાં | ૧૧ | શ્રેયાંસનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| ૭ | કાકંદી | ૯ | સુવિધિનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૮ | ભદ્દીલપુર | ૧૦ | શીતલનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ચંપાપુરી | ૧૨ | વાસુપૂજ્ય સ્વામી | ૧ | ૧ | ૧ | ૧ | ૧ | ૫ | ૫ |
| ૧૦ | કંપિલપુર | ૧૩ | વિમલનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૧૧ | રત્નપુરી | ૧૫ | ધર્મનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૧૨ | હસ્તિનાપુર | ૧૬ | શાંતિનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | | ૧૭ | કુંથુનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૧૨ |
| | | ૧૮ | અરનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| ૧૩ | મિથિલા | ૧૯ | મલ્લિનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | |
| | | ૨૧ | નમિનાથ | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૮ |
| ૧૪ | રાજગૃહી | ૨૦ | મુનિસુવ્રત સ્વામી | ૧ | ૧ | ૧ | ૧ | — | ૪ | ૪ |
| ૧૫ | શૌરીપુર | ૨૨ | નેમિનાથ | ૧ | ૧ | — | — | — | ૨ | ૨ |
| ૧૬ | ક્ષત્રિયકુંડ | ૨૪ | મહાવીર સ્વામી | ૧ | ૧ | ૧ | — | — | ૩ | ૩ |
| ૧૭ | ઋજુવાલિકા નદીના કિનારે | ૨૪ | મહાવીર સ્વામી | — | — | — | ૧ | — | ૧ | ૧ |
| ૧૮ | પાવાપુરી | ૨૪ | મહાવીર સ્વામી | — | — | — | — | ૧ | ૧ | ૧ |
| ૧૯ | ગિરનાર | ૨૨ | નેમિનાથ | — | — | ૧ | ૧ | ૧ | ૩ | ૩ |
| ૨૦ | સમેતશિખર | — | શ્રી ઋષભદેવ, શ્રી વાસુપૂજ્ય સ્વામી, શ્રી નેમિનાથ તથા શ્રી મહાવીર સ્વામી સિવાયના ૨૦ જિનો | — | — | — | — | ૨૦ | ૨૦ | ૨૦ |
| | | | | | | | | | | ૧૨૦ |

## ચોવીશ જિનોના માતા-પિતાદિનો કોઠો

| જિનનું નામ | પિતાનું નામ | માતાનું નામ | જન્મસ્થાન | લાંછન | શરીર-પ્રમાણ | | વર્ણ | આયુષ્ય | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ શ્રી ઋષભદેવ | નાભિ | મરુદેવા | અયોધ્યા | વૃષભ | ૫૦૦ | ધનુષ્ય | સુવર્ણ | ૮૪ | લાખ | પૂર્વ |
| ૨ શ્રી અજિતનાથ | જિતશત્રુ | વિજયા | ,, | હસ્તી | ૪૫૦ | ,, | ,, | ૭૨ | ,, | ,, |
| ૩ શ્રી સંભવનાથ | જિતારિ | સેના | શ્રાવસ્તી | અશ્વ | ૪૦૦ | ,, | ,, | ૬૦ | ,, | ,, |
| ૪ શ્રી અભિનંદન સ્વામી | સંવર | સિદ્ધાર્થા | અયોધ્યા | વાનર | ૩૫૦ | ,, | ,, | ૫૦ | ,, | ,, |
| ૫ શ્રી સુમતિનાથ | મેઘરથ | સુમંગલા | ,, | ક્રૌંચ | ૩૦૦ | ,, | ,, | ૪૦ | ,, | ,, |
| ૬ શ્રી પદ્મપ્રભ સ્વામી | શ્રીધર | સુસીમા | કૌશાંબી | પદ્મ | ૨૫૦ | ,, | રક્ત | ૩૦ | ,, | ,, |
| ૭ શ્રી સુપાર્શ્વનાથ | સુપ્રતિષ્ઠ | પૃથ્વી | કાશી | સ્વસ્તિક | ૨૦૦ | ,, | સુવર્ણ | ૨૦ | ,, | ,, |
| ૮ શ્રી ચંદ્રપ્રભ સ્વામી | મહાસેન | લક્ષ્મણા | ચંદ્રપુરી | ચંદ્ર | ૧૫૦ | ,, | શ્વેત | ૧૦ | ,, | ,, |
| ૯ શ્રી સુવિધિનાથ | સુગ્રીવ | રામા | કાકંદી | મગર | ૧૦૦ | ,, | ,, | ૨ | ,, | ,, |
| ૧૦ શ્રી શીતલનાથ | દૃઢરથ | નંદા | ભદ્દિલપુર | શ્રીવત્સ | ૯૦ | ,, | સુવર્ણ | ૧ | ,, | ,, |
| ૧૧ શ્રી શ્રેયાંસનાથ | વિષ્ણુરાજ | વિષ્ણુ | સિંહપુર | ગેંડો | ૮૦ | ,, | ,, | ૮૪ | ,, | વ |
| ૧૨ શ્રી વાસુપૂજ્ય સ્વામી | વસુપૂજ્ય | જયા | ચંપા | પાડો | ૭૦ | ,, | રક્ત | ૭૨ | ,, | ,, |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૩ શ્રી વિમલનાથ | કૃતવર્મા | શ્યામા | કાંપિલ્યપુર | વરાહ | ૬૦ ધનુષ | સુવર્ણ | ૬૦ લાખ વર્ષ |
| ૧૪ શ્રી અનંતનાથ | સિંહસેન | સુયશા | અયોધ્યા | સિંચાણો | ૫૦ ,, | ,, | ૩૦ ,, ,, |
| ૧૫ શ્રી ધર્મનાથ | ભાનુ | સુવ્રતા | રત્નપુર | વજ્ર | ૪૫ ,, | ,, | ૧૦ ,, ,, |
| ૧૬ શ્રી શાંતિનાથ | વિશ્વસેન | અચિરા | હસ્તિનપુર | મૃગ | ૪૦ ,, | ,, | ૧ ,, ,, |
| ૧૭ શ્રી કુંથુનાથ | સૂર | શ્રી | ,, | બકરો | ૩૫ ,, | ,, | ૯૫ હજાર વર્ષ |
| ૧૮ શ્રી અરનાથ | સુદર્શન | દેવી | ,, | નંદ્યાવર્ત | ૩૦ ,, | ,, | ૮૪ ,, ,, |
| ૧૯ શ્રી મલ્લિનાથ | કુંભ | પ્રભાવતી | મિથિલા | કુંભ | ૨૫ ,, | નીલ | ૫૫ ,, ,, |
| ૨૦ શ્રી મુનિસુવ્રત | સુમિત્ર | પદ્મા | રાજગૃહ | કાચબો | ૨૦ ,, | શ્યામ | ૩૦ ,, ,, |
| ૨૧ શ્રી નમિનાથ | વિજય | વપ્રા | મિથિલા | નીલકમલ | ૧૫ ,, | સુવર્ણ | ૧૦ ,, ,, |
| ૨૨ શ્રી નેમિનાથ | સમુદ્રવિજય | શિવાદેવી | શૌરિપુર | શંખ | ૧૦ ,, | શ્યામ | ૧ ,, ,, |
| ૨૩ શ્રી પાર્શ્વનાથ | અશ્વસેન | વામા | કાશી | સર્પ | ૯ હાથ | નીલ | ૧૦૦ વર્ષ |
| ૨૪ શ્રી મહાવીર સ્વામી | સિદ્ધાર્થ | ત્રિશલા | ક્ષત્રિયકુંડ | સિંહ | ૭ ,, | સુવર્ણ | ૭૨ ,, |

[ ૧૧ ]

## પાંચમી ગાથાનો અર્થપ્રકાશ

ભાવવંદનનો અધિકાર પૂરો થયો. હવે પ્રણિધાનનો અધિકાર શરુ થાય છે. પ્રણિધાન એટલે ચિત્તની એકાગ્રતા, પ્રણિધાન એટલે ભક્તિવિશેષ અને પ્રણિધાન એટલે પ્રાર્થના. આ ત્રણેય અર્થો સંબંધી અહીં વિચારણા કરી લઈએ.

જો આપણું ચિત્ત એકાગ્ર ન હોય, સ્થિર ન હોય, તો કોઈ પણ નાની–મોટી ધાર્મિક, આધ્યાત્મિક કે યૌગિક ક્રિયા આપણે યથાર્થપણે કરી શકીએ નહિ. અરે ! વ્યાવહારિક કાર્યોની સફલતા માટે પણ તેની ખાસ જરૂર પડે છે. જે મનુષ્યનું ચિત્ત એકાગ્ર નથી, સ્થિર નથી, વિહ્વલતાથી યુક્ત છે, તે કોઈ પણ કાર્ય સારી રીતે સંપન્ન કરી શકતો નથી. તેથી જ ચિત્તની એકાગ્રતા (Concentration of mind) ને સફલતાની સાચી ચાવી માનવામાં આવી છે. અમે **સ્મરણકલામાં, જપ–ધ્યાન–રહસ્યમાં, તથા સામાયિકવિજ્ઞાન**માં તે અંગે ખાસ પ્રકરણો લખેલાં

છે, તે પાઠકમિત્રોએ વાંચવા–વિચારવા જેવાં છે. તાત્પર્ય કે ચિત્તની એકાગ્રતારૂપ પ્રણિધાન ધાર્મિક ક્રિયાઓમાં અથથી ઇતિ સુધી આવશ્યક છે. લોગસ્સસૂત્રના પાઠમાં પણ એમ જ સમજવાનું છે, એટલે કે તે પ્રણિધાનપૂર્વક કરવાનો છે.

ભગવાનની ભક્તિ તો ઘણા કરે છે, પણ તે સામાન્ય કોટિની હોવાથી ધાર્યું પરિણામ આવતું નથી. બીજ વાવીને બેસી રહીએ અને તેને ખાતર-પાણી કશું ન આપીએ તો એ બીજમાંથી વૃક્ષ પ્રકટે શી રીતે? તાત્પર્ય કે ભક્તિમાં વિશેષતા આવવી જોઈએ. એ વિશેષતા ચિત્તની એકાગ્રતા, ભગવાન પ્રત્યે અત્યંત પ્રીતિ અને તેમના પ્રત્યે સમર્પણભાવ કેળવવાથી આવે છે. આ સૂત્રના આલંબનથી આપણે એ દિશામાં આગળ વધીએ.

હવે પ્રણિધાન શબ્દના ત્રીજા અર્થ પર આવીએ, જે અહીં પ્રસ્તુત છે. ભગવાન સ્વામી છે અને આપણે સેવક છીએ, એવો ભાવ અંતરમાં કેળવ્યા વિના ભક્તિ યથાર્થ સ્વરૂપે થતી નથી. હવે સેવક તો સ્વામી પાસે જોઈતી વસ્તુની પ્રાર્થના જરૂર કરે છે, તેથી જ ભગવાનની ભક્તિમાં પ્રાર્થનાનો સમાવેશ કરવામાં આવ્યો છે. સૂત્રની પાંચમી, છઠ્ઠી તથા સાતમી ગાથામાં તીર્થંકર ભગવંતોને પ્રાર્થના થયેલી છે, તેથી તેને પ્રણિધાન–ગાથા–ત્રિક કહેવામાં આવે છે.

પ્રણિધાન અંગે આટલી સ્પષ્ટતા કર્યા પછી હવે આપણે પ્રણિધાનસૂચક ત્રણ ગાથાઓ તરફ વળીશું અને તેમાંની પહેલી ગાથા અર્થપ્રકાશ માટે હાથ ધરીશું. તેની શબ્દ-રચના આ પ્રમાણે થયેલી છે :

**एवं मए अभिथुआ, विहुय-रय-मला पहीण-जर-मरणा ।**
**चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥ ५ ॥**

આ ગાથામાં ૧૧ પદો આવેલાં છે, તે બધાનો પ્રથમ સામાન્ય અર્થ આપીશું. તેમાં બે પદો સામાસિક છે, તેનો વિગ્રહ વિશેષાર્થ-પ્રસંગે કરીશું.

## સામાન્ય અર્થ

एवं-[एवम्] આ રીતે, આ પ્રકારે.

मए-[मया] મારા વડે.

अभिथुआ-[अभिष्टुताः] અભિસ્તવાયેલા.

विहुय-रय-मला-[विधूतरजोमलाः] રજ અને મેલને વિશેષ પ્રકારે ખંખેરી નાખનારા.

पहीण-जर-मरणा-(प्रक्षीण-जरा-मरणाः) જરા અને મરણનો અત્યંત નાશ કરી ચૂકેલા.

चउवीसं-[चतुर्विंशतिम्] ચોવીશ.

पि-[अपि] પણ.

जिणवरा-[जिनवराः] જિનવરો.

तित्थयरा-[तीर्थकराः] તીર્થંકરો.

मे-[मे] મારા ઉપર.

पसीयंतु-[प्रसीदन्तु] પ્રસન્ન થાઓ, પ્રસાદવાળા થાઓ.

## વિશેષાર્થ

एवं-આ એક પ્રકારનું અવ્યય છે, જે કોઈ પણ કથન, ક્રિયા કે વિધિના ઉપસંહારની આદિમાં આવે છે. અહીં પૂર્વક્રિયાના ઉપસંહારનો પ્રસંગ છે, તેથી તેની

આદિમાં આવેલ છે. તે સંસ્કૃત ભાષામાં તત્સમ રહે છે, એટલે કે તેનો વ્યવહાર एवम् તરીકે જ થાય છે અને ગુજરાતી ભાષામાં તેનો ભાવ '**આ રીતે**' કે '**આ પ્રમાણે**' એ શબ્દોથી આવે છે.

અહીં પૂર્વક્રિયાથી ચોવીશ તીર્થંકરોને કરાયેલ વંદન-સ્તવન સમજવાનું છે, જે બીજી, ત્રીજી અને ચોથી ગાથાના પાઠથી સંપન્ન થાય છે. તેના ઉપસંહારમાં અહીં '**मए अभिथुआ**' એ બે પદો આવેલાં છે. તેમાં मए નો અર્થ 'मया- '**મારાવડે**' અને अभिथुआनो અર્થ अभिष्टुताः-**અભિસ્તવાયા**' એવો થાય છે. અહીં अभिथुआ-अभिष्टुताः પદ પહેલી વિભક્તિના બહુવચનમાં મૂકવાનું કારણ એ છે કે તે પ્રસ્તુત ગાથાના ઉત્તરાર્ધમાં આવેલ **तित्थयरा** પદનું વિશેષણ છે.

જેમને વંદન-સ્તવન અભિમુખતાએ કરાયું હોય, તેમને અભિસ્તવાયા કહેવાય. અહીં અભિમુખતાનો અર્થ સન્મુખતા છે કે જે તીર્થંકરોને આપણી સન્મુખ કલ્પવાથી આવે છે. તાત્પર્ય કે ચોવીશ તીર્થંકરોનું જે વંદન-સ્તવન કરવાનું છે, તે તેમને આપણી સન્મુખ કલ્પીને કરવાનું છે. જ્યાં સુધી આ પ્રકારની સન્મુખતા આવે નહિ, ત્યાં સુધી આપણું મન તેમના પ્રત્યે એકાગ્ર થાય નહિ, એટલે કે પ્રણિધાનતા પામે નહિ અને જિનભક્તિનો રંગ જામે નહિ.

એક પાઠકમિત્ર પ્રશ્ન કરે છે કે 'અમે તીર્થંકરોને અમારી સન્મુખ બેઠેલા કલ્પવાનો પ્રયત્ન કરીએ છીએ, પણ

તેમાં અમને સફલતા મળતી નથી, તેનું કારણ શું ?' તેનો ઉત્તર એ છે કે ' જેમનાં મન અતિ પ્રતિભાશાળી છે, તેમને આ પ્રકારનું કલ્પનાચિત્ર તરત ઉઠે છે, જેમનાં મન ઠીક ઠીક પ્રતિભાશાળી છે, તેમને આવું ચિત્ર કેટલાક પ્રયત્નો પછી ઉઠે છે અને જેમનાં મન અલ્પ પ્રતિભાવાળા છે, તેમને આવું કલ્પનાચિત્ર ઘણા પ્રયત્નો પછી ઉઠે છે. પરંતુ તેઓ તીર્થંકરોની મૂર્તિનાં કે તેમનાં સુંદર ચિત્રોનાં વારંવાર દર્શન કરતા રહે, તો તેમને આ બાબતમાં ઘણી સહાય મળે છે. ટૂંકમાં આ વિષય મનની આંખ–( Mind's eye ) થી જોવાનો છે, એટલે સુયોગ્ય માર્ગદર્શનથી તેમાં સફળતા મળે છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે પ્રયત્ન કરવા છતાં તીર્થંકર ભગવંતનું કલ્પનાચિત્ર આપણા મનમાં ઉઠે નહિ તો તેઓ આપણી સામે રહેલા છે, એમ માનીને કામ ચલાવવું, એ પણ એક પ્રકારની અભિમુખતા જ છે.

અહીં કદાચ એવો પ્રશ્ન થશે કે ' સૂત્રની બીજી, ત્રીજી અને ચોથી ગાથામાં તો વંદનની જ વાત આવે છે, જ્યારે અહીં अभिथुआ પદ વડે ' અભિસ્તવાયેલા ' એમ કહેવાયું છે, તેનું કારણ શું ?' તેનો ઉત્તર એ છે કે ' સૂત્રની બીજી, ત્રીજી અને ચોથી ગાથામાં વંદનની જે વાત છે, તે માત્ર કાયિક વંદનની વાત નથી, પણ કાયિક–વાચિક–માનસિક એ ત્રિવિધ વંદનની વાત છે અને વાચિક વંદન તથા માનસિક વંદનમાં સ્તવન પણ આવી જાય છે, તેથી અહીં अभिथुआ પદ વડે અભિસ્તવાયેલા એમ જે કહેવાયું છે, તે યથાર્થ છે.

આજે તીર્થંકરદેવ જિનભગવંત વિદ્યમાન નથી, તેમના વિરહમાં તેમનું પ્રતિનિધિત્વ જિનમૂર્તિ કરે છે અને જ્યાં જિનમૂર્તિનો યોગ ન હોય, ત્યાં તેનું પ્રતિનિધિત્વ અભિમુખતા કરે છે, તેથી અભિમુખતાનું મૂલ્ય જરાયે ઓછું આંકવાનું નથી. અમને આશ્ચર્ય અને દુઃખ તો એ વાતનું થાય છે કે અભિમુખતા આટલી બધી ઉપયોગી હોવા છતાં તેનો જોઈએ તેવો પ્રચાર નથી કે તેના પર જોઈએ તેવો ભાર મૂકાતો નથી.

તાત્પર્ય કે 'एवं मए अभिथुआ' નો વિશેષાર્થ **'આ રીતે મારા વડે અભિમુખભાવે વંદાયેલા-સ્તવાયેલા'** એમ સમજવાનો છે.

विहुय–रय–मला–આ પદ પહેલી વિભક્તિના બહુવચનમાં મૂકાયેલું છે, કારણ કે તે तित्थयरा પદનું વિશેષણ છે. તેનું સંસ્કૃત રૂપ विधूत–रजोमलाः છે. આ સામાસિક પદ હોવાથી પ્રથમ તેનો વિગ્રહ કરવો જોઈએ. ટીકાઓમાં તેનો વિગ્રહ બે રીતે થયેલો છે: (૧) रजश्च मलश्च रजोमलौ, विधूतौ–रजोमलौ यैस्ते विधूत–रजोमलाः । રજ અને મલ તે રજોમલ. આવા રજ અને મલ જેના વડે વિશેષ પ્રકારે નાશ પામેલા છે, તે વિધુત–રજોમલ. (૨) विधूते प्रकम्पिते अनेकार्थत्वाद्पनीते वा रजोमले यैस्ते विधूत–रजोमलाः । વિધૂતનો મૂળ અર્થ છે પ્રકમ્પિત–ખંખેરાયેલ, પરંતુ અનેકાર્થપણાને લીધે તેનો અર્થ દૂર કરાયેલ એવો પણ થાય છે. અર્થાત્ જેમના વડે રજ અને મલ દૂર કરાયેલા છે, તે

વિધૂત-રજોમલ. મલ શબ્દ પુલ્લિંગ અને નપુંસકલિંગ બંને તરીકે વપરાતો હોવાથી એક વાર रज़ोमलौ અને બીજી વાર रज़ोमले એવો સમાસ થયેલો છે.

અહીં રજ અને મલ એ બંને શબ્દો કર્મનો પ્રકાર સૂચવવા માટે યોજાયેલા છે. રજ આપણને અડકીને-સ્પર્શ કરીને જ ખરી જાય છે, તેમ જે કર્મ આત્માને માત્ર સ્પર્શ કરીને જ ખરી જાય, તેને રજરૂપ માનવાં. કર્મબંધનો 'સ્પૃષ્ટ' પ્રકાર આ કોટિમાં આવે છે. જ્યારે આત્મા કષાયરહિત થાય છે, અથવા તો તેમાંથી કષાયનું પ્રમાણ ઘણું જ ઘટી જાય છે, ત્યારે આત્માને આ પ્રકારનો કર્મ-બંધ પડે છે.

મલ આપણને ચોંટે છે અને મલિન બનાવે છે, તેમ જે કર્મો આત્માને ચોંટે છે અને તેને મલિન બનાવે છે, તેને મલરૂપ માનવાં. કર્મબંધના 'બદ્ધ', 'નિધત્ત' અને 'નિકાચિત' એ ત્રણે ય પ્રકારો આ કોટિમાં આવે છે. આત્માની સકષાય સ્થિતિમાં આ પ્રકારના બંધો પડે છે અને તે આત્માને ખૂબ મલિન બનાવે છે. તાત્પર્ય કે તીર્થં-કરો નિકાચિતથી માંડીને બદ્ધ સુધીનાં બધાં જ કર્મોને ખેરવી નાખે છે, દૂર કરે છે અને એ રીતે '**સર્વ કર્મોનો નાશ કરનારા**' બને છે.

કદાચ અહીં પ્રશ્ન થશે કે 'તીર્થંકરો આ કર્મોને કેવી રીતે ખેરવી નાખે છે?' તેનો ઉત્તર એ છે કે, 'તેઓ પ્રથમ સંવરને ધારણ કરી નવાં કર્મો આવતાં અટકાવે છે

અને પછી નિર્જરાનો આશ્રય લઈ સત્તામાં રહેલાં તમામ કર્મોને ખેરવી નાખે છે. તે માટે તેઓ જે પુરુષાર્થ કરે છે, તે અજોડ, અપૂર્વ કે અદ્‌ભૂત હોય છે. ખરી વાત તો એ છે કે તેઓ છેલ્લા કેટલાક ભવોથી કર્મકટક સાથે આકરું યુદ્ધ ખેલતા હોય છે, જેનો છેવટનો ફેંસલો તેમને આ તીર્થંકરના ભવમાં કરી નાખવાનો હોય છે, એટલે તેઓ પુરુષાર્થની પરાકાષ્ઠાએ પહોંચે છે અને એ રીતે મોક્ષ-પ્રાપ્તિ માટે પુરુષાર્થવાદની પ્રતિષ્ઠા કરે છે.

ભગવાન મહાવીરે પુરુષાર્થવાદની પ્રતિષ્ઠા માટે પાંચ સિદ્ધાંતો સ્થાપિત કર્યા હતા, તે આ પ્રમાણે: (૧) ઉત્થાન, (૨) કર્મ, (૩) બલ, (૪) વીર્ય અને (૫) પરાક્રમ. **ઉત્થાન** એટલે આળસ મરડીને ઊભા થવું, જડતા ખંખેરીને જાગૃત થવું. **કર્મ** એટલે નિશ્ચયપૂર્વક કામે લાગવું, ઉદ્યમ કરવા મચી પડવું. **બલ** એટલે સ્વીકૃત કાર્યમાં કાયા, વાણી તથા મનના બળને રેડવું. **વીર્ય** એટલે સ્વીકૃત કાર્યને પાર પાડવામાં આનંદ માનવો, ઉત્સાહ રાખવો. અને **પરાક્રમ** એટલે વિઘ્નો, મુશ્કેલીઓ કે મુશીબતોનો વીરતાથી સામનો કરવો.

પુરુષાર્થ વિના ધર્મ નથી. જે જેટલા પ્રમાણમાં પુરુષાર્થ કરે છે, તેને તેટલા પ્રમાણમાં ધર્મની પ્રાપ્તિ થાય છે. 'ધર્મ થવો હશે તો થશે' એમ બોલીને તેના પ્રત્યે ઉપેક્ષા દર્શાવનારા કદી પણ ધર્મની પ્રાપ્તિ કરી શકતા નથી. લક્ષ્મી કે સંપત્તિ કદાચ એકાએક—અણધાર્યા

મળી જાય, પણ ધર્મની બાબતમાં એવું કદી બનતું નથી. તે માટે તો વ્યવસ્થિત પુરુષાર્થ કરવો જ પડે છે. જ્યારે ધાર્મિક વિકાસ સારા પ્રમાણમાં થાય, ત્યારે મોક્ષ ભણી પ્રયાણ શરુ થાય છે અને તે પરાકાષ્ઠાએ પહોંચે ત્યારે મોક્ષ સમીપ આવે છે, એટલે તે પણ પરમ પુરુષાર્થનું જ પરિણામ છે.

અહીં વિહુય-રય-મલા વિશેષણ વડે તીર્થંકરોનો ગુણાનુવાદ કે તીર્થંકરોનું સ્તવન કરવાનો મુખ્ય આશય એ છે કે આપણે તેમના પુરુષાર્થ-ગુણનું પ્રણિધાન કરી શકીએ અને એ રીતે આપણા જીવનમાં પુરુષાર્થની પ્રતિષ્ઠા કરી આપણો ધાર્મિક-આધ્યાત્મિક વિકાસ સારી રીતે સાધી શકીએ.

पहीण-जर-मरणा આ પદ પહેલી વિભક્તિના બહુવચનમાં આવેલું છે, કારણ કે તે तित्थयरा પદનું વિશેષણ છે. તેનું સંસ્કૃતરૂપ 'प्रक्षीण-जरा-मरणाः' છે. આ સામાસિક પદ હોવાથી પ્રથમ તેનો વિગ્રહ કરવો જોઈએ. તે આ રીતે કરાય છે: 'जरा च मरणं च जरामरणे, प्रक्षीणे जरामरणे येषां ते प्रक्षीण-जरा-मरणा :-જરા અને મરણ, તે જરામરણ, તે વિશેષ પ્રકારે ક્ષીણ થયેલાં છે જેમના, તે પ્રક્ષીણ-જરા-મરણ. તાત્પર્ય કે 'पहीण-जरा-मरणा' એટલે અજરામર અવસ્થાને પ્રાપ્ત થયેલા.

તીર્થંકરોને પ્રક્ષીણ-જરા-મરણ કહેવાનો મુખ્ય આશય તેમના અપુનર્ભવ ગુણનો ગુણાનુવાદ કે તેમના અપુનર્ભવ ગુણનું સ્તવન કરવાનો છે. તેઓ સકલ કર્મનો ક્ષય કરીને

પરમપદ પામેલા છે, એટલે હવે તેમને કોઈ નવો ભવ—નવો અવતાર લેવાનો નથી. જ્યાં નવો ભવ કે નવો અવતાર લેવાનો ન હોય, ત્યાં જન્મ, જરા કે મૃત્યુ ક્યાંથી હોય? આ બધી વસ્તુઓ ભવ એટલે દેહધારણને લીધે જ સંભવે છે, એટલે તેનો અભાવ થતાં જન્મ, જરા અને મૃત્યુનો પણ અભાવ થાય છે.

કેટલાક લોકો એમ માને છે કે ધર્મરૂપી તીર્થની અવનતિ—અવદશા થતાં તેનો ઉદ્ધાર કરવા માટે સિદ્ધ થયેલા આત્માઓ ફરીને અવતાર ધારણ કરે છે, પરંતુ આ માન્યતા વ્યાજબી નથી. જેઓ અવતાર ધારણ કરે છે, તેઓ પરમપદ સુધી પહોંચેલા હોતા નથી અને જેઓ પરમપદ સુધી પહોંચેલા છે, તેઓ અવતાર ધારણ કરતા નથી. જેમ બીજ બળી ગયા પછી તેમાંથી અંકૂર ફૂટતો નથી, તેમ કર્મો દગ્ધ થયા પછી—નાશ પામ્યા પછી તેમાંથી અવતાર ધારણ-રૂપ અંકુર ફૂટતો નથી.

જ્યાં જન્મ, જરા કે મરણ ન હોય, ત્યાં કોઈ પણ પ્રકારનું દુઃખ સંભવે નહિ, કારણ કે સર્વ દુઃખોની ઉત્પત્તિ તેમાંથી જ થાય છે. માતાના ગર્ભમાં નવ માસ કે તેથી અધિક સમય સુધી ઊંધા મસ્તકે લટકી રહેવું, અશુચિમય પુદ્ગલમાંથી આહાર ગ્રહણ કરવો વગેરે જન્મનાં દુઃખો છે. બાલ્યાવસ્થા, કુમાર અવસ્થા કે યુવાવસ્થા કોઈ દુઃખથી રહિત નથી. તેમાં એક યા બીજા પ્રકારનું દુઃખ અવશ્ય હોય છે. એક મનુષ્યની અઢળક ધન-સંપત્તિ, રૂપાળી યુવાન પત્ની,

તેનો પુત્રપરિવાર, તેના નોકર–ચાકરો અને ધીકતો ધંધો જોઈને આપણે એમ માની લઈએ છીએ કે આ મનુષ્ય સર્વ રીતે સુખી છે, પણ ઊંડા ઉતરીને જોઈએ તો આપણી એ માન્યતાનો ભાંગીને ભૂકો થઈ જાય છે, અર્થાત્ તે પણ અનેક પ્રકારે દુઃખી હોવાનું જણાઈ આવે છે. ચક્રવર્તીઓ, વાસુદેવો, શાસનસમ્રાટો અને આજની ભાષામાં કહીએ તો રાષ્ટ્રના પ્રમુખો, રાષ્ટ્રપતિઓ કે વડા પ્રધાનો કોઈ તેમાં અપવાદરૂપ નથી. જે અબજોપતિ છે અને સેંકડો કારખાનાંઓની માલિકી ધરાવે છે, તે પણ એક યા બીજા પ્રકારનાં દુઃખોનો ભોગ બનેલા છે.

શરીરની દુર્બલતા, ઇન્દ્રિયોની વિકલતા, નવા નવા રોગોનું આક્રમણ તથા અનેક બાબતમાં પરવશપણું એ જરા–અવસ્થાનાં દુઃખો છે. મરણનું દુઃખ તો પ્રસિદ્ધ જ છે. ગમે તેવા દુઃખી કે બેહાલ મનુષ્યને પણ મરવું ગમતું નથી.

તીર્થંકરો જન્મ–જરા–મૃત્યુની આ દુઃખમય જટિલ જંજાલમાંથી સદાને માટે છૂટી ગયા છે, એ તેમની મહાન સિદ્ધિ છે કે જેને બિરદાવવા માટે અહીં **पहीण–जर–मरणा** એવા વિશેષણનો પ્રયોગ થયેલો છે.

જો આપણે તીર્થંકરના આ ગુણ પર યથાર્થ પ્રણિધાન કરીએ તો આપણને ચોરાશીના ચક્કર પર નફરત આવ્યા વિના રહે નહિ.

અહીં એક પાઠકમિત્ર પ્રશ્ન કરે છે કે ‘ ચોરાશીના ચક્કરથી શું સમજવું ? ’ તેનો ઉત્તર એ છે કે ‘આ

જીવ કર્મવશાત્ ચારગતિ અને ચોરાશી લાખ જીવ-યોનિમાં જન્મ-મરણના ફેરા ફર્યા જ કરે છે, તેને ચોરાશીનું ચક્કર સમજવું. જ્યાં સુધી આ ચોરશીનું ચકકર ચાલુ છે, ત્યાં સુધી જીવને દુઃખ-શોક-સંતાપ-કષ્ટ-પીડાનો અનુભવ થયા જ કરવાનો. તાત્પર્ય કે જો આપણે દુઃખ-શોક-સંતાપ કષ્ટ-પીડામાંથી છૂટવું હોય તો આપણને સહુ પ્રથમ આ ચોરાશીના ચક્કર પર નફરત છૂટવી જોઈએ. શાસ્ત્રીય ભાષામાં તેને 'ભવનિર્વેદ' કહેવામાં આવે છે. ભવનિર્વેદ એટલે વારંવાર ભવ લેવાનો કંટાળો. 'હવે મારે ફરીને જન્મવું-મરવું નથી,' એવો વિચાર જ્યારે મનુષ્યના મનમાં દઢ થાય છે, ત્યારે તેને સ્વાભાવિક રીતે જ જિનભગવંતે આચરેલા અને કહેલા માર્ગે ચાલવાનું મન થાય છે અને એ માર્ગ ઉત્તરોત્તર આગળ વધતાં સકલકર્મરહિત બની અજરામર અવસ્થાની પ્રાપ્તિ કરી શકાય છે.

પાઠક મિત્રો! पहीण-जर-मरणा પદનું યથાર્થ પ્રણિધાન આખરે કેવું શુભ-સુંદર-પ્રશસ્ત પરિણામ લાવી શકે છે, તે આ પરથી તમે જરૂર સમજી શકશો. જે આત્મા વિધુત-રજોમલ થાય, તેજ પ્રક્ષીણ-જરા-મરણ થઈ શકે, એટલે પ્રથમ विहुय-रय-मला વિશેષણ અને પછી पहीण-जर-मरणा વિશેષણ મૂકાયેલું છે.

चउवीसं पि-આ બે પદોનો અર્થ '**ચોવીશે પણ**' એમ કરવો ઘટે છે. તે અંગે વિસ્તૃત વિવેચન ઉપર આવી ગયેલું છે.

जिणवरा–આ પદ પહેલી વિભક્તિના બહુવચનમાં આવેલું છે, કારણ કે તે तित्थयरा પદનું વિશેષણ છે. તેનું સંસ્કૃત રૂપ जिनवरा: છે અને તેનો અર્થ 'જિનવરો' છે. જિનવર એટલે જિનમાં શ્રેષ્ઠ. અહીં જિનોથી અભિન્નદશપૂર્વી, ચતુર્દશપૂર્વધર, અવધિજ્ઞાની, મનઃપર્યવજ્ઞાનની, તથા કેવલજ્ઞાની સમજવા કે જેમને માટે શાસ્ત્રોમાં જિન શબ્દનો પ્રયોગ થયેલો છે. આ બધા કરતાં અર્હદ્જિન શ્રેષ્ઠ હોય છે, તેથી તેમને જિનવર કહેવામાં આવે છે. અમે પ્રસ્તુત ગ્રંથના અગિયારમા પ્રકરણમાં જિન અને જિનવર વિષે કેટલીક વિચારણા કરેલી છે, તે પાઠકમિત્રોના લક્ષ્યમાં હશે જ.

અહીં તીર્થંકરોનો જિનવર વિશેષણ દ્વારા ગુણાનુવાદ કરવાનો મુખ્ય હેતુ એ છે કે તેમને રૂઢિવાશાત્ ભલે જિન કહેવામાં આવતા હોય, પણ વાસ્તવમાં તેઓ બધા જિનોમાં શ્રેષ્ઠ હોઈ **જિનવરની ઉત્તમ ખ્યાતિ પામેલા** હોય છે અને એ રીતે આપણા માટે પરમ ઉપાસ્ય બને છે.

तित्थयरा–આ પદ વિશેષ્ય છે. તે પહેલી વિભક્તિના બહુવચનમાં આવેલું છે. તેનું સંસ્કૃત રૂપ 'तीर्थंकरा:' છે અને તેનો અર્થ '**તીર્થંકરો**' છે. પ્રસ્તુત ગ્રંથના દશમા પ્રકરણમાં ધર્મતીર્થંકર શબ્દની અર્થવિવેચના–પ્રસંગે તેનો અર્થ વિસ્તારથી કરેલો છે. તીર્થંકર એ ધર્મતીર્થંકર શબ્દનું જ ટૂંકું રૂપ છે, પણ તે ધર્મતીર્થંકર શબ્દ કરતાં વધારે પ્રચલિત છે.

मे—આ પદનું સંસ્કૃતરૂપ પણ ' मे ' જ છે અને તેનો અર્થ ' **મારા ઉપર** ' એવો થાય છે.

पसीयंतु—આ ક્રિયાપદનું સંસ્કૃતરૂપ प्रसीदन्तु છે અને તેનો અર્થ ' **પ્રસન્ન થાઓ, પ્રસાદવાળા થાઓ** ' એમ સમજવાનો છે. આ શબ્દોમાં આપણી હાર્દિક પ્રાર્થનાનો ભાવ વ્યક્ત થાય છે. વધારે સ્પષ્ટ કહીએ તો તીર્થંકર ભગવંતોનો પ્રસાદ આપણને પ્રાપ્ત થાય, એ આપણા અંતરની ઇચ્છા છે, એ આપણે આ રીતે પ્રકટ કરી રહ્યા છીએ.

એક પાઠકમિત્ર પ્રશ્ન કરે છે કે ' જેઓ કોઈ પર પ્રસન્ન કે નારાજ થતા નથી, એવા વીતરાગ પ્રભુને આવી પ્રાર્થના કરી શકાય ખરી ?' તેનો ઉત્તર એ છે કે ' વીતરાગ પ્રભુ ભલે કોઇ પર પ્રસન્ન કે નારાજ ન થતા હોય, પણ તેઓ અનંત શક્તિમાન પરમાત્મા છે, એટલે તેમની આગળ આપણું અંતર ખોલીએ અને તેમનો પ્રસાદ માગીએ, એમાં અનુચિત કશું નથી. જો આ રીતે વીતરાગ પ્રભુને પ્રાર્થના કરવાનું અનુચિત હોત તો લોગસ્સ જેવા એક મહાસૂત્રમાં તેના રચયિતા પરમ પ્રજ્ઞાનિધાન ગણધર ભગવંતોએ पसीयंतु જેવો શબ્દ પ્રયોગ જ ન કર્યો હોત. વળી તે પછીના અનેક આચાર્યવરોએ જિનભક્તિ–નિમિત્તે જે સ્તોત્ર–સ્તવન–સાહિત્યની રચના કરી છે, તેમાં પણ આવા પ્રાર્થનાદર્શક શબ્દો ઘણા યોજેલા છે અને આપણો અનુભવ એમ કહે છે કે જ્યાં સુધી આપણે ભગવાનને અંતરથી પ્રાર્થના ન કરીએ, ત્યાં સુધી આપણને ભક્તિ

કર્યાનો સંતોષ થતો નથી. આ વસ્તુ કદાચ પરંપરાગત સંસ્કારોને આભારી હશે, પણ એ સંસ્કારો ઇચ્છાયોગ્ય છે, કારણ કે તેનું પરિણામ પ્રશસ્ત છે, સુંદર છે. તાત્પર્ય કે તીર્થંકર ભગવંતોને 'પ્રસન્ન થાઓ, પ્રસાદવાળા થાઓ' એવી પ્રાર્થના કરવામાં કશું અનુચિત નથી.

બીજા પાઠકમિત્ર પ્રશ્ન કરે છે કે 'જે પ્રાર્થનાનું કંઈ પણ ફલ મળવાનું ન હોય, એવી પ્રાર્થના કરવાનું કઇ રીતે ઉચિત ગણાય?' તેનો ઉત્તર એ છે કે 'તીર્થંકર ભગવંતોને કરેલી પ્રાર્થનાનું કંઈ ફલ મળતું નથી, એમ માનવું-મનાવવું ભૂલભરેલું છે. તેમને કરેલી પ્રાર્થનાથી ચિત્તની શુદ્ધિ થાય છે, તેનાથી કર્મનો ક્ષય થાય છે અને તેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ તેનું મોટામાં મોટું ફલ છે. તેમનો પ્રસાદ માગવાની પાછળ મુખ્ય હેતુ એ છે કે આપણે તેમની ભક્તિ વધારે સારી રીતે કરી શકીએ અને એ રીતે મોક્ષની સમીપ પહોંચી શકીએ. તાત્પર્ય કે તીર્થંકર ભગવંતને કરેલી પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી, એટલે સુજ્ઞજનોએ તેનો આશ્રય લેવો ઉચિત છે.'

ત્રીજા પાઠકમિત્ર પ્રશ્ન કરે છે કે 'જિન ભગવંતને પ્રાર્થના કરતાં આપણી મુશ્કેલીઓ અંગે કંઈ માર્ગદર્શન મળે ખરું?' એનો ઉત્તર અમે હકારમાં આપીએ છીએ, કારણ કે એનો અમને અનુભવ થયેલો છે.

અમે પોતે એક વખત ઘણી મુશ્કેલીમાં મૂકાઈ ગયા હતા. હાથ પરનો ધંધો ચાલ્યો ગયો હતો અને માથે દેવું રહી ગયું હતું. હવે આજીવિકા કેમ ચલાવવી? એ મુંઝવણ

ઊભી થઈ હતી. એ વખતે અમે જિનેશ્વર ભગવંતને પ્રાર્થના કરવા લાગ્યા : 'હે ભગવન્ ! રસ્તો બતાવો કે હવે મારે શું કરવું ?' આ રીતે થોડા દિવસ પસાર થયા કે અવાજ આવ્યો : 'વૈદકનો ધંધો શરૂ કર. તેમાં તારાં સાત વર્ષો પસાર થઈ જશે.' આ વખતે અમને વૈદકનું વિશેષ જ્ઞાન ન હતું કે અમે એ ધંધો શરૂ કરી શકીએ. પણ તરત જ એવી ઘટના બની કે અમે વૈદકના ધંધામાં દાખલ થયા, તેની વિશેષ જાણકારી મેળવી અને એ ધંધો કરવા લાગ્યા. તેમાં બરાબર સાત વર્ષ પસાર થઈ ગયા પછી પાછા સાહિત્ય-સર્જનના ક્ષેત્રમાં આવી ગયા. અહીં વિચારવાનું એ છે કે જિનેશ્વર ભગવંતની પ્રાર્થના કરતાં આવો જવાબ શી રીતે મળ્યો ? તેઓ પોતે તો આવો જવાબ આપે નહિ, એ દેખીતું છે, એટલે કોઈ દૈવી શક્તિએ આવો જવાબ આપ્યો એમ માનવું પડે. એ આપણા મનનો ભ્રમ હોય તો તે સાચો શી રીતે પડે ? એટલે એ અમારા મનનો ભ્રમ ન હતો, પણ દૈવી શક્તિએ આપેલો જવાબ હતો, એ નિશ્ચિત હતું. આનો અર્થ એ થયો કે તીર્થંકર ભગવંતોની પ્રાર્થના કરતાં કોઈ દૈવી શક્તિ જાગૃત થાય છે અને તે આપણને ઈષ્ટસિદ્ધિમાં સહાય કરે છે. શ્રી પાર્શ્વનાથની અનન્ય ભાવે ભક્તિ—પ્રાર્થના કરતાં શ્રી પદ્માવતીદેવી પ્રસન્ન થાય છે અને તે આપણા ઈષ્ટ મનોરથની સિદ્ધિ કરે છે, એવો અનુભવ અમને એક કરતાં વધારે વાર થયો છે. બીજા ઘણાઓને પણ આવો અનુભવ થયેલો છે, એટલે જિન ભગવંતને હાર્દિક પ્રાર્થના કરતાં મુશ્કેલીઓમાં માર્ગદર્શન મળે છે, એ નિઃશંક બીના છે.

અહીં અમે એટલી સ્પષ્ટતા કરવા ઇચ્છીએ છીએ કે પ્રાર્થના એક આધ્યાત્મિક રહસ્ય છે. તેની પ્રતીતિ તર્કથી નહિ, પણ અનુભવથી જ થાય છે, તેથી પાઠકમિત્રોએ તેનો અનુભવ મેળવવા તત્પર થવું.

અત્યાર સુધીનું વિવેચન લક્ષ્યમાં લેતાં પાંચમી ગાથાની અર્થસંકલના નીચે પ્રમાણે થાય છે :

## અર્થસંકલના

**આ રીતે મારા વડે અભિમુખ ભાવે વંદાયેલા-સ્તવાયેલા, સર્વ કર્મોનો નાશ કરનારા, અજરામર અવસ્થાને પ્રાપ્ત થયેલા તથા જિનવરની ઉત્તમ ખ્યાતિને પામેલા એવા ચોવીશે તીર્થંકરો મારા પર પ્રસન્ન થાઓ.**

[ ૧૭ ]

# છઠ્ઠી ગાથાનો અર્થપ્રકાશ

પ્રણિધાનને લગતી પ્રથમ ગાથામાં સર્વ કર્મોનો નાશ કરનારા, અજરામર અવસ્થાને પ્રાપ્ત થયેલા અને જિનવરોની ઉત્તમ ખ્યાતિને પામેલા એવા તીર્થંકર ભગવંતોનો પ્રસાદ પ્રાપ્ત થાય, એવી પ્રાર્થના કરવામાં આવી છે. હવે આ પ્રસાદમાં કઈ વસ્તુઓ જોઈએ ? તેનું સ્પષ્ટીકરણ પ્રણિધાનને લગતી આ બીજી ગાથામાં કરવામાં આવ્યું છે. તેનો મૂલ પાઠ નીચે પ્રમાણે યોજાયેલો છે :

**कित्तिय–वंदिय–महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा ।**
**आरुग्ग-बोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ॥ ६ ॥**

આ ગાથામાં ૧૦ પદો છે, જેમાંના બે સામાસિક છે. તેમનો સમાસ વિશેષાર્થ પ્રસંગે છોડીશું અને બે પદોની સંધિ થયેલી છે, તેનો વિગ્રહ હમણાં જ કરીશું. **समाहिवरं** પદના છેડે અનુસ્વાર આવેલું છે, તે અર્ધા म् રૂપ છે. તેમાં બીજા પદની આદિમાં આવેલું उ સંધિ પામતાં **समाहिवरमुत्तमं** એવો શબ્દપ્રયોગ થયેલો છે.

## સામાન્ય અર્થ

कित्तिय-वंदिय-महिया-[ कीर्तित-वन्दित-महिताः ]-સ્તવાયેલા, વંદાયેલા અને પૂજાયેલા.

जे ए-[ ये एते ]-જે આ.

लोगस्स-[ लोकस्य ]-લોકના.

उत्तमा-[ उत्तमाः ] ઉત્તમ પ્રકારના.

सिद्धा-[ सिद्धाः ]-સિદ્ધપુરુષો.

आरुग्ग-बोहिलाभं-[ आरोग्य-बोधिलाभम् ]-આરોગ્ય અને બોધિલાભ.

समाहिवरं-[ समाधिवरम् ] શ્રેષ્ઠ સમાધિને.

उत्तमं- [ उत्तमम् ]-મરણ સંબંધી.

दितु-[ ददतु ]-આપો.

## વિશેષાર્થ

कित्तिय-वंदिय-महिया-આ સામાસિક પદ પહેલી વિભક્તના બહુવચનમાં આવેલું છે, કારણ કે તે सिद्धा પદનું વિશેષણ છે. તેનું સંસ્કૃતરૂપ છેઃ 'कीर्तित-वन्दित-महिताः' તેનો સમાસ આ રીતે છૂટો પડે છેઃ 'ये कीर्तिताश्च वन्दिताश्च महिताश्च ते कीर्तित-वंदित-महिताः જેઓ कीर्तित છે અને वन्दित છે અને महित છે, તેઓ कीर्तित-वन्दित-महिता. તેમાં कीर्तितનો અર્થ છે વચન વડે સ્તવાયેલા, वन्दितનો અર્થ

છે કાયા વડે વંદાયેલા અને મહિતનો અર્થ છે મન વડે પૂજાયેલા. તાત્પર્ય કે આ ત્રણ પદો વડે અહીં જિનભક્તિના વાચિક, કાયિક અને માનસિક એવા ત્રણ પ્રકારો નિર્દેશાયેલા છે, જે વિસ્તારથી સમજવા યોગ્ય છે.

દરેક મનુષ્ય પાસે કાયા, વાણી (વચન) અને મન એ ત્રણ સાધનો અવશ્ય હોય છે. જો તે આ ત્રણ સાધનોનો ઉપયોગ જિનભક્તિમાં કરે, પ્રભુભક્તિમાં કરે, તો તેનું જીવન સાર્થક બને છે, પણ તેનો આવો ઉપયોગ કરનારા કેટલાં ? મોટા ભાગે તો કાયા, વાણી અને મન એ ત્રણે ય સાધનોનો દુરુપયોગ જ થાય છે, જેથી કર્મબંધન વધે છે અને તેનું ફલ ભોગવવા માટે ચોરાશીના ચક્કરમાં પીસાવું પડે છે.

શ્રી જિનેશ્વરદેવને અથવા તેમની મૂર્તિને અથવા અભિમુખભાવે આપણી સમક્ષ કલ્પેલા તેમના ચિત્રને બે હાથ જોડી મસ્તક નમાવવું કે બે ઢીંચણ, બે હાથ અને મસ્તક એ પાંચે ય અંગો ભેગાં કરી પંચાંગપ્રણિપાત કરવો, એ કાયિક ભક્તિ છે. વળી ભગવાનની ભક્તિ નિમિત્તે ચાલીને મંદિરે જવું, ત્યાં કેશર-ચંદન જાતે ઘસવાં અને ભગવાનની મૂર્તિને નવે ય અંગે તિલક કરવાં, પુષ્પો ચડાવવાં એ પણ કાયિક ભક્તિ જ છે. જેમાં મુખ્યત્વે કાયાનો ઉપયોગ થાય, તે કાયિક ભક્તિ સમજવી.

શ્રી જિનેશ્વરદેવની સારભૂત સુંદર શબ્દો વડે સ્તુતિ કરવી કે તેમનાં સ્તવન-સ્તોત્રો બોલવાં કે તેમનો પ્રવચનાદિ

દ્વારા ગુણાનુવાદ કરવો, એ વાચિક ભક્તિ છે. જેમાં મુખ્યત્વે વચનનો ઉપયોગ થાય, તેને વાચિક ભક્તિ સમજવી.

અને શ્રી જિનેશ્વરદેવના ગુણોની મનથી પ્રશંસા કરવી, તેમના પ્રત્યે પૂજ્યભાવ દર્શાવવો તથા તેમની આજ્ઞાઓમાં શ્રદ્ધાન્વિત થવું, એ માનસિક ભક્તિ છે. જેમાં મુખ્યત્વે મનની વૃત્તિઓનો ઉપયોગ થાય, તેને માનસિક ભક્તિ સમજવી.

આજે જિનભક્તિ કે જિનપૂજાના અંગપૂજા, અગ્રપૂજા અને ભાવપૂજા એવા ત્રણ પ્રકારો પ્રચલિત છે, તે અંગે પણ થોડો વિચાર કરી લઈએ. પ્રથમ તો જિનભગવંતના વિરહમાં તેમની મૂર્તિને સાક્ષાત્ જિન માનીને તેમની સેવા–પૂજા–ભક્તિ કરવાની છે. જો એ રીતે ભક્તિ થાય તો જ એ ફલદાયી નીવડે છે.

એક વાર એક સજ્જને અમને પ્રશ્ન કર્યો કે 'તમે કોને પૂજો છો?' 'અમે કહ્યું : ' અમે શ્રી જિનેશ્વરદેવને પૂજીએ છીએ.' તેમણે પૂછ્યું : 'શ્રી જિનેશ્વરદેવ ક્યાં છે?' 'અમે કહ્યું :' 'એ મૂર્તિમાં બિરાજે છે.' તેમણે કહ્યું : 'મને તો એમાં પથ્થર જ દેખાય છે.' અમે કહ્યું : 'જેના મનમાં પત્થર હોય, તેને પત્થર દેખાય અને જેના મનમાં શ્રી જિનેશ્વરદેવ હોય, તેને શ્રી જિનેશ્વરદેવ દેખાય. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ.' પરંતુ અમારા આ ઉત્તરથી તેમને સંતોષ ન થયો. તેમણે એક વિશેષ પ્રશ્ન કર્યો : 'એક પત્થરના ટુકડામાં શ્રી જિનેશ્વરદેવની કલ્પના કરવી, એ શું

ઉચિત છે ?, અમે કહ્યું : 'મિત્ર ! પ્રથમ તો તમે તમારા પ્રશ્નની ભાષા સુધારો. અમે પત્થરના ટુકડામાં નહિ, પણ યોગ્ય પત્થરમાંથી વિધિસર તૈયાર થયેલી અને પ્રતિષ્ઠા પામેલી જિનમૂર્તિમાં શ્રી જિનેશ્વરદેવની કલ્પના-ભાવના કરીએ છીએ, જેમાં અનુચિત કશું નથી. મહાત્મા ગાંધી કે જવાહરલાલ નહેરુનું બાવલું જોતાં તમને મહાત્મા ગાંધી અને જવાહરલાલ નહેરુનો વિચાર આવે છે કે પત્થરના ટુકડાનો ? છાતીએ હાથ મૂકીને સાચો જવાબ આપજો. જિનમૂર્તિનાં દર્શન-પૂજન આદિથી અમારા અંતરમાં શુભ ભાવોની વૃદ્ધિ થાય છે અને અશુભ ભાવો હઠી જાય છે, એ જ એની મોટી સફલતા છે.'

પેલા સજ્જને વિશેષ પ્રશ્ન કર્યો : ' તમે જિનમૂર્તિની ચંદન-કેશર-પુષ્પ વગેરેથી પૂજા કરો છો અને તેમની આગળ વિવિધ પ્રકારનાં સ્તવનો ગાઓ છો કે પ્રાર્થના કરો છો, તો એ મૂર્તિ પ્રસન્ન થઈને તમને કંઈ આપે છે ખરી ?' અમે કહ્યું : 'અમે જિનમૂર્તિદ્વારા જિનભગવંતની ચંદન-કેશર-પુષ્પાદિ વડે જે પૂજા કરીએ છીએ અને સ્તવનો દ્વારા તેમનો જે ગુણાનુવાદ કરીએ છીએ, તે તેમના પ્રત્યે અમારો પૂજ્યભાવ વ્યક્ત કરવા કરીએ છીએ, નહિ કે તેમને પ્રસન્ન કરીને તેમની પાસેથી કોઈ વસ્તુ મેળવવા માટે. આમ છતાં અસાધારણ સંયોગોમાં કોઈ પ્રશ્ન પરત્વે પ્રાર્થના કરવાની જરૂર પડે તો તેની આગળ પ્રાર્થના કરીએ છીએ અને તેના અધિષ્ઠાયક દેવો અમારી એ પ્રાર્થનાનો

યોગ્ય ઉત્તર આપે છે, એટલે શક્ય તેટલી સહાય કરે છે. આ વસ્તુ અમે અનેક વાર અનુભવી છે, એટલે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.'

અમારો વાર્તાલાપ અહીં પૂરો થયો અને તેમણે સંતોષ પામી વિદાય લીધી. આ સંવાદ પરથી પાઠકમિત્રો મૂર્તિ-પૂજાનું ખરું રહસ્ય સમજી શકશે.

ભગવાન પવિત્ર હતા, તેમની કાયા પવિત્ર હતી, તેમનાં અંગોપાંગ પવિત્ર હતાં અને તે સત્યધર્મનો પ્રચાર કરવામાં એક યા બીજા પ્રકારે ઉપયોગી નીવડ્યાં હતાં, આ ખ્યાલ આપણા મનમાં દૃઢ કરવા માટે અંગપૂજા જરૂરી છે. તેમાં નવાંગી પૂજાનો જે વિધિ છે, તે ઘણો રહસ્યમય છે.

ભગવાને આપણા પર અનંત ઉપકારની વૃષ્ટિ કરેલી છે, તે જોતાં આપણે તેમને સમર્પિત થઈને રહેવું જોઈએ, પણ મોહ, અજ્ઞાન, પ્રમાદ આદિ અનેક કારણોએ આપણે તેમ કરી શકતા નથી. આમ છતાં આ વસ્તુનું વિસ્મરણ ન થાય, તે માટે અગ્રપૂજા યોજાએલી છે, જેમાં આપણી શક્તિ અનુસાર બદામ, અક્ષત, ફલ, નૈવેદ્ય, રૌપ્યમુદ્રા, સુવર્ણમુદ્રા, રત્ન આદિ સમર્પણ કરવા જોઈએ. છેવટે તો આપણું સર્વસ્વ તેમને સમર્પિત કરી દેવાનું છે, એ ભૂલવાનું નથી.

અંગપૂજા અને અગ્રપૂજા કર્યા પછી ભગવાનની વાચિક તથા માનસિક ભક્તિ કરવા માટે ચૈત્યવંદનની ક્રિયા

યોજાયેલી છે, તે અર્થ અને વિધિના જ્ઞાનસહિત ખૂબ પ્રશસ્ત ભાવે કરવી જોઈએ. તેમાં જે સ્તુતિ–સ્તવન–સ્તોત્ર બોલીએ તેનો પાઠ શુદ્ધ હોવો જોઈએ. અને તે મધુર રાગે પદ્ધતિસર ગાવા જોઈએ. આજે જિનમંદિરોમાં જે સ્તુતિ–સ્તવનાદિ સાંભળવામાં આવે છે, તેમાં આ બંને નિયમોનો ભંગ થતો જોવાય છે, જે ઇચ્છનીય નથી. જો આપણી પાઠશાળાઓ તથા સાધુવર્ગ મન પર લે તો આ સ્થિતિમાં જરૂર સુધારો થઈ શકે અને તે પણ થોડા સમયમાં. પણ તેઓ મન પર લેશે ખરા ?

જિન ભગવંતની અંગપૂજા, અગ્રપૂજા તથા ભાવપૂજામાં કાયિક, વાચિક અને માનસિક એ ત્રણેય પ્રકારની જિનભક્તિ આવી જાય છે અને તે વધારે વિકસિત સ્વરૂપે, એટલે આપણે તેમાં શ્રદ્ધાન્વિત થઈએ અને જિનભક્તિનો રંગ જમાવી આપણા જીવનને સફલ કરીએ.

છઠ્ઠી ગાથાના પ્રથમ પદની આ અર્થવિવેચના પૂરી કરીએ તે પહેલાં બે ખુલાસા કરવા જરૂરી છે. કેટલાક માને છે કે **कित्तिय वंदिय महिया** આ પ્રમાણે આ ત્રણ પદો છૂટાં છે અને તેઓ ધાર્મિક પુસ્તકોમાં પણ એ જ રીતે છાપે છે, પરંતુ તેમની આ માન્યતા ભૂલભરેલી છે, કારણ કે આ પદો આ રીતે છૂટાં હોય તો **सिद्धा** પદનાં વિશેષણો તરીકે **कितिया वंदिया महिया** એવું રૂપ ધારણ કરે, જે ગાહાછંદનું બંધારણ જોતાં શક્ય નથી, એટલે તે એક સામાસિક પદ રૂપે જ વ્યવસ્થિત છે, એમ માનવું સુયોગ્ય છે.

કેટલાકે **कित्तिय-वंदिय मइया** એ પાઠ માનેલો છે અને તેના અર્થ 'મારા વડે સ્તવાયેલા તથા વંદાયેલા' એવો કર્યો છે. પરંતુ એ રીતે અહીં **कित्तिय-वंदिया मइया** એવો પાઠ હોવો જોઈએ. અહીં આર્ષત્વના કારણે **वंदिय** એવો પાઠ સ્વીકારીએ તો પણ **मइया** પાઠ અર્થની દૃષ્ટિએ સંગત નથી, કારણ કે એ રીતે જિનભક્તિના ત્રણ પ્રકારો પૈકી બે જ પ્રકારો ઉભા રહે છે અને માનસિક પ્રકાર ઉડી જાય છે કે જે અતિ મહાત્ત્વનો છે. તાત્પર્ય કે હાલ જેપાઠ પ્રચલિત છે, તે જ શુદ્ધ અને વ્યવસ્થિત છે.

**जे ए**—આ બે પદોનો સંસ્કૃત અનુવાદ '**ये एते**' કરવામાં આવ્યો છે. એટલે મૂલમાં **जे एए** એવો પાઠ હોવો જોઇએ, પણ તેમાંના એક **ए** નો લોપ થયેલો છે, એમ માનીને કરવામાં આવ્યો હોય એમ જણાય છે. તેમાં **ये**નો અર્થ **જેઓ** થાય છે અને **एते** નો અર્થ **એ** કે **આ** થાય છે, એટલે તેનો સમગ્ર ભાવ '**જેઓ આ**' એવાં બે પદો વડે આવી શકે છે.

**लोगस्स**–આ પદ છઠ્ઠી વિભક્તિના એકવચનમાં આવેલું છે. તેનું સંસ્કૃત રૂપ છે: '**लोकस्य**' અને તેનો અર્થ છે: '**લોકના.**' અહીં લોક શબ્દથી વિશ્વ, જગત્ કે દુનિયા સમજવાની છે. જૈન દૃષ્ટિએ લોક શબ્દનું વિવેચન પ્રસ્તુત સૂત્રની પ્રથમ ગાથામાં વિસ્તારથી થયેલું છે, એટલે અહીં તે અંગે વિશેષ વિવેચન કરતા નથી.

**उत्तमा**—આ પદ પહેલી વિભક્તિના બહુવચનમાં આવેલું છે, કારણકે તે **सिद्धा** પદનું વિશેષણ છે. તેનું સંસ્કૃત રૂપ

'उत्तमाः' છે, જેનો અર્થ '**ઉત્તમ** કે શ્રેષ્ઠ છે' પણ શાસ્ત્રોમાં તેની અર્થઘટના અન્ય રીતે પણ થયેલી છે. દાખલા તરીકે **આવશ્યકનિર્યુક્તિમાં** એમ કહ્યું છે કે:

**मिच्छत्तमोहणिज्जा, नाणावरणा चरित्तमोहाओ ।**
**तिविहतमा उम्मुक्का, तम्हा ते उत्तमा हुंति ॥**

'મિથ્યાત્વ મોહનીય, જ્ઞાનાવરણીય અને ચારિત્રમોહનીય એ ત્રણ પ્રકારના તમસ્‌થી–કર્મથી ઉન્મુક્ત થયેલા હોવાથી તે ઉત્તમ કહેવાય છે.'

**ચેઇયવંદણમહાભાસમાં** કહ્યું છે કે 'उच्छिन्न तमत्तो उत्तमत्ति—જેમનું તમસ્‌ નાશ પામ્યું છે, તે ઉત્તમ.'

**યોગશાસ્ત્રસ્વોપજ્ઞવિવરણમાં** તથા **ધર્મ-સંગ્રહમાં** તેનો અર્થ પ્રકૃષ્ટ કર્યો છે : 'उत्तमा प्रकृष्टाः' તાત્પર્ય કે અહીં उत्तमा પદ પ્રકૃષ્ટતા કે શ્રેષ્ઠતાનું વાચક છે અને તે આત્માની ઉજ્જવલતા ભણી ઈશારો કરે છે.

सिद्धा—આ પદ પહેલી વિભક્તિના બહુવચનમાં આવેલું છે અને વિશેષ્યનું સ્થાન ધરાવે છે. તેનું સંસ્કૃત રૂપ છે : 'सिद्धाः' સિદ્ધ શબ્દના અનેક અર્થો છે, તેમાંથી અહીં '**સિદ્ધિઓના સ્વામી**' એવો અર્થ ગ્રહણ કરવાનો છે. તાત્પર્ય કે તીર્થંકર ભગવંતો અનેક સિદ્ધિઓના સ્વામી હોય છે, તેથી સિદ્ધ તરીકે સ્તવાય છે, વંદાય છે અને પૂજાય છે. અહીં કદાચ પ્રશ્ન થશે કે 'આવા સિદ્ધ પુરુષો

તો આ જગતમાં અનેક હોય છે, તેમાં એમની વિશેષતા શી !' તેનો ઉત્તર એ છે કે 'તેઓ સામાન્ય કોટિના સિદ્ધ નહિ, પણ ઉત્તમ કોટિના સિદ્ધ હોય છે અને તે સ્પષ્ટ કરવા માટે જ અહીં તેમને ઉત્તમ વિશેષણ લગાડવામાં આવ્યું છે.' તાત્પર્ય કે તીર્થંકરો જગતના ઉત્તમ કોટિના સિદ્ધ હોય છે.

તીર્થંકરોને ઉત્તમ કોટિના સિદ્ધ માનવાનું મુખ્ય કારણ એ છે કે તેઓ પ્રાપ્ત સિદ્ધિઓનો સ્વાર્થ કાજે ઉપયોગ કરતા નથી કે તેનું ચમત્કાર–પ્રદર્શન કરતા નથી. ગૌતમબુદ્ધે ધર્મોપદેશક તરીકેના તેમના જીવન દરમિયાન પ્રાપ્ત સિદ્ધિઓનું ચમત્કારિક પ્રદર્શન કર્યું હતું, જેની નોંધ બૌદ્ધ શાસ્ત્રોમાં લેવાઈ છે, પરંતુ આજ સુધીમાં કોઈ તીર્થંકરે પ્રાપ્ત સિદ્ધિઓનું ચમત્કાર–પ્રદર્શન કર્યું હોય, એવી નોંધ કોઈ જિનાગમમાં જોવામાં આવી નથી. મંખલિપુત્ર ગોશાલકે દ્વેષથી ઉત્તેજિત થઈને પોતાને પ્રાપ્ત થયેલી તેજોલેશ્યા ભગવાન મહાવીરનો પ્રાણ હરવા માટે છોડી હતી, છતાં ભગવાન મહાવીરે પ્રાપ્ત સિદ્ધિઓનો તેની સામે ઉપયોગ કર્યો ન હતો. જો તેઓ ધારત તો દુષ્ટ ગોશાલકને ઘડીના છઠ્ઠા ભાગમાં હતો ન હતો કરી નાખત, પણ તેઓ આ જગતના ઉત્તમ કોટિના સિદ્ધ પુરુષ હતા, એટલે એવું ધારે જ શાના ? જો કે ગોશાલકે છોડેલી તેજોલેશ્યા ભગવાન મહાવીરના અદ્ભુત વ્યક્તિત્વને કારણે પાછી ફરી હતી અને એ રીતે તેમનો પ્રાણ હરવામાં નિષ્ફલ નીવડી હતી. કોઈ પણ તીર્થંકરનું અપમૃત્યુ થતું નથી, એવી સ્પષ્ટતા પૂર્વે તીર્થંકરવાદના પ્રકરણમાં અમે કરેલી જ છે.

લોકવાયકા એવી છે કે આ દેશમાં ૮૪ સિદ્ધો થઈ ગયા કે જેઓ ધાર્યા ચમત્કાર કરતા હતા. આજે પણ તેઓ સૂક્ષ્મ દેહે વિદ્યમાન છે. જો આપણે તેમનું વંદન-સ્તવન-પૂજન કરીએ તો મનના મનોરથો ફળે છે. પરંતુ લોગસ્સસૂત્રનો આ પાઠ જાહેર કરે છે કે આ ભરતક્ષેત્રમાં જે ચોવીશ તીર્થંકરો થઈ ગયા, તે ચોવીશેય મહાસિદ્ધો હતા અને તે કહેવાતા ૮૪ સિદ્ધો કરતાં અનેક રીતે ચઢિયાતા હતા, એટલે કલ્યાણના કામીએ તો તેમનું જ વંદન-સ્તવન-પૂજન કરવું જોઈએ.

યોગસિદ્ધ, મંત્રસિદ્ધ, વિદ્યાસિદ્ધ, તંત્રસિદ્ધ, રસ-સિદ્ધ, આદિ સિદ્ધ મહાત્માઓ અનેક જાતના ચમત્કારો બતાવી શકે છે, પણ તેમાંના કોઈ તીર્થંકરની તુલનામાં આવી શકે નહિ. અરે! તેમના સોમા કે સહસ્રમા ભાગે પણ આવી શકે નહિ, કારણ કે તીર્થંકરની તો ભૂમિકા જ જુદી છે. ખુદ યોગસિદ્ધ આદિ મહાત્માઓ તેમના ચરણની સેવા કરે છે. તાત્પર્ય કે અહીં તીર્થંકર ભગવંતોનો આ લોકના સહુથી ઉત્તમ સિદ્ધપુરુષો તરીકે જે ગુણાનુવાદ કરવામાં આવ્યો છે, તે યથાર્થ છે.

आरुग्ग-बोहिलाभं—આ સામાસિક પદ બીજી વિભક્તના એકવચનમાં આવેલું છે. તેનું સંસ્કૃતરૂપ છે:'आरोग्य-बोधिला-भम्' તેનો સમાસ આ રીતે છૂટો પાડવો ઘટે છે : 'आरोग्यं बोधिलाभश्च आरोग्य-बोधिलाभः तम् आरोग्य-बोधिलाभम्' આરોગ્ય અને બોધિલાભ, તે આરોગ્ય-બોધિલાભ. અહીં

આરોગ્યથી રોગરહિત અવસ્થા અભિપ્રેત છે કે જેને માટે આપણે 'શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય' એવો શબ્દ-પ્રયોગ કરી શકીએ. રોગ શરીરનો પણ હોય છે અને મનનો પણ હોય છે. જ્યારે આ બેમાંથી કોઈ પ્રકારનો રોગ ન હોય, ત્યારે શરીર અને મનની સ્વાસ્થતા જળવાઈ રહે છે અને તે જિનભક્તિ તથા તપ–જપ–સંયમની સાધના કરવામાં અતિ ઉપયોગી થઈ પડે છે. એ તો આપણો રોજિંદો અનુભવ છે કે જ્યારે આપણું શરીર સ્વસ્થ ન હોય કે મન સ્વસ્થ ન હોય ત્યારે આપણે જિનભક્તિ યથાર્થપણે કરી શકતા નથી, તપ કરવાનું બનતાં સુધી માંડી વાળીએ છીએ, અને જપ કરવા માટે કદી હાથમાં માળા પકડીએ છીએ તો જેમ તેમ ગણીને તેને છોડી દઈએ છીએ. આ સ્થિતિમાં બે–ચારથી વધારે માળા તો ગણી શકાતી જ નથી. સંયમસાધના તો આપણા જીવનમાં મૂલથી જ ઓછી છે, વધારે સ્પષ્ટ કહીએ તો સ્વચ્છંદી જીવન જીવવાની આપણને ટેવ પડી ગઈ છે અને તેમાં જ આનંદ માનીએ છીએ. કેટલાક આ સ્વચ્છંદી જીવનને સ્વતંત્ર જીવનનું નામ આપે છે, પણ એ સ્વતંત્ર શબ્દનો દુરુપયોગ કરવા જેવું છે. જેમાં અનેક પ્રકારની પરાધીનતા હોય, તેને સ્વતંત્ર શી રીતે કહેવાય? જે મનુષ્ય કોઈ પણ ટેવનો ગુલામ ન હોય અને પોતાના નિર્ણય અનુસાર બરાબર વર્તી શકતો હોય, તેને આપણે સ્વતંત્ર જીવન જીવતો કહી શકીએ, પણ ઉપર્યુક્ત જીવનમાં આ પરિસ્થિતિ હોય છે ખરી? તાત્પર્ય કે શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય

વિના કોઈ પણ પ્રકારની સાધના યથાર્થ સ્વરૂપે થઈ શકતી નથી, તેથી ધાર્મિક–આધ્યાત્મિક વિકાસને માર્ગે આગળ વધવા માટે પહેલી જરૂર શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની છે.

કોઈ એમ કહેતું હોય કે 'અમને શરીરની પડી નથી, અમારા શરીરનું ગમે તે થાય, પણ અમે ધાર્યો ધર્મ કરવાના.' તો એ વચનોને બાલીશ સમજવાં. જેમાં કંઈ તથ્ય ન હોય, એ વચનોનું મૂલ્ય શું ? આવાં વચનો ઉચ્ચારનારા એક નાની સરખી માંદગી આવે છે, ત્યાં ગભરાઈ જાય છે અને ડોક્ટર–વૈદ્ય–હકીમને બોલાવવા માટે દોડાદોડી કરી મૂકે છે, પછી ધાર્યા ધર્મ કરવાની વાત તો રહે જ ક્યાં? આથી સુજ્ઞજનોએ શરીર પ્રત્યે બેદરકારી બતાવવા કરતાં તેનું સ્વાસ્થ્ય કેમ જળવાઈ રહે ? તે જોવું જોઇએ અને તે માટે કેટલાક નિયમોનું અનુકરણ કરવું જોઈએ.

આ બાબતમાં અમારો અનુભવ તો એમ કહે છે કે જૈન ધર્મે મનુષ્યની રહેણી–કરણી માટે જે નિયમો બતાવ્યા છે, તે ઘણા સુંદર છે અને જો તેનું યથાર્થ પાલન કરવામાં આવે તો બિમાર પડવાનો પ્રસંગ આવે નહિ. આમ છતાં કોઈ અગમ્ય કારણે બિમારી આવી જ પડે તો એ થોડા જ ઉપચારે દૂર થઈ જાય અને પુનઃ સ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય. ઉક્ત નિયમોમાં રાત્રિભોજનનો ત્યાગ, ઊણોદરી વ્રત, પર્વદિવસે યથાશક્તિ તપશ્ચર્યા અને સપ્ત વ્યસનનો ત્યાગ ઘણું મહત્ત્વ ધરાવે છે.

'જેનું શરીર સ્વસ્થ, તેનું મન સ્વસ્થ;' એવી એક ઉક્તિ પ્રચલિત છે. તેનો એક સિદ્ધાંત તરીકે સ્વીકાર ભલે ન કરીએ, પણ તેમાં ઘણું તથ્ય રહેલું છે, એટલે શારીરિક સ્વાસ્થ્ય તરફ પ્રથમ ધ્યાન આપવા જેવું છે. 'शरीरमाद्यं खलु धर्मसाधनम्' એ પ્રાચીન ઉક્તિ પણ આ જ વાતનું સમર્થન કરે છે.

અહીં એટલી સ્પષ્ટતા જરૂરી છે કે શરીરનું સ્વાસ્થ્ય જાળવવા માટે, જેમ ઉપર બતાવેલા કેટલાક નિયમોનું અનુસરણ જરૂરી છે, તેમ મનનું સ્વાસ્થ્ય જાળવવા માટે પણ કેટલાક નિયમોનું અનુસરણ જરૂરી છે. જેમકેઃ—

(૧) કોઈ પણ બાબતમાં આકળા–ઉતાવળા થવું નહિ.

(૨) દરેક વાત ધીરજથી સાંભળવી અને તે પર બરાબર વિચાર કરવો.

(૩) શંકાઓ કરવી નહિ.

(૪) ભયગ્રસ્ત થવું નહિ.

(૫) કરેલું કામ નિષ્ફલ જતું નથી, એવો વિશ્વાસ રાખવો.

(૬) ગુસ્સે થવું નહિ. જો ગુસ્સો આવે તો પ્રથમ ૧ થી ૧૦ સુધીની સંખ્યા ગણવી.

(૭) મિથ્યાભિમાન કરવું નહિ.

(૮) કોઈનું ભૂંડું કરવું નહિ, કરવાની વૃત્તિ પણ રાખવી નહિ.

(૯) થોડા લાભે સંતોષ માનવો.

(૧૦) એકદમ સાહસિક પગલું ભરવું નહિ.

પ્રાચીન કાલમાં લોકોનું જીવન સાદું હતું અને પ્રકૃતિ એટલે કુદરત (Nature) ની વધારે નજીક હતું, એટલે તેમનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય સારા પ્રમાણમાં જળવાઈ રહેતું, જ્યારે વર્તમાનકાલમાં આપણે કુદરતથી ઘણા દૂર ચાલ્યા ગયા છીએ અને આપણું જીવન જટિલ બન્યું છે, એટલે શારીરિક અને માનસિક રોગના ભોગ વારંવાર બની જઈએ છીએ. એક કુટુંબમાં દશ વ્યક્તિઓ હોય, તો તેમાંથી આઠની દવા ચાલતી હોય, એવી આપણી સ્થિતિ છે. તાત્પર્ય કે આજે તો શરીર અને મનનું સ્વાસ્થ્ય અનિવાર્ય અગત્યની વસ્તુ બની ગઈ છે, એટલે તેના વિના ચાલે એમ નથી. આ પરિસ્થિતિ સુધરે તો ધાર્મિક-આધ્યાત્મિક વિકાસને લગતી પ્રવૃત્તિઓ પાંગરી શકે અને અભ્યુદયનો માર્ગ મોકળો થાય. તાત્પર્ય કે આ સંયોગોમાં આપણે આ જગતના સહુથી ઉત્તમ સિદ્ધ પુરુષોને અર્થાત્ તીર્થંકરોને શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરીએ, એ ઘણું જરૂરી છે.

એક પાઠકમિત્ર પ્રશ્ન કરે છે કે 'આ રીતે આપણે તીર્થંકર ભગવંતો આગળ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરીએ, એ એક પ્રકારનું નિયાણું નથી શું?' તેનો ઉત્તર એ છે કે 'આપણે તીર્થંકર ભગવંતો આગળ શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની માગણી એટલા માટે

કરવાની છે કે તેના વડે આપણે ધર્મની આરાધના સારી રીતે કરી શકીએ. જો આ રીતે આ માગણી કરીએ તો તેમાં નિયાણું નથી. પરંતુ ભોગની લાલસાથી પ્રેરાઇને શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય માટે પ્રાર્થના કરીએ તો તે જરૂર નિયાણું છે, જે ઇચ્છવા યોગ્ય નથી.'

અત્ર એ સ્પષ્ટતા કરી દઈએ કે અહીં જે પ્રાર્થના શબ્દનો પ્રયોગ થાય છે. તે ઔપચારિક છે. ખરી રીતે તો આપણા ધાર્મિક–આધ્યાત્મિક વિકાસ માટે આપણને કઈ વસ્તુ જરૂરી છે, તેનું જ અહીં સ્મરણ કરવાનું છે અને તેની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ બનવાનું છે. જે પોતે પ્રયત્નશીલ બનતો નથી, તેને પ્રભુ કે પ્રકૃતિ કોઈ મદદ કરતા નથી. જ્યારે મનુષ્ય એકનિષ્ઠાથી પ્રયત્ન કરવા લાગે છે, ત્યારે તે દૈવી સહાયનો અધિકારી બને છે અને તે એને એક યા બીજી રીતે મળી જ જાય છે. આજ સુધીમાં જે જે સ્ત્રી–પુરુષોને દૈવી સહાય મળી છે, તે તેમના નિષ્ઠાભર્યા પ્રયાસોને લીધે જ મળી છે, એટલે આપણે શારીરિક અને માનસિક સ્વાસ્થ્યપ્રાપ્તિ માટે સંકલ્પબદ્ધ થઈએ અને તે માટે પદ્ધતિસરનો પ્રયત્ન આદરી દઈએ, એ જરૂરનું છે. જો આપણે આટલું કરી શકીએ તો બાકીનું બધું સમયસર એની મેળે થઇ જશે. અલબત્ત, તેમાં તીર્થંકર ભગવંતોની પ્રાર્થના દ્વારા જાગૃત થયેલાં દૈવી તત્ત્વોની પણ મોટી સહાય હશે.

પરંતુ ખરી વાત તો એ છે કે જિન ભગવંતોની ભક્તિ મન–વચન–કાયાથી નિત્ય નિયમિત કરવામાં આવે તો

શારિરીક અને માનસિક સ્વાસ્થ્યની પ્રાપ્તિ આપોઆપ થઈ જાય છે. તે માટે ખાસ પ્રાર્થના કરવાની જરૂર જ રહેતી નથી. જિન ભગવંતો આજન્મ નીરોગી હોય છે, એટલે તેમનું સ્મરણ-વંદન-પૂજન આપણને નીરોગી બનાવે, એ સિદ્ધાંતમાન્ય વસ્તુ છે. અસાધારણ માંદગીના પ્રસંગે જિન ભગવંતોનાં પૂજન-અનુષ્ઠાનો સફળ થતાં જોવાયાં છે, એટલે કે તે મૃત્યુંજયનું કામ કરે છે. તાત્પર્ય કે જિન-ભક્તિનો મહિમા અપૂર્વ છે, પણ આપણે તેનું રહસ્ય સમજ્યા નથી અને કદાચ સમજ્યા હોઈએ તો પણ તેનો જેવો અને જેટલો લાભ લેવો જોઈએ તેટલો લેતા નથી. આ અચ્છિનીય પરિસ્થિતિ વહેલી તકે દૂર કરવાની જરૂર છે.

હવે '**બોધિલાભ**' પર આવીએ. બોધિનો લાભ થવો, તે બોધિલાભ કહેવાય છે. અહીં બોધિ શબ્દથી સમ્યક્ત્વ ગ્રહણ કરાય છે, એટલે સમ્યક્ત્વપ્રાપ્તિને બોધિ-લાભ સમજવાનો છે. જ્યાં સુધી આત્માને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય નહિ, ત્યાં સુધી તે મિથ્યાત્વના અંધકારમાં સબડે છે અને સાચાને ખોટું, ખોટાને સાચું કે સાચા ખોટાને સમાન માનીને વર્તે છે, તેથી તે સત્યનો પ્રકાશ પામી શકતો નથી. જે સત્યનો પ્રકાશ પામે નહિ, તે દેવ, ગુરુ કે ધર્મનું સાચું સ્વરૂપ શી રીતે સમજી શકે? અને જે દેવ, ગુરુ કે ધર્મનું સાચું સ્વરૂપ સમજ્યો નથી, તે તેમની અનન્ય મને આરાધના શી રીતે કરી શકે? જે સુદેવ, સુગુરુ અને સુધર્મની અનન્ય મને આરાધના કરે છે, તેનો જ ભવનિસ્તાર થાય છે, એટલે સમ્યક્ત્વની પ્રાપ્તિ

અર્થાત્ બોધિલાભ એ મોક્ષમાર્ગનો પ્રથમ અને પ્રશસ્ત ઉપાય ગણાયો છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ થતાં મનુષ્યની દૃષ્ટિ સમ્યક્ બને છે, એટલે કે તે સાચા-ખોટાનો ભેદ બરાબર પારખી શકે છે અને એ રીતે પોતાને આ જીવનમાં શું છોડવા જેવું છે તથા શું આદરવા જેવું છે? તેનો યથાર્થ નિર્ણય કરી શકે છે. એક વાર આ પ્રકારનો નિર્ણય થયો, એટલે એ દિશામાં ધીમાં કે ત્વરિત પગલાં જરૂર મંડાય છે. જે ધીમાં પગલે પણ ધ્યેય ભણી કૂચ કરવાનું ચાલુ રાખે છે, તે એક દિવસ ધ્યેયને ભેટી જાય છે, એ શંકા વિનાની વાત છે.

સસલા અને કાચબાને નિયત સમયમાં એક સ્થાને પહોંચી જવાની શરત લાગી. સસલાના મનને એમ કે 'હું તો ત્વરિત ગતિવાળો છું અને કાચબો તો મંદગતિવાળો છે, તે મને શી રીતે મહાત કરવાનો? આટલું અંતર તો હું થોડા જ વખતમાં કાપી નાખીશ, માટે થોડી વાર નિદ્રા લઈ લઉં, પછી દોડવા લાગીશ.' અને તે સૂઈ ગયો.

અહીં કાચબો વિચાર કરવા લાગ્યો કે 'હું તો મંદગતિવાળો છું, તો સસલાને શી રીતે પહોંચી વળીશ? માટે અત્યારથી જ ચાલવા દે.' અને તે ધીમે ધીમે ગંતવ્યસ્થાન ભણી ચાલવા લાગ્યો.

હવે બન્યું એવું કે પવનની શીતલ મધુર લહરિઓથી સસલાને મીઠી નિદ્રા આવી ગઈ. તે જ્યારે જાગ્યો અને

દોડવા તત્પર થયો, ત્યારે કાચબો ગંતવ્યસ્થાને પહોંચી ગયો હતો, એટલે તે શરત જિતી ગયો અને સસલો શરત હારી ગયો.

આ વાત તો નાનકડી છે, પણ તે આપણને ઘણો બોધ આપી જાય છે. જેઓ છતી શક્તિએ કરવાનું કામ કરતા નથી અને તે ભવિષ્ય પર મુલતવી રાખે છે, તેઓ જીવનરૂપી શરત હારી જાય છે. તાત્પર્ય કે મનુષ્યે સમજ્યા ત્યાંથી સવાર ગણીને પોતાના ધ્યેય તરફ પગલાં માંડવા જોઈએ, તો જ તે આખરી મંજિલે પહોંચી શકે.

એક મનુષ્ય શરીર અને મનથી સ્વસ્થ હોય, પણ તે સમ્યક્ત્વથી યુક્ત ન હોય, એટલે કે દેવ, ગુરુ અને ધર્મ સંબંધી સાચી દૃષ્ટિ ધરાવતો ન હોય, તો એ ધાર્મિક–આધ્યાત્મિક પ્રગતિ શી રીતે કરી શકવાનો? એટલે તેણે બોધિલાભ માટે પ્રાર્થના કરવાની છે. અન્ય શબ્દોમાં કહીએ તો તેણે બોધિલાભ માટે શક્ય એટલા પ્રયત્નો કરવાના છે.

અહીં કદાચ એવો પ્રશ્ન પૂછાશે કે 'બોધિલાભ સ્વાભાવિક રીતે જ થાય છે કે પ્રયત્નોથી થાય છે?' તેનો ઉત્તર એ છે કે 'કેટલાક આત્માઓને બોધિલાભ સ્વાભાવિક રીતે એટલે અન્ય કોઈની સહાય વિના થાય છે, જ્યારે ઘણા ખરા આત્માઓને પ્રયત્નથી થાય છે. આ પ્રયત્નમાં સદ્ગુરુનો સમાગમ મુખ્ય છે.' તાત્પર્ય કે જેઓ સદ્ગુરુનો સમાગમ કરતા રહે છે, તેમની વ્યાખ્યાન–વાણી સાંભળતા રહે છે, તેમને પ્રશ્નો પૂછીને શંકાનું સમાધાન

મેળવતા રહે છે તથા તેમણે જે શાસ્ત્રોનું અધ્યયન કરવાનું કહ્યું હોય, તેનું અધ્યયન કરતા રહે છે, તેમને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે.

એક પાઠકમિત્ર કહે છે કે 'જો આ રીતે સમ્યક્ત્વની પ્રાપ્તિ થતી હોય, તો તે માટે તીર્થંકરોને પ્રાર્થના કરવાની ક્યાં રહી ?' પરંતુ સદ્‌ગુરુનો સમાગમ દૈવીકૃપા વિના પ્રાપ્ત થતો નથી અને દૈવીકૃપા પ્રાપ્ત કરવા માટે તીર્થંકરોને પ્રાર્થના કરવાની જરૂર છે.'

અહીં એ પણ જણાવી દઈએ કે જેઓ તીર્થંકરોની મન-વચન-કાયાથી નિત્ય-નિયમિત ભક્તિ કરતા રહે છે, તેમને પ્રાર્થના કર્યા વિના પણ એ ભક્તિના બળથી સદ્‌ગુરુ સાંપડી જાય છે અને તેમના સમાગમથી તેમને બોધિલાભ અવશ્ય થાય છે. આ બોધિલાભના મૂળમાં જિનભક્તિ છે, એટલે તાત્ત્વિક દૃષ્ટિએ તો આ લાભ જિનોથી-તીર્થંકરોથી જ થયેલો સમજવાનો છે.

समाहिवरं-આ પદ પહેલી વિભક્તિના એકવચનમાં આવેલું છે. તેનું સંસ્કૃત રૂપ છે: 'समाधिवरम्' જે સમાધિ વર એટલે શ્રેષ્ઠ હોય, તે સમાધિવર કહેવાય. અહીં સમાધિ શબ્દથી મનની સમાહિત અવસ્થા સમજવાની છે. જ્યારે આપણું મન અનેક પ્રકારના સંકલ્પ-વિકલ્પથી રહિત બને, ત્યારે તેને અદ્‌ભુત શાંતિનો અનુભવ થાય છે, તેને જ મનની સમાહિત અવસ્થા એટલે સમાધિ સમજવાની છે.

કેટલીક વાર આવી સમાધિ ગુરુકૃપાથી કે સ્વપ્રયત્નથી પ્રાપ્ત થાય છે, પણ તે થોડી જ ક્ષણો ટકે છે અને પાછું વૃત્તિઓનું ઉત્થાન થાય છે, એટલે તેને સામાન્ય પ્રકારની સમાધિ સમજવી. જ્યારે આવી સમાધિ અમુક સમય સુધી એટલે કે ઘડી–બે ઘડી ચાલે, ત્યારે તે શ્રેષ્ઠ સમાધિ કહેવાય, એટલે કે વરસમાધિની કોટિમાં આવે. વરસમાધિ અને સમાધિવર એ બેના અર્થમાં કંઈ ફેર નથી, માત્ર શબ્દ-રચનાનો જ ફેર છે. સંસ્કૃત–પ્રાકૃત ભાષામાં આ જાતની શબ્દરચનાઓ પ્રચલિત છે.

उत्तमं–આ પદ समाहिवरंનું વિશેષણ હોવાથી પહેલી વિભક્તિના એકવચનમાં આવેલું છે. તેનું સંસ્કૃતરૂપ પણ 'उत्तमम्' છે, એટલે કે તેમાં ખાસ કશો ફરક નથી. અહીં उत्तमंનો અર્થ '**મરણસંબંધી**' છે. આપણે ઉત્તમનો અર્થ શ્રેષ્ઠ, પ્રધાન કે પ્રકૃષ્ટ કરવા ટેવાઇ ગયા છીએ, એટલે આ અર્થ કદાચ નવો લાગે, પણ તે નવો નથી. બધા પ્રસિદ્ધ સંસ્કૃત કોષોમાં એ અર્થ આપેલો છે અને તે અહીં સંગત છે.

જૈન શાસ્ત્રોમાં કહ્યું છે કે–

**भत्तीइ जिणवराणं, परमाए खीण–पिज्ज–दोसाणं ।**
**आरुग्ग-बोहिलाभं, समाहिमरणं च पावेंति ॥**

'રાગ અને દ્વેષનો ક્ષય કરનાર જિનેશ્વરોની પરમ-ભક્તિ કરવાથી મનુષ્યો આરોગ્ય, બોધિલાભ અને સમાધિ-મરણ પામે છે'

પ્રસિદ્ધ **જયવિયરાયસૂત્ર** અપરનામ **પ્રણિધાન-સૂત્ર**માં નીચેની ગાથા આવે છે:

**दुक्खक्खओ कम्मक्खओ, समाहिमरणं च बोहिलाभो अ।**
**संपज्जउ मह एअं, तुह नाह ! पणामकरणेणं ॥ ४ ॥**

'હે નાથ ! આપને પ્રણામ કરવાથી દુઃખનો નાશ થાય, કર્મનો ક્ષય થાય, તથા સમાધિમરણ અને બોધિલાભ પ્રાપ્ત થાય, એવી પરિસ્થિતિ ઉત્પન્ન થજો.'

તાત્પર્ય કે જૈન ધર્મની એ પરંપરાગત માન્યતા છે કે જેઓ જિનેશ્વરોની પરમ ભક્તિ કરે છે, તેમને ત્રણ વસ્તુઓ અવશ્ય પ્રાપ્ત થાય છે: (૧) આરોગ્ય, (૨) બોધિ-લાભ અને (૩) સમાધિમરણ. એટલે અહીં જે વરસમાધિની વાત છે, તે મરણ સંબંધી છે, એમાં કોઈ શંકા નથી. વળી **उत्तमं** શબ્દ તેનો સ્પષ્ટ નિર્દેશ કરે છે, એટલે **समाहिवरं उत्तमं** નો અર્થ શ્રેષ્ઠ સમાધિમરણ કરવો ઘટે છે. કેટલાકે **समाहिवरं**નો અર્થ દ્રવ્યસમાધિથી ચઢિયાતી એવી ભાવ-સમાધિ કર્યો છે. અને **उत्तमं**નો અર્થ તેમાં પણ ઉત્તમ–શ્રેષ્ઠ એ રીતે બેસાડ્યો છે પણ જૈન ધર્મની માન્યતા અને પરંપરા સાથે તે સંગત નથી, કારણ કે તેથી સમાધિ-મરણની વાત ઉડી જાય છે.

જૈન દૃષ્ટિએ મરણ બે પ્રકારનાં છે: એક બાલમરણ અને બીજું પંડિતમરણ કે સમાધિમરણ. બાલમરણમાં બાલ શબ્દ અજ્ઞાનનો–અજ્ઞાનદશાનો સૂચક છે, એટલે જે મરણ અજ્ઞાન દશાને લીધે આર્તધ્યાન–રૌદ્રધ્યાનમાં થાય અર્થાત્

દુઃખમય નિસાસા, આક્રંદ, રડાકૂટ કે વૈરના બદલાના વાતાવરણમાં થાય, તે બાલમરણ સમજવું. આ પ્રકારના વાતાવરણથી મનુષ્યની અંતસમયની લેશ્યા બગડે છે અને તે એને દુર્ગતિમાં લઈ જાય છે, એટલે બાલમરણ ઇચ્છવા યોગ્ય નથી. જો કે આજની પરિસ્થિતિ એવી છે કે મનુષ્યનો મૃત્યુ સમય નજીક જણાતાં ઘણા ભાગે તેને હોસ્પીટલમાં પહોંચાડવામાં આવે છે, જ્યાં દવાના ડોઝ, ઈંજેકશનો કે ઓક્સિજન લેતાં લેતાં તેના પ્રાણ નીકળી જાય છે, એટલે તે અંતસમયની આરાધના પામી શકતો નથી. આ પણ એક જાતનું બાલમરણ જ છે, કારણ કે તેમાં છેલ્લી ઘડી સુધી જીવવાની લાલસા હોય છે, એટલે પંચપરમેષ્ઠીનું સ્મરણ કરી શકાતું નથી કે ચારશરણ અંગીકાર કરી શકાતાં નથી. અહીં પંચપરમેષ્ઠીના સ્મરણથી નમસ્કાર મહામંત્રની ગણના અને ચાર શરણથી અરિહંત, સિદ્ધ, સાધુ તથા કેવલી પ્રજ્ઞપ્ત ધર્મ એ ચારનાં શરણ સમજવાનાં છે. શાસ્ત્રકારોનો એ સદુપદેશ છે કે બિમાર મનુષ્ય શરીરની અત્યંત નિર્બલ હાલતને લીધે નમસ્કારમંત્રનાં નવ પદોનું સ્મરણ ન કરી શકે તો માત્ર अ सि आ उ सा એ પાંચ અક્ષરોનું જ સ્મરણ કરે અને તે પણ જ્યારે શક્ય ન હોય, ત્યારે એ પાંચ અક્ષરોથી નિર્માણ થએલા ૐકારનું સ્મરણ કરે. પરંતુ એ વખતે સંસાર કે શરીરની કોઈ વાત યાદ લાવી આર્ત-ધ્યાનને વશ ન થાય.

મહમ્મદ ગીઝનીએ ભારતવર્ષ પર સાત વાર ચઢાઈ કરીને સોનારૂપાનો ગંજ એકઠો કર્યો હતો તથા મૂલ્યવાન રત્નોની

એક મોટી પેટી ભરી હતી, પણ જ્યારે તેને ભાન થયું કે હવે મારો અંત સમય નજીક છે, ત્યારે એ સોના–રૂપાના ગંજની સમક્ષ રત્નની પેટી પર બેસીને પોકે ને પોકે રડ્યો હતો કે 'શું આ બધું છોડીને મારે જવું પડશે?' મોટું બેન્ક બેલન્સ અને નોટોના થોકડા જોઈને આપણી હાલત આવી ન થાય, તે જોવાનું છે.

તીવ્ર વાસનાને વશ થએલા લોકોનો જીવ સરળતાથી જતો નથી, ત્યારે પુત્ર–પરિવાર આદિ તેમને કહે છે કે 'તમને કોઈ વસ્તુની ઇચ્છા રહી ગઈ હોય તો જણાવો. તે અમે પૂરી કરીશું.' અને તેઓ કંઈ કંઈ ઇચ્છા વ્યક્ત કરે છે, જે પૂરી કરવાનું વચન મળતાં તેઓ પ્રાણ છોડે છે. આ પણ બાલમરણનો જ એક પ્રકાર છે, કારણ કે એમાં છેવટ સુધી સંસારિક વાસનાઓનું પ્રાબલ્ય છે.

આવા પ્રસંગે કેટલાક લોકો તો એવી ઇચ્છા પણ વ્યક્ત કરે છે કે 'અમુક વ્યક્તિએ મારા પિતાનું કે મારા અમુક કુટુંબીનું ખૂન કર્યું હતું, તેનો બદલો હું લઈ શક્યો નથી, તેનો અસંતોષ મને સંતાપે છે, તેથી તમે એ વ્યક્તિનું ખૂન કરવાની પ્રતિજ્ઞા કરો તો મારો જીવ જાય.' અને તેમના પુત્ર–પુત્રીઓએ એવી પ્રતિજ્ઞા લીધા પછી એમનો જીવ જાય છે. આમાં રૌદ્ર ધ્યાનની તીવ્રતા હોવાથી તેમની ગતિ બગડે છે, એટલે કે તેમને નરકમાં ઉત્પન્ન થવું પડે છે અને ત્યાં અતિ ઘોર દુઃખો અનુભવવા પડે છે.

ટૂંકમાં મોહ–માયાનાં બંધન અને વેરઝેરની વાસના-પૂર્વક મરણ પામવું, એ બાલમરણ છે, જે ઈચ્છવા યોગ્ય નથી.

પંડિતમરણ એટલે સમજણપૂર્વકનું મરણ, શાંતિ-પૂર્વકનું મરણ. સંસારનું સાચું સ્વરૂપ સમજી તેની મોહ-માયા છોડવી અને મૃત્યુને અનિવાર્ય જાણીને તેને અંતસમયની આરાધના પૂર્વક શાંતિથી ભેટવું, એ પંડિત-મરણનો સાચો અર્થ છે. આ પ્રકારના મરણમાં અંતસમયે મનની સ્થિતિ સમાહિત એટલે ખૂબ શાંત હોવાથી તેને સમાધિમરણ પણ કહેવામાં આવે છે.

સમાધિમરણ વખતે આત્મા ઊંચી લેશ્યાએ વર્તતો હોય છે, તેથી તે સદ્ગતિનું નિમિત્ત બને છે, એટલે કે સમાધિમરણ પામનાર દેવલોકમાં જાય છે અથવા તો પુનઃ મનુષ્યનો અવતાર પામે છે. તત્ત્વજ્ઞ પુરુષો તો દેવગતિ કરતાં પણ મનુષ્યગતિને વધારે પસંદ કરે છે, કારણ કે દેવગતિમાં માત્ર ભૌતિક સુખોનો ભોગ જ કરવાનો હોય છે અને તે પૂરો થયા પછી પાછું સંસારમાં ભમવું પડે છે, જ્યારે મનુષ્ય-ગતિમાં શ્રેયસ્સાધનાની સર્વ તકો રહેલી છે અને તેનો યોગ્ય ઉપયોગ થાય તો ભવોદધિ જરૂર પાર કરી શકાય છે. તાત્પર્ય કે પંડિતમરણ–સમાધિમરણ ઈચ્છવા યોગ્ય છે, તેથી સર્વ સુજ્ઞજનોએ તેની ઈચ્છા રાખવી જોઈએ અને તેની નિશ્ચિત પ્રાપ્તિ થાય, તે માટે આ જગતના સહુથી ઉત્તમ સિદ્ધ-પુરુષો એવા તીર્થંકર ભગવંતોને નિત્ય અથવા વારંવાર પ્રાર્થના કરવી જોઈએ.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે મરણ એ જીવનનો સરવાળો છે, એટલે જેણે જે જાતનું જીવન પસાર કર્યું હોય, તેને તે પ્રકારનું મરણ પ્રાપ્ત થાય છે. વધારે સ્પષ્ટ કહીએ તો જેણે જીવનમાં અનેક પ્રકારનાં પાપો કર્યાં હોય, અનેક પ્રકારનાં કાળાં-ધોળાં કર્યાં હોય અને છેવટ સુધી એ જ જાતની પ્રવૃત્તિઓ ચાલુ રાખી હોય, તેને બાલમરણ પ્રાપ્ત થાય છે, જ્યારે જીવનને જિનભક્તિના રંગે રંગનારા, ધાર્મિક-આધ્યાત્મિક પ્રવૃત્તિઓ કરનારા અને કોઈનું પણ ભલું કરી છૂટનારાઓને પંડિતમરણ કે સમાધિ-મરણ પ્રાપ્ત થાય છે. તાત્પર્ય કે પાપીઓને પંડિતમરણ કે સમાધિમરણ પ્રાપ્ત થાય અને ધર્મપરાયણ વ્યક્તિઓને બાલમરણ પ્રાપ્ત થાય, એ શક્ય નથી. તેથી હિતાવહ એ છે કે સમાધિમરણને ઇચ્છનારાઓએ પોતાના જીવનને પ્રારંભથી જ ધર્મપરાયણ બનાવવું અને તેમાં જિનભક્તિને વિશેષ સ્થાન આપવું.

જેણે શ્રી જિનેશ્વરદેવની ભક્તિ મન-વચન-કાયાથી લાંબા સમય સુધી કરી હોય, તેને મોટા ભાગે પોતાના મૃત્યુ સમયની ખબર પડી જાય છે, એટલે તે અંતસમયની આરાધના કરવા તત્પર બને છે અને એ આરાધના કરતો કરતો સમાધિપૂર્વક મરણને ભેટે છે. આને આપણે ધન્ય મૃત્યુ સમજવું જોઈએ.

આપણને કોઈ દેવ, ગેબી ફિરસ્તો કે અવલ નંબરનો ઓલિયો આવીને એમ કહે કે 'હવે તમારું આયુષ્ય સાત

દિવસનું છે, ’ તો આપણી સ્થિતિ કેવી થાય અને આપણે શું શું કરીએ? તે વિચારી જોશો. અમને ખાતરી છે કે આ ભવિષ્યકથન સાંભળતાં જ કેટલાકના હોશકોશ ઉડી જશે અને તેમને ખાવાનું પણ અકારું થઈ પડશે. તેમને મોજ-મજાહ ગમશે નહિ કે કોઈ વસ્તુમાં આનંદ આવશે નહિ. તેમના મનમાં એક જ વિચાર ઘોળાયા કરશે કે ‘ હવે હું મરી જવાનો ! ’ જેઓ જીવન અને મૃત્યુ અંગે ઠીક ઠીક સમજ ધરાવે છે, તેઓ પણ એના આઘાતથી મુક્ત નહિ હોય. આપણામાં જે સાચો તત્વજ્ઞાની હશે–જ્ઞાની હશે, તે જ એમ માનશે કે મૃત્યુ એ વેશપરિવર્તનની જેમ નવા દેહ-ધારણની ક્રિયા છે, એટલે તેને આવવું હોય, ત્યારે ભલે આવે. હું મારી તૈયારી કરી લઉં. અને તે સંસારવ્યવહારની બધી ગડમથલો છોડી ભગવાનનું ભજન કરવા લાગી જશે અને તેના જપ-ધ્યાનમાં મગ્ન બનશે.

અહીં અમને સ્પષ્ટ કહેવા દો કે આપણી આજની સ્થિતિ ઘણી વિચિત્ર છે. આપણને જીવતાં પણ આવડતું નથી અને મરતાં પણ આવડતું નથી. આપણે મનુષ્યદેહ-ધારી હોવા છતાં પશુનું જીવન જીવીએ છીએ અને કેટલીક વાર તો પશુ કરતાં પણ બદતર જીવનનું પ્રદર્શન કરીએ છીએ. આપણને વિશિષ્ટ વિચારશક્તિ મળી છે, પણ તેનો ઉપયોગ ભલાં કામો કરતાં બૂરાં કામોમાં વધારે કરીએ છીએ. વડીલોનો વિનય, ગુરુજનોની પૂજા, સંતસેવા, કર્તવ્યનિષ્ઠા, દયાની લાગણી, પરોપકારની વૃત્તિ, સદાચારમાં

પ્રીતિ, સરલતા, નિખાલસતા, સૌજન્ય, અને વચનપાલન જાણે અદૃશ્ય જ થઈ ગયાં છે. છીછરી મનોવૃત્તિ, મોજ-મજાહ અને ધનપ્રાપ્તિ માટે આંધળી દોટ એ જાણે આપણાં જીવનલક્ષણ થઇ પડયાં છે. આમાં ભક્તિની ભાવના જાગે ક્યાંથી ? આમાં ધર્મનો રંગ લાગે કયાંથી ? દંભ, દેખાવ અને દુષિત દૃષ્ટિએ આપણા જીવનનો કબજો લઈ લીધો છે. આ માનવજીવનનું તદ્દન બેહુદું અને કઢંગું ચિત્ર છે, તેથી જ અમે કહીએ છીએ કે આપણને જીવતા આવડતું નથી.

મરણુ સંબંધી આપણે ગંભીર વિચાર કરતા નથી. કદી સ્મશાનમાં જવાનો પ્રસંગ આવે, ત્યારે મરણનો વિચાર આપણને સ્પર્શી જાય છે, પણ તે રેતીમાં દોરાયેલી રેખાની જેમ ઘડીકમાં ભૂંસાઈ જાય છે અને આપણા જીવનના રંગ-ઢંગ એવા ને એવા જ રહે છે. બે પહોર ગામતરે જવું હોય તો તેની તૈયારી કરીએ છીએ, જ્યારે પરલોકના પ્રવાસ માટે કશી જ તૈયારી નહિ ! આપણે ડાહ્યા ખરા, પણ આ બાબતમાં આપણા ડહાપણનો જરાયે ઉપયોગ કરતા નથી. મૃત્યુ ગમે ત્યારે આવી પહોંચવાનું છે, એમ જાણ્યા પછી જેઓ ગાફેલ રહે છે, તે ગમાર છે. તેની તૈયારી તો તરત આરંભી દેવી જોઈએ, છતાં તેને કાલ પર મુલતવી રાખીએ છીએ અને એ કાલ કાલ જ રહે છે. તે કદી આજ થતી નથી. એવામાં બાજ પક્ષીની ઝડપે મૃત્યુ આપણા પર તૂટી પડે છે અને આપણો શિકાર કરી નાખે છે. ખરેખર ! આપણને મરતાં પણ આવડતું નથી.

સમાધિમરણ એ મરવાની સાચી કલા છે, તેથી જ જ્ઞાનીઓએ તેની પ્રશંસા કરી છે અને તે માટે આપણને જોરદાર ભલામણ કરી છે. એ ભલામણ એળે ન જાય તે આપણે જોવાનું છે.

હવે આ ગાથાનું એક જ પદ બાકી રહ્યું છે અને તે ' दिंतु. ' તેનો અર્થ છે ' ददतु–ઘો, આપો. ' અને તેથી જ આ આખી ગાથા પ્રાર્થનાનું સ્વરૂપ પામે છે.

આ વિવેચન સમેટતાં એટલું જણાવીશું કે અહીં પ્રાર્થનાની પરિભાષાનો ઉપયોગ થયો છે, પણ ખરી રીતે તો તેમાં જિનભક્તિના ત્રણ પ્રકારો દર્શાવ્યા છે અને તેનાથી થતા ત્રણ મહાન લાભોનું વર્ણન કરેલું છે, જેનું આપણે વારંવાર પ્રણિધાન કરવા જેવું છે.

આ છઠ્ઠી ગાથાની અર્થસંકલના નીચે પ્રમાણે જાણવીઃ

### અર્થસંકલના

**જેઓ આ જગતના સહુથી ઉત્તમ સિદ્ધ પુરુષો તરીકે સ્તવાયેલા છે, વંદાયેલા છે અને પૂજાયેલા છે, તે મને શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય, દેવ–ગુરુ–ધર્મ અંગે સમ્યગ્દૃષ્ટિ અને શ્રેષ્ઠ સમાધિમરણ આપો–૬**

[ १८ ]

## સાતમી ગાથાનો અર્થપ્રકાશ

જૈન ધર્મ પ્રાર્થનામાં માને છે કે નહિ? માને છે તો કેવા સ્વરૂપે? અને તેના કેવા લાભો થાય છે? તેનું વિસ્તૃત વિવેચન ગત બે પ્રકરણોમાં કરવામાં આવ્યું છે. હવે પ્રાર્થનાનો છેલ્લો તબક્કો જે મોક્ષ કે સિદ્ધિને સ્પર્શે છે, તેનું વિસ્તૃત વર્ણન પ્રસ્તુત પ્રકરણમાં થશે. તેની આધારભૂત સાતમી ગાથાનો મૂલપાઠ નીચે પ્રમાણે યોજાયેલો છે:

**चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा ।**
**सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥७॥**

આ ગાથામાં ૧૦ પદો છે, તેમાંનું એક પદ સામાસિક છે. તેનો સમાસ વિશેષાર્થ–પ્રસંગે છોડીશું. હાલ તો આ બધાં પદોના સામાન્ય અર્થ અહીં આપીએ છીએ.

### સામાન્ય અર્થ

चंदेसु–[ चन्द्रेभ्यः ]–ચંદ્રોથી.

निम्मलयरा–[ निर्मलतराः ]–વધારે નિર્મલ.

आइच्चेसु–[ आदित्येभ्यः ]–આદિત્યોથી, સૂર્યોથી.

अहियं–[ अधिकं ]–વધારે.

पयासयरा–[ प्रकाशकराः ]–પ્રકાશ કરનારા.

सागरवरगंभीरा–[ सागरवरगम्भीराः ] – શ્રેષ્ઠ સાગર જેવા ગંભીર.

सिद्धा–[ सिद्धा ]–સિદ્ધો.

सिद्धिं–[ सिद्धिम् ]–સિદ્ધિને.

मम–[ मम ]–મને.

दिसंतु–[ दिशन्तु ]–આપો.

## વિશેષાર્થ

चंदेसु-આ પદ પાંચમી વિભક્તિના બહુવચનનો અર્થ બતાવનારું હોવા છતાં પ્રાકૃતિશૈલિ કે આર્ષત્વના કારણે સાતમી વિભક્તિના બહુવચનમાં મૂકાએલું છે, તેથી તેનો સંસ્કૃત અનુવાદ ' चन्द्रेभ्यः ' એ પ્રમાણે કરવામાં આવે છે. ' चन्द्रेभ्यः ' એટલે ' **ચંદ્રોથી, ચંદ્રો કરતાં.** '

આકાશી પદાર્થોમાં તારાઓ કરતાં નક્ષત્રોનું સ્થાન ચડિયાતું છે અને નક્ષત્રો કરતાં ગ્રહોનું સ્થાન ચડિયાતું છે. આ ગ્રહોની સંખ્યા **સૂર્યપ્રજ્ઞપ્તિ**ના વીશમા પ્રાભૃતમાં ૮૮ની જણાવેલી છે, પરંતુ તેમાં ૯ ગ્રહોની મુખ્યતા છે અને એ ૯ ગ્રહોમાં પણ ચન્દ્ર તથા સૂર્યની મુખ્યતા છે. **બૃહચ્છાન્તિપાઠમાં** ' चन्द्र-सूर्याङ्गारक-बुध-बृह-

स्पति-शुक्र-शनैश्चर-राहु-केतुसहिताः- ચન્દ્ર, સૂર્ય, મંગલ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ' એ ક્રમે નવગ્રહોનાં નામો અપાયેલાં છે. કેટલાક સૂર્યને પહેલો અને ચન્દ્રને બીજો મૂકે છે. જેમકે—

सूर्यश्चन्द्रो मङ्गलश्च, बुधश्चापि बृहस्पतिः ।
शुक्रः शनैश्चरो राहु, केतुश्चेति नवग्रहाः ॥

'સૂર્ય, ચન્દ્ર, મંગલ, બુધ, બૃહસ્પતિ, શુક્ર, શનૈશ્ચર, રાહુ અને કેતુ એ નવગ્રહો છે.'

આ ગ્રહોની અસર મનુષ્યના જીવન પર ખૂબ જ થાય છે, એવો જ્યોતિષશાસ્ત્રનો અભિપ્રાય છે, તેથી જ તેમાં કહેવાયું છે કે-

ग्रहा राज्यं प्रयच्छन्ति, ग्रहा राज्यं हरन्ति च ।
ग्रहैर्व्याप्तमिदं विश्वमतः शान्तिः शुभावहा ॥

'ગ્રહો રાજ્ય આપે છે અને ગ્રહો રાજ્ય લઈ લે છે. ગ્રહોની અસરથી આ સમસ્ત વિશ્વ વ્યાપ્ત છે, તેથી ગ્રહોની-દુષ્ટ ગ્રહોની શાંતિ કરવી, એ શુભને લાવનારી છે, શુભકારક છે.'

પરંતુ અહીં ચન્દ્રનો જે ઉલ્લેખ થયો છે, તે નિર્મલતાના ઉપમાન તરીકે થયેલો છે, એટલી વાત ખ્યાલમાં રાખી આગળ ચાલીએ.

निम्मलयरा-આ પદ પહેલીના બહુવચનમાં આવેલું છે, કારણ કે તે सिद्धा પદનું વિશેષણ છે. તેનું સંસ્કૃત

રૂપ છે: 'निर्मलतराः' જેમાંથી મલ–મલિનતા ચાલી ગઈ હોય, તેને નિર્મલ કહેવાય અને જે વધારે નિર્મલ હોય, તે નિર્મલતર કહેવાય. વિશેષણના છેડે લાગતું तर પદ તેના ગુણની વૃદ્ધિ બતાવનારું છે. તાત્પર્ય કે निर्मलतरનો અર્થ '**વધારે નિર્મલ**' સમજવાનો છે.

'चंदेसु निम्मलयरा–ચંદ્રોથી પણ વધારે નિર્મલ' આવું વિશેષણ સિદ્ધોને લગાડવામાં આવ્યું છે, એટલે તેનું રહસ્ય પણ સમજી લઈએ. ચન્દ્રની ગણના આ જગતની એક મહાન નિર્મલ વસ્તુ તરીકે થાય છે, કારણ કે તેનો પ્રકાશ નિર્મલ હોય છે અને તે શીતલતાને કારણે સહુને આહ્લાદક થઈ પડે છે. અનુભવીઓનું કહેવું છે કે ચન્દ્રનાં કિરણોમાંથી એક પ્રકારનું અમૃત ઝરે છે, જે ઔષધિઓને તથા પ્રાણીઓને નવું જીવન આપે છે. ચન્દ્રમાં બીજા પણ અનેક ગુણો છે, જેનાથી આકર્ષાઈને વિદ્વાનોએ તેનાં રસભર્યાં વર્ણનો કર્યાં છે અને કવિઓએ તેની કાવ્યમય પ્રશસ્તિઓ રચી છે. આજે પણ તે માનવજાતિનું અનેરું આકર્ષણ કરી રહેલ છે અને શોધખોળનો વિષય બનેલ છે. પરંતુ તેમાં સસલાના આકારનો ડાઘ છે, તેથી તેની નિર્મલતા ખામીભરેલી છે; જ્યારે સિદ્ધોનું સત્–આત્મસ્વરૂપ એવું છે કે તેમાં જરા પણ ડાઘ નથી, એટલે તેમને ચંદ્રો કરતાં પણ વધારે નિર્મલ માનવામાં આવ્યા છે.

અહીં સિદ્ધ શબ્દથી સકલકર્મરહિત શુદ્ધ આત્મા સમજવાનો છે. પ્રારંભમાં તો આત્મા આઠેય કર્મથી મુક્ત

હોય છે, એટલે તેમાં મલિનતા ઘણી હોય છે, પણ તે તપ–જપ–સંયમ–ધ્યાનાદિ વડે જેમ જેમ કર્મનો નાશ કરતો જાય છે, તેમ તેમ તેની એ મલિનતા ઓછી થતી જાય છે અને એ રીતે જ્યારે તે સર્વે કર્મોનો સંપૂર્ણ નાશ કરી નાખે છે, ત્યારે તેમાં જરા પણ મલિનતા રહેતી નથી, અર્થાત્ તે પોતાના સત્ સ્વરૂપે પ્રકાશી ઉઠે છે.

કેટલાક એમ માને છે કે તેલ ખૂટતાં જેમ દીવો ઓલવાઈ જાય છે, તેમ બધી વાસનાઓનો ક્ષય થતાં આત્મારૂપી દીવો બુઝાઈ જાય છે, એટલે તેનું અસ્તિત્વ રહેતું નથી, પણ આ માન્યતા ભૂલભરેલી છે. આત્મા તો સત્ રૂપ છે, ષડ્દ્રવ્યોમાંનું એક દ્રવ્ય છે, એટલે તેનો કદી નાશ થતો નથી. તાત્પર્ય કે તેની સર્વ વાસનાઓનો ક્ષય થયા પછી, તેનાં સર્વ કર્મો નાશ પામ્યા પછી પણ તે પોતાના સત્ સ્વરૂપે અનંતકાલ સુધી ટકી રહે છે.

પ્રારંભમાં સોનું માટીમાં ભળેલું હોય છે, ત્યારે તે મલિન અવસ્થામાં હોય છે, પણ કેટલાક પ્રયોગોના પરિણામે માટી છૂટી પડી જાય છે, ત્યારે તે શુદ્ધ સ્વરૂપે બહાર આવે છે અને તેનો વ્યવહાર સોના તરીકે–સુવર્ણ તરીકે થાય છે. અહીં માટી છૂટી પડવાથી સોનાનો નાશ થતો નથી, તેમ આત્મા વાસનારહિત કે કર્મરહિત થતાં તેના સત્નો–મૂલભૂત સ્વરૂપનો નાશ થતો નથી. જો વાસના કે કર્મના નાશ સાથે આત્માનું અસ્તિત્વ મટી જતું હોત તો આજે આ લોકમાં એક પણ સિદ્ધ હોત નહિ, પણ

લોકના અગ્રભાગે અનંત સિદ્ધો રહેલા છે, તે એમ દર્શાવે છે કે કર્મનો નાશ થયા પછી આત્મા પોતાના સત્ સ્વરૂપે વિરાજે છે અને તેની એ સ્થિતિમાં ક્યારે પણ કશો ફેર-ફાર થતો નથી.

તીર્થંકરો—અરહંતો સિદ્ધિગમનને યોગ્ય હોય છે, એટલે તેઓ નિર્વાણ પછી અવશ્ય સિદ્ધ બને છે અને અનંત સિદ્ધોના સમૂહમાં પોતાનું સ્થાન લઈ લે છે.

અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે સિદ્ધ થવાના સ્થિતિ—સંયોગો પરથી તેમના પંદર પ્રકારો માનવામાં આવ્યા છે, જે **પ્રજ્ઞાપનાસૂત્ર**ના પ્રથમ પદે નીચે પ્રમાણે જણાવેલા છે :

૧ तित्थसिद्ध—**તીર્થસિદ્ધ.** જંબૂસ્વામીની જેમ તીર્થની વિદ્યમાનતામાં સિદ્ધ થયેલા.

૨ अतित्थसिद्ध—**અતીર્થસિદ્ધ.** મરુદેવી માતાની જેમ તીર્થની વિદ્યમાનતા વિના સિદ્ધ થયેલા.

૩ तित्थगरसिद्ध—**તીર્થંકરસિદ્ધ.** શ્રી ઋષભદેવ વગેરેની જેમ તીર્થંકર થઈને સિદ્ધ થયેલા. ચોવીશેય તીર્થંકરો સિદ્ધોના આ પ્રકારમાં આવે.

૪ अतित्थगरसिद्ध—**અતીર્થંકરસિદ્ધ.** ભરત ચક્રવર્તીની જેમ સામાન્ય કેવળીરૂપે સિદ્ધ થયેલા.

૫ सयंबुद्धसिद्ध—**સ્વયંબુદ્ધસિદ્ધ.** આર્દ્રકુમારની જેમ જાતે જ બોધ પામીને સિદ્ધ થયેલા.

૬ पत्तेयबुद्धसिद्ध–**પ્રત્યેકબુદ્ધસિદ્ધ.** કરકંડૂની જેમ એકાદ નિમિત્તથી બોધ પામીને સિદ્ધ થયેલા.

૭ बुद्धबोहियसिद्ध–**બુદ્ધબોધિતસિદ્ધ.** આચાર્યાદિથી બોધ પામીને સિદ્ધ થયેલા.

૮ इत्थीलिंगसिद्ध–**સ્ત્રીલિંગસિદ્ધ.** ચંદનબાલાની જેમ સ્ત્રીલિંગે સિદ્ધ થયેલા.

૯ पुरिसलिंगसिद्ध–**પુરુષલિંગસિદ્ધ.** ઇલાચીપુત્રની જેમ પુરુષલિંગે સિદ્ધ થયેલા.

૧૦ नपुंसकलिंगसिद्ध–**નપુંસકલિંગસિદ્ધ.** ગાંગેયની જેમ નપુંસકલિંગે સિદ્ધ થયેલા.

૧૧ सलिंगसिद्ध–**સ્વલિંગસિદ્ધ.** સાધુવેશમાં સિદ્ધ થયેલા.

૧૨ अण्णलिंगसिद्ध–**અન્યલિંગસિદ્ધ.** વલ્કલચીરીની જેમ બીજા વેશમાં સિદ્ધ થયેલા.

૧૩ गिहलिंगसिद्ध–**ગૃહસ્થલિંગસિદ્ધ.** ચિલાતીપુત્રની જેમ ગૃહસ્થના વેશે સિદ્ધ થયેલા.

૧૪ एगसिद्ध–**એકસિદ્ધ.** એક સમયે એક સિદ્ધ થયેલા.

૧૫ अणेगसिद्ध–**અનેકસિદ્ધ.** એક સમયે અનેક સિદ્ધ થયેલા.

તાત્પર્ય કે લિંગ, વેશ અથવા અમુક પરિસ્થિતિ સિદ્ધ થવામાં બાધક નથી. જે કોઈ પણ નિમિત્ત પામીને અષ્ટકર્મનો ક્ષય કરી શકે, તે સિદ્ધ બની શકે છે.

એક વાર એક પંડિતે અમને પ્રશ્ન કર્યો કે 'કયા તીર્થંકરો કપડાં પહેરીને મોક્ષે ગયા હતા, તે બતાવો.' અમે કહ્યું: 'એ તો ખબર નથી, પણ અમે એટલું જાણીએ છીએ કે ચોવીશે ય તીર્થંકરોએ અષ્ટકર્મનો ક્ષય કર્યો હતો, તેથી તેઓ મોક્ષે ગયા.' તેણે ફરી પ્રશ્ન કર્યો કે, 'શું નગ્નતા ધારણ કર્યા વિના કોઈ મોક્ષે જઈ શકે ખરું?' અમે કહ્યું: 'નગ્નતા એ મોક્ષે જવાનું અસાધારણ કારણ નથી. એમ છતાં નગ્નતાને જો મોક્ષે જવાનું અસાધારણ કારણ માનીએ તો ગાય, ભેંસ, ઘેટાં, બકરાં, વાનર, સિંહ, વાઘ, સાપ, અજગર એ બધાં મોક્ષમાં પહોંચી જાય, કારણ કે તેઓ નગ્ન છે. તેઓ કોઈ પણ પ્રકારનાં વસ્ત્રો ધારણ કરતાં નથી. ખરી વાત તો એ છે કે વસ્ત્રધારણ કે નગ્નતાને મોક્ષ સાથે સંબંધ નથી. મોક્ષ સાથે તો માત્ર કર્મરહિતતાને જ સંબંધ છે, તેથી મનુષ્યે કર્મરહિત થવા પ્રયત્ન કરવો જોઈએ.'

ભગવાન મહાવીરે એક સ્થલે કહ્યું છે કે 'તમે માથું મુંડાવો, દાઢી રાખો કે અમુક જાતનો વેશ ધારણ કરો, પણ સદાચારમાં સ્થિર નહિ હો તો તમારું કલ્યાણ થવાનું નથી. તાત્પર્ય કે મોક્ષનો આધાર બાહ્ય પરિસ્થિતિ પર નહિ, પણ આંતરિક પરિસ્થિતિ પર છે. જે અંતરથી પાપરહિત હોય છે, તેનું કલ્યાણ અવશ્ય થાય છે, એટલે કે તે સંસાર સાગરનો પાર પામી શકે છે.

આટલા પ્રાસંગિક વિવેચન પછી આપણે 'आइच्चेसु' પદ પર આવીએ. આ પદ પણ પંચમી વિભક્તિના બહુ-

વચનનો અર્થ બતાવનારું હોવા છતાં પ્રાકૃત શૈલિ કે આર્ષત્વના કારણે સાતમી વિભક્તિના બહુવચનમાં મૂકાયેલું છે, તેથી તેનો સંસ્કૃત અનુવાદ 'आदित्येभ्यः' એ પ્રમાણે કરવામાં આવ્યો છે.

આદિત્યનો પ્રસિદ્ધ અર્થ સૂર્ય છે, એટલે आदित्येभ्यः'નો અર્થ '**સૂર્યોથી કે સૂર્યો કરતાં**' એ પ્રમાણે કરવો જોઈએ. પુરાણોમાં એમ કહેવાયું છે કે 'સૂર્ય અદિતિનો પુત્ર હતો, તેથી આદિત્ય કહેવાયો, પણ **ભગવતીસૂત્ર**ના બારમા શતકના છઠ્ઠા ઉદ્દેશમાં તે અંગે એક મહત્ત્વનો સંવાદ નોંધાયો છે, તે આ પ્રમાણે :

"से केणठेणं भंते ! एवं वुच्चइ–'सूरे आइच्चे'' 'सूरे आइच्चे ? गोयमा ! सूरादिया जं समयाइ वा आवलियाइं वा जाव उस्सप्पिणीइ वा, अवसप्पिणीइ वा, से तेणट्ठेणं जाव आइच्चे।"

'હે ભગવન્ ! શા હેતુથી સૂર્યને આદિત્ય એટલે આદિમાં થયેલો એમ કહેવાય છે?' 'હે ગૌતમ ! સમયો, આવલિકાઓ, યાવત્ ઉત્સર્પિણીઓનું અને અવસર્પિણી-ઓનું આદિભૂત કારણ સૂર્ય છે, માટે તેને આદિત્ય–આદિમાં થનાર કહેવાય છે.' તાત્પર્ય કે અહોરાત્રાદિક કાલના સમય, આવલિકા અને મૂહૂર્તાદિ ભેદો સૂર્યની અપેક્ષાએ થાય છે. આમ અહોરાત્રાદિ કાલનું આદિકારણ હોવાથી તે આદિત્ય કહેવાય છે.'

સૂર્યનો મોટામાં મોટો ગુણ પ્રકાશ આપવાનો છે. એ પ્રકાશ ઉષ્ણ હોય છે, તે પ્રાણીઓની જીવનક્રિયામાં

ઘણા ઉપયોગી થાય છે. વળી તેના ઉદય અને અસ્તના આધારે દિવસ તથા રાત્રિ નિર્માણ થાય છે, જે આપણા જીવનવ્યવહારમાં અતિ અગત્યનો ભાગ ભજવે છે. દિવસ અને રાત્રિ કે જેને સામાન્ય રીતે અહોરાત્ર કહેવામાં આવે છે, તેના આધારે જ સપ્તાહ, પક્ષ, માસ, અયન (છમાસ) વર્ષ, યુગ (પાંચ વર્ષ), શતાબ્દી, સહસ્રાબ્દી, તથા ઉત્સર્પિણી અને અવસર્પિણીની ગણના થાય છે. જો સૂર્ય તપે નહિ તો જલાશયો, સરિતાઓ કે સાગરનાં પાણીની વરાળ બની આકાશમાં ઊંચે જાય નહિ અને તે મેઘનું રૂપ ધારણ કરે નહિ. જો આકાશમાં મેઘ ન હોય તો વરસાદ વરસે નહિ, એટલે કે સર્વત્ર દુષ્કાળ પડે અને પ્રાણીમાત્રનો સંહાર થઈ જાય. આ દૃષ્ટિએ સૂર્યને જીવનદાતા માનવામાં આવ્યો છે અને તેની સ્તુતિ–સ્તવના અનેક પ્રકારે થયેલી છે. પરંતુ સૂર્યની પ્રકાશકર તરીકેની આ શક્તિ મર્યાદિત છે, એટલે કે તે લોકના અમુક ભાગને જ પ્રકાશિત કરી શકે છે, જ્યારે સિદ્ધોની ચિત્‌શક્તિ–જ્ઞાન–શક્તિ સમસ્ત લોકને પ્રકાશિત કરવાને સમર્થ છે, એટલે તેમને સૂર્યો કરતાં પણ અધિક પ્રકાશ કરનારા માન્યા છે. 'आइच्चेसु अहियं पयासयरा' શબ્દો વડે આ ભાવ બરાબર વ્યક્ત થાય છે.

'अहियं' એટલે '**અધિક, વધારે.**'

पयासयरा એટલે 'प्रकाशकराः–**પ્રકાશ કરનારા.**' આ પદ સિદ્ધાનું વિશેષણ હોવાથી પહેલીના બહુવચનમાં આવેલું છે.

ચંદ્રો તેમની નિર્મલતાને કારણે અને સૂર્યો તેમની પ્રકાશ શક્તિને કારણે લોકોમાં આદરપાત્ર બનેલા છે, પણ

સિદ્ધો—સિદ્ધાત્માઓ આ બંને બાબતમાં તેમના કરતાં અનેક ગુણા ચડિયાતા છે, તેથી તેમનો વિશેષ આદર થવો જોઇએ, એવું સૂચન આ ઉપમાઓમાં રહેલું છે.

હવે આગળ વધી **सागरवरगंभीरा** પદ પર આવીએ. આ પદ પહેલીનાં બહુવચનમાં આવેલું છે, કારણ કે તે **सिद्धा** પદનું વિશેષણ છે. તેનું સંસ્કૃત રૂપ પણ '**सागरवरगम्भीराः**' છે. આ પદ સામાસિક છે. તેનો સમાસ આ રીતે છૂટો પડાય છે : '**सागरवर–तद्वत् गम्भीरा इति सागरवरगम्भीराः**' સાગરવર તેના જેવા જે ગંભીર, તે સાગરવરગંભીર.' અહીં સાગરવરથી સ્વયંભૂરમણ સમુદ્ર કે જે અસંખ્યાત દ્વીપ-સમુદ્રો પછી સહુથી છેલ્લો અસંખ્યાત યોજનપ્રમાણ આવેલો છે, તેનું સૂચન છે. તે ઘણો ગંભીર એટલે ઘણો ઊંડો છે. સિદ્ધોને—સિદ્ધાત્માઓને આ ઉપમા આપવાનું કારણ એ છે કે તેઓ પોતાની આનંદમય દશામાં, આનંદઘન અવસ્થામાં એટલા મગ્ન હોય છે કે તેનું માપ કાઢી શકાય નહિ. કેટલાકે '**सागरवरगम्भीराः** નો અર્થ **सागरवरादपि गम्भीराः** એટલે સાગરવર એવા સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ વધારે ગંભીર' એવો કર્યો છે, તે પણ અહીં સંગત જ છે, કારણ કે સ્વયંભૂરણ સમુદ્રની ઊંડાઈનું માપ કાઢવા ધારીએ તો નીકળી શકે છે, પણ સિદ્ધોની આનંદઘન અવસ્થાનું માપ આપણે કાઢવા ધારીએ તો પણ કાઢી શકતા નથી.

આ ત્રણ વિશેષણોનું તાત્પર્ય એ છે કે સિદ્ધો સત્–

ચિત્-આનંદ અવસ્થામાં એટલે કે સચ્ચિદાનંદસ્વરૂપે અવસ્થિત હોય છે.

સિદ્ધા આ પદ વિશેષ્ય છે અને તે પહેલીના બહુ-વચનમાં આવેલું છે. તેનું સંસ્કૃત રૂપ સિદ્ધાઃ' છે. અહીં સિદ્ધનો અર્થ નિષ્ઠિતાર્થ કે કૃતકૃત્ય સમજવાનો છે. નિષ્ઠિ-તાર્થ એટલે જેમના સર્વ અર્થ કે પ્રયોજનો સિદ્ધ થયા છે એવા. કૃતકૃત્ય એટલે જેમને હવે કંઇ કરવાનું રહેતું નથી એવા. સામાન્ય રીતે મનુષ્યને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર વર્ગ સાધવાના હોય છે. તેમાં અર્થ અને કામની સાધના કર્યા પછી ધર્મની સાધના કરવાની રહે છે અથવા તો અર્થ અને કામની સાધના ધર્મપૂર્વક જ કર-વાની હોય છે. અને ધર્મની સાધના કર્યા પછી મોક્ષની સાધના કરવાની રહે છે અથવા તો ધર્મની સાધના મોક્ષ પ્રાપ્તિના ધ્યેય પૂર્વક જ કરવાની હોય છે, પણ મોક્ષની સાધના કર્યા પછી કોઈ વસ્તુની સાધના કરવાની રહેતી નથી, એટલે તે નિષ્ઠિતાર્થ કે કૃતકૃત્ય ગણાય છે.

સિદ્ધોની સ્થિતિ શાશ્વત સુખથી પરિપૂર્ણ હોય છે. શાસ્ત્રકારોના કહેવા મુજબ સર્વ દેવોનાં સર્વકાલનાં સમસ્ત સુખોને એકઠાં કરીને તેને અનંતવાર વર્ગના વર્ગથી ગુણ-વામાં આવે તો પણ તે સિદ્ધનાં સુખોની બરાબરી કરી શકતાં નથી. તાત્પર્યકે એ સુખ અનુપમ છે, અદ્વિતીય છે, અજોડ છે.

જૈન પરંપરામાં અરિહંતો મંગલરૂપ ગણાયા છે, તેમ સિદ્ધો પણ મંગલરૂપ ગણાયા છે; અરિહંતો લોકોત્તમ

ગણાયા છે; તેમ સિદ્ધો પણ લોકોત્તમ ગણાયા છે અને અરિહંતો શરણુ લેવા યોગ્ય ગણાયા છે, તેમ સિદ્ધો પણ શરણુ લેવા યોગ્ય ગણાયા છે, એટલે અરિહંતો અને સિદ્ધો એ બંને સરખા ઉપાસ્ય છે. તેમાં આસન્ન–ઉપકારિતાને લીધે અરિહંતોની ગણના પહેલી થાય છે અને સિદ્ધોની ગણના બીજી થાય છે, એટલો જ ફરક છે.

અરિહંતો જેમ ધર્મોપદેશ વડે આપણા પર ઉપકાર કરે છે, તેમ સિદ્ધો મોક્ષમાર્ગની અવિપ્રણાશિતાનું ભાન કરાવીને આપણા પર ઉપકાર કરે છે. તાત્પર્ય કે સિદ્ધોના સ્મરણ–વંદન–પૂજનથી આપણને મોક્ષમાર્ગની યાદ આવે છે અને તે તરફ આગળ વધવાનો ઉત્સાહ જાગે છે. તીર્થંકરો સંસાર છોડીને દીક્ષાગ્રહણ કરતી વખતે **नमो सिद्धाणं** પદ બોલીને સર્વ સિદ્ધ ભગવંતોને નમસ્કાર કરે છે, એ સિદ્ધોનો અપૂર્વ મહિમા સૂચવે છે.

આ સંયોગોમાં અરિહંતોની જેમ–તીર્થંકરોની જેમ સિદ્ધ ભગવંતોને પ્રાર્થના કરીએ તો તેમાં કશું અનુચિત નથી. વળી બધા તીર્થંકરો નિર્વાણ પછી સિદ્ધાવસ્થામાં હોય છે, એટલે એ પ્રાર્થના તેમને પણ થાય જ છે. જેમ કોઈ પર પ્રસન્ન કે નારાજ ન થનાર તીર્થંકરોને કરેલી પ્રાર્થના નિષ્ફલ જતી નથી, તેમ સકલકર્મરહિત નિરંજન નિરાકાર સિદ્ધ પરમાત્માઓને કરેલી પ્રાર્થના પણ નિષ્ફલ જતી નથી. સિદ્ધ પરમાત્માઓ નજરે દેખાય એવા નથી, માટે નિરંજન કહેવાય છે અને તેઓ કોઈ આકૃતિ–વિશેષને ધારણ કરતા

નથી, એટલે નિરાકાર કહેવાય છે. છેલ્લી મળ્યનુગતિમાં તેમના આત્મપ્રદેશો જે આકારમાં હોય, તે જ આકારમાં રહે છે, જો કે તેમાં અમુક સંકોચ થાય છે; પણ તેને આકૃતિ-વિશેષ કહી શકાય નહિ. તાત્પર્ય કે તીર્થંકરોને પ્રાર્થના કરવાની પાછળ જે સિદ્ધાંત રહેલો છે, તે જ સિદ્ધાંત સિદ્ધોને પ્રાર્થના કરવાની પાછળ રહેલો છે, એટલે તેમને પ્રાર્થના કરવી ઉચિત છે.

સિદ્ધિં–આ પદ બીજી વિભક્તિના એક વચનમાં આવેલું છે. તેનું સંસ્કૃતરૂપ 'सिद्धिम्' છે. તેનો અર્થ '**સિદ્ધિને**' એ પ્રમાણે સમજવાનો છે. સિદ્ધિની વ્યાખ્યા શાસ્ત્રકારોએ આ પ્રમાણે કરેલી છે : 'सिद्ध्यन्ति निष्ठितार्था भवन्त्यस्यां जन्तव इति सिद्धिः–' 'જ્યાં ગયા પછી જીવોને કંઇ કરવાનું પ્રયોજન બાકી રહેતું નથી, તે સિદ્ધિ.' સિદ્ધિગતિ, શિવગતિ, મુક્તિ, મોક્ષ, નિર્વાણ, પરમપદ, શિવપદ, બધા એકાર્થી શબ્દો છે.

જૈનદષ્ટિએ તો માનવજીવનનું મુખ્ય ધ્યેય જ સિદ્ધિ હોવું જોઈએ, કારણ કે તે માત્ર માનવભવમાં જ શક્ય છે. જો માનવજીવન પ્રાપ્ત કરવા છતાં આ ધ્યેય સિદ્ધ ન થયું તો ભવપરંપરા ચાલુ રહેવાની કે જે અનેક પ્રકારનાં દુઃખોથી ખદબદી રહેલી છે. તેથી સુજ્ઞજનોએ અર્થ અને કામનો મોહ છોડીને તથા ધર્માચરણમાં તત્પર બનીને સિદ્ધિના સંપાદન માટે પરમ પુરુષાર્થ કરવો જોઈએ. પ્રસ્તુત સૂત્રનું પ્રણિધાન તે માટે આપણને પ્રબલ પ્રેરણા કરે છે.

मम दिसंतु–મને આપો. આપણે चंदेसु निम्मलयरा, आईच्चेसु अहियं पयासयरा અને सागरवरगंभीरा એ ત્રણ વિશેષણો વડે સિદ્ધોનો ગુણાનુવાદ કરેલો છે, એટલે આપણને આવી પ્રાર્થના કરવાનો અધિકાર છે. આપણી આ પ્રાર્થના સફલ થાય તો આપણો બેડો પાર થઈ જાય, તેથી આ પ્રાર્થના પવિત્ર ભાવોના પૂરા બલ સાથે કરવી જોઈએ.

આ ગાથાની અર્થસંકલના નીચે પ્રમાણે સમજવી:

## અર્થસંકલના

**જેઓ સતસ્વરૂપે ચંદ્રો કરતાં પણ વધારે નિર્મલ છે, જેઓ ચિતસ્વરૂપે સૂર્યો કરતાં પણ વધારે પ્રકાશ કરનારા છે અને જેઓ આનંદ-સ્વરૂપે સ્વયંભૂરમણ સમુદ્ર કરતાં પણ વધારે ગંભીર છે, એવા સિદ્ધભગવંતો મને શાશ્વત-સુખથી પરિપૂર્ણ એવી સિદ્ધિગતિ આપો. ૭**

લોગસ્સસૂત્રની સાતેય ગાથાનો અર્થપ્રકાશ અહીં પૂરો થાય છે.

[ ૧૯ ]

## સૂત્રાર્થદર્શન

લોગસ્સસૂત્રના અક્ષરદેહથી આપણે પરિચિત થયા છીએ, તેની સંસ્કૃત છાયા પણ જાણી ચૂક્યા છીએ, તેના સામાન્ય અને વિશેષ અર્થોનો બોધ પણ કરી લીધો છે અને તેના આધારે થતી અર્થસંકલનાનો ખ્યાલ પણ મેળવી લીધો છે. **હવે મૂલસૂત્રનું અર્થ** સાથે **દર્શન** કરી લઈએ, જેથી આપણી જ્ઞાનયાત્રા સફલ થશે.

**लोगस्स उज्जोअगरे, धम्मतित्थयरे जिणे ।**
**अरिहंते कित्तइस्सं, चउवीसंपि केवली ॥ १॥**

ષડ્દ્રવ્યાત્મક ચૌદ રાજપ્રમાણ લોકનું સંપૂર્ણ સ્વરૂપ પ્રકાશનારા, સાતિશય અનુપમવાણી વડે ધર્મની અપૂર્વ દેશના દેનારા તથા ધર્મારાધનના અનન્ય આલંબનરૂપ ચતુર્વિધ શ્રી સંઘરૂપ ભાવતીર્થની સ્થાપના કરનારા, રાગ અને દ્વેષરૂપી અંતરંગ શત્રુઓને પૂરેપૂરા જિતી લેનારા તથા ચોત્રીશ અદ્ભુત અતિશયોથી યુક્ત અને અષ્ટમહા

પ્રતિહાર્ય તથા ત્રણેય લોકના નાયકો વડે પૂજાતા એવા ચોવીશે પણ અર્હંતુકેવલીઓનું હું સ્મરણ-વંદનપૂર્વક સ્તવન કરીશ. ૧

**उसभमजिअं च वंदे, संभवमभिणंदणं च सुमइं च।**
**पउमप्पहं सुपासं, जिणं च चंदप्पहं वंदे ॥ २ ॥**

શ્રી ઋષભદેવ, શ્રી અજિતનાથ, શ્રી સંભવનાથ, શ્રી અભિનંદન સ્વામી, શ્રી સુમતિનાથ, શ્રી પદ્મપ્રભસ્વામી, શ્રી સુપાર્શ્વનાથ તથા શ્રી ચંદ્રપ્રભસ્વામીને હું મન-વચન-કાયાથી વંદન કરું છું. ૨

**सुविहिं च पुप्फदंतं, सीअल सिज्जंस वासुपुज्जं च।**
**विमलमणंतं च जिणं, धम्मं संतिं च वंदामि ॥ ३ ॥**

શ્રી સુવિધિનાથ અપરનામ શ્રી પુષ્પદંત, શ્રી શીતલનાથ, શ્રી શ્રેયાંસનાથ, શ્રી વાસુપૂજ્યસ્વામી, શ્રી વિમલનાથ, શ્રી અનંતનાથ, શ્રી ધર્મનાથ અને શ્રી શાંતિનાથને હું મન વચન-કાયાથી વંદન કરું છું. ૩

**कुंथुं अरं च मल्लिं, वंदे मुणिसुव्वयं नमिजिणं च।**
**वंदामि रिट्ठनेमिं, पासं तह वद्धमाणं च ॥ ४ ॥**

શ્રી કુંથુનાથ, શ્રી અરનાથ, શ્રી મલ્લિનાથ, શ્રી મુનિસુવ્રતસ્વામી, શ્રી નમિનાથ, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ તથા શ્રી મહાવીરસ્વામીને હું મન-વચન-કાયાથી વંદન કરું છું. ૪

**एवं मए अभिथुआ, विहुय-रय-मला पहीण-जर मरणा।**
**चउवीसं पि जिणवरा, तित्थयरा मे पसीयंतु ॥ ५ ॥**

આ રીતે મારા વડે અભિમુખભાવે વંદાયેલા–સ્તવાયેલા, સર્વ કર્મોનો નાશ કરનારા, અજરામર–અવસ્થાને પ્રાપ્ત થયેલા, તથા જિનવરની ઉત્તમ ખ્યાતિને પામેલા એવા ચોવીશે પણ તીર્થંકરો મારા પર પ્રસન્ન થાઓ. ૫

**कित्तिय-वंदिय-महिया, जे ए लोगस्स उत्तमा सिद्धा।**
**आरुग्ग-बोहिलाभं, समाहिवरमुत्तमं दिंतु ॥ ६ ॥**

જેઓ આ જગતના સર્વથી ઉત્તમ સિદ્ધ પુરુષો તરીકે વચન વડે સ્તવાયેલા છે, કાયા વડે વંદાયેલા છે અને મનઃ તથા વિવિધ દ્રવ્યો વડે પૂજાયેલા છે, તેઓ મને શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય, દેવ–ગુરુ–ધર્મ સંબંધી સમ્યગ્દૃષ્ટિ અને શ્રેષ્ઠ સમાધિમરણ આપો. ૬

**चंदेसु निम्मलयरा, आइच्चेसु अहियं पयासयरा।**
**सागरवरगंभीरा, सिद्धा सिद्धिं मम दिसंतु ॥ ७ ॥**

જેઓ સત્‌સ્વરૂપે ચંદ્રો કરતાં પણ વધારે નિર્મલ છે, ચિત્‌સ્વરૂપે સૂર્યો કરતાં પણ અધિક પ્રકાશ કરનારા છે અને આનંદસ્વરૂપે સ્વયંભૂરમણસમુદ્ર કરતાં પણ વધારે ગંભીર છે, એવા સિદ્ધ ભગવંતો મને શાશ્વત સુખથી પરિપૂર્ણ એવી સિદ્ધિગતિ આપો. ૭

[ ૨૦ ]

## ભવ્ય ભક્તિસૂત્ર

લોગસ્સ એક ભવ્ય ભક્તિસૂત્ર છે, તેની પાઠકમિત્રોને પૂર્ણ પ્રતીતિ થાય, તે માટે અહીં તેનો સમીક્ષાત્મક પરિચય આપીશું.

'જૈન ધર્મમાં પ્રભુભક્તિ, ઇશ્વરભક્તિ કે પરમત્માની ભક્તિને સ્થાન છે ખરું ?' તેનો ઉત્તર આ સૂત્ર પરથી સાંપડે છે. જૈન ધર્મ પ્રભુ, ઇશ્વર કે પરમાત્માસ્વરૂપ પોતાના ઇષ્ટદેવની ભક્તિમાં માને છે, તેથી જ તેમાં આ પ્રકારનું સૂત્ર રચાયું છે અને તે જેના માથે જિનશાસન ચલાવવાનો સઘળો ભાર રહેલો છે, એવા ગણધર ભગવંતોએ રચેલું છે, એટલે જૈનધર્મના ભક્તિવિષયક વલણ અંગે કોઈ પણ પ્રકારની શંકા કરવા જેવું નથી.

કેટલાક કહે છે કે 'જૈનો ભક્તિમાં તો માને છે, પણ તેમણે એનો જેટલો વિકાસ કરવો જોઈએ, તેટલો કર્યો નથી, અર્થાત્ તેને યોગની કોટિએ પહોંચાડયો નથી.' પરંતુ

આ કથન સાચી પરિસ્થિતિ સમજ્યા વિનાનું છે. જૈનોએ ભક્તિના સ્વરૂપનો સુંદર વિકાસ કરેલો છે અને તેને પ્રશસ્ત પ્રણિધાન દ્વારા યોગનું સ્વરૂપ આપી, તેની મુક્તિમાર્ગના એક સુંદર અને સબલ સાધન તરીકે પ્રતિષ્ઠા કરેલી છે. જે સાધન કે ક્રિયાનું અંતિમ ફલ મુક્તિ, મોક્ષ કે પરમ-પદની પ્રાપ્તિ ન હોય, તેનો જૈન ધર્મ સ્વીકાર કરતો નથી, એ વાત લક્ષ્યમાં રાખવી ઘટે.

જૈન ધર્મ કહે છે કે પૃથ્વી, સરોવર, સાગર, નદી, કુંડ, પવન, અગ્નિ, ચંદ્ર કે સૂર્યની ભક્તિ કરવી, એ રેતીમાંથી તેલ કાઢવા જેવો વ્યર્થ પરિશ્રમ છે, કારણ કે એ ભક્તિ આત્મકલ્યાણનું–મુક્તિનું સાધન બની શકતી નથી. તેજ રીતે અજ્ઞાની, અપૂર્ણ કે વિષયી વ્યક્તિઓની ભક્તિ કરવી, એ રંક પાસેથી રત્નોનો ઢગલો માગવા જેવો હાસ્યાસ્પદ પ્રયાસ છે. જો સિંહને શીંગડા ઉગે, સમુદ્રનું સમસ્ત જલ મીઠું બની જાય અને સૂર્ય પશ્ચિમમાં ઉગવા લાગે તો જ ગુણહીન પાસેથી ગુણની આશા રાખી શકાય. તાત્પર્ય કે પવિત્રતા, પ્રકાશ અને દિવ્ય જીવનની આશા રાખનારે તો તેવાજ ગુણોને પરાકાષ્ઠાએ પહોંચાડનાર પરમ આત્માની–પરમાત્માની ભક્તિ કરવી જોઈએ, પછી તે ગમે તે નામ કે સંજ્ઞાથી ઓળખાતા હોય. તે માટે શ્રી હરિભદ્રસૂરિનાં નિમ્ન વચનો પ્રસિદ્ધ છે:

**यस्य निखिलाश्च दोषा न सन्ति सर्वे गुणाश्च विद्यन्ते ।**
**ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥**

'જેનામાં કોઈ દોષ રહ્યા નથી અને સર્વે ગુણો વિદ્યમાન છે, તે બ્રહ્મા, વિષ્ણુ, મહેશ કે જિન ગમે તે નામથી ઓળખાતા હોય, તેમને મારા નમસ્કાર હો.'

તાત્પર્ય કે જેની ભક્તિ–ઉપાસના–આરાધના કરવામાં આવે તે દોષરહિત અને સર્વગુણસંપન્ન હોવા જોઈએ. જૈન દૃષ્ટિએ અરિહંત અને સિદ્ધ પરમાત્મા એ બે જ આ પ્રકારની વ્યક્તિઓ છે, એટલે તેણે અરિહંત અને સિદ્ધ પરમાત્માનો ઉપાસ્ય દેવ તરીકે સ્વીકાર કર્યો છે અને તેમની ભક્તિ કરવામાં જીવનની સાર્થકતા માની છે. લોગસ્સસૂત્રમાં આ બંનેની ભક્તિનો નિર્દેશ થયેલો છે.

કેટલાક એમ માને છે કે આ લોક, વિશ્વ, બ્રહ્માંડ, જગત્ કે દુનિયા ઈશ્વરની કૃતિ છે અને તેનું સંચાલન પણ તે જ કરે છે. વળી સમય આવ્યે તેનો સંહાર પણ તેજ કરશે, માટે તેની એકની જ ઉપાસના કરવી જોઈએ.' પરંતુ જૈન તત્ત્વજ્ઞોએ તેની ઊંડી આલોચના કર્યા પછી જાહેર કર્યું છે કે 'આ માન્યતા સુધારવા જેવી છે, કારણકે આ લોક અથવા વિશ્વ તો સ્વયંસંચાલિત તંત્ર છે. એટલે કે તે કોઈની રચના નથી કે કોઈ દ્વારા સંચાલિત નથી. વળી તેનો સર્વસંહાર પણ શક્ય નથી, એટલે એક ઈશ્વરની વાત બાજુએ રાખી, જેમણે યુગે યુગે ધર્મનો પ્રકાશ કર્યો છે અને એ રીતે માનવજાતિનો ઉદ્ધાર કર્યો છે, એવા અર્હતોની ઉપાસના કરવી, એ જ ઇષ્ટ છે. આ માન્યતાથી પ્રેરાઈને આ સૂત્રમાં ચોવીશ મહાન અર્હતો કે જેમણે

ત્રીજા આરાના છેહાથી માંડીને ચોથા આરાના છેડા સુધી ધર્મપ્રવર્તનનું ભગીરથ કાર્ય કર્યું છે, તેમની ભક્તિ કીર્તન–સ્તવન દ્વારા કરવાનું એલાન કર્યું છે.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે જૈનોએ સૈદ્ધાંતિક દૃષ્ટિએ તો સર્વકાલના અને સર્વક્ષેત્રના અર્હંતોને સરખાજ ઉપાસ્ય માનેલા છે. તે અંગે શ્રી હેમચંદ્રાચાર્યે કહ્યું છે કે–

सकलार्हत्–प्रतिष्ठानमधिष्ठानं शिवश्रियः ।
भूर्भुवः–स्वस्त्रयीशानमार्हन्त्यं प्रणिदध्महे ॥

'જે સર્વ અરિહંતોમાં રહેલું છે, જે લક્ષ્મીનું નિવાસસ્થાન છે તથા જે પાતાલ, મર્ત્યલોક અને સ્વર્ગ-લોકપર સંપૂર્ણ પ્રભુત્વ ધરાવે છે, તે આર્હન્ત્યનું–અરિહંતપણાનું અમે ધ્યાન ધરીએ છીએ.'

नामाऽऽकृति–द्रव्य–भावैः पुनतस्त्रिजगज्जनम् ।
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे ॥

'જેઓ સર્વક્ષેત્રમાં અને સર્વકાલમાં નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવવડે ત્રણેય જગતના લોકોને પવિત્ર કરી રહેલા છે, તે અર્હંતોની અમે સમ્યગ્ ઉપાસના કરીએ છીએ.'

તાત્પર્ય કે અરિહંતમાં જે અરિહંતપણું છે, તે જ તેમની ઉપાસનાનું મુખ્ય કારણ છે, તેથી તે ગમે તે કાળમાં થયા હોય કે ગમે તે ક્ષેત્રમાં થયા હોય, પણ અમારે માટે સરખા ઉપાસ્ય છે. તેમની નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપો વડે ઉપાસના કરવાથી પવિત્રતાની પ્રાપ્તિ

થાય છે, તેથી અમે એ ચાર નિક્ષેપો વડે તેમની ઉપાસના કરીએ છીએ.

અહીં ચોવીશ અર્હંતોની ભક્તિનું જે એલાન છે, તે ભરતક્ષેત્ર અને અવસર્પિણીકાલની અપેક્ષાએ સમજવાનું છે. તેમની પછી આ ભરતક્ષેત્રમાં કોઈ અર્હંતો થયા નથી, એટલે તેઓ આપણા આસન્ન ઉપકારી છે અને એ રીતે આપણે તેમની ખાસ ભકિત કરવાની છે.

આ અર્હંતોની ઓળખાણ તેમના ચાર મૂલ ગુણો કે ચાર મૂલાતિશયો વડે થાય છે, એટલે સૂત્રના પ્રારંભમાં તેમના આ ચાર ગુણો સૂચવતાં ચાર વિશેષણો મૂકવામાં આવ્યાં છે. બધા અર્હંતો જ્ઞાનાતિશયથી યુક્ત હોય છે, એટલે કે કેવલજ્ઞાન અને કેવલદર્શન પામી સર્વજ્ઞ તથા સર્વદર્શી બને છે અને તેથી સમસ્ત લોક કે અખિલ બ્રહ્માંડનું પૂરેપૂરું રહસ્ય જાણી શકે છે. આજના મહાન વૈજ્ઞાનિકો કે જેઓ અનેક શોધ-ખોળોનો દાવો કરે છે, તેઓ પણ હજી સુધી સમસ્તલોક કે અખિલ બ્રહ્માંડનો પૂરો ભેદ જાણી શક્યા નથી અને પોતાની સ્થિતિ સાગર-કિનારે છીપલા વીણતા મનુષ્ય જેવી માને છે. આ રીતે તો આ અર્હંતોને આપણે વિજ્ઞાનશિરોમણિ જ કહેવા જોઈએ. તેમણે કોઈ પણ પ્રયોગશાલાનો આશ્રય લીધા વિના ષડ્-દ્રવ્યોનું જે વર્ણન કર્યું છે, તે ખરેખર! અદ્ભુત છે. તેમણે ઉત્પાદ્, વ્યય અને ધ્રૌવ્યયુકત સત્‌ની જે વાત કરી છે, તે તેમની ઋતંભરા વિશ્વપ્રજ્ઞાનો પ્રબલ પુરાવો છે. તેમણે

પ્રરૂપેલો સ્યાદ્વાદ અને નયવાદ તેમની સમભાવભરી વિશાલ દૃષ્ટિનું પુષ્ટ પ્રમાણ પૂરું પાડે છે. જો અર્હંતોમાં જ્ઞાનાતિશય ન હોય–સર્વજ્ઞતા અને સર્વદર્શિતા ન હોય, તો આ બધું સંભવિત જ નથી. लोगस्स उज्जोअगरे એ બે શબ્દો પરનું ચિંતન આપણને આ વસ્તુનો વિશદ ખ્યાલ આપે છે.

બધા અર્હંતો વચનાતિશયથી યુક્ત હોય છે, એટલે કે તેમનાં વચનોમાં–તેમની વાણીમાં અદ્ભુત શક્તિ હોય છે, તેથી તેમને જે કંઈ કહેવું હોય તે અપૂર્વ અદ્ભુત છટાથી કહી શકે છે અને લાખો લોકોનાં દિલ ડોલાવી શકે છે. તેમનાં ધાર્મિક પ્રવચનો સાંભળવા માટે લોકોની જબ્બર મેદની જમા થાય છે. તેનું આકર્ષણ એટલું મોટું હોય છે કે પશુ–પક્ષીઓ તથા દૈવી તત્ત્વો પણ એ પ્રવચનો સાંભળવા આવી પહોંચે છે. લોકો ધર્મના રસ્તે ચડે, ધર્મના માર્ગે આગળ વધે અને ધર્મારાધનની પરાકાષ્ઠાએ પહોંચી મોક્ષની પ્રાપ્તિ કરે, એ એમના પ્રવચનનો એકમાત્ર હેતુ હોય છે. તેમની ભાષા સરલ છતાં સચોટ હોય છે, તેમની દલીલો તરત ગળે ઉતરી જાય એવી હોય છે અને તેમણે કરેલું વિષયનું પ્રતિપાદન એટલું સારગર્ભિત હોય છે કે તેમાંથી નવું નવું જાણવાનું મળ્યા જ કરે. પરંતુ તેમના પ્રવચનોની સહુથી મોટી વિશેષતા તો એ હોય છે કે તે લોકોની મોહનિદ્રા ઝડપથી ઉઠાડી દે છે અને તેમના અંતરમાં વૈરાગ્યની ભરતી કરી દે છે. તેથી અનેક સ્ત્રીપુરુષો

સંયમસાધનાના માર્ગે સંચરે છે કે ગૃહસ્થ જીવનમાં રહેવા છતાં યથાશક્ય સંયમની આરાધના કરે છે. તેમાંથી જ તેઓ એક સંઘશક્તિ ઉભી કરે છે, જે ધર્મારાધનમાં ઘણી ઉપયોગી થાય છે. આ સંઘશકિતને તીર્થ કહેવામાં આવે છે, કારણ કે તે સંસારસાગર તરવામાં સહાયભૂત થાય છે. તેથી જ લોકો તેમને ધર્મતીર્થંકર કે તીર્થંકર તરીકે ઓળખે છે અને તેમના પ્રત્યે આંતરિક શ્રદ્ધા-ભક્તિ-બહુ-માન વ્યક્ત કરે છે. તાત્પર્ય કે તેઓ મહાજ્ઞાની હોવા ઉપ-રાંત ધર્મનો વિશાલ પાયે પ્રચાર કરનારા પણ હોય છે અને તે માટે જોઈતી સંઘશક્તિના નિર્માતા પણ હોય છે.

બધા અર્હંતો અપાયાપગમાતિશયથી યુક્ત હોય છે, એટલે કે અપાયોનો-કષ્ટોનો અપગમ કરવાની અદ્ભુત શક્તિ ધરાવતા હોય છે. પ્રથમ તેઓ રાગ અને દ્વેષરૂપી બે મહાન આંતરિક અપાયોનો અપગમ કરે છે, એટલે કે તેનો નાશ કરે છે અને જિન કે વીતરાગદશા પ્રાપ્ત કરે છે.એ જ વખતે તેમને કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત થાય છે અને તેમની આસપાસની સવાસો યોજન જેટલી ધરતીમાંથી રોગ, વૈર, તથા ઈતિ-ભીતિઓરૂપી બાહ્ય અપાયોનો અપગમ એટલે નાશ થવા લાગે છે. તે પરથી લોકો સમજી જાય છે કે નક્કી આટલામાં કોઈ જિનબાબા-જિનમહાર્ષિ-જિન-ભગવંત વિચરતા હોવા જોઇએ, અન્યથા એકાએક આવી ઘટનાઓ બને નહિ. પછી તેમના દર્શન-સમાગમસમયે પણ કેટલાક ચમત્કારો જોવામાં આવે છે, એટલે તેમની ખાતરી થાય છે કે નક્કી આ બધા ચમત્કારો જિનભગવંતની દિવ્ય

વિભૂતિનું જ પરિણામ છે. પરંતુ અહીં એક વસ્તુ અવશ્ય નોંધવા જેવી છે કે અર્હત્ ભગવંતો પોતે કોઈ પણ પ્રકારનો ચમત્કાર બતાવીને લોકોને ધર્મ પમાડતા નથી. તેઓ પોતાના પ્રભાવશાળી પ્રવચનોવડે લોકોની અનેક જાતની શંકાઓ દૂર કરે છે, તેમને ધર્મનો સાચો મર્મ સમજાવે છે અને એ રીતે તેમના અંતરનો પલટો કરીને તેમને ધર્મ પમાડે છે. ધર્મપ્રચારની આ સાચી અહિંસક રીત છે અને તેનાં દર્શન તેમની ધર્મપ્રચારક પ્રવૃત્તિમાં અવશ્ય થાય છે. તાત્પર્ય કે અર્હંતો મહાજ્ઞાની અને અદ્‌ભુત વકતા હોવા ઉપરાંત જ્યાં જાય ત્યાં શાંતિ–આનંદ–મંગલ પ્રવર્તાવનારા પણ હોય છે.

બધા અર્હંતો પૂજાતિશયથી યુક્ત હોય છે, એટલે કે તેઓ જ્યાં જાય ત્યાં લોકો વડે પૂજાય છે અને દેવો પણ તેમની પૂજા અર્થે અષ્ટમહાપ્રતિહાર્યની રચના કરે છે. અન્ય શબ્દોમાં કહીએ તો જે આદર–સત્કાર મહાન સમ્રાટો કે ચક્રવર્તીઓનો થતો નથી, તે આદર–સત્કાર અર્હંતોનો થાય છે અને તેમાં અંતરનો ઉમળકો હોય છે. પરમ પવિત્રતા અને પ્રકૃષ્ટ પરોપકારપરાયણતાને કારણે તેમના પ્રત્યે લોકોના મનમાં આવો ઉત્કૃષ્ટ આદર ભાવ જાગે છે અને આ રીતે અર્હત્‌પદ સાર્થક થાય છે. તાત્પર્ય કે અર્હંતો મહાજ્ઞાની, અદ્‌ભુત વકતા અને સર્વત્ર આનંદ–મંગલ પ્રવર્તાવનારા હોવા ઉપરાંત અત્યંત પૂજ્ય પણ હોય છે.

અહીં એ પણ જાણી લેવું જરૂરનું છે કે અર્હંતો

અઢાર દોષથી રહિત હોય છે. તે અંગે શ્રી હેમચંદ્રાચાર્યે **અભિધાનચિંતામણિકોષ**–દેવાધિદેવકાંડમાં જણાવ્યું છે કે—

अन्तराया दान–लाभ–वीर्य–भोगोपभोगगा: ।
हासो रत्यरती भीतिर्जुगुप्सा शोक एव च ॥
कामो मिथ्यात्वमज्ञानं निद्रा चाविरतिस्तथा ।
रागो द्वेषश्च नो दोषास्तेषामष्टादशाप्यमी ॥

'(૧) દાનાન્તરાય, (૨) લાભાન્તરાય, (૩) વીર્યાન્તરાય, (૪) ભોગાન્તરાય, (૫) ઉપભોગાન્તરાય, (૬) હાસ્ય, (૭) રતિ, (૮) અરતિ, (૯) ભય, (૧૦) જુગુપ્સા, (૧૧) શોક, (૧૨) કામ, (૧૩) મિથ્યાત્વ, (૧૪) અજ્ઞાન, (૧૫) નિદ્રા, (૧૬) અવિરતિ, (૧૭) રાગ અને (૧૮) દ્વેષ–આ અઢાર દૂષણો શ્રી અરિહંતદેવમાં હોતાં નથી.' તાત્પર્ય કે તેઓ સર્વ દોષથી રહિત હોય છે.

આ રીતે અર્હતો સર્વદોષોથી રહિત અને સર્વગુણ સંપન્ન હોવાથી તેમની ભક્તિ–ઉપાસના–આરાધના કરવી યોગ્ય છે. તેનાથી આપણા દોષો દૂર થાય છે અને ગુણોની વૃદ્ધિ થાય છે.

આ અર્હતોની ભક્તિ સ્મરણ–વંદન અને ગુણાનુવાદ એટલે સ્તવન વડે કરવાની છે, તેનો નિર્દેશ **कित्तइस्सं** પદ વડે થયેલો છે. વળી **પાંચમી** ગાથામાં **अभिथुआ** શબ્દનો પ્રયોગ છે, તે એમ બતાવે છે કે આ સ્મરણ, વંદન અને

પૂજન અભિમુખભાવે થવા જોઈએ, એટલે કે અર્હંતો આપણી સન્મુખ સાક્ષાત્ બેઠા છે, એમ સમજીને જ આ ત્રિવિધ ક્રિયા કરવી જોઈએ.

પ્રથમ અર્હંતનું નામ લેવું, એ તેમનું સ્મરણ છે અને પછી તેમને ઉદ્દેશીને પ્રણામ કરવા, નમસ્કાર કરવા, વંદના કરવી, એ વંદન છે. આ વંદન માત્ર કાયાથી નહિ પણ વચનથી અને મનથી પણ થવું જોઈએ. વંદનને લગતા શબ્દો ખૂબ ભાવથી બોલીએ, એટલે વચનથી અને મનથી પણ વંદન થયું ગણાય છે. જો વંદનને લગતા શબ્દો બોલીએ પણ તેમાં ભાવ ન હોય તો એ માત્ર વાચિક વંદન કહેવાય. અહીં ભાવથી વંદનીય પ્રત્યેનો પૂજ્યભાવ સમજવાનો છે. તાત્પર્ય કે જ્યારે આપણે અર્હંતોને બે હાથ જોડીને તથા મસ્તક નમાવીને અથવા તો પંચાંગપ્રણિ-પાત દ્વારા વંદન કરતા હોઈએ, ત્યારે તેને લગતા શબ્દો પ્રકટ કે મનમાં બોલવા જોઈએ અને એ જ વખતે વંદનીય પ્રત્યે પ્રકૃષ્ટ પૂજ્યભાવ પણ લાવવો જોઈએ. માત્ર કાયાથી થતું વંદન, માત્ર વચન વડે થતું વંદન કે માત્ર કાયા અને વચન વડે થતું વંદન, એ પૂર્ણ વંદન નથી, જ્યારે તેમાં માનસિક વંદન ભળે, ત્યારે જ તે પૂર્ણતા પામે છે, એટલે કે પૂર્ણ વંદનનું સ્વરૂપ ધારણ કરે છે અને ભક્તિનું એક પ્રશસ્ત અંગ બને છે.

શાસ્ત્રકારોએ કાયિક અને વાચિક વંદનની ગણના દ્રવ્યવંદનમાં છે અને માનસિક વંદનની ગણના ભાવવંદનમાં કરી છે. તેમાં દ્રવ્યવંદન કરતાં ભાવવંદનનું

ફલ ઘણું વધારે બતાવ્યું છે, પણ તેનો અર્થ એ નથી કે દ્રવ્યવંદન જરૂરનું નથી. બે વંદનની સરખામણીમાં ભાવ વંદન ચડે, એમ કહેવાનો જ તેમનો આશય છે. સામાન્ય લોકો તો પહેલા દ્રવ્યવંદન જ કરે છે અને પછી ભાવવંદન સુધી પહોંચે છે, એટલે દ્રવ્યવંદનને ઓછું ફલદાયી ગણીને તેનો ત્યાગ કરવામાં આવે તો સુવિહિત વ્યવહારનો લોપ થાય અને વંદનને લગતી પ્રવૃત્તિ લગભગ બંધ પડી જાય, એટલે દ્રવ્યવંદન અને ભાવવંદન બંને જરૂરી છે. સુજ્ઞજનોએ દ્રવ્યવંદનમાંથી ભાવવંદન પ્રત્યે આવવાનો પ્રયત્ન કરવો જોઈએ, જેથી વંદનનું યથાર્થ ફલ પામી શકાય.

જો વંદનની ક્રિયાનો વિકાસ કરી તેને પરાકાષ્ઠાએ પહોંચાડવામાં આવે તો તેનાથી મોક્ષની પ્રાપ્તિ થઈ શકે છે. આ સંબંધમાં **સિદ્ધાણં-બુદ્ધાણં-સૂત્ર**ની નિમ્ન ગાથાનું નિરીક્ષણ ઉપયોગી થઈ પડશેઃ

**इक्को वि नमुक्कारो, जिणवर-वसहस्स वद्धमाणस्स ।**
**संसारसागराओ, तारेइ नरं व नारिं वा ॥**

'જિનવરોમાં ઉત્તમ એવા શ્રી મહાવીર સ્વામીને કરાયેલો એક જ નમસ્કાર પુરુષ કે સ્ત્રીને સંસારસાગરમાંથી તારે છે.'

આમાં થોડું રહસ્ય છે. તે નહિ જાણનાર જિજ્ઞાસુજન વિચારમાં પડે છે કે 'શું ભગવાન મહાવીરને એક

નમસ્કાર કરવાથી સંસારસાગરને તરી શકાય ખરો?' પરંતુ અહીં જે નમસ્કારની વાત છે, તે સામાન્ય નમસ્કારની નહિ, પણ સામર્થ્યયોગના નમસ્કારની વાત છે, એટલે કે જે પુરુષ અથવા સ્ત્રી મન-વચન-કાયાના પૂર્ણ પ્રણિધાનપૂર્વક શ્રી મહાવીર સ્વામીને અથવા તો કોઈ પણ અર્હતને નમસ્કાર કરે, તો તે સંસારસાગર તરી જાય છે.

તાત્પર્ય કે સ્મરણ અને વંદનને ભક્તિની એક ભવ્ય ક્રિયા સમજીને આપણે તેનો આશ્રય લેવાનો છે.

આ સ્મરણ-વંદન કયા ક્રમે કરવું, તે સૂત્રની બીજી ત્રીજી અને ચોથી ગાથામાં બતાવેલું છે, એટલે આપણે એ ક્રમને અનુસરવાનો છે અને એક પછી એક અર્હતને તેમના નામસ્મરણ પૂર્વક મન-વચન-કાયાથી વંદન કરવાનું છે. જો આ વખતે આપણી સામે ચોવીશ જિનનો પટ હોય તો અભિમુખભાવ સહેજે આવે છે, અન્યથા કલ્પનાના બળે એ ભાવ ઉત્પન્ન કરવો પડે છે. છેલ્લાં વીશ-પચીશ વર્ષથી અમે નિત્યપૂજનમાં ચોવીશજિનના પટનું માંત્રિક પૂજન કરીએ છીએ, એટલે કે દરેકનો નમસ્કારસૂચક મંત્ર બોલીને તેમનું વાસક્ષેપ વડે પૂજન કરીએ છીએ, તેમાં અમને અવનવા અનુભવો થયેલા છે. ખાસ કરીને મનનો વિષાદ દૂર કરવામાં અને તેને પ્રસન્ન બનાવવામાં તે ચમત્કારિક અસર બતાવે છે. 'ચિત્તપ્રસન્ને રે પૂજનફલ કહ્યું' એ શ્રીમદ્ આનંદઘનજીની પ્રસિદ્ધ પંક્તિને અમે આ રીતે સાકાર થતી જોઈ છે. અને અહીં એ પણ જણાવી દઈએ કે-

उपसर्गाः क्षयं यान्ति, छिद्यन्ते विघ्नवल्लयः ।
मनः प्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे ॥

આ શ્લોકમાં અમે પૂરેપૂરા શ્રદ્ધાન્વિત છીએ તેનો અર્થ સ્પષ્ટ છે : 'શ્રી જિનેશ્વર દેવને પૂજવાથી બધા ઉપસર્ગો નાશ પામે છે, વિઘ્નરૂપી વેલડીઓ છેદાઈ જાય છે અને મન પ્રસન્નતાને પામે છે.'

આ તેનાં સ્વાભાવિક ફલો છે, એટલે તે માટે આપણે ઇચ્છા કે સંકલ્પ કરવાનો રહેતો નથી. મૂલ વાત એ છે કે આપણે જિનભગવંતનું પવિત્ર ભાવે પૂજન કરવું જોઈએ અને તે વખતે સાંસારિક-વ્યાવહારિક કોઈ વિચાર આવવા દેવો ન જોઈએ.

એક પાઠકમિત્ર કહે છે કે 'આ જ વસ્તુ મુશ્કેલ છે. જ્યાં અમે પ્રભુની પૂજામાં બેસીએ છીએ, ત્યાં ભળતાજ વિચારો આવવા લાગે છે અને તે અમારી પૂજા ડહોળી નાખે છે. અમે મનથી સંકલ્પ કર્યો હોય કે આજે તો કોઈ વિચાર આવવા દેવો જ નહિ, તો તે વધારે જોરથી આવે છે. આ સંયોગોમાં અમારે શું કરવું જોઈએ ?' તેનો ઉત્તર એ છે કે 'જે વસ્તુમાં આપણને રસ ( Interest ) જાગે, તે વસ્તુમાં આપણું મન જલ્દી પરોવાઈ જાય છે, એટલે આપણને જિનભક્તિમાં અને ખાસ કરીને અર્હત્‌ના પ્રશમરસ-નિમગ્ન સ્વરૂપમાં ખૂબ રસ જાગવો જોઈએ, જેથી તેનું

દર્શન થતાં જ આપણું મન તેમાં પરોવાઈ જાય અને તલ્લીન થવા લાગે. એ સ્થિતિ ઉત્પન્ન થતાં મનમાં વિચારો આવશે નહિ. છતાં બીજા વિચારો આવવા લાગે તો ત્યાં અર્હંતના ગુણો વિચારવાનું શરૂ કરી દેવું, એટલે બીજા વિચારો અટકી જશે. મુખ્ય વાત તો એ છે કે ચિત્તની સ્થિતિ અત્યંત વિક્ષિપ્ત હોવાથી જ પ્રભુપૂજાના સમયે બીજા વિચારો આવે છે, એટલે એ વિક્ષિપ્ત સ્થિતિ દૂર કરવા કે ઘટાડવા પ્રયત્નો કરવા જોઈએ. જો પ્રવૃત્તિઓ ઘણી હશે અને તેની જવાબદારીઓ માથે હશે તો ચિત્તનો વિક્ષેપ ઓછો નહિ થાય, તેથી ખરી જરૂર એ એ પ્રવૃત્તિઓ ઘટાડવાની અને માથે રહેલી જવાબદારીઓ ઓછી કરવાની છે.

ભગવાન મહાવીરે શ્રાવકોને માટે પરિગ્રહપરિમાણ-વ્રત નિર્માણ કર્યું, તેનો મુખ્ય હેતુ એ હતો-છે કે જો ધન-સંપત્તિની ઈચ્છા મર્યાદિત હશે, તો મન જલ્દી કાબૂમાં આવશે અને તેનો ઉપયોગ ધાર્મિક-આધ્યાત્મિક વિકાસ માટે કરી શકાશે. આજે તો જેની પેઢી કે ઓફિસમાં પાંચ-સાત ટેલીફોનો હોય અને એક મૂકે ત્યાં બીજો અને બીજો મૂકે ત્યાં ત્રીજો લેવાતો હોય કે એકને બાજુ રાખી બીજા સાથે વાત કરાતી હોય, તેને ધનવાન અને પ્રતિષ્ઠિત સમજવામાં આવે છે, પણ તેમની આંતરિક હાલત કૂતરાના કાનમાં કીડા પડયા જેવી હોય છે, એટલે કે મનથી તેમને કોઈ વાતનું ચેન હોતું નથી. જ્યાં ઈચ્છાઓ અમર્યાદિત હોય

અને પ્રવૃત્તિઓ પર કોઈ જાતનો અંકુશ ન હોય, ત્યાં મનને ચેન ક્યાંથી હોય? આ સ્થિતિમાં તેઓ અનિદ્રા, રક્તચાપ (બ્લડપ્રેશર), મીઠીપેશાબ અને હૃદયરોગ જેવા જાલિમ રોગોના ભોગ થઇ પડે છે અને છેવટે ડોક્ટરોના આપેલા દવાના ડોઝ કે ઇંજેકશનો પર જ જીવવું પડે છે. તાત્પર્ય કે અમર્યાદિત ઇચ્છા એ આજના યુગનું મોટામાં મોટું દૂષણ છે અને તે લાખો-ક્રોડો મનુષ્યોના જીવન બરબાદ કરી રહેલ છે, એટલે જેને સુખ-શાંતિ-આનંદ-પ્રસન્નતા જોઇતા હોય તેણે પરિગ્રહપરિમાણ અને સંતોષ તરફ વળવું જોઇએ અને પોતાના સમયનો અમુક ભાગ તો ભગવાનની ભક્તિ કરવામાં જ ગાળવો જોઈએ.

એક શ્રીમંત બહેનને બ્લડપ્રેશરની ભારે બિમારી હતી. તેઓ દવા કરીને થાકયા હતા, એવામાં અમારો મેળાપ થયો. અમે તેમની હકીકત જાણી અને તેમને રોજ કલાકથી દોઢકલાક શાંત ચિત્તે જિનભગવંતની ભક્તિ કરવાનું જણાવ્યું. તે માટે અમે કેટલોક વિધિ પણ બતાવ્યો, તેમાં એમને રસ પડયો અને તેમણે જિનભક્તિમાં બેસવાનું ચાલુ કરી દીધું. માત્ર એક મહિનાના આ પ્રયોગથી તેમનું બ્લડપ્રેશર નોર્મલ થઈ ગયું, એટલે કે ઉમરના પ્રમાણમાં જેટલું જોઈએ તેટલું જ રહેવા લાગ્યું અને તેથી તેમને તથા તેમના કુટુંબીજનોને ખૂબ આનંદ થયો. વિધિપૂર્વક જિન-ભક્તિ કરવાથી આરોગ્યની પ્રાપ્તિ થાય છે, એ બાબતનું અમને એક વધારે પ્રમાણ મળ્યું, તેથી અમે પણ ખુશી થયા.

તાત્પર્ય કે જિન ભગવંતની ભક્તિનિમિત્તે સ્મરણ, વંદન તથા પૂજનની જે ક્રિયા કરવામાં આવે, તે અભિમુખ ભાવે અને ચિત્તના પ્રણિધાનપૂર્વક કરવી જોઇએ.

સ્મરણ–વંદન–પૂજન પછી ગુણાનુવાદ અર્થાત્ સ્તુતિ-સ્તવનનો અધિકાર છે, એટલે સારભૂત સુંદર શબ્દો વડે તેમની સ્તુતિ–સ્તવના કરવી જોઇએ. જો આ સ્તુતિ–સ્તવનામાં પ્રાર્થનાનો ભાવ આવે તો અર્હત્ સ્વામી છે અને આપણે તેમના સેવક છીએ, એ વાતનું દૃઢીકરણ થાય, જે ભક્તિના માર્ગે આગળ વધવામાં ઘણું ઉપયોગી છે, તેથી હવે પછીની ત્રણ ગાથાઓમાં અર્હતોના સ્તવન સાથે પ્રાર્થના પણ ગુંથી લેવામાં આવી છે.

કેટલાક કહે છે કે, 'અર્હત્‌ની વીતરાગતા જોતાં જૈન-ધર્મમાં પ્રાર્થનાને સ્થાન હોઈ શકે નહિ. પ્રાર્થનામાં તો કોઈ પણ વસ્તુ માગવાની હોય છે, અને તે મળે તો જ ભક્તનો આત્મા રાજી થાય છે, સંતોષ અનુભવે છે; જ્યારે વીતરાગ તો ગમે તેટલી પ્રાર્થના કરવા છતાં પ્રસન્ન થતા નથી કે કોઈ વસ્તુ આપતા નથી, એટલે તેમને પ્રાર્થના કરવી ઉચિત નથી–પરંતુ જૈન ધર્મમાં વીતરાગને પ્રાર્થના થતી આવી છે અને આજે પણ થાય છે, કારણ કે તેમને સાચા હૃદયે કરેલી પ્રાર્થના કદી નિષ્ફલ જતી નથી, એટલે કે તેનું ફલ આવશ્ય મળે છે. આ ફલ ભક્તિના અતિશયથી મળે

છે, તેનું નિમિત્ત તો વીતરાગને થયેલી પ્રાર્થના જ હોય છે, એટલે તે ફલ તેમની પ્રાર્થનાથી જ મળેલું ગણાય છે.

'ભક્તિના અતિશયથી ફલ શી રીતે મળે?' એ જાણવા પાઠકમિત્રો જરૂર આતુર હશે, એટલે અહીં તેનો ખુલાસો કરીશું. આજે અનેકવિધ પ્રયોગોથી એ વસ્તુ પુરવાર થઈ ગઈ છે કે વિચારોને પણ એક જાતનું આકર્ષણ હોય છે. તે જેટલા બળવાન, તેટલું આકર્ષણ વધારે. તેથી જ પદ્ધતિસર થયેલા સંકલ્પની સિદ્ધિ થાય છે. હવે ભક્તિ પ્રસંગે પવિત્ર વિચારોનો પ્રવાહ વહે છે. તેમાં યે ભક્તિમાં અતિશયતા આવે, ત્યારે એ વિચારપ્રવાહ ઘણો જોરદાર બને છે અને તેમાં જે વસ્તુની ઇચ્છા કરવામાં આવી હોય, તેને પોતાના તરફ ખેંચી લાવે છે. એ રીતે ભક્તિના અતિશયથી ઇષ્ટફલની સિદ્ધિ થાય છે.

તાત્પર્ય કે વીતરાગને કરેલી પ્રાર્થના ફલવતી થાય છે, તેથી જ જૈનધર્મમાં પ્રાર્થનાને સ્થાન પ્રાપ્ત થયેલું છે.

સૂત્રની પાંચમી ગાથામાં ત્રણ વિશેષણો વડે અર્હતોનો ગુણાનુવાદ થયેલો છે, તેમાં સહુ પ્રથમ તેમને **विहुय-रय-मला** કહેવામાં આવ્યા છે, કારણ કે તેમણે પ્રબલ પુરુષાર્થનો આશ્રય લઈને સંયમ, તપ અને ધ્યાનાદિ સાધનો વડે સ્પષ્ટ, બદ્ધ, નિદ્ધત્ત અને નિકાચિત એ ચારેય પ્રકારનાં કર્મોને ખંખેરી નાખ્યા છે, દૂર કર્યાં છે અને એ રીતે તેઓ કર્મકટક સામેના કપરા યુદ્ધમાં યશસ્વી બનેલા છે. આ જગતમાં અનેક પ્રકારના યુદ્ધો થાય છે, પણ તે સ્થૂલ

યુદ્ધો કે બાહ્ય યુદ્ધો છે. તેમાં યશસ્વી થવું સહેલું છે, પણ કર્મકટક સામેનું યુદ્ધ કે જે મોટા ભાગે અંતરમાં જ લડાય છે, તેમાં યશસ્વી થવું સહેલું નથી. તાત્ત્વિક દૃષ્ટિએ તો આ યુદ્ધનો પ્રારંભ લાખો-ક્રોડો વર્ષ પહેલાં થઈ ગયો હોય છે, પણ કર્મકટક એટલું જોરાવર હોય છે કે તેને હરાવી શકાતું નથી. પરંતુ અર્હંતો મનુષ્ય તરીકેના તેમના છેલ્લા ભવમાં એ કર્મકટકને હરાવવા માટે કૃતનિશ્ચયી હોય છે અને તે માટે તેઓ પોતાની સઘળી શક્તિઓનો ઉપયોગ કરે છે, તેથી જ તેઓ એ કર્મકટકને હરાવી યશસ્વી બને છે. અર્હંતોના આ ભવ્ય પુરુષાર્થને તથા તેમની અસાધારણ વીરતાને જેટલી સ્તવીએ તેટલી ઓછી જ છે.

અર્હંતોને બીજું વિશેષણ पहीण-जर-मरणा નું આપવામાં આવ્યું છે, કારણ કે તેમણે જરા એટલે વૃદ્ધાવસ્થા અને મરણ એટલે મૃત્યુને અત્યંત ક્ષીણ કરી નાખ્યા છે. અન્ય શબ્દોમાં કહીએ તો તેનો સર્વથા નાશ કરી નાખેલો છે, એટલે તેઓ હવે પછી કદી વૃદ્ધ થવાના નથી કે મૃત્યુ પામવાના નથી. જેઓ જન્મ ધારણ કરે છે, તેઓ પ્રથમ બાલ હોય છે, પછી યુવાન થાય છે અને છેવટે વૃદ્ધ એટલે ઘરડા થાય છે, પરંતુ જેમનો હવે જન્મ જ થવાનો નથી, તે વૃદ્ધ શી રીતે થાય ? અને મૃત્યુ પણ શી રીતે પામે ? તાત્પર્ય કે તેઓ સકલકર્મરહિત થવાને લીધે જન્મ-જરા-મરણથી મુક્ત થયેલા છે અને અજરામર અવસ્થાને પામેલા છે. હવે તેઓ કોઈ પણ સંયોગમાં કે

ગમે તેવી પરિસ્થિતિમાં પણ જન્મ લે એમ નથી, અવતાર ધારણ કરે એમ નથી, કારણ કે જન્મ–જરા–મરણમાંથી તેમનો જે છૂટકારો થયો છે, તે છેવટનો છે અને કાયમી છે.

જૈન શાસ્ત્રકારો કહે છે કે આત્માને ચાર ગતિ અને ચોરાશી લક્ષ જીવયોનિમાં ફરી ફરીને ઉત્પન્ન થવું પડે છે, જન્મ લેવો પડે છે, એનું ખરું કારણ ચાર પ્રકારના કષાયો અને તેના વડે ઉપાર્જિત કરેલાં કર્મો છે. પરંતુ અર્હતોએ તો એ ચારે ય કષાયોને પૂરેપૂરા જિતી લીધેલા હોય છે અને તેના વડે કર્મો ઉપાર્જિત થાય, એવી સ્થિતિ જ રહેવા દીધી નથી, એટલે તેઓ ચારગતિ કે ચોરાશી લક્ષ જીવયોનિ પૈકી કોઈ પણ યોનિમાં જન્મ ધારણ ન કરતાં સીધા પંચમગતિમાં એટલે સિદ્ધસ્થાનમાં–મુક્તિ-પુરીમાં પહોંચી જાય છે અને સદા કાલ ત્યાં જ સ્થિતિ કરે છે. અર્હતોના આ અપુનર્ભવ ગુણની પણ વારંવાર સ્તવના-પ્રશંસા કરવા જેવી છે.

અર્હતોને ત્રીજું વિશેષણ જિનવરનું લગાડેલું છે, કારણ કે જૈન પરંપરામાં બીજા પણ જિનો મનાયેલા છે અને તે બધામાં તેઓ શ્રેષ્ઠ હોય છે. જો જિનનો અર્થ જ્ઞાન–ધ્યાનમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર એવો કરીએ, તો અર્હતો તેમાં મોખરે હોય છે, એટલે તેઓ જિનવર શબ્દ સાર્થક કરે છે. વળી ભક્તજનને તો જિન કરતાં જિનવર શબ્દ વધારે સોહામણો લાગે છે, એટલે ગુણાનુવાદના પ્રસંગે તેનો ઉપયોગ થાય, એ સ્વાભાવિક છે.

ઉપર્યુક્ત ગુણવાળા અર્હંતો—તીર્થંકર ભગવંતો પોતાના પર પ્રસન્ન થાય, એ ભક્તજનની ઇચ્છા છે અને તે 'पसी- यंतु શબ્દ વડે વ્યક્ત કરવામાં આવી છે. પ્રભુની પ્રસન્નતા—વીતરાગદેવની પ્રસન્નતા એ આ જગતની સહુથી વધારે મૂલ્યવાન અદ્ભુત વસ્તુ છે. તે પ્રાપ્ત થાય તો બીજી કશી વસ્તુની જરૂર રહેતી નથી, એટલે અહીં તેની માગણી કરવામાં આવી છે. જેમને પ્રભુની—વીતરાગ દેવની પ્રસન્નતા પ્રાપ્ત થઈ છે, તેઓ ભક્તિ, સંયમ કે યોગના માર્ગે આગળ વધ્યા છે અને છેવટે મોક્ષપ્રાપ્તિનું પોતાનું ધ્યેય પૂર્ણ કરી શક્યા છે. તાત્પર્ય કે અહીં તીર્થંકર ભગવંતની જે પ્રસન્નતા માગવામાં આવી છે, તે ભક્તિમાર્ગમાં આગળ વધી પોતાનું આત્મકલ્યાણ સાધી શકાય, તે માટે જ માગવામાં આવી છે.

સૂત્રની છઠ્ઠી ગાથા જિનભક્તિના પ્રકારો અને તેનાથી થતા લાભો પર સુંદર પ્રકાશ પાડે છે. તેમાં कित्तिय-वंदिय-महिया એ પદ વડે એમ જણાવ્યું છે કે જિનેશ્વરદેવની ભક્તિ વચનથી, કાયાથી અને મનથી અર્થાત્ મન-વચન-કાયાથી કરવી જોઈએ. જેઓ આ પ્રકારે નિત્ય-નિયમિત જિનભક્તિ કરે છે, તેમને આરોગ્યનો લાભ થાય છે, એટલે કે શારીરિક અને માનસિક સ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય છે. 'જે જેમને ભજે, તે તેના જેવા થાય.' એ એક અનુભવોક્તિ છે. તેનો સ્પષ્ટાર્થ એ છે કે આપણે જેવા દેવની ભક્તિ કરીએ, તેના જેવા જ આખરે બની જઈએ છીએ. હવે

અર્હતો તો જન્મથીજ નીરોગી હોય છે, એટલે કે શરીર અને મનથી પૂરેપૂરા સ્વસ્થ હોય છે, એટલે તેમની ભક્તિ કરતાં આપણે પણ શરીર અને મનથી સ્વસ્થ બનીએ, એ સ્વાભાવિક છે. અનુભવે આ વસ્તુ સત્ય જણાઈ છે, એટલે તેમાં શંકાને કોઈ સ્થાન નથી. અમે તો એમ પણ કહીએ છીએ કે જેઓ કોઈ પણ કારણે રોગગ્રસ્ત બની ગયા હોય અને કોઈ પણ ઉપચારથી સારા થતા ન હોય, તેઓ નિત્ય-નિયમિત જિનભક્તિ કરવા લાગે તો સર્વ રોગથી મુક્તિ થાય છે અને આરોગ્યની પુનઃ પ્રાપ્તિ કરે છે. તાત્પર્ય કે જિનભક્તિમાં આરોગ્યપ્રદાન કરવાની અદ્ભુત શક્તિ રહેલી છે અને તે અનેક પ્રયોગોથી પુરવાર થયેલી છે.

જેઓ નિત્ય–નિયમિત જિનભક્તિ કરે છે, તેમને બોધિલાભ એટલે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. સમ્યક્ત્વ એ અપાર્થિવ ઉત્તમકોટિનું રત્ન છે, એટલે કે આ જગતનું ભારેમાં ભારે રત્ન પણ તેની સરખામણીમાં આવી શકે એમ નથી. અથવા તો અપાર્થિવ વસ્તુની પાર્થિવ વસ્તુ સાથે સરખામણી શી? મોક્ષમાર્ગના સિદ્ધ ઉપાયોમાં તેને પ્રથમ મૂકવામાં આવ્યું છે, તે પરથી તેનું મહત્ત્વ સમજી શકાશે. મનુષ્યને ધન, સંપત્તિ, અધિકાર, પત્ની, પુત્રપરિવાર, મિત્રમંડળ બધું મળવું સહેલું છે, પણ સમ્યક્ત્વ મળવું સહેલું નથી. ભગવાન મહાવીરે શ્રીમુખે કહ્યું છે કે ' આ જગતમાં પ્રાણીઓને ચાર વસ્તુ પ્રાપ્ત થવી દુર્લભ છે: (૧) મનુષ્યત્વ, (૨) સત્શાસ્ત્રોનું શ્રવણ, (૩) સમ્યક્ત્વ અને (૪) સંયમમાર્ગમાં

પુરુષાર્થ. તાત્પર્ય કે જે વસ્તુ દુર્લભમાં દુર્લભ છે, તે જિન-ભક્તિનો આશ્રય લેવાથી મળી જાય છે.

સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પછી મનુષ્યની દૃષ્ટિ સમ્યગ્ બને છે, એટલે કે તે સુદેવને બરાબર ઓળખી લે છે, સુગુરુને પણ બરાબર ઓળખી લે છે અને સુધર્મને પણ બરાબર ઓળખી લે છે, તેથી તેના જીવનમાં જિનભક્તિ, સદ્‌ગુરુનો સમાગમ અને ધર્મને લગતી આચરણાઓ યોગ્ય સ્થાન પામે છે. જો તેનું કોઈ પણ કારણસર પતન ન થાય તો તેની આધ્યાત્મિક પ્રગતિ એક સરખી ચાલુ રહે છે અને તે ટૂંક સમયમાંજ મોક્ષની પ્રાપ્તિ કરી શકે છે. તાત્પર્ય કે જિનભક્તિથી થનારો આ લાભ ઘણો મોટો છે કે જેનું વાસ્તવિક મૂલ્યાંકન થઇ શકે એમ નથી.

જેઓ નિત્ય-નિયમિત જિનભક્તિ કરે છે, તેમને સમાધિમરણનો લાભ થાય છે. અંતસમયે ચિત્તને સમાધિ રહેવી-પૂર્ણ શાંતિ રહેવી, એ જેવું તેવું કામ નથી. જો પૈસા કે ઔષધોથી તે પ્રાપ્ત થતી હોત તો બધા રાજા-મહારાજાઓ, બધા દેશનેતાઓ, બધા શ્રીમંતોને સમાધિમરણ પ્રાપ્ત થાત, પણ તેમાંના કોઇકને જ સમાધિમરણ પ્રાપ્ત થાય છે, બાકીના બધા બાલમરણે જ દેહ છોડે છે. બાલમરણથી આત્માની લેશ્યા બગડે છે અને તેથી ભવાંતરમાં દુર્ગતિ પ્રાપ્ત થાય છે, તેથી સુજ્ઞ-શાણા-સમજુ મનુષ્યોએ બાલમરણથી બચવું જોઈએ અને સમાધિમરણ માટે તત્પર થવું જોઈએ. સમાધિમરણ પ્રાપ્ત કરવાનો સાચો-સુવિહિત

માર્ગ એ છે કે પોતાના જીવનને જિનભક્તિનો રંગ ચડાવવો, અધ્યાત્મિકતાનો ઓપ આપવો અને બને તેટલાં સારાં કામો કરવાં. કોઈનું ભૂંડું તો કરવું જ નહિ. જિનભક્તિનો રંગ બરાબર ચડ્યો હશે, તો આ બધું સહેલાઈથી બનશે, એટલે મુખ્ય વાત જ જીવનને જિનભક્તિનો રંગ ચડાવવાની છે. તાત્પર્ય કે જિનભક્તિથી સમાધિમરણ પ્રાપ્ત થાય છે, એ પણ મોટામાં મોટો લાભ છે. તેનાથી અંતસમયની આત્માની લેશ્યા સુધરે છે અને ભવાંતરમાં સદ્ગતિની પ્રાપ્તિ થાય છે.

સામાન્ય રીતે લોકો સિદ્ધ પુરુષોને ઝુકે છે, તેમનાં ચરણે પડે છે અને તેમનો પ્રસાદ—તેમની કૃપા પ્રાપ્ત કરવા માટે અનેકવિધ પ્રયત્નો કરે છે. પરંતુ આ જગતના સહુથી ઉત્તમ સિદ્ધ પુરુષો તો અર્હતો જ છે, કારણ કે તેઓ અનેક સિદ્ધિઓના સ્વામી હોય છે. તેમનું કાયા વડે વંદન કરવાથી, વાણી વડે સ્તવન કરવાથી અને મન વડે તેમજ વિવિધ દ્રવ્યો વડે પૂજન કરવાથી મનુષ્યોને આરોગ્ય એટલે શારીરિક અને માનસિક સ્વાસ્થ્યનો લાભ થાય છે, સમ્યક્ત્વરૂપ બોધિનો લાભ થાય છે અને અંત સમયે સમાધિ-સ્મરણનો લાભ થાય છે. પરંતુ આ ત્રણેય પ્રકારની ભક્તિ જો ઉત્કૃષ્ટ ભાવે કરવામાં આવે તો પૂર્વનાં બધાં કર્મોનો ક્ષય થાય છે અને મુક્તિ સમીપે આવીને ઊભી રહે છે. જિનભક્તિનો આ કેવો મહિમા ! ખરેખર ! જિનભક્તિ કલ્પવેલી, કામધેનુ ગાય કે ચિંતામણિ રત્ન કરતાં અનેકગુણી ચડિયાતી છે અને તે

મનુષ્યના સર્વ મનોરથો પૂર્ણ કરનારી છે. જેઓ અનન્ય ભક્તિભાવે જિનભગવંતોને આરોગ્ય, બોધિલાભ તથા સમાધિમરણ માટે પ્રાર્થના કરે છે, તેમને એ વસ્તુની પ્રાપ્તિ જરૂર થાય છે.

અર્હંતોનો ગુણાનુવાદ પૂરો થયો. તેમને જે પ્રાર્થના કરવાની હતી, તે થઈ ગઈ. હવે સિદ્ધ ભગવંતોને ગુણાનુવાદપૂર્વક પ્રાર્થના કરવાની છે, તે સૂત્રની સાતમી અને છેલ્લી ગાથામાં સરસ રીતે કરવામાં આવી છે. સિદ્ધ ભગવંતોના ગુણો તો ઘણા છે. શાસ્ત્રોમાં તેમના ૩૧ ગુણોની ગણના થયેલી છે અને તેમના ૮ ગુણો ઘણા પ્રસિદ્ધ છે. પરંતુ એ બધાના સારરૂપે અહીં તેમના ત્રણ ગુણોની સ્તવના કરવામાં આવી છે. કેટલાક એમ માને છે કે સિદ્ધો તો માત્ર કલ્પના છે, તેમાં ખરેખર તો કંઈ હોતું જ નથી. આ માન્યતાનું નિરસન કરવા માટે સહુ પ્રથમ તેમના સત્-ગુણને લેવામાં આવ્યો છે. સિદ્ધો સત્ છે, એટલે કે તેમનું અસ્તિત્વ છે, તેમની વિદ્યમાનતા છે. આ સત્ કેવું છે? તો શુદ્ધ આત્મસ્વરૂપ છે. અહીં ઉપમાથી કહેવું હોય તો એમ કહી શકાય કે સત્ સ્વરૂપે સિદ્ધો ચંદ્રો કરતાં પણ વધારે નિર્મલ હોય છે. ચંદ્રમાં તો નાનો સરખો પણ ડાઘ હોય છે, પણ સિદ્ધોના આ સત્સ્વરૂપમાં નાનો સરખો પણ ડાઘ હોતો નથી. આત્મને ડાઘ પડવાનું—મલ લાગવાનું મુખ્ય કારણ કર્મ છે, તેનો તો પૂર્વાવસ્થામાં આત્યંતિક નાશ થઈ ચૂકયો છે, એટલે સિદ્ધાવસ્થામાં તેનું સ્વરૂપ સંપૂર્ણ શુદ્ધ

હોય છે. चंदेसु निम्मलयरा આ બે પદો વડે જ્યારે આપણે સિદ્ધ ભગવંતોનો ગુણાનુવાદ કરીએ ત્યારે તેમના આત્માનું શુદ્ધ સ્વરૂપ આપણા અંતરચક્ષુઓ સમક્ષ તરવરવું જોઇએ.

બીજો તેમના ચિત્ ગુણને લેવામાં આવ્યો છે. ચિત્-ગુણ એટલે ચૈતન્ય. તેનું મુખ્ય લક્ષણ જ્ઞાન છે, તેથી ચિત્-ગુણને જ્ઞાનગુણ સમજવાનો છે. તેઓ પોતાના આ જ્ઞાન-ગુણનો પ્રકાશ કરે તો અનેક આદિત્યો—અનેક સૂર્યો તેની કંઈ વિસાતમાં નથી. તાત્પર્ય કે તેમના કરતાં તેઓ ઘણો અધિક પ્રકાશ કરવાને શકિતમાન છે. પરંતુ નિમિત્તના અભાવે તેઓ આવી કોઈ પ્રવૃત્તિ કરતા નથી. આ વસ્તુ માત્ર આપણે સમજવા માટે જ છે. आइच्चेसु अहियं पयास-यरा આ ત્રણ પદો વડે જ્યારે આપણે સિદ્ધ ભગવંતોનો ગુણાનુવાદ કરીએ, ત્યારે તેમના આ જ્ઞાનપ્રકાશને મહા-જ્યોતિપુંજ તરીકે ચિંતવવો જોઈએ.

ત્રીજો તેમના આનંદગુણને લેવામાં આવ્યો છે, સિદ્ધાત્માઓ પોતાના મૂલભૂત આનંદસ્વરૂપમાં એટલા લીન હોય છે કે, સ્વંભૂરમણસમુદ્રની ગંભીરતા પણ તેની આગળ કંઈ નહિ, અર્થાત્ તે એની સરખામણીમાં બિલકુલ ઊભી રહી શકે નહિ. જ્યારે આપણે सागरवरगंभीरा એ પદ વડે સિદ્ધભગવંતોનો ગુણાનુવાદ કરીએ, ત્યારે તેમના આ ગુણને આપણા મનઃપ્રદેશ સમક્ષ ખડો કરવો જોઇએ.

આ રીતે સિદ્ધ ભગવંતોના સચ્ચિદાનંદમય સ્વરૂપને ભાવભરી અંજલિ આપ્યા પછી, તેમને સિદ્ધિ એટલે મુક્તિ,

મોક્ષ કે નિર્વાણ માટે પ્રાર્થના કરવી જોઈએ. તેમની આગળ બીજું માગીએ પણ શું ? તેમણે સિદ્ધિ પ્રાપ્ત કરી, તેથી સચ્ચિદાનંદ સ્વરૂપને પ્રાપ્ત થયા. આપણે પણ સિદ્ધિ પ્રાપ્ત કરી એવા જ સચ્ચિદાનંદ સ્વરૂપને પ્રાપ્ત કરીએ.

લોગસ્સસૂત્ર અહીં પૂરું થાય છે, પણ તે જિનભક્તિનું એક જ્વલંત ચિત્ર આપણી સમક્ષ ખડું કરતું જાય છે, જેને આપણે દીર્ઘકાલ સુધી ભૂલી શકીશું નહિ. આપણે જિનભક્તિનો અનન્ય આદર કરી, તેનાથી અભીષ્ટની પ્રાપ્તિ કરીએ, એ જ અભ્યર્થના.

[ ૨૧ ]

## લોગસ્સની ખાસ આરાધના

લોગસ્સસૂત્રમાં જિનભક્તિને લગતું જે જ્ઞાન-વિજ્ઞાન ભરેલું છે, તેનો વિસ્તૃત વિશદ પરિચય અપાઈ ગયો છે. તે સાથે તેના મંગલમય મહિમાથી પણ પાઠકોને પરિચિત કરવામાં આવ્યા છે. હવે તેની આરાધના અંગે કેટલીક મહત્ત્વની હકીકતો રજૂ કરીશું, જેથી પાઠકમિત્રો તેની નિત્ય-નિયમિત આરાધના કરી પોતાના જીવનમાં મંગલદીપ પ્રકટાવી શકે અને અભીષ્ટની સિદ્ધિ કરવાને શક્તિમાન થાય.

લોગસ્સસૂત્ર આરાધના માટે જ યોજાયેલું છે, એમાં કોઈ શંકા નથી. તેના પાઠથી સ્મરણ-વંદન-ગુણાનુવાદ-પૂર્વક જિનભગવંતોની ભક્તિ થાય છે અને તે પ્રશસ્ત પરિણામોને વધારનારી બને છે, તેથી સામાયિક-પ્રતિક્રમણથી માંડીને અનેકવિધ ક્રિયાઓમાં તેનો ઉપયોગ થાય છે. વળી કાયોત્સર્ગમાં તો મોટા ભાગે તેનું જ આલંબન લેવાય છે અને તેની અનુજ્ઞા-આરાધના માટે ઉપધાનનો ખાસ વિધિ પણ યોજાયેલો છે, પરંતુ અહીં જે આરાધનાની વાત છે,

તે વ્યક્તિગત ખાસ આરાધનાની છે અને તે આધુનિક સંયોગોમાં ઘણી ઉપયોગી છે.

જૈન શાસ્ત્ર-સિદ્ધાંતોના ઊંડા અવલોકન પછી અમારો એવો ખ્યાલ બંધાયો છે કે પૂર્વમહર્ષિઓ લોગસ્સસૂત્રની ખાસ આરાધના કરતા. આ આરાધના મોટા ભાગે કાયોત્સર્ગ-અવસ્થા ધારણ કરીને કરતા, એટલે કે તેઓ ભૂમિ અને શરીરનું પ્રમાર્જન કરીને, બે પગ વચ્ચમાં ચાર આંગળનું અંતર રાખીને ઊભા રહેતા, શરીરનું હલન-ચલન બિલકુલ બંધ કરી દેતા, બે હાથની અંજલિ જોડતા અને મનનો સઘળો વિક્ષેપ દૂર કરીને તથા સૌમ્યભાવ ધારણ કરીને એક શ્વાસોચ્છ્વાસે લોગસ્સના એક ચરણનું સ્મરણ કરતા. पायसमा उसासा નો અર્થ એ છે કે, એક શ્વાસોચ્છ્વાસે લોગસ્સસૂત્રનું એક પદ એટલે એક ચરણ સ્મરવું. આ રીતે અઠ્ઠાવીશ શ્વાસોચ્છ્વાસમાં અઠ્ઠાવીશ ચરણવાળા એક લોગસ્સનું સ્મરણ પૂરું થતું. આ પ્રમાણે એક શ્વાસોચ્છ્વાસે લોગસ્સનું એક ચરણ સ્મરવાની પાછળ તેમનો મુખ્ય હેતુ એ હતો કે તે આપણા શ્વાસોચ્છ્વાસની સાથે તાલબદ્ધ બની જાય અને આપણા પ્રાણમાં ભળી જાય. પછી તો જ્યારે પણ શ્વાસોચ્છ્વાસ લઈએ, ત્યારે લોગસ્સનાં ચરણો યાદ આવે અને તે આપણને જિનભગવંતોનું ઉદ્બોધન કરી જાય. જ્યાં જિન ભગવંતોનું ઉદ્બોધન થાય, ત્યાં તેમનો ઉપદેશ યાદ આવે, ખાસ કરીને તેમણે પ્રબોધેલા સામાયિકની યાદ તાજી થાય અને આપણો આત્મા રાગ-દ્વેષથી હઠીને સમત્વ પ્રતિ અભિમુખ થાય. તેમને તો આ ભૂમિકા જ જોઈતી હતી,

એટલે તેઓ લોગસ્સસૂત્રની આરાધનામાં વિશેષ રસ લે, એ સ્વાભાવિક હતું. શરીર અને મનની સ્વસ્થતા, આંતરિક શક્તિઓનો વિકાસ, વ્યક્તિત્વનું પ્રભાવશાળી ઘડતર અને ઇષ્ટકાર્યની સિદ્ધિ, એ તેનાં સ્વાભાવિક પરિણામો હતાં, એટલે લોગસ્સસૂત્રની આરાધના એક ઉત્તમ કોટિની આરાધના ગણાતી અને તે ઘણાનું આકર્ષણ કરતી.

જે મહર્ષિઓ–મુનિઓ ઊભા રહીને લોગસ્સસૂત્રની આરાધના કરવાને શક્તિમાન ન હતા, તેઓ સ્થિરાસને બેસીને એ આરાધના કરતા, પણ બને ત્યાં સુધી આરાધના કરવાની તક જવા દેતા નહિ. તેમના અનુકરણરૂપે શ્રાવક-વર્ગમાં પણ એ આરાધનાનો ઠીક ઠીક પ્રચાર હતો.

શ્રી હીરવિજયસૂરીશ્વરજી મહારાજ કે જેમણે સમ્રાટ અકબરને પ્રતિબોધ કરી જીવહિંસાને લગતાં અનેકવિધ કાર્યો બંધ કરાવ્યાં હતાં અને જૈન તીર્થો માટે ખાસ ફરમાન મેળવ્યાં હતાં, તેઓ લોગસ્સસૂત્રના ખાસ આરાધક હતા. **શ્રી હીરવિજયસૂરિરાસ**ના કથન અનુસાર તેઓ રોજ એની પૂરી માળા ગણતા, એટલે કે ૧૦૮ લોગસ્સની ગણના કરતા. સંભવ છે કે તેમની આ આરાધનાએ જ તેમને જિનશાસનના મહાન પ્રભાવક બનાવ્યા હોય. આવા તો બીજા દાખલાઓ પણ અનેક હશે, પરંતુ અહીં તેની નોંધ કરવાનું શક્ય નથી, કારણ કે એ દિશામાં હજી સુધી ખાસ પ્રયત્ન થયેલો નથી. પણ અમારો સામાન્ય ખ્યાલ એવો છે કે અનેક મુનિ–મહાત્માઓએ લોગસ્સસૂત્રની ખાસ

આરાધના દ્વારા પોતાની આધ્યાત્મિક શક્તિઓનો વિકાસ કર્યો હતો અને એ રીતે જિનશાસનને જયવંતુ રાખવવામાં પોતાનો વિનમ્ર ફાળો આપ્યો હતો.

અહીં એટલી સ્પષ્ટતા આવશ્યક છે કે પૂર્વ મહર્ષિઓ કાયોત્સર્ગ અવસ્થામાં રહીને લોગસ્સસૂત્રના પાઠનું કેટલુંક સ્મરણ કર્યા પછી અર્હં મંત્ર કે કોઈ પણ તીર્થંકરના નામ-મંત્રનો જાપ કરતા અને તે પછી સાલંબનધ્યાન સિદ્ધ કરવા માટે સમવસરણસ્થ તીર્થંકર ભગવંતનું ધ્યાન ધરતા. આ જપ અને ધ્યાનથી તેમને કેટલીક સિદ્ધિઓ પ્રાપ્ત થતી, જેનો ઉપયોગ અસાધારણ સંયોગો સિવાય ભાગ્યે જ કરતા.

હવે લોગસ્સસૂત્રની આરાધના કઈ રીતે કરવી જોઇએ ? તે જણાવીશું.

(૧) સહુ પ્રથમ તો આવી આરાધના કરવાની ઈચ્છા-વાળાએ એવો સંકલ્પ કરવો જોઈએ કે 'હું અમુક દિવસથી લોગસ્સસૂત્રની ખાસ આરાધના કરીશ અને તે માટે આટલો સમય ગાળીશ.' જ્યાં સંકલ્પ નથી, ત્યાં સિદ્ધિ નથી. જે કાર્ય, ક્રિયા કે પ્રવૃત્તિ સંકલ્પ અર્થાત્ દૃઢ નિર્ણય વિના શરૂ કરી દેવામાં આવે છે, તે થોડી પ્રતિકુલતાઓ કે થોડી મુશ્કેલીઓ આવતાં જ છૂટી જાય છે. તેથી જ જૈન ધર્મમાં કોઈ પણ વ્રત-નિયમ પચ્ચક્ખાણપૂર્વક લેવાની પ્રથા પ્રચલિત છે. પચ્ચક્ખાણ એટલે પ્રત્યાખ્યાન, ત્યાગને અનુ-કૂલ કથન, તાત્પર્ય કે પ્રતિજ્ઞા. 'અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે, ભલે કાયાના કટકા થાય.' આ આપણી પ્રાચીન આર્ય-

ભાવના હતી અને આજે પણ તેનો નિર્વાહ કરવાની જરૂર છે. તાત્પર્ય કે સંકલ્પ કર્યા પછી તેને કોઈ પણ સંયોગોમાં છોડવો નહિ, એ આપણી ટેક હોવી જોઈએ. આવા પ્રસંગે ઘણા ભાગે કસોટી થાય છે, પણ એ કસોટીમાંથી પાર ઉતરીએ તો છેવટે સારું પરિણામ આવે છે.

વંકચુલ ચોરે એક મુનિરાજ આગળ હાથ જોડીને એવી પ્રતિજ્ઞા લીધી હતી કે 'અજાણ્યાં ફલો ખાવાં નહિ.' હવે એક વખત ચોરી કરીને તે પાછો ફરતો હતો, ત્યારે પોતાના સાથીઓ સાથે જંગલમાં ભૂલો પડ્યો. ત્યાં રખડપટ્ટી કરતાં બધાને ખૂબ ભૂખ લાગી, એટલે તેઓ આહારની શોધમાં નીકળી પડ્યા અને એમ કરતાં એક વૃક્ષ પર સુંદર ફળો લટકતાં જોઈને તોડી લાવ્યાં. તે તેમણે વંકચૂલ સમક્ષ રજૂ કર્યાં. વંકચૂલ પોતે આ ફલોને ઓળખતો ન હતો, એટલે કે તેને માટે તે અજાણ્યાં હતાં. તેણે સાથીઓને પૂછ્યું: 'આ ફલનું નામ શું?' સાથીઓએ કહ્યું: 'એ તો ખબર નથી.' એટલે વંકચૂલે પોતાની પ્રતિજ્ઞા યાદ કરીને જણાવ્યું: 'તો મારે માટે એ કામનાં નથી.' સાથીઓએ કહ્યું: 'બીજો આહાર મળવો મુશ્કેલ છે. જો આ ફલો ખાઈને ક્ષુધાનું નિવારણ નહિ કરો તો હાલત ઘણી ખરાબ થશે.' વંકચૂલે કહ્યું: 'જે થવું હોય તે થાય, પણ હું મારી પ્રતિજ્ઞા તો નહિં જ તોડું.' અને તેણે એ ફલો ન ખાધાં. હવે તેના બધા સાથીઓએ ઉદરતૃપ્તિ કરવા એ ફલો ખાધાં અને તેઓ થોડા જ વખતમાં મરણ પામ્યા,

કારણ કે તે કિંપાક નામના ઝેરી વૃક્ષનાં ફલો હતાં. તે પોતે બચી ગયો. તાત્પર્ય કે એક વસ્તુનો સંકલ્પ કર્યા પછી –પ્રતિજ્ઞા લીધા પછી કસોટી તો થાય જ છે, પણ તેમાં પાર ઉતરવું જોઈએ.

(૨) લોગસ્સસૂત્રની ખાસ આરાધના કરનારે પ્રારંભમાં બને તો ત્રણ ઉપવાસ, નહિ તો ત્રણ આંયબિલ, નહિ તો એક ઉપવાસ, નહિ તો એક આયંબિલ અને તે પણ ન બને તો છેવટે એક એકાસણું કરવું જોઈએ. તપ એ ભાવમંગલ છે, તેનાથી વિઘ્નોનો વિનાશ થાય છે અને ઇષ્ટકાર્યની જલ્દી સિદ્ધિ થાય છે, તેથી આ આરાધનાના પ્રારંભે નાનું–મોટું કોઈ પણ તપ અવશ્ય કરવું જોઈએ.

(૩) આ આરાધના શુભ મુહૂર્તે એટલે કે શુભ દિવસે થાય તે જરૂરનું છે, તેથી જાણકાર પાસે તેનો દિવસ જોવડાવી રાખવો.

(૪) આ આરાધના કરનારે પ્રાતઃકાલમાં વહેલા ઉઠી પંચપરમેષ્ઠિ–નમસ્કારનો સાત વાર કમલબંધ જપ કર્યા પછી શાંત–સ્વસ્થ ચિત્તે લોગસ્સસૂત્રનું ત્રણ વાર સ્મરણ કરવું જોઈએ, એટલે કે તે મનમાં બોલી જવો જોઈએ.

અહીં એટલું ખ્યાલમાં રાખવું કે શ્રાવકનો મુખ્ય આચાર પ્રાતઃકાલમાં ઉઠતાં વેંત નમસ્કારમહામંત્રનું પાંચથી સાત વાર સ્મરણ કરવાનો છે. આ સ્મરણ કમલ-બંધજપથી કરવામાં આવે તો તેનું ફલ એક ઉપવાસ જેટલું

મળે છે, એવો શ્રી હેમચંદ્રાચાર્યનો મત છે. આ કમલ-બંધજપની રીત એ છે કે પ્રથમ આઠ પાંખડીનું કમલ કલ્પવું, તેની કર્ણિકામાં અરિહંત, ઉપરની દિશામાં સિદ્ધ, જમણા હાથની દિશામાં આચાર્ય, નીચેની દિશામાં ઉપાધ્યાય અને ડાબા હાથની દિશામાં સાધુની કલ્પના કરી તેમને નમસ્કાર કરવો. પછી વિદિશાઓમાં અનુક્રમે ચાર ચૂલિકા-પદો એટલે 'એસો પંચ નમુક્કારો' આદિ ચાર પદોની ભાવનાપૂર્વક તેમનું સ્મરણ કરવું. આ રીતે સાત જપ કરવા. નમસ્કારમંત્રથી પ્રયુક્ત થયેલી આરાધના કે ક્રિયા જલ્દી ફલવતી થાય છે, એ વાત લક્ષ્યમાં રાખવી. શરૂઆતમાં કમલબંધ જપ કરવામાં થોડી મુશ્કેલી પડે છે, એટલે કે કલ્પનાચિત્રો બરાબર ઉઠતાં નથી, પણ થોડા અભ્યાસે તે સિદ્ધ થઈ જાય છે. આ ક્રિયા ઉત્તરાભિમુખ થઈને કરવી, એટલે કે એ સમયે આપણું મુખ ઉત્તરમાં આવે એ રીતે બેસવું. મંત્ર-તંત્ર વિશારદોનું એવું માનવું છે કે આ સમયે ઉત્તરાભિમુખ બેસવાથી પૃથ્વી પરથી પસાર થતા શક્તિના પ્રવાહો આપણને અનુકૂલ રહે છે.

(૫) ત્યાર બાદ જે નિત્યક્રિયાનો નિયમ હોય, તે નિત્ય ક્રિયાઓ કરવી.

(૬) તે પછી શૌચ-સ્નાનાદિથી પરવારીને ચડતા પરિણામે જિનપૂજા કરવી. તેનો વિધિ '**જિનોપાસના**'માં અમે વિસ્તારથી આપેલો છે.

(૭) તે પછી ઘરે આવી લોગસ્સસૂત્રની ખાસ આરાધનાનો આરંભ કરવો. તે માટે નીચેની વસ્તુઓની જરૂર પડે છે, એટલે તે એકઠી કરી રાખવી :

[૧] લાલ પાટલો અથવા બાજોઠ. તે આ આરાધના માટે જુદો જ હોવો જોઈએ અને વારંવાર ભીનું પોતું લગાડી સાફ કરતાં રહેવું જોઈએ. જ્યારે તેને ઉપયોગમાં લઈએ ત્યારે તે સાફ–સ્વચ્છ હોવો જોઈએ.

[૨] ચોવીશજિનનો પટ અથવા ચોવીશ જિનનું છાપેલું ચિત્ર, જિનપટ કુશલ ચિત્રકાર પાસે ખાસ તૈયાર કરાવવો. પ્રથમ આવા પટો જયપુરમાં તૈયાર મળતા, પણ હાલ મળતા નથી કે ભાગ્યેજ મળે છે, એટલે તે આપણી અનુકૂલતા મુજબ અહીં જ તૈયાર કરાવી લેવો. તે શકય ન હોય તો લોગસ્સનો એક છાપેલો ચિત્રપટ તૈયાર મળે છે, તેને ફ્રેમ કરાવીને ઉપયોગમાં લેવો.

[૩] ઘીનો દીપક, તેને લગતી સામગ્રી સાથે.

[૪] સુગંધી અગરબતી, સ્ટેન્ડ સાથે.

[૫] સંપૂર્ણ ઊનનું શ્વેત આસન. મોક્ષપ્રાપ્તિ, સાત્ત્વિક સાધના–આરાધના, ચિત્તશાંતિ તથા રોગનિવારણ માટે શ્વેત આસન પ્રશસ્ત છે. તે સંપૂર્ણ ઊનનું હોવું જોઈએ. સૂતરાઉ આસન સાધના–આરાધનામાં વાપરવાનું નથી. તે દોષપાત્ર ગણાયેલું છે. વળી આ આસન કોઈનું વાપરેલું નહિ એટલે કે નવું હોવું જોઈએ. કોઈનું વાપરેલું આસન વાપરવાનો નિષેધ છે.

જો આરાધના લક્ષ્મીપ્રાપ્તિના હેતુથી થતી હોય તો ઊનનું પીળું આસન જોઈએ અને સૌભાગ્ય કે આકર્ષણના હેતુથી થતું હોય તો ઊનનું લાલ આસન જોઈએ. બીજા તાંત્રિક હેતુઓથી આ આરાધના કરવાનો નિષેધ છે, એટલે તેમાં અન્ય કોઈ રંગનો સવાલ જ નથી.

[૬] જપમાલા, મોક્ષપ્રાપ્તિ, સાત્ત્વિક સાધના-આરાધના, ચિત્તશાંતિ કે રોગનિવારણ માટે શ્વેતરંગની માલા જોઈએ, તેથી સ્ફટિક, અથવા મોતી, અથવા ચાંદી, અથવા શ્વેત સૂતરની ગુંથેલી માલા પસંદ કરવી જોઈએ. પ્લાસ્ટિકની શ્વેત માળાનો ઉપયોગ કરવો નહિ. લક્ષ્મી માટે પીળી અને સૌભાગ્ય-આકર્ષણ માટે લાલમાળા વિહિત છે. આ માલા પેટીમાં રાખવી જોઈએ, જેથી તેની શુદ્ધિ જળવાઇ રહે. આસનની માફક માલા પણ કોઈની વાપરેલી વપરાય નહિ. તે પોતાની ખાસ હોવી જોઈએ અને વાપરતાં પહેલાં ગુરુ કે કોઈ જાણકાર પાસે અભિમંત્રિત કરાવી લેવી જોઈએ.

[૭] વાસક્ષેપ-ચંદનના ભૂકામાંથી બનાવેલો ઊંચા પ્રકારનો હોવો જોઈએ.

[૮] જે દિવસે પુષ્પપૂજા કરવાની હોય, તે દિવસે પુષ્પો વહેલી સવારે તાજાં મેળવી લેવાં જોઈએ. તેમાં બગડેલાં કે તૂટેલી પાંખડીવાળાં પુષ્પો કામમાં લઇ શકાય નહિ.

[૯] આ આરાધના કરનારે લોગસ્સસૂત્રનો પાઠ ખૂબ

શુદ્ધિપૂર્વક અગાઉથી કંઠસ્થ કરી લેવો જોઈએ, તેમજ આ આરાધનાને લગતા મંત્રો પણ બરાબર શીખી લેવા જોઇએ.

[૧૦] જો આ આરાધના શરૂ કરતી વખતે સૂર્યોદય થઈ ગયો હોય કે થવાની તૈયારી હોય તો આપણે પૂર્વાભિમુખ બેસી શકીએ, એવી રીતે સર્વ તૈયારી રાખવી જોઇએ.

(૧૧) સહુ પ્રથમ પાટલા કે બાજોઠ પર નમસ્કારમંત્ર બોલીને ચોવીશ જિનપટને પધરાવવો અથવા તો તેને લગતા ફોટાને પધરાવવો.

(૧૨) પછી ઘીનો દીપક પ્રકટાવવો. તે માટે ગાયનું ઘી વપરાય તો ઉત્તમ, નહિ તો ભેંસના ઘીનો ઉપયોગ કરવો; પણ તે સિવાયના ઘીનો ઉપયોગ કરવો નહિ. વળી આ માટે જે ઘી વાપરીએ તે એક જુદા ઠામમાં રાખવું અને તેને ઢાંકણાં વડે ઢાંકી દેવું. તાત્પર્ય કે તેને ઉઘાડું રાખવું નહિ. જો આ ઠામ ઉઘાડું હોય તો તેમાં જીવ-જંતુ પડવાનો કે કોઈ વખત ઝેરી લાળ પડવાનો પણ સંભવ રહે છે; તેથી આ સૂચના ધ્યાનમાં રાખવાની છે. ઘીનો દીપક આપણા ડાબા હાથે આવે એ રીતે મૂકવો.

(૧૩) તે પછી સુગંધી અગરબત્તી પ્રકટાવી એ પટને કે ફોટાને ધૂપિત કરવો અને તે આપણા જમણા હાથે રહે, એ રીતે સ્ટેન્ડ પર ગોઠવવી. અગરબત્તીઓ અનેક પ્રકારની આવે છે, તેમાંથી મસાલાની બનેલી અને ઓછામાં ઓછો કલાકથી પોણો કલાક ચાલે એવી અગરબત્તીની પસંદગી કરવી.

(૧૪) આ ક્રિયા આસન પર બેઠાં બેઠાં જ કરવાની છે, એટલે તે ક્રિયાનો પ્રારંભ કરતાં પહેલાં જ બિછાવી દેવું જોઇએ અને માલાની પેટી આપણા જમણા હાથે રહે એ રીતે ગોઠવી દેવી જોઈએ.

(૧૫) પ્રથમ પૂજા, પછી પાઠ, પછી જપ અને પછી ધ્યાન, એ આરાધનાનો સુવિહિત ક્રમ છે, એટલે સહુ પ્રથમ ચોવીશ જિનપટની વાસક્ષેપથી પૂજા કરવી જોઈએ અને તે પછી પુષ્પપૂજા કરવી જોઇએ. જો રોજ પુષ્પપૂજા કરવાનું શક્ય ન હોય તો અઠવાડિયામાં એક વાર અને તે પણ શક્ય ન હોય તો પક્ષ એટલે પંદર દિવસમાં એક વાર પુષ્પપૂજા કરવાનું રાખવું જોઇએ. તેમાં મોગરો, જાઈ, ચંપો, ગુલાબ, જાસુદ, સેવંતી વગેરે સુગંધી પુષ્પો વાપરવાનું ધ્યાનમાં રાખવું. પ્રયોજન પરત્વે જુદાં જુદાં પુષ્પોનો ઉપયોગ થાય છે, પણ અહીં તેની વિચારણા ઉપયોગી નથી.

વાસક્ષેપપૂજા દરેક તીર્થંકરનો નામમંત્ર બોલીને ખૂબ શાંતિપૂર્વક કરવી. આ મંત્રો અમે હવે પછીનાં પ્રકરણમાં આપેલા છે. જો ચોવીશ તીર્થંકરોને નામમંત્ર પૂર્વક પુષ્પો ચડાવી શકાય તો ઉત્તમ, અન્યથા ' ॐ ह्रीँ अर्हँ चतुर्विंशतितीर्थंकरेभ्यो नमः' બોલીને પટ પર ૭, ૧૪ કે ૨૭ પુષ્પો ચડાવી દેવાં, જે અગાઉથી થાળીમાં તૈયાર કરી રાખેલાં હોવાં જોઇએ.

આ આરાધનાના પ્રથમ દિવસે ગંધપૂજા એટલે વાસક્ષેપપૂજા, દીપપૂજા અને ધૂપપૂજા ઉપરાંત પુષ્પપૂજા અને

ફૂલપૂજા પણ અવશ્ય કરવી જોઇએ. એથી પંચોપચાર પૂજા થઈ ગણાય, જેનું તાંત્રિક દૃષ્ટિએ ઘણું મહત્ત્વ છે. જો ઇચ્છા હોય તો નૈવેદ્યપૂજા પણ કરી શકાય અને તે નિમિત્તે ત્રણ કે પાંચ પ્રકારની મિઠાઈઓ અને તેના અભાવે સાત સાકરના ગાંગડા મૂકી શકાય. આ બધા ઉપચારો ચોવીશ તીર્થંકરોનો સામાન્ય મંત્ર બોલીને જ કરવા જોઇએ.

(૧૬) તે પછી ત્રણ વાર નમસ્કારમંત્ર બોલીને લોગસ્સનો પાઠ શુદ્ધિ અને ભાવપૂર્વક બોલવાનો આરંભ કરવો જોઇએ. શરૂઆતમાં આ પાઠ ૧૨ વાર કરવો, પછી ૧૬, ૨૦, ૨૪ એ ક્રમે ૪૦ સુધી પહોંચવું. સંખ્યા કરતાં શુદ્ધિનું મહત્ત્વ વધારે છે, એ ભૂલવું નહિ. એક પાઠ કડકડાટ બોલીને પૂરો કરવો, એનું આરાધનાની દૃષ્ટિએ કોઇ મહત્ત્વ નથી. **જે પાઠ ચિત્તની શાંતિ અને સ્થિરતાપૂર્વક વ્યંજનશુદ્ધિ અને સંહિતાના ધોરણે ઉલ્લાસથી બોલાય, તે આરાધનાની દૃષ્ટિએ યોગ્ય છે અને તેનું જ ખરું મહત્ત્વ છે.** આ વસ્તુ આજે ભૂલાઈ છે અને તેથી ભારે ગરબડ થઈ ગઈ છે, માટે આ સૂચના પર ખાસ લક્ષ આપવું.

(૧૭) લોગસ્સસૂત્રનો પાઠ પૂરો થયા પછી અર્હં મંત્રની ૫ માળા ગણવી જોઈએ અને ધીમે ધીમે અનુકૂલતા મુજબ તેની સંખ્યા વધારવી જોઈએ. અમે **નમસ્કારમંત્ર સિદ્ધિ, શ્રીઋષિમંડલ આરાધના** તથા **સિદ્ધદાયક સિદ્ધિ-ચક્રમાં** અર્હં મંત્ર અંગે વિસ્તૃત વિવેચન કરેલું છે, તે આ આરાધના કરનારે વાંચી–વિચારી લેવું જોઈએ.

(૧૮) તે પછી ચોવીશ તીર્થંકરોનું સાલંબન ધ્યાન ધરવું જોઈએ. તેમાં એક પછી એક તીર્થંકરને મનઃ પ્રદેશ સમક્ષ લાવી, તેમની ધ્યાનમુદ્રા, તેમનો વર્ણ તથા તેમના લાંછનનાં દર્શન કરવાં જોઈએ. જો આ રીતે તીર્થંકરનાં દર્શન નહિ કરવામાં આવે તો તેમની વ્યક્તિગત ભિન્નતા સ્મરણપટમાં ઉપસશે નહિ અને તેમનું ધ્યાન યથાર્થપણે થશે નહિ. ધ્યાનનું ક્ષેત્ર તો ઘણું મોટું છે અને તે ખાસ શિક્ષણ તથા માર્ગદર્શન માગે છે, પણ બધાને તેની પ્રાપ્તિ થવી સહેલી નથી, એટલે અહીં જરૂરી સૂચનાઓ આપી છે.

આ ધ્યાન જેમ જેમ જામતું જશે, તેમ તેમ શાંતિ, આનંદ અને પ્રસન્નતાનો અનુભવ થતો જશે અને કેટલીક વાર ચમત્કારિક અનુભવો પણ થશે, પરંતુ તેમાં અટવાઇ ન જતાં આરાધકે તો આગળ જ વધવું અને આખરે તેમાં આપણી તમામ ચિત્તવૃત્તિઓનો પૂરો લય થયો કે સિદ્ધિ-સદનનાં બારણાં ઉઘડી જશે.

(૧૯) આ આરાધના કરનારે બને ત્યાં સુધી બપોરે પણ સુખાસને બેસીને લોગસ્સસૂત્રના પાઠનું ત્રણ વાર સ્મરણ કરવું અને એ જ રીતે રાત્રે સૂતાં પહેલાં પણ ત્રણ વાર સ્મરણ કરવું.

(૨૦) આ આરાધના કરનારે રાત્રિભોજન કરવું નહિ, અભક્ષ્ય પદાર્થોનો ઉપયોગ કરવો નહિ, સંયમ અને સાદાઇથી રહેવું, દેવ–ગુરુ–ધર્મની બને તેટલી સેવા કરવી અને પર્વ દિવસે કંઈ પણ તપશ્ચર્યા કરવી અથવા અમુક-

દ્રવ્યોનો ત્યાગ કરવો. કોઈ સાથે ટંટા-ફિસાદમાં ઉતરવું નહિ કે બાહ્ય પ્રવૃત્તિઓમાં વિશેષ ભાગ લેવો નહિ.

જો આ રીતે લોગસ્સસૂત્રની ખાસ આરાધના કરવામાં આવે તો થોડા જ વખતમાં તેનું શુભ પરિણામ જોવામાં આવશે અને તેમાં ઉત્તરોત્તર વધારો થતો જશે. છેવટે સમાધિ-મરણનો લાભ જરૂર થશે અને પરલોક સુધરશે. પ્યારા પાઠકમિત્રો ! તમારે આથી વધારે જોઈએ છે શું ? તમે આજથી આ આરાધના માટે કૃતનિશ્ચયી બનો અને તમારા મંગલમય ભાવીની ખાતરી મેળવી લો.

[ ૨૨ ]

# કલ્પ અને મંત્રો

અક્ષર કે શબ્દની વિશિષ્ટ રચનાને મંત્ર કહેવામાં આવે છે. તેનો શ્રદ્ધા–શુદ્ધિ–વિધિપૂર્વક જપ કરવાથી કાર્યસિદ્ધિ થાય છે, એટલે તે **'સાધન'** મનાય છે. જેના વડે સિદ્ધિ થાય, તે સાધન કહેવાય. આવાં અનેક સાધનો આપણે ત્યાં વિદ્યમાન છે.

ધર્મશાસ્ત્રોએ મંત્રનો સ્વીકાર કર્યો છે, એટલું જ નહિ, પણ તેની શક્તિની પ્રશંસા કરી છે, એટલે તે એક પ્રકારનું શક્તિસાધન મનાયું છે. તેની સિદ્ધિ વડે રોગ અને ભયનું નિવારણ કરી શકાય છે, ધન–સંપત્તિમાં વધારો કરી શકાય છે અને જોઈતી કોઈ પણ વસ્તુ મેળવી શકાય છે. વળી તેની સિદ્ધિ વડે કોઈને મોહિત કરી શકાય છે, સ્તંભિત કરી શકાય છે, સ્થાનભ્રષ્ટ કરી શકાય છે, રોગગ્રસ્ત કરી શકાય છે અને મરણને શરણ પહોંચાડી શકાય છે, એટલે કે મંત્રસિદ્ધિ વડે સારાં અને ખોટાં બંને જાતનાં

પરિણામો લાવી શકાય છે. 'સારાને સારું ગમે, બૂરાને બૂરું ગમે.' એ ન્યાયે સુજ્ઞ-સમજુ-સહૃદયી મનુષ્યો મંત્ર-સિદ્ધિનાં સારાં પરિણામો લાવવા મથે છે અને એ રીતે સ્વ-પર-ઉન્નતિ સાધે છે; જ્યારે દુર્જન-દુષ્ટ મનુષ્યો તેનાં ખરાબ પરિણામો લાવી બીજાને હેરાન-પરેશાન કરી મૂકે છે અને એ રીતે સમાજને શાપરૂપ બની જાય છે. જો કે શેરને માથે સવાશેર હોય છે અને તેવાઓનો પણ ઉપાય થાય છે, પરંતુ આવી પરિસ્થિતિ ઊભી જ ન થાય, તે માટે પ્રથમ મનુષ્યની પરીક્ષા કરી, તે અધિકારી જણાય તો જ તેને યોગ્ય ગુરુદ્વારા મંત્રદાન કરવાની પદ્ધતિ અમલમાં છે.

મંત્ર અને તેની સાધના-સિદ્ધિ અંગે ઘણી વસ્તુઓ જાણવા જેવી છે, એટલે કે તે માટે ખાસ વિજ્ઞાન ઊભું થયેલું છે, જેનો પરિચય અમે '**મંત્રવિજ્ઞાન**' નામના ગ્રંથમાં કરાવેલો છે.[૧]

લોગસ્સસૂત્રનો ઉપયોગ મુખ્યત્વે ધર્મધ્યાનની વૃદ્ધિ કરવા માટે થાય છે, પરંતુ મંત્રસાધન તરીકે તેનો ઉપ-યોગ કરવો હોય તો થઈ શકે છે. તેનો પાઠ નિત્ય-નિયમિત કરતાં તે મંત્ર જેવું જ કામ આપે છે. તે અંગે આ ગ્રંથના પ્રથમ પ્રકરણમાં જ બે દાખલા આપેલા છે. ઉપરાંત તેના વડે શાંતિ-તુષ્ટિ-પુષ્ટિને લાગતાં બીજાં કાર્યો પણ થઈ શકે છે. શાંતિ એટલે રોગ, ભય કે આપત્તિનું

---

૧. હાલ આ ગ્રંથની ત્રીજી આવૃત્તિ ચાલે છે.

નિવારણ, તૃષ્ટિ એટલે મનના મનોરથની સિદ્ધિ અને પુષ્ટિ એટલે સૌભાગ્યની વૃદ્ધિ. અહીં એટલી સ્પષ્ટતા કરી દઈએ કે સુજ્ઞ મનુષ્યોએ તો મંત્ર સાધના–સિદ્ધિદ્વારા શાંતિ-તુષ્ટિ–પુષ્ટિ માટે જ પ્રયત્ન કરવો જોઈએ. તે સિવાયનાં અન્ય કાર્યોની ઈચ્છા રાખવી ન જોઈએ. બીજાનું બૂરું કરતાં આપણું પોતાનું બૂરું થાય છે, એ ધાર્મિક સિદ્ધાંતમાં આપણે પૂરેપૂરા શ્રદ્ધાન્વિત થવું જોઈએ. જેમણે પ્રાપ્ત મંત્રસિદ્ધિ વડે બીજાનું બૂરું કર્યું છે, તેમનું આખરે બૂરું થયું છે.

લોગસ્સસૂત્રની પ્રત્યેક ગાથાને મંત્રબીજો લગાડી તેની સાધના કરતાં અમુક પરિણામો લાવી શકાય છે, જેનો ખ્યાલ તે અંગે રચાયેલા એક ખાસ કલ્પ પરથી આવે છે. પાઠકોની જાણ માટે તે કલ્પ અહીં પૂરેપૂરો રજૂ કરીએ છીએ.

## લોગસ્સ–કલ્પ

### પ્રથમ મંડલ

ॐ ह्रीँ श्रीँ ऐँ लोगस्स उज्जोअगरे धम्मतित्थयरे जिणे अरिहंते कित्तइस्सं चउवीसं पि केवली मम मनोऽभीष्टं कुरु कुरु स्वाहा ।

આ મંત્ર પૂર્વ દિશા સામે ઊભા રહી કાયોત્સર્ગ અવસ્થા ધારણ કરી ૧૪ દિવસ સુધી રોજ ૧૦૮ વાર ગણવો. આ સમય દરમિયાન બ્રહ્મચર્ય પાળવું આવશ્યક

છે. તેનાથી માન મળે છે અને યશ-પ્રતિષ્ઠામાં વધારો થાય છે. રાજ તરફથી કે ચોર તરફથી ભય ઉપસ્થિત થતો નથી. ધનસંપત્તિમાં વધારો થાય છે અને રાજા જેવું સુખ મળે છે. વળી તેના દ્વારા ધર્મપ્રભાવનાનાં કાર્યો થાય છે.

આ આરાધના શરૂ કરતાં પહેલાં રોજ ચોવીશ તીર્થંકરના પટની લાલ પુષ્પોથી પૂજા કરવી જોઈએ, એવો અમારો મત છે. તેનાથી ફલ ચોક્કસ મળે છે. આ વસ્તુ સાતે ય મંડલમાં સમજી લેવી.

આ મંત્રના સાધકનો અમને પરિચય થયેલો છે અને તેણે એની ફલશ્રુતિમાં વિશ્વાસ પ્રકટ કરેલો છે. તેઓ એક નાણાકીય મુશ્કેલીમાં આવી પડ્યા હતા, તે મુશ્કેલી આ મંત્રની ૧૪ દિવસની આરાધનાથી દૂર થઈ હતી.

## બીજું મંડલ

ॐ क्रौँ क्रीँ ह्रूँ ह्रीँ उसभमजिअं च वंदे संभवमभिणंदणं च सुमइं च, पउमप्पहं सुपासं जिणं च चंदप्पहं वंदे स्वाहा।

આ મંત્ર ઉત્તરાભિમુખ થઈને એટલે કે ઉત્તર દિશા તરફ મુખ રાખીને, પદ્માસને બેસીને, સોમવારથી શરૂ કરીને ૭ દિવસ સુધી રોજ ૨૦૧૬ વાર જપવો. આ જપ ચાલે ત્યાં સુધી એકાસણું કરવું અને અસત્ય બોલવું નહિ, તો એની સિદ્ધિ થાય. પરિણામે કોઈ દુષ્ટ વ્યંતરાદિ તરફથી પીડા થતી હોય તો અટકી જાય, તે વશમાં આવે, દુર્જને

આપણા પર પોતાની દુર્જનતા અજમાવી શકે નહિ તથા સર્વત્ર યશની પ્રાપ્તિ થાય. વળી બધા લોકો પર આપણો પ્રભાવ પડે અને તે આપણો સામનો કરી શકે નહિ.

## ત્રીજું મંડલ

ॐ ऐं ह्सौं झ्रौं झ्रौं सुविहिं च पुप्फदंतं सीयल सिज्जंस वासुपुज्जं च विमलमणंतं च जिणं धम्मं संतिं च वंदामि स्वाहा ।

આ મંત્ર કઈ દિશામાં બેસીને જપવો, એની સ્પષ્ટતા કલ્પમાં કરેલી નથી, પણ કલ્પમાં બતાવેલાં પરિણામો જોતાં તે દક્ષિણાભિમુખ થઈને જપવો જોઈએ. આસન સંબંધમાં પણ તેમાં ખુલાસો નથી, પણ તે સ્થિરાસને કે પદ્માસને કરવો જોઈએ, એમ અમે માનીએ છીએ. આ મંત્ર લાલ વસ્ત્રો પહેરીને રોજ ૧૦૮ વાર જપવાનો છે. કેટલા દિવસ સુધી જપવો, તે એમાં જણાવ્યું નથી, પણ તે ૨૧ દિવસ સુધી જપવો જોઈએ, એવો અમારો ખ્યાલ છે. તેનાથી શત્રુઓનો નાશ થાય છે, રાજદ્વારે પ્રતિષ્ઠા વધે છે અને વચનસિદ્ધિ થાય છે, એટલે કે જે વચન કહીએ તે ફળે છે. ઇષ્ટકાર્યની સિદ્ધિ માટે પણ તે અકસીર છે.

આ મંડલમાં ચોથી ગાથાના कुंथुं अरं च मल्लिं वंदे मुणिसुव्वयं એ પદ મૂકાયેલાં જોવામાં આવે છે, પણ તે યોગ્ય નથી. અહીં તો પ્રત્યેક ગાથાનું મંત્રત્વ દર્શાવવાનું છે, એટલે ત્રીજા મંડલમાં ત્રીજી ગાથાના શબ્દો જ હોવા

જોઈએ. ચોથા મંડલમાં ઉપરના શબ્દો ઓછા છે, એટલે તે ત્યાં મૂકવામાં આવ્યા છે.

## ચોથું મંડલ

ॐ ह्रीं नमः कुंथुं अरं च मल्लिं वंदे मुणिसुव्वयं नमिजिणं च, वंदामि रिट्ठनेमिं पासं तह वद्धमाणं च (मम) मनोवांछितं पूरय पूरय ह्रीं स्वाहा।

અહીં કૌંસમાં મમ શબ્દ અમારા તરફથી મૂકાયેલો છે, તે ત્યાં અવશ્ય હોવો જોઈએ, અન્યથા મંત્ર અધૂરો રહે છે. આ મંત્ર ઉત્તરાભિમુખ થઈને પીળાં વસ્ત્રો પહેરીને પીળી માળા વડે એટલે કે કેરબાની માળા વડે ગણવાનો છે. તેના કુલ ૧૨૦૦૦ જપ કરવાના છે, પણ તે કેટલા સમયમાં પૂરા કરવા, તે જણાવેલું નથી. પરંતુ તે ૧૨થી ૨૪ દિવસ સુધીમાં પૂરા કરવા જોઈએ, એવો અમારો ખ્યાલ છે. આ મંત્રજપના પરિણામે કુટુંબમાં શાંતિ થાય છે અને પોતાનું માન વધે છે. વળી જેને ડાકિની–શાકિની વળગેલી હોય, તેના કાનમાં ફૂંક મારવાથી તે ચાલી જાય છે. (આ ફૂંક ત્રણ વાર મારવી જોઈએ.) જો આ મંત્ર કાગળ પર કુંકુમ–ગોરોચન આદિ ઉત્તમ દ્રવ્યો વડે લખી, તેની ચિઠ્ઠી બનાવી (માદળિયામાં ઘાલી) ગળામાં નાખવામાં આવે તો સર્વ પ્રકારના તાવો ઉતરી જાય છે.

## પાંચમું મંડલ

ॐ ऐं ह्रीं ह्रीं एवं मए अभिथुआ विहुय-रय-मला

पहीण–जरा–मरणा चउवीसं पि जिणवरा तित्थयरा मे पसीयंतु स्वाहा ।

આ મંત્ર પૂર્વ દિશા તરફ ઊભા રહી, દષ્ટિ ઊર્ધ્વ રાખી, બે હાથ જોડીને ત્રણ વાર નમસ્કાર કરીને જપવાનો છે. તેનો ૫૦૦૦ જપ કરતાં સર્વ દેવતાઓ પ્રસન્ન થાય છે અને સર્વ વાતે સુખ મળે છે. અહીં વસ્ત્ર સંબંધી ઉલ્લેખ નથી, પણ તે લાલ રંગનાં સમજવાં. મંત્ર-સાધનામાં સૂતરાઉ કરતાં રેશમી વસ્ત્રો વાપરવાં યોગ્ય છે. આ ૫૦૦૦ મંત્રજપ ૧૨ થી ૨૧ દિવસ સુધીમાં પૂરે કરવો જોઈએ, એમ અમારું માનવું છે.

## છઠ્ઠું મંડલ

ॐ उसंघराय (?) कित्तिय–वंदिय–महिया जे ए लोगस्स उत्तमा सिद्धा आरुग्ग–बोहिलाभं समाहिवरमुत्तमं दिंतु स्वाहा ।

આ મંત્રનો ૧૫૦૦૦ જપ કરતાં સમાધિમરણ થાય છે. અહીં બીજી કોઈ વિગત આપેલી નથી, પણ સમાધિ-મરણની ઇચ્છાથી આ મંત્રજપ કરવાનો છે, એટલે તે શ્વેત વસ્ત્ર પહેરીને, ઉત્તરાભિમુખ થઈને, શ્વેત માળાએ જપવો જોઈએ. તેનો સમય ૧૨ થી ૨૧ દિવસનો સમજવો.

## સાતમું મંડલ

ॐ ह्रूँ ऐं आँ ऑं औं चंदेसु निम्मलयरा आइच्चेसु अहियं पयासयरा सागरवरगंभीरा सिद्धा सिद्धिं मम दिसंतु, मम मनोवाञ्छितं पूरय पूरय स्वाहा ।

આ મંત્રનો રોજ ૧૦૦૮ જપ કરવો. મૂલ પ્રતિમાં ૧૦૦૪ લખ્યા છે, પણ મંત્રશાસ્ત્રમાં ૧૦૦૮નું વિધાન છે, એટલે તેને આ રીતે સુધારેલ છે. આ રીતે કેટલા દિવસ જપ કરવા, તેની સ્પષ્ટતા અહીં કરેલી નથી, પણ મંત્રજપના દશમા ભાગે હોમ કરવાનો હોય છે, અને હોમની સંખ્યા ૧૦ હજાર બિલીપત્રની બતાવેલ છે, એટલે તે ૧ લાખ હોવો જોઈએ. હવે રોજના ૧૦૦૮ જપમાંથી ગણનામાં તો ૧૦૦૦ જપ જ લેવાય છે, એટલે આ જપની સમય-મર્યાદા ૧૦૦ દિવસની સમજવી. આ રીતે આ મંત્રના ૧ લાખ જપનું અનુષ્ઠાન કરતાં સકલ મનોરથની સિદ્ધિ થાય છે અને લોકમાં માન-પ્રતિષ્ઠા વધે છે.

આ કલ્પની ઉપલબ્ધ પ્રતિઓમાં ઘણા પાઠાંતર છે, તે યથામતિ સુધારેલ છે. આ કલ્પ કોણે રચ્યો છે? અને ક્યારે રચ્યો છે? તે જાણવામાં આવ્યું નથી.

## અન્ય મંત્રો

હવે લોગસ્સસૂત્રમાંથી ઉદ્ભવેલા બીજા કેટલાક મંત્રોનો પણ અહીં પરિચય કરાવીશું. તેમાંનો પહેલો મંત્ર 'પુણ્યાહ મંત્ર' તરીકે પ્રસિદ્ધ છે. તેની શબ્દરચના નિમ્ન પ્રકારની છેઃ

### પુણ્યાહ મંત્ર

ॐ पुण्याहं पुण्याहं, प्रीयन्तां प्रीयन्तां, भगवन्तोऽर्हन्तः सर्वज्ञाः सर्वदर्शिनस्त्रिलोकनाथास्त्रिलोकमहितास्त्रिलोकपूज्यास्त्रिलोकेश्वरास्त्रिलोकोद्योतकराः ॥

ॐ ऋषभ-अजित-संभव-अभिनन्दन-सुमति-पद्मप्रभ-सुपार्श्व-चन्द्रप्रभ-सुविधि-शीतल-श्रेयांस-वासुपूज्य-विमल-अन-

न्त–धर्म–शान्ति–कुन्थु-अर-मल्लि–मुनिसुव्रत–नमि-नेमि–पार्श्व-वर्द्धमानान्ता जिनाः शान्ताः शान्तिकरा भवन्तु स्वाहा ।

આ મંત્ર બૃહચ્છાન્તિપાઠમાં આવેલો છે કે જેની રચના વાદિવેતાલ શ્રીશાંતિસૂરિએ કરેલી છે. સામાન્ય રીતે પ્રતિષ્ઠાના સમયે આ મંત્ર ઉપસ્થિત જનસમૂહ બોલે છે અને તેથી વાતાવરણમાં એક પ્રકારની ચેતના આવે છે, પરંતુ પ્રતિદિન પ્રાતઃકાળમાં આ મંત્રનો બે વાર પાઠ કરવાથી દિવસ સારો જાય છે અને કોઈ વિઘ્ન ઉપસ્થિત થતું નથી. છતાં કોઈ વિઘ્ન ઉપસ્થિત થાય તો તે તરત શમી જાય છે. કુટુંબ તથા સમાજમાં શાંતિ કરવાના પ્રસંગે પણ તેનો ઉપયોગ કરવા જેવો છે.

અમને પોતાને આ મંત્ર ઘણો પ્રિય છે અને જ્યારે અમે તેનું ભાવપૂર્વક ઉચ્ચારણ કરવા માંડીએ છીએ, ત્યારે અમારા શરીર–મન–આત્મા પર સાનુકૂલ અસર પડે છે. આ મંત્રથી સર્પનું ઝેર ઉતરી જાય, એવો અમારો ખ્યાલ છે.

## ચોવીશ મંત્રો

જે મંત્રમાં ભગવાનનું નામ હોય, તે નામમંત્ર કહેવાય. તેનો ઉપયોગ નામસ્મરણમાં તેમ જ પૂજનમાં થઈ શકે છે. જ્યારે ચોવીશ તીર્થંકરોના પટાદિનું પૂજન કરવું હોય, ત્યારે આ મંત્ર બોલીને કરવું. ચોવીશ તીર્થંકરોના નામમંત્રો નીચે પ્રમાણે સમજવા :

(१) ॐ ह्रीँ अर्हँ श्रीऋषभदेवाय नमः ।
(२) ॐ ह्रीँ अर्हँ श्रीअजितनाथाय नमः ।
(३) ॐ ह्रीँ अर्हँ श्रीसम्भवनाथाय नमः ।
(४) ॐ ह्रीँ अर्हँ श्रीअभिनन्दनाय नमः ।
(५) ॐ ह्रीँ अर्हँ श्रीसुमतिनाथाय नमः ।
(६) ॐ ह्रीँ अर्हँ श्रीपद्मप्रभाय नमः ।
(७) ॐ ह्रीँ अर्हँ श्रीसुपार्श्वनाथाय नमः ।
(८) ॐ ह्रीँ अर्हँ श्रीचन्द्रप्रभाय नमः ।
(९) ॐ ह्रीँ अर्हँ श्रीसुविधिनाथाय नमः ।
(१०) ॐ ह्रीँ अर्हँ श्रीशीतलनाथाय नमः ।
(११) ॐ ह्रीँ अर्हँ श्रीश्रेयांसनाथ नमः ।
(१२) ॐ ह्रीँ अर्हँ श्रीवासुपूज्याय नमः ।
(१३) ॐ ह्रीँ अर्हँ श्रीविमलनाथाय नमः ।
(१४) ॐ ह्रीँ अर्हँ श्रीअनन्तनाथाय नमः ।
(१५) ॐ ह्रीँ अर्हँ श्रीधर्मनाथाय नमः ।
(१६) ॐ ह्रीँ अर्हँ श्रीशान्तिनाथाय नमः ।
(१७) ॐ ह्रीँ अर्हँ श्रीकुन्थुनाथाय नमः ।
(१८) ॐ ह्रीँ अर्हँ श्रीअरनाथाय नमः ।
(१९) ॐ ह्रीँ अर्हँ श्रीमल्लिनाथाय नमः ।
(२०) ॐ ह्रीँ अर्हँ श्रीमुनिसुव्रताय नमः ।
(२१) ॐ ह्रीँ अर्हँ श्रीनमिनाथाय नमः ।
(२२) ॐ ह्रीँ अर्हँ श्रीनेमिनाथाय नमः ।
(२३) ॐ ह्रीँ अर्हँ श्रीपार्श्वनाथाय नमः ।
(२४) ॐ ह्रीँ अर्हँ श्रीमहावीराय नमः ।

આ દરેક મંત્ર શાંતિમંત્રનું કામ કરે છે અને તેનો આવશ્યકતા અનુસાર જપ કરી શકાય છે.

## છેલ્લી ગાથાનો ચમત્કાર

લોગસ્સસૂત્રની છેલ્લી ગાથા ચમત્કારિક છે, એવો ખ્યાલ તો અમને ઘણાં વર્ષો પૂર્વે આવ્યો હતો, પરંતુ એક વાર એક ધર્મપ્રેમી સજ્જનનો સમાગમ થયો, તેમણે વાતની વાતમાં જણાવ્યું કે 'લોગસ્સસૂત્રની છેલ્લી ગાથા ચમત્કારિક છે અને મને તેનો અનુભવ થયો છે.' આ શબ્દો સાંભળતાં જ અમારા આનંદનો પાર રહ્યો નહિ. અમે કહ્યું: 'એ અનુભવ કહી શકશો ખરા?' તેમણે કહ્યું: 'તમને કહેવામાં કંઈ હરકત નથી.' અને તેમણે જણાવ્યું કે 'એક વાર ધંધામાં મને એકાએક દોઢથી બે લાખ રૂપિયાનું નુકશાન થયું, જે મારા માટે ઘણું ભારે હતું. હું ફીકરમાં પડયો અને ઉદાસીન બની ગયો. મારી આ હાલત જોઇને એક મુનિરાજે મને પોતાની પાસે બોલાવ્યો અને પૂછયું કે 'શી બાબત છે?' મેં જેવી હતી, તેવી હકીકત કહી સંભળાવી. તેમણે કહ્યું: 'ફીકર ન કરો. બધાં સારાં વાનાં થઈ જશે.' અને તેમણે મને રોજ લોગસ્સસૂત્રની છેલ્લી ગાથાની પૂરી માળા ગણવાનું કહ્યું, એટલે કે ૧૦૮ વાર ગણના કરવાનું જણાવ્યું અને બે વસ્તુઓનો ત્યાગ કરાવ્યો.

અમે પૂછયું: 'કઈ બે વસ્તુઓનો ત્યાગ કરાવ્યો?' તેમણે કહ્યું: 'એક દૂધપાકનો અને બીજો કેરીનો.' એ વખતે

કેરીની મોસમ ચાલતી હતી અને મારે કાર્યસિદ્ધિ પર્યંત આ બે વસ્તુઓનો ત્યાગ કરવાનો હતો.'

'હં પછી ?' અમે આગળની વાત સાંભળવાની ઇંતેજારી બતાવી. તેમણે કહ્યું: 'મેં રોજ છેલ્લી ગાથાની માળા ફેરવવા માંડી. આ માળા હું ખૂબ શ્રદ્ધાપૂર્વક ગણતો હતો અને તે વખતે કોઇ આડાઅવળા વિચારો આવવા દેતો ન હતો. પંદર દિવસ બાદ ધંધાની સ્થિતિ સુધરવા માંડી અને ૪૫ દિવસમાં તો મેં ગુમાવેલા બધા પૈસા પાછા આવી ગયા.'

'ખરેખર અદ્‌ભુત !' અમારા હૃદયમાંથી સહસા ઉદ્‌ગારો સરી પડ્યા.

તેમણે કહ્યું: 'ત્યારથી એ માળા ગણવાનું આજ સુધી ચાલુ છે. પરિણામે હું સુખી છું.'

ત્યાર પછી આશરે બે વર્ષે એક નાણાંકીય કૌભાંડમાં અમે ફસાઇ ગયા. કૌભાંડ કરનારે અમારા વિશ્વાસનો દુરુપયોગ કરી રૂા. ૬૪૦૦૦ ની ખોટી રસીદો અમને ભેરવી દીધી અને એ રકમ મોજશોખમાં ઉડાવી દીધી. બીજા કેટલાકની સાથે પણ તેણે આ જાતનો વ્યવહાર કર્યો હતો. અમને જ્યારે ખરી વસ્તુની જાણ થઇ, ત્યારે કોઇ પણ જાતની ધમાલ કર્યા વિના ચૂપચાપ આસન પર બેસી ગયા અને લોગસ્સસૂત્રની છેલ્લી ગાથાની માળા ફેરવવાનું ચાલુ કર્યું. ભોજન અને આરામનો થોડો સમય બાદ કરતાં એ માળા ફેરવ્યા જ કરી. બીજા દિવસે નિત્યપૂજન પછી પણ

એ કાર્યક્રમ ચાલુ જ રહ્યો. એવામાં એક સંબંધી મળવા આવ્યા. તેમને ગમે તે રીતે બની ગયેલી ઘટનાનો ઇશારો મળી ગયો હતો. તેમણે કહ્યું: 'તમારી લાગવગ તો ઘણી છે. એને કામે લગાડો. આમ બેસી રહેવાથી દહાડો નહિ વળે.' અમે કહ્યુંઃ 'કામ ચાલુ છે. પૈસા મળી જશે.' પરંતુ તેમને અમારી વાતથી સંતોષ ન થયો. તેમણે પૂછ્યું: 'તમે કોને મળ્યા ? શું પરિણામ આવ્યું ?' અમે કહ્યું: 'દાદાના દરબારમાં ફરિયાદ નોંધાઇ ગઇ છે અને તેનું થોડા જ વખતમાં પરિણામ આવી જશે. આમાં બીજા કોઇની લાગવગ ચાલે એમ નથી.' અમારા આ જવાબથી તેઓ કંઇક ખિન્ન થયા અને બોલી ઉઠયા કે 'ત્યારે તો પૈસા ઘરે બેઠાં મળી જશે.' અમે કહ્યું: 'બનવું તો એમ જ જોઇએ.'

તેઓ અમારા મનનું વલણ સમજી ગયા અને 'કંઇ કામકાજ હોય તો કહેજો.' એમ બોલી વિદાય થયા. અમારી માળા ચાલુ રહી. તે જ દિવસે રાત્રિના નવ વાગ્યે કૌભાંડ-કારના એક આત્મીય જન અમને રૂા. ૪૮૦૦૦ રોકડા આપી ગયા અને બાકીના પૈસા થોડા વખતમાં ભરપાઈ કરી દઈશું એમ બોલી રૂપિયા ૧૬૦૦૦ ના અવેજની નવી પ્રોમીસરી નોટો આપી ચાલ્યા ગયા. તાત્પર્ય કે અમે એમાંથી આબાદ ઉગરી ગયા.

ત્યાર પછી એક પ્રસંગે જે પૈસા પાછા આવવાની ધારણા ન હતી, તે પૈસા આ માળા ગણવાના પરિણામે પાછા આવી ગયા હતા. આ પરથી પાઠકમિત્રોને જે સમ-

જવું હોય, તે સમજી લે. આ માળા ત્યારથી માંડીને આજ સુધી અમે નિયમિત ગણીએ છીએ.

## પહેલી ગાથા

લોગસ્સસૂત્રની પહેલી ગાથાની નિયમિત ગણના કરવાથી આંખની ઘટી ગયેલી રોશનીમાં સારો સુધારો થાય છે, એવો અમારો ખ્યાલ બંધાયો છે, પણ તે અંગે હજી સુધી વિધિપૂર્વકનો પ્રયોગ કરી શકયા નથી. તે કોઇ સજ્જન જરૂર કરે અને તેનું જે પરિણામ આવે, તે અમને જણાવે.

## એક અનોખો મંત્ર

લોગસ્સસૂત્રની પાંચમી ગાથાના ઉત્તરાર્ધમાં છેવટે 'तित्थयरा मे पसीयंतु' એ ત્રણ પદો આવે છે, તે પણ એક જાતનો મંત્ર જ છે. તેનો વિધિસર જપ કરતાં મુશ્કેલીઓ ટળે છે અને ઇષ્ટકાર્યની સિદ્ધિ થાય છે.

મંત્રનો વિષય ગૂઢ છે. તેમાં ઘણી બાબતો લક્ષ્યમાં લેવાની હોય છે, એટલે ગુરુ કે જ્ઞાનીના માર્ગદર્શન વિના તેમાં આગળ વધી શકાતું નથી. જેઓ મંત્રના વિષયમાં રસ ધરાવતા હોય, તેમણે અમારા રચેલાં (૧) **મંત્રવિજ્ઞાન** (૨) **મંત્રચિંતામણિ** અને (૩) **મંત્રદિવાકર** એ ત્રણ પુસ્તકોનું ખાસ અધ્યયન કરવું. આ ત્રણ ગ્રંથો મંત્ર-વિષયક જરૂરી માહિતીથી ભરપૂર છે અને તેમાં મંત્રની સાધના-સિદ્ધિને લગતા અનેક અનુભવોનો નીચોડ અપાયેલો છે.

[ ૨૩ ]

## પૂજન–ધ્યાન–યંત્ર

યંત્રો પણ કાર્યસિદ્ધિનું એક અંગ ગણાય છે. તેના અનેક પ્રકારો અસ્તિત્વમાં આવેલા છે. તે અંગે કેટલુંક મહત્ત્વનું વિવેચન અમે **મહાપ્રભાવિક ઉવસગ્ગહરં-સ્તોત્ર**' નામના અમારા ગ્રંથમાં કરેલું છે[1]

લોગસ્સસૂત્રના આધારે જે યંત્રો અસ્તિત્વમાં આવ્યા છે, તેમાં સહુથી વધારે મહત્ત્વનો **શ્રી 'ઋષિમંડલમહા-યંત્ર'** છે. તેનું આરાધન પણ આજે સારા પ્રમાણમાં થાય છે, પરંતુ આ પ્રકરણમાં તેનો પરિચય આપી શકાય એમ નથી. એ માટે તો અમારો રચેલો '**શ્રી ઋષિમંડલ આરાધના**' નામનો ખાસ ગ્રંથ વાંચવો–વિચારવો જોઇએ.[2]

---

૧. આ ગ્રંથ બે વાર છપાયા પછી હાલ અપ્રાપ્ય બનેલો છે, પણ પુસ્તકાલયો વગેરેમાંથી મળવાની શક્યતા છે.

૨. આ ગ્રંથ બીજીવાર છપાયો છે અને હાલ તે મળી શકે છે. તેની પાછળના ભાગમાં શ્રી ભદ્રગુપ્તાચાર્ય કૃત '**અનુભવસિદ્ધ-મંત્રદ્વાત્રિંશિકા**' પણ ગુજરાતી અનુવાદ અને વિવેચન સાથે અપાયેલી છે.

લોગસ્સસૂત્ર અંગે ઉદ્ભવેલા અન્ય યંત્રોમાં '**પાંસઠિયા યંત્રો**', વિશિષ્ટ સ્થાન ધરાવે છે, જેમાંનો એક શ્રેષ્ઠ પૂજન-ધ્યાન-યંત્ર તેની મૂલસંસ્કૃત કૃતિ સાથે અહીં આપવામાં આવ્યો છે. અમે માનીએ છીએ કે પાઠકમિત્રોને તેનું નિરીક્ષણ કરવામાં આનંદ આવશે અને તેઓ ધારે તો તેનાથી લાભાન્વિત પણ થઈ શકશે.

અંકનિર્મિતિ યંત્રોના ભવ્ય, અતિભવ્ય, સર્વતોભદ્ર અને મહાસર્વતોભદ્ર એવા પ્રકારો અસ્તિત્વમાં છે. તેમાં મહાસર્વતોભદ્રનું સ્થાન શ્રેષ્ઠ છે, કારણ કે તેનો સરવાળો આડી, ઊભી અને ત્રાંસી રેખા ઉપરાંત બીજી પણ અનેક રીતે સરખો જ આવે છે. અહીં જે પૂજન-ધ્યાન-યંત્ર આપવામાં આવ્યો છે, તે મહાસર્વતોભદ્ર જાતિનો પાંસઠિયો યંત્ર છે.

આ જાતિના પાંસઠિયા યંત્રમાં ૧ થી ૨૫ સુધીના અંકોનો ઉપયોગ કરવાનો હોય છે અને તેમાં એક અંક એક જ વાર મૂકી શકાય છે, એટલે કે તેનો બીજી વાર ઉપયોગ થઈ શકતો નથી, એ દૃષ્ટિએ તેની રચના ઘણું બુદ્ધિકૌશલ્ય માગે છે.

શ્રી શીલસિંહ વાચનાચાર્યે '**કોષ્ઠકચિંતામણિ**' નામનો એક ગ્રંથ લખ્યો છે, તેમાં અંકનિર્મિત યંત્રો સંબંધી વિપુલ માહિતી આપી છે. આજના ગણિતજ્ઞો

આવા યંત્રોને મેજીક સ્કવેર ( Magic square ) એટલે જાદુઈ ચોરસ તરીકે ઓળખે છે અને તે અંગે તેમણે કેટલાક ગ્રંથો પણ નિર્માણ કરેલા છે, પરંતુ તેઓ આને માત્ર ગણિતનું કૌશલ્ય માને છે, જ્યારે આપણે તેમાં ગણિતના કૌશલ્ય ઉપરાંત કાર્યસિદ્ધિનું લક્ષણ પણ માનેલું છે અને તે અંગે થયેલા પ્રયોગો સફલ નીવડેલા છે.

[ ૧ ]

## पञ्चषष्ठियन्त्रगर्भितं

## श्री चतुर्विंशतिजिनस्तोत्रम्

२२ ३ ९<br>
आदौ नेमिजिनं नौमि, सम्भवं सुविधिं तथा ।<br>
१५ १६<br>
धर्मनाथं महादेवं, शान्तिं शान्तिकरं सदा ॥ १ ॥

१४ २० २१<br>
अनन्तं सुव्रतं भक्त्या, नमिनाथं जिनोत्तमम् ।<br>
२ ८<br>
अजितं जितकन्दर्पं, चन्द्रं चन्द्रसमप्रभम् ॥ २ ॥

१ ७ १३<br>
आदिनाथं तथा देवं, सुपार्श्वं विमलं जिनम् ।<br>
१९ २५<br>
मल्लिनाथं गुणोपेतं, धनुषां पञ्चविंशतिम् ॥ ३ ॥

१८ २४ ५<br>
अरनाथं महावीरं, सुमतिं च जगद्गुरुम् ।

૬ ૧૨
श्रीपद्मप्रभनामानं, वासुपूज्यं सुरैर्नतम् ॥ ४ ॥
१० ११
शीतलं शीतलं लोके, श्रेयांसं श्रेयसे सदा ।
१७ २३ ४
कुन्थुनाथं च वामेयं, श्री अभिनन्दनं जिनम् ॥ ५ ॥
जिनानां नामभिर्बद्धः, पञ्चषष्टिसमुद्भवः ।
यन्त्रोऽयं राजते यत्र, तत्र सौख्यं निरन्तरम् ॥ ६ ॥
यस्मिन् गृहे महाभक्त्या, यन्त्रोऽयं पूज्यते बुधैः ।
भूतप्रेतपिशाचादि–भयं तत्र न विद्यते ॥ ७ ॥
सकलगुणनिधानं, यन्त्रमेनं विशुद्धं,
हृदयकमलकोषे, धीमतां ध्येयरूपम् ।
जयतिलकगुरुश्री–सूरिराजस्य शिष्यो,
वदति सुखनिदानं मोक्षलक्ष्मीनिवासम् ॥ ८ ॥

અહીં પ્રથમ તેનો અર્થ રજૂ કરીશું અને પછી તેમાંથી મહાસર્વતોભદ્રયંત્ર કેવી રીતે તૈયાર થાય છે, તેની સમજૂતી આપીશું.

'પ્રથમ નેમિજિનને નમસ્કાર કરું છું, તેમજ સંભવનાથ, સુવિધિનાથ, મહાદેવ એવા ધર્મનાથ અને સદા શાંતિ કરનારા એવા શાંતિનાથને પણ નમસ્કાર કરું છું. ૧

'વળી અનંતનાથ, મુનિસુવ્રત, જિનોમાં ઉત્તમ એવા નમિનાથ, કામદેવને જિતનારા એવા અજિતનાથ અને ચંદ્ર

જેવી કાંતિ ધારણ કરનાર ચન્દ્રપ્રભને પણ ભક્તિપૂર્વક નમસ્કાર કરું છું. ૨.

'તથા આદિનાથ દેવને, સુપાર્શ્વજિન તથા વિમલજિનને તેમજ પચીસ ધનુષની કાયાવાળા અને અનેક ગુણોથી યુક્ત એવા મલ્લિનાથને પણ નમસ્કાર કરું છું. ૩.

'અને અરનાથ, મહાવીર સ્વામી, જગદ્ગુરુ એવા સુમતિનાથ, શ્રી પદ્મપ્રભસ્વામી તથા દેવો વડે વંદાયેલા એવા વાસુપૂજ્યને પણ હું નમસ્કાર કરું છું. ૪.

'વળી જેઓ લોકમાં શીતલતા પ્રસારે છે એવા શીતલનાથ અને જેઓ સદા શ્રેયને માટે થાય છે, એવા શ્રેયાંસનાથ, તેમજ કુંથુનાથ, પાર્શ્વનાથ અને અભિનંદનજિનને પણ નમસ્કાર કરું છું. ૫.

આ રીતે જિનોના નામથી અંકિત અને પાંસઠની સંખ્યાથી ઉદ્ભવેલો યંત્ર જ્યાં વિરાજે છે, ત્યાં નિરંતર સુખ હોય છે. ૬.

જે ગૃહમાં સુજ્ઞો વડે મહાભક્તિપૂર્વક આ યંત્ર પૂજાય છે, ત્યાં ભૂત, પ્રેત, પિશાચ વગેરેનો ભય ઉપસ્થિત થતો નથી. ૭.

શ્રી જયતિલકસૂરિરાજ ગુરુનો શિષ્ય (કે જે આ યંત્રનો રચનાર છે, તે) એમ કહે છે કે સકલગુણના નિધાનરૂપ, બુદ્ધિમાનોના ધ્યેયરૂપ, અતિપવિત્ર, સર્વ સુખના કારણરૂપ અને મોક્ષલક્ષ્મીના નિવાસરૂપ આ યંત્રને હૃદયકમલરૂપી કોષમાં સ્થાપવો જોઈએ. તાત્પર્ય કે જે બુદ્ધિમાન —સુજ્ઞ—શાણા મનુષ્યો આ યંત્રને પોતાના અંતરમાં સ્થાપી

તેનું ધ્યાન ધરશે, તેઓ સર્વ પ્રકારનું સુખ પામી છેવટે મોક્ષની પ્રાપ્તિ કરશે. ૮.

આ સ્તોત્ર રચનારે પોતાના ગુરુનું નામ આપ્યું છે, પણ પોતાનું નામ આપ્યું નથી. કદાચ તેમણે છેલ્લી પંક્તિમાં એ નામ ગર્ભિત રાખ્યું હોય તો તેનો નિર્ણય હજી સુધી આપણે કરી શકયા નથી. તાત્પર્ય કે આ સ્તોત્ર શ્રીજયતિલકસૂરિજીના કોઈ વિદ્વાન શિષ્યે બનાવેલું છે અને તે એની મનોરમ રચનાને લીધે લોકપ્રિય થયેલું છે. કેટલાક ગ્રંથોમાં તે છપાઈ ચૂકયું છે, પણ તેનો ગુજરાતી અનુવાદ અને તેના પરથી યંત્ર બનાવવાની રીતનું સ્પષ્ટીકરણ તો અહીં આ પહેલી જ વાર થાય છે.

આ સ્તોત્ર કુલ આઠ શ્લોકોનું છે, તેમાં પહેલા પાંચ શ્લોકો યંત્ર બનાવવાની રીતના છે અને પછીના ત્રણ શ્લોકો તેની ફલશ્રુતિ દર્શાવનારા છે.

આ સ્તોત્રની છઠ્ઠી ગાથામાં એમ કહ્યું છે કે, 'આ યંત્ર જિનોના નામથી અંકિત છે,' એટલે કે ત્યાં જિન-નામના ક્રમ અનુસાર અંક ભરવાના છે અને 'આ યંત્ર પાંસઠની સંખ્યાથી ઉદ્ભવેલો છે,' એટલે કે એ અંકોનો સરવાળો બધી બાજુથી ૬૫ પાંસઠ થાય એમ છે, એટલે તે પાંસઠિયો યંત્ર છે. આ યંત્ર ભવ્ય, અતિભવ્ય, સર્વતો-ભદ્ર કે મહાસર્વતોભદ્રમાંથી કયા પ્રકારનો છે, તે અહીં જણાવ્યું નથી, પણ આ રીતે યંત્રરચના કર્યા પછી તેની પરીક્ષા કરતાં તે મહાસર્વતોભદ્ર જણાયેલો છે.

આ યંત્રની ફલશ્રુતિનો સાર એ છે કે જ્યાં આ યંત્રની વિધિસર સ્થાપના કરવામાં આવે છે અને તેની નિત્ય પૂજા થાય છે, ત્યાં ભૂત, પ્રેત, પિશાચ વગેરેનો ભય ઉપસ્થિત થતો નથી અને સર્વ વાતે લીલાલહેર થાય છે. વળી તેનું ધ્યાન ધરવામાં આવે તો સર્વ મનોરથની સિદ્ધિ થાય છે અને આખરે મોક્ષ પ્રાપ્ત કરી શકાય છે. તાત્પર્ય કે આ યંત્રનો પૂજન અને ધ્યાન બંને માટે ઉપયોગ કરી શકાય છે.

આ યંત્ર ભૂર્જપત્ર પર કેશર-ચંદન-ગોરોચન આદિ ઉત્તમ દ્રવ્યો વડે અથવા તો અષ્ટગંધ વડે દાડમની કલમે કે સુવર્ણની કલમે શુભ મુહૂર્તે લખીને તૈયાર કરવો જોઈએ, અથવા તો ત્રાંબાના પતરાં પર અંકો કોતરીને કે ઉપસાવીને નિર્માણ કરવો જોઈએ અને તેની વિધિસર પ્રતિષ્ઠા કર્યા પછી તેનો ઉપયોગ કરવો જોઈએ. ખરી વાત તો એ છે કે કોઈ યંત્રવિશારદની દેખરેખ નીચે આવો યંત્ર તૈયાર કરીને તેને ઉપયોગમાં લેવો જોઈએ.

## યંત્ર બનાવવાનો વિધિ

(૧) પ્રથમ એક સમચોરસ દોરવો. જેની લંબાઈ અને પહોળાઈ સરખી હોય, તે સમચોરસ કહેવાય.

(૨) પછી તેમાં ચાર ઊભી અને ચાર આડી સમાંતર રેખાઓ દોરવી. સમાંતર એટલે સરખા અંતરવાળી. આ રીતે સમાંતર રેખાઓ દોરતાં એ સમચોરસમાં બરાબર પચીશ કોઠા પડશે.

(૩) આ કોઠાઓમાં જિનભગવંતોના નામક્રમ પ્રમાણે અંકો ભરવા કે જે સ્તોત્રમાં દર્શાવેલા છે. તે આ પ્રમાણે :

| | | | | | |
|---|---|---|---|---|---|
| પહેલી પંક્તિમાં | ૨૨ | ૩ | ૯ | ૧૫ | ૧૬ |
| બીજી પંક્તિમાં | ૧૪ | ૨૦ | ૨૧ | ૨ | ૮ |
| ત્રીજી પંક્તિમાં | ૧ | ૭ | ૧૩ | ૧૯ | ૨૫ |
| ચોથી પંક્તિમાં | ૧૮ | ૨૪ | ૫ | ૬ | ૧૨ |
| પાંચમી પંક્તિમાં | ૧૦ | ૧૧ | ૧૭ | ૨૩ | ૪ |

## મહાસર્વતોભદ્ર
## પાંસઠિયો યંત્ર

| | | | | |
|---|---|---|---|---|
| २२ | ३ | ९ | १५ | १६ |
| १४ | २० | २१ | २ | ८ |
| १ | ७ | १३ | १९ | २५ |
| १८ | २४ | ५ | ६ | १२ |
| १० | ११ | १७ | २३ | ४ |

## પૂજનવિધિ

પ્રથમ આ યંત્રને પાટલા કે બાજોઠ પર પધરાવ્યા પછી ઘીનો દીવો અને સુગંધી અગરબત્તી પ્રકટાવવાં. તે પછી યંત્રને ત્રણ વાર દૂધનો તથા ત્રણ વાર જલનો અભિષેક કરવો. એ વખતે ચોવીશ તીર્થંકરનો મંત્ર બોલતા રહેવું.

અભિષેકવિધિ પૂરો થયા પછી તેને ત્રણ અંગલૂંછણા વડે લૂંછીને સાફ કરી લેવો.

ત્યાર પછી એની નામમંત્ર બોલવાપૂર્વક વાસક્ષેપ-પૂજા કરવી. દાખલા તરીકે યંત્રની પહેલી પંક્તિમાં ૨૨, ૩, ૯, ૧૫ અને ૧૬ ના અંકો છે, તો ત્યાં ૐ હ્રીઁ અર્હં श्रीनेमिनाथाय नमः, ॐ ह्रीँ अर्हं श्रीसम्भवनाथाय नमः અને ॐ ह्रीँ अर्हं श्रीसुविधिनाथाय नमः એ રીતે મંત્ર બોલવા. આમ સર્વત્ર સમજી લેવું. આ યંત્રની ત્રીજી પંક્તિના છેડે ૨૫ નો અંક આવે છે, ત્યાં ચોવીશ તીર્થંકરનો મંત્ર બોલવો, એટલે કે, 'ॐ ह्रीँ अर्हं चतुर्विंशतितीर्थकरेभ्यो नमः' એ મંત્ર બોલવો.

ત્યાર પછી પુષ્પપૂજા કરવી, પણ દરેક કોઠા પર પુષ્પ ચડી શકે એવડો મોટો યંત્ર ન હોય તો ચોવીશ તીર્થંકરોનો સામાન્ય મંત્ર બોલીને ૭, ૧૪ કે ૨૭ પુષ્પો ચડાવવાં.

જો રોગનિવારણ કે ભયનિવારણની ઇચ્છાથી આ યંત્રપૂજન થતું હોય તો મોગરા કે જાઇનાં પુષ્પો ચડાવવાં, સૌભાગ્ય કે આકર્ષણની ઇચ્છાથી આ યંત્રપૂજન થતું હોય તો જાસુદ (રતનજ્યોત) કે લાલ ગુલાબનાં પુષ્પો ચડાવવાં અને લક્ષ્મીપ્રાપ્તિની ઇચ્છાથી આ યંત્રપૂજન થતું હોય તો તેને પીળાં ચંપકપુષ્પ ચડાવવાં.

તેની આગળ ફલ-નૈવેદ્ય પણ ઇચ્છા મુજબ મૂકી શકાય. પછી યંત્રને લગતું સ્તોત્ર બોલવું કે જે ઉપર આપવામાં આવ્યું છે.

ત્યાર પછી ત્રણ લોગસ્સનો પાઠ કરવો અને ચોવીશ તીર્થંકરના સામાન્ય મંત્રની એક પૂરી માળા ફેરવવી.

## ધ્યાન વિધિ

તે પછી આ યંત્રનું હૃદયમાં ધ્યાન ધરવું. તેમાં જે જે અંક લખાયેલા છે, તે સ્મૃતિથી અનુક્રમે ઉપસ્થિત કરવા અને તેમાં તે તે તીર્થંકરનું ધ્યાન મુદ્રા, વર્ણ તથા લાંછન સાથે ધરવું. દાખલા તરીકે યંત્રમાં સહુ પહેલાં નમિનાથ છે, તો તેમને ધ્યાનમુદ્રાએ બેઠેલા ચિંતવવા. જો દરેક તીર્થંકરના વર્ણ અને લાંછન યાદ હશે, તો જ આ રીતે ધ્યાન ધરી શકાશે, એટલે તે વહેલી તકે યાદ કરી લેવા. આ ગ્રંથમાં ચોવીશ તીર્થંકરોને લગતો જે કોઠો પ્રસિદ્ધ થયેલો છે, તેમાં દરેક તીર્થંકરના વર્ણ તથા લાંછન જણાવેલાં છે.

છેવટે નીચેનો શ્લોક યાદ લાવી તીર્થંકરોની પરમ વીતરાગતાનું ધ્યાન ધરવું:

**प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्न–**
**वदनकमलमङ्कः कामिनीसंगशून्यः ।**
**करयुगमपि यत्ते शस्त्रसम्बन्धवन्ध्यं,**
**तदसि जगति देवो वीतरागस्त्वमेव ॥**

(૧) હે પ્રભો ! આપનાં બંને ચક્ષુઓમાં પ્રશમરસ ભરેલો છે અને આપનું વદનકમલ પ્રસન્ન છે. આ રીતે પ્રથમ તેમના મુખનું ધ્યાન ધરવું.

(૨) હે પ્રભો ! આપના ખોળામાં કોઈ સ્ત્રી બેઠેલી

નથી, અને આપના હાથમાં કોઈ પ્રકારનાં શસ્ત્રો નથી. અહીં તેમની ધ્યાનમુદ્રા ચિંતવવી.

(૩) હે પ્રભો ! આ જગતમાં આપ સાચા વીતરાગ છો. અહીં તેમની ધ્યાનાવસ્થિત સમગ્ર અવસ્થા ચિંતવવી અને ચિત્તવૃત્તિઓનો તેમાં લય કરવો.

આ રીતે આ યંત્રનો પૂજન અને ધ્યાનમાં ઉપયોગ કરવાથી ઇષ્ટકાર્યની સિદ્ધિ ઉપરાંત બીજા પણ અનેક લાભો થશે અને છેવટે પરમાનંદની પ્રાપ્તિ થશે.

અહીં પાઠકોની જાણ માટે બીજા પણ બે મહાસર્વતોભદ્ર પાંસઠિયા યંત્રો આપવામાં આવ્યા છે. તેમાં જે પ્રમાણે અંકો આપેલા છે, તે પ્રમાણે તીર્થંકરોનાં નામ બોલી જપ તથા ધ્યાન કરવાનું છે. બીજી બધી ક્રિયા ઉપર મુજબ સમજવાની છે.

## મહાસર્વતોભદ્ર
## પાંસઠિયો યંત્ર-બીજો

| | | | | |
|---|---|---|---|---|
| १० | ११ | १७ | २३ | ४ |
| १८ | २४ | ५ | ६ | १२ |
| १ | ७ | १३ | १९ | २५ |
| १४ | २० | २१ | २ | ८ |
| २२ | ३ | ९ | १५ | १६ |

## મહાસર્વતોભદ્ર
## પાંસઠિયો યંત્ર-ત્રીજો

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫ | ૮ | ૧ | ૨૪ | ૧૭ |
| ૧૬ | ૧૪ | ૭ | ૫ | ૨૩ |
| ૨૨ | ૨૦ | ૧૩ | ૬ | ૪ |
| ૩ | ૨૧ | ૧૯ | ૧૨ | ૧૦ |
| ૯ | ૨ | ૨૫ | ૧૮ | ૧૧ |

બીજા સર્વતોભદ્ર આદિ પાંસઠિયા યંત્રો ઘણા પ્રકારના બને છે, પણ આ ત્રણ યંત્રો પૂજન-ધ્યાન માટે શ્રેષ્ઠ હોવાથી અહીં આપવામાં આવ્યા છે.

[ ૨૪ ]

# ઉપસંહાર

જૈનશ્રુત અનેક ઉત્તમ કૃતિઓથી ભરેલું છે. તેમાંની એક કૃતિ તે 'चकवीसत्थय' યાને **'લોગસ્સસૂત્ર'** છે. તેનો ઉપયોગ આપણી ઘણી ધાર્મિક ક્રિયાઓમાં થઈ રહેલો છે, આમ છતાં તેના અર્થ–ભાવ–રહસ્ય અંગે આપણા સમાજમાં જોઈએ તેવી સ્પષ્ટ સમજણ પ્રવર્તતી નથી. મોટા ભાગે તો તેનો પાઠ શીખીને તથા સામાન્ય અર્થો જાણીને સંતોષ મનાય છે, પણ તે એક મહાસૂત્ર છે, ઘણું અર્થ-ગંભીર છે તથા આપણા તીર્થંકરવાદ, ભક્તિવાદ અને અધ્યાત્મવાદના મૂલ પાયા સમું છે, એવો ખ્યાલ તો બહુ થોડામાં જ પ્રવર્તે છે. આ પરિસ્થિતિનું સર્વાંશે નહિ તો અમુક અંશે પણ નિવારણ થાય, તે માટે અમે આ '**લોગસ્સ મહાસૂત્ર યાને જૈન ધર્મનો ભક્તિવાદ**' નામના ગ્રંથની રચના કરી છે અને તેને અનેક શાસ્ત્રપ્રમાણો, વિવિધ વિચારણાઓ તથા ઉપયોગી દૃષ્ટાંતો વડે મનનીય બનાવ્યો છે.

આ ગ્રંથનિર્માણનો વિચાર કેમ ઉદ્ભવ્યો? તે માટે અમે અધિકારી છીએ કે કેમ? અને કઈ દૃષ્ટિ સામે રાખીને અમે આ ગ્રંથ નિર્માણ કર્યો છે? તે અમે 'પ્રાક્-કથન'માં દર્શાવેલું છે. તે પછી સૂત્ર અંગે કેટલીક મહત્વની વિચારણા કરીને, તેમાં લોગસ્સસૂત્રનું સ્થાન કયાં છે? તે જણાવ્યું છે અને તેનો જુદાં જુદાં શાસ્ત્રોમાં કયા નામોથી વ્યવહાર થયો છે, તેની પણ રજૂઆત કરી છે. તે પછી ખાસ પ્રકરણ દ્વારા તેની પ્રાચીનતા અને પવિત્રતા સિદ્ધ કરી છે તથા તે જિનભક્તિનું દ્યોતક છે, દર્શનશુદ્ધિનું સાધન છે અને અધ્યાત્મની આધારશિલા છે, એ હકીકત જણાવવા ત્રણ પ્રકરણો લખ્યાં છે. તેના પરથી પાઠકોને લોગસ્સસૂત્રના મંગલમય મહિમાનો પૂરો ખ્યાલ આવી શકે એમ છે.

તે પછી લોગસ્સસૂત્રના અક્ષરદેહનો વિસ્તારથી પરિચય કરાવવામાં આવ્યો છે અને તેમાં તેની છંદરચનાનો પણ ઉત્થાપનિકાઓ સાથે સ્પષ્ટ ખ્યાલ આપવામાં આવ્યો છે. ત્યાર બાદ 'અર્થપ્રકાશ અંગે કિંચિત્' નામનું પ્રકરણ લખીને સૂત્રોના અર્થ કરતી વખતે કઈ કઈ બાબતો લક્ષમાં રાખવી પડે છે, તેનો ચિતાર અપાયો છે અને તે પછી સૂત્રના સામાન્ય તથા વિશેષ અર્થો જણાવવા માટે ખાસ નવ પ્રકરણો લખ્યાં છે. તેમાં અધિક પ્રયાસ તો વિશેષાર્થને પ્રકટ કરવા માટે જ કર્યો છે, કારણકે સૂત્રરૂપી તાળું ખોલવાની ખરી કુંચી તેમાં રહેલી છે. વળી પહેલી ગાથાનાં

ચાર વિશેષણો ઘણાં મહત્ત્વનાં હોવાથી તે અંગે એકેક પ્રકરણ લખવા ઉપરાંત તેમાં પ્રશ્નોત્તરી પણ આપી છે, જે આધુનિક યુગની રોશની પામેલા વિદ્યાર્થી તથા યુવકોના મનમાં ઉઠતી અનેકવિધ શંકાઓનું સમાધાન કરનારી છે. વચ્ચે ચૌદમું પ્રકરણ 'તીર્થંકરવાદ' નામનું છે, તે આગામી પ્રકરણોની ભૂમિકારૂપે લખાયેલું છે.

તે પછી 'સૂત્રાર્થદર્શન' નામના પ્રકરણમાં લોગસ્સસૂત્રનો મૂલપાઠ નવા અર્થપ્રકાશ સહિત આપવામાં આવ્યો છે, તેથી વર્તમાન અર્થમાં અને આ અર્થમાં કેટલો તફાવત છે, તે સમજી શકાશે. ત્યારબાદ 'ભવ્ય ભક્તિસૂત્ર' નામનું વીસમું પ્રકરણ લખાયું છે, જેમાં લોગસ્સસૂત્રની ખાસ ખૂબીઓ પર પ્રકાશ પાડવામાં આવ્યો છે તથા જૈનધર્મનાં ભક્તિવિષયક મંતવ્યોની યથાર્થ રજૂઆત કરવામાં આવી છે. આ એક જ પ્રકરણ વાંચવાથી પણ પાઠકમિત્રોને લોગસ્સસૂત્રનું મહત્ત્વ સમજાઈ જાય એમ છે.

આ રીતે વીશ પ્રકરણોમાં લોગસ્સસૂત્રનું તાત્ત્વિક દર્શન કરાવ્યા પછી તેની આરાધનાવિષયક બાજુ પર યોગ્ય પ્રકાશ પાડવામાં આવ્યો છે. તે અંગે પહેલું પ્રકરણ–ગ્રંથનું એકવીશમું પ્રકરણ 'લોગસ્સસૂત્રની ખાસ આરાધના'નું લખાયેલું છે, જે આરાધનાના વિષયમાં નવી ભાત પાડનારું છે અને એક નવી જ દિશા ખોલનારું છે. તેમાં અમારો અનુભવ પૂરેપૂરો રેડયો છે. તે પછી 'કલ્પ અને મંત્રો' નામનું પ્રકરણ લખી જાણીતા લોગસ્સકલ્પની વિશેષ સમજૂતી સાથે રજૂઆત કરવામાં આવી છે અને બીજા

પણ ઉપયોગી મંત્રોને યોગ્ય નોંધ સાથે સ્થાન આપવામાં આવ્યું છે. મંત્રના વિષયમાં રસ લેનારને આ પ્રકરણ ઘણું ઉપયોગી થઈ પડશે.

તે પછી 'પૂજન-ધ્યાન-યંત્ર' નામનું પ્રકરણ લખી તેમાં શ્રીજયતિલકસૂરિના શિષ્યે બનાવેલ '**પંચષષ્ઠિ યન્ત્રગર્ભિત-ચતુર્વિંશતિજિનસ્તોત્ર**'નો ગુજરાતી અનુવાદ ખાસ વિવેચનાપૂર્વક રજૂ કરવામાં આવ્યો છે અને આ યંત્રનું પૂજન કેમ કરવું ? તથા તેનું ધ્યાન કેમ ધરવું ? તેનો સમુચિત વિધિ દર્શાવવામાં આવ્યો છે, જેથી કોઈ પણ જિજ્ઞાસુજન આ પ્રકારનો યંત્ર બનાવીને કે મેળવીને તેના પૂજન-ધ્યાનનો લાભ લઈ શકશે અને એ રીતે પોતાના અભીષ્ટની સિદ્ધિ કરી શકશે. સાથે બીજા બે મહાસર્વતોભદ્ર યંત્રો પણ આપવામાં આવ્યા છે.

આ રીતે લોગસ્સસૂત્ર અંગે જે કંઈ જાણવા જેવું, વિચારવા જેવું અને આદરવા જેવું હતું, તે આ ગ્રંથમાં વિનમ્ર ભાવે રજૂ કરાયું છે અને તેમાં જે કંઈ સુધારવા જેવું લાગ્યું, તે સુધારતા રહ્યા છીએ. આમ છતાં તેમાં કોઈ ભૂલચૂક રહી ગઈ હોય, તો તે સુધારી લેવાની વિનંતિ સાથે સકલસંઘની ક્ષમા પ્રાર્થી, આ ગ્રંથની પૂર્ણાહુતિ કરીએ છીએ. इति शम् ।

વિ. સં. ૨૦૩૫ના ચૈત્ર સુદિ
૩, શુક્રવાર તા. ૩૦-૩-૭૯
દેવલાલી ( મહારાષ્ટ્ર )

## પરિશિષ્ટ

# શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન

[ અમોએ કેટલાંક વર્ષો પહેલાં '**જિનોપાસના**' નામનો ગ્રંથ લખીને પ્રકટ કર્યો હતો. તેના બાવીશમા પ્રકરણમાંથી સંકલિત કરેલો લેખ પાઠકોની જાણ માટે અહીં આપવામાં આવે છે. ]

કાયાને મંદિર બનાવી, હૃદયને આસન કરી તેના પર શ્રી જિનેશ્વરદેવની મંગલમૂર્તિ સ્થાપિત કરવી અને તેના પર મનને એકાગ્ર કરવું, એ શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન છે. પાઠકો અમારા આ કથનનો મર્મ બરાબર સમજે. કાયાને મંદિર બનાવવું, એટલે કાયાને પવિત્ર બનાવવી. અહીં કોઈ એમ કહેતા હોય કે 'કાયા તો મલસૂત્રથી ભરેલી છે, તે શી રીતે પવિત્ર બને?' તો તે અમારા કથનનો મર્મ સમજ્યા નથી. અહીં પવિત્રતાથી સદાચાર–સદ્દુપયોગનું સૂચન છે. કાયા જ્યારે દુરાચારનો ત્યાગ કરી સદાચારમાં પ્રવર્તતી રહે અને તેનાં અંગોનો ઉપયોગ વિષયભોગ માટે

નહિ, પણ સારાં સારાં કામો કરવામાં થાય, ત્યારે તે પવિત્ર થઈ કહેવાય.

દુરાચાર કોને કહેવાય, તેની સ્પષ્ટતા કરવાની જરૂર છે ખરી? જરૂર હોય તો અમે જણાવીએ છીએ કે અભક્ષ્ય ભક્ષણ કરવું, દારૂ પીવો, હિંસા કરવી, જૂઠ બોલવું, જુગાર રમવો, પરસ્ત્રીગમન કરવું, વેશ્યા સાથે વિષયભોગ કરવો, પ્રાણીઓનો શિકાર કરવો, એ દુરાચાર છે અને કાયાને ધાર્મિક–આધ્યાત્મિક પ્રવૃત્તિઓમાં પ્રવર્તાવવી તથા કોઈ પરોપકારી પ્રવૃત્તિમાં જોડવી, એ સદાચાર છે.

કેટલાક એમ સમજે છે કે કાયાને પુષ્કળ પાણીથી સ્નાન કરાવીએ અને ઉવટણ, સાબુ વગેરેથી તેનો મેલ કાઢીએ એટલે તે પવિત્ર થાય છે, પણ એ બાહ્ય પવિત્રતા છે. તેની સાથે અભ્યંતર પવિત્રતા પણ જોઈએ અને તે ઉપર કહ્યું તેમ કાયાને સદાચારમાં પ્રવર્તાવવાથી તથા હાથ–પગ વગેરે અંગોનો સારા કામમાં ઉપયોગ કરવાથી પ્રાપ્ત કરી શકાય છે.

કાયાને કુટિલતાનો અખાડો બનાવવો કે દેવને વિરાજવાનું મંદિર બનાવવું, એ આપણા હાથની વાત છે. જો આપણે અતિદુર્લભ એવો માનવદેહ પામીને પણ મોક્ષપ્રાપ્તિમાં અનન્ય કારણભૂત એવા શ્રી જિનેશ્વરદેવની ભક્તિ, આરાધના કે ઉપાસના ન કરીએ તો આપણા જેવા મૂઢ, મૂર્ખ કે ગમાર કોણ?

દેવમૂર્તિને ગમે ત્યાં પધરાવી શકાય નહિ. તે માટે

ખાસ બેઠક–આસન જોઈએ. દેવો પણ તે માટે પ્રાતિહાર્યની સામગ્રીમાં સ્ફટિકનું સુંદર પવિત્ર આસન સાથે રાખે છે અને મંદિરમાં પણ તેજ જાતની વ્યવસ્થા હોય છે. આપણા કાયારૂપી મંદિરમાં દેવનું આસન બનાવવા માટે સર્વથી શ્રેષ્ઠ સ્થાન આપણું હૃદય છે. અહીં હૃદયથી લોહીને શરીરમાં ધકેલનારું અવયવ નહિ પણ હૈયું, દિલ કે અંતઃકરણ સમજવાનું છે. તે માનવદેહની અંદર આવેલાં ત્રણ મર્મ-સ્થાનો પૈકીનું એક છે અને લાગણીઓનો પ્રાદુર્ભાવ થવાનું મુખ્ય સાધન છે.

દેવનું આસન પવિત્ર હોવું જોઇએ, એટલે કે તેમાં કોઈ જાતની અપવિત્રતા, અશુદ્ધિ કે મલિનતા ન હોવી જોઇએ. જો આસનમાં અપવિત્રતા, અશુદ્ધિ કે મલિનતા હોય તો દેવ ત્યાં બિરાજે નહિ, એટલે આપણે હૃદયની અપવિત્રતા–અશુદ્ધિ–મલિનતા દૂર કરવી જ રહી.

આપણા હૃદયમાં આજે કેવી કેવી લાગણીઓ ઉઠી રહી છે, તેનું નિરીક્ષણ કરો. ઘડીકમાં ક્રોધ–ગુસ્સો–રૌદ્રભાવ ભભૂકે છે, તો ઘડીકમાં માન–મદ–મિથ્યાભિમાનનો આવિ-ર્ભાવ થાય છે. વળી ઘડીકમાં માયા–કપટ–દગાની પ્રવૃત્તિ સળવળતી જણાય છે, તો ઘડીકમાં લોભ–તૃષ્ણા–પરિગ્રહની સંજ્ઞા જોર પર આવતી જણાય છે. અને ભૂંડી ભૂતાવળ જેવી અનેક પ્રકારની લાલસાઓ–વાસનાઓનો ત્યાં હરદમ આવિર્ભાવ થાય છે. આ રીતે કષાય અને વિષય બંનેને ત્યાં મોકળું મેદાન મળેલું હોવાથી આપણું સમસ્ત હૃદય

ભ્રષ્ટ–અપવિત્ર–અશુદ્ધ થયેલું છે. તેમાં થોડી જગા પણ પવિત્ર–શુદ્ધ–સ્વચ્છ શોધવી હોય તો ઘણી મુશ્કેલી પડે એમ છે, એટલે તેનું સર્વાંશે શુદ્ધિકરણ થાય, એ જ ઇષ્ટ છે.

જો લોઢાના ખીલા, કોલસા કે હાડકાવાળી જગા પર શ્રી જિનેશ્વરદેવનું આસન બિછાવી શકાય નહિ, તો જ્યાં ક્રોધ, માન, માયા, લોભ અને વિવિધ પ્રકારની વાસનાઓની ગંદકી પડેલી હોય, ત્યાં શું શ્રી જિનેશ્વરદેવને પધરાવી શકાય ખરા ?

અમે તો એમ કહીએ છીએ કે જો આપણા હૃદયમાં શ્રી જિનેશ્વરદેવનું સમવસરણ રચવું હોય તો પણ રચી શકાય, પરંતુ તે માટે શુભ મનોયોગ, શુભ વચનયોગ અને શુભ કાયયોગરૂપી ત્રણ કોટ રચવા જોઇએ, ઉલ્લાસરૂપી અશોકવૃક્ષ નિર્માણ કરવું જોઇએ, સદ્‌ભાવનારૂપી પુષ્પોની વૃષ્ટિ કરવી જોઈએ, પરાવાણીથી ॐ મંત્રનો દિવ્ય ધ્વનિ કરવો જોઈએ, શાંતિ–સમતારૂપ ચામરો ઢોળવા જોઈએ, શુદ્ધિરૂપી સ્ફટિકનું આસન બિછાવવું જોઈએ, ભદ્રતારૂપી ભામંડલની રચના કરવી જોઈએ, દયારૂપ દુંદુભિનો જોર-શોરથી નાદ કરવો જોઈએ અને તૃષ્ણાત્યાગ, તિતિક્ષા તથા તપનું ત્રિવિધ છત્ર તૈયાર રાખવું જોઈએ. બસ, આવી–આટલી તૈયારી હોય તો આપણા હૃદયમાં શ્રી જિનેશ્વરદેવનું સમવસરણ જરૂર રચાય અને તેમના દિવ્ય દેદારનાં દર્શનનો લાભ આપણને જરૂર મળે.

શ્રી જિનેશ્વરદેવને હૃદયમાં બિરાજમાન કર્યા પછી

મનની સઘળી વૃત્તિઓને તેમના પ્રત્યેજ કેન્દ્રિત કરવી જોઈએ. જો આપણે શ્રી જિનેશ્વરદેવને કલ્પવૃક્ષ, કામધેનુ કે ચિંતામણિરત્નથી અધિક માનતા હોઈએ, એટલે કે એમનાથી જ આપણી બધી ઈષ્ટસિદ્ધિ થઇ જવાની છે, એવી દૃઢ શ્રદ્ધા ધરાવતા હોઈએ તો પછી અન્ય કોઈ વસ્તુનો વિચાર જ શા માટે કરવો ? એમનાં અંગપર–મુખપર મનની વૃત્તિઓને એકાગ્ર–સ્થિર કરીને બેસી જઈએ, એ જ ઇષ્ટ છે.

જેમ આપણા શરીરમાં બે દ્રવ્યચક્ષુઓ છે અને તેનાથી બહારના અનેકવિધ પદાર્થોને નિહાળી શકીએ છીએ, તેમ આપણા અંતરમાં પ્રતિભારૂપ એક ચક્ષુ છે અને તેના આધારે સંસ્કારરૂપે સંગ્રહાયેલી કોઇપણ વસ્તુનાં આપણે દર્શન કરી શકીએ છીએ. કદાચ તથાપ્રકારની ઉદ્બોધક સામગ્રી ન હોય તો તત્કાલ એ દર્શન ન થાય, પણ વિશેષ ચિંતન–મનન કરતાં કોઇને કોઈ ઉદ્બોધક સામગ્રી જરૂર મળી જાય છે અને તે વસ્તુનાં દર્શન કરી શકીએ છીએ.

અવધાન–પ્રયોગોમાં મુખ્યત્વે આ આંતરચક્ષુનો જ ઉપયોગ હોય છે અને તેથી સંસ્કારરૂપે ગ્રહણ કરેલી સેંકડો વસ્તુઓને અંતરથી જોઇને તેનું યથાર્થ કથન કરી શકાય છે. જો આ શક્તિ બરાબર ખીલી હોય તો આપણે અંતરમાં બિરાજમાન કરેલી શ્રી જિનેશ્વરદેવની મંગલમૂર્તિનાં દર્શન બરાબર કરી શકીએ અને આનંદના ઉદધિમાં મગ્ન બની કૃતાર્થ થઇ શકીએ.

શ્રી જિનેશ્વરદેવનું ધ્યાન એ શુભ ધ્યાન છે અને

ધર્માચરણ પરત્વે થતું હોઈને ધર્મધ્યાનની ગણનામાં આવે છે. વળી તે શ્રી જિનેશ્વરદેવે ફરમાવેલી આજ્ઞાના પાલનરૂપ હોઈ આજ્ઞાવિચયના પ્રકારમાં અંતર્ભાવ પામે છે.

શ્રી જિનેશ્વરદેવ અર્થાત્ વીતરાગ પરમાત્માનું ધ્યાન જેમ જેમ આગળ વધતું જાય છે, તેમ તેમ ઉપાસકનો આત્મા વીતરાગતાની સમીપે–પરમાત્મપદની સમીપે જતો જાય છે અને છેવટે તે પોતે જ વીતરાગ–પરમાત્મા બની જાય છે. યોગસારમાં કહ્યું છે કે 'वीतरागमतो ध्यायन् वीतरागो विमुच्यते–વીતરાગદેવનું ધ્યાન ધરતો આત્મા વીતરાગ થઈ સંસારથી મુક્ત થાય છે.'

## ✖ વંદના સત્તાવનમી ✖

---

જેમને

વિશુદ્ધ ભાવે કરાયેલી

વંદના

દષ્ટ તથા અદષ્ટ

સર્વ સંકલ્પો

પૂર્ણ કરવાને સમર્થ છે,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**અમરચંદ રતનચંદ ઝવેરી**

કૃષ્ણુ બીલ્ડીંગ,

૭૭–એ, વાલકેશ્વર રોડ,

મુંબઇ–૪૦૦ ૦૦૬

# वंदना अठ्ठावनमी

જેઓ

પરમ પવિત્ર છે,

મહિમાનો મહા ભંડાર છે.

તથા

સર્વ સિદ્ધિઓ

અને લબ્ધિઓના

સ્વામી છે,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**જવાહર મોતીલાલ શાહ**

પંચરત્ન, નવમે માળે,

ઓપેરા હાઉસ,

મુંબઈ–૪૦૦ ૦૦૪

ટે. નં. ૩૬૯૨૮૭

## ✤ વંદના ઓગણસાઠમી ✤

જેમણે

લોકાલોકનું સ્વરૂપ પ્રકાશ્યું,

ષડ્દ્રવ્યની પ્રરૂપણા કરી,

તથા

ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યનો

સિદ્ધાંત સમજાવી

એકાન્તવાદને આઘાત

કર્યો,

તે

શ્રીજિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**ચંદુલાલ એમ. શાહ**

ઠે. મીનરવા એન્જીનીયરીંગ વર્ક્સ કો.

૧૨૬–૨૮, નાગદેવી સ્ટ્રીટ,

મુંબઈ–૪૦૦ ૦૦૩

ટે. નં. ૩૨૮૦૨૩

## ✖ વંદના સાઠમી ✖

અનંતકાલથી

આત્માની શક્તિને

આવરી રહેલ

કર્મકટક સાથે

આકરું યુદ્ધ ખેલીને

જ્વલંત જય મેળવનારા

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**લક્ષ્મીચંદ લીલાધર દેઢિયા**

૧૧૦–કેશવજી નાયક રોડ,

ત્રીજે માળે,

**મુંબઈ–૪૦૦ ૦૦૯**

## ✖ વંદના એકસઠમી ✖

ભોગમાર્ગનો

ત્યાગ કરી

મુક્તિસાધક મહાયોગનું

અનન્ય આલંબન

લેનારા

પરમ વીતરાગ

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**જયંતિલાલ રાજપાળ શાહ**

**તથા પરિવાર**

માટુંગા,

મુંબઈ–૪૦૦ ૦૧૯

## ✖ વંદના બાસઠમી ✖

વિવિધ પ્રકારની

બાહ્ય-અભ્યંતર તપશ્ચર્યા વડે

આત્માનું

સંપૂર્ણ શોધન કરનારા

મહાતપસ્વી

અને

મહામુનિરૂપ

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


**ચીમનલાલ ભીમજી ગલિયા**

ગીતા-પાર્વતી નિવાસ,

૨૪૭-એ, તેલંગ રોડ,

માટુંગા (સેન્ટ્રલ રેલ્વે)

**મુંબઈ**-૪૦૦ ૦૧૯

ટે. નં. ૪૮૫૧૬૧

## ✖ વંદના ત્રેસઠમી ✖

સત્ય ધર્મના

પ્રવર્તન વડે

સમસ્ત જગત પર

ઉપકારની

અસાધારણ વર્ષા કરનારા

પરમ પુરુષ

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**સ્વ. શેઠ શ્રી કેશવલાલ મનસુખલાલ શાહ**

મેસર્સ ભારત કોલટાર સપ્લાઈંગ કું.

યુનીયન બેંક બીલ્ડીંગ, ચોથે માળે

દલાલ સ્ટ્રીટ

મુંબઈ—૪૦૦ ૦૨૩

ટે. નં. ૨૭૧૪૭૬, ૨૭૩૧૦૮

## ✠ વંદના ચોસઠમી ✠

પૌદ્ગલિક ભાવોથી

પર થઈને

આનંદઘન સ્વરૂપની

અનેરી મોજ માણનારા

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**દીપક રસીકલાલ શાહ**

તથા

**રસિકલાલ મણીલાલ શાહ**

( આર. એમ. શાહની કું. દવાવાળા )

૧૩૫—મસ્જીદ બંદર રોડ,

**મુંબઈ—૪૦૦ ૦૦૩**

ટે. નં. ૩૨૪૩૩૪

## ✠ વંદના પાંસઠમી ✠

પુરુષાર્થના પરમ યોગે

નરમાંથી નારાયણ

બનનારા

તથા

વામનમાંથી વિરાટ થનારા

વિષ્ણુસ્વરૂપ

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**શાંતિલાલ મગનલાલ શાહ**

ટોપીવાળા મેન્શન, ૪ થે માળે,

૩૮૫-સરદાર વી. પી. રોડ.

મુંબઈ–૪૦૦ ૦૦૪

# ✱ વંદના છાસઠમી ✱

અધ્યાત્મમાર્ગના

અનન્ય સ્રષ્ટા,

મોક્ષમાર્ગનું યથાર્થ

વિધાન કરનારા,

તથા

સમવસરમાં ચતુર્મુખ

બિરાજનારા

બ્રહ્માસ્વરૂપ

જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**હલીચંદ પરસોતમ શાહ**

યુનાઇટેડ ઓવરસીસ ટ્રેડીંગ કોરપોરેશન.

૩૨–ગુલાલવાડી,

**મુંબઇ–૪૦૦ ૦૦૪**

# ✖ વંદના સડસઠમી ✖

જેઓ

સમત્વરૂપી મહાયોગના

પરમ સાધક હતા,

તથા

વિશ્વમૈત્રીના

અનન્ય ઉપદેષ્ટા હતા,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

કપુરવાલા એન્ડ સન્સ
૪૬–રીજ રોડ,
મુંબઈ–૪૦૦ ૦૦૬
ટે. નં. ૮૧૫૯૭૨

## ✠ વંદના અડસઠમી ✠

જેમણે
'જીવો અને જીવવા દો'ની
ઉત્કટ ઘોષણા વડે
અહિંસાધર્મની
પરમ પ્રતિષ્ઠા કરી,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**આણંદજી વેલજી શેઠિયા**
નારાણુ નિવાસ,
તીથ્થલ રોડ,
**વલસાડ**
( ગુજરાત )

## ✠ વંદના ઓગણુસીત્તેરમી ✠

જેમના
નામનો જપ કરતાં
ભયંકર ભોરીંગોના
વિષનું
વારણ થાય છે
અને
અમૃતની અદ્ભુત
વૃષ્ટિ થાય છે,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**અમૃતલાલ પોપટલાલ મણિયાર**
પાનગલી, સૂર્યકિરણ બીલ્ડીંગ, બીજે માળે,
તેજપાલ હોલ કમ્પાઉન્ડ
ગોવાલિયા ટેંક,
મુંબઈ-૪૦૦ ૦૩૬
ટે. નં. ૮૨૧૨૯૪

# ✱ વંદના સીત્તેરમી ✱

જેમનું

નામસ્મરણ

શાંતિ–તુષ્ટિ–પુષ્ટિને

કરનારું છે,

તથા

સર્વ આપત્તિઓને

હરનારું છે,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

ગાલા. મોરારજી. વેસ્ટર્ન ઈન્ડિયા
**વેરહાઉસીંગ કું.**

૨૯–કેશવજી નાયક રોડ,

**મુંબઈ**–૪૦૦ ૦૦૯

ટે. નં. ૩૨૧૩૩૨, ૩૩૯૮૮૦

# ✖ વંદના ઈકોતેરમી ✖

જેમની

મન-વચન-કાયથી

ભક્તિ કરતાં

સર્વ

દુઃખો અને દર્દોનો

નાશ થાય છે,

તથા

બોધિની પ્રાપ્તિ થાય છે,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

અમૃતલાલ વિઠ્ઠલદાસ વોરા

મુ. મહુડી

( જી. વિજાપુર )

( ગુજરાત )

## ✱ વંદના આંતરમી ✱

જેમની
નિત્ય-નિયમિત
ઉપાસના કરતાં
જન્મ-જરા-મૃત્યુનો
ભય ટળે છે
અને
અક્ષય સુખની પ્રાપ્તિ
થાય છે,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


**કસ્તુરલાલ નહાલચંદ**
( કપડવણજવાલા )
૫૦૩-શ્રીપાલનગર,
૧૨-હાર્કનેશ રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૬
ટે. નં. ૮૧૬૩૦૨

# ✠ વંદના તોંતેરમી ✠

જેમનું

પૂજન–આરાધન

કરતાં

અપમૃત્યુનો ભય ટળે છે

અને

સમાધિમરણુની

અવશ્ય પ્રાપ્તિ થાય છે,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**રમણીકલાલ પૂંજાભાઈ પરીખ**

તથા

**હસમુખલાલ એમ. કામદાર**

રર–ફેન્સી ચેમ્બર્સ,

દાણાબંદર

**મુંબઇ–૪૦૦ ૦૦૯**

ટે. નં. ૩૪૬૬૭૮

## વંદના ચુમ્મોતેરમી

જેમનું
અભિમુખભાવે
સ્મરણ–વંદન–સ્તવન
કરતાં
પવિત્ર ભાવોના પ્રવાહ
વહે છે
તથા
અપૂર્વ આનંદ અને
પ્રસન્નતાની પ્રાપ્તિ
થાય છે,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**કમલેશ ડી. શાહ**
સુબોધ કુંજ, બીજે માળે.
એસ. વી. રોડ,
કાંદીવલી ( વેસ્ટ ),
મુંબઈ–૪૦૦ ૦૬૭

## વંદના પંચોતેરમી

ધર્મની

અપૂર્વ અનુપમ

દેશના વડે

લાખો-ક્રોડો નરનારીઓને

મુક્તિનો મહાપથ

દર્શાવનારા

શ્રી જિનેશ્વર ભગવંતોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

દેવચંદ માવજી ગાલા

જ્ઞાનેશ્વર ભુવન, બીજે માળે,

રૂમ નં. ૭

ડૉ. આંબેડકર રોડ,

મુલુંડ ( વેસ્ટ ),

મુંબઈ-૪૦૦ ૦૮૦

# ✱ વંદના છોંતેરમી ✱

જેમની

અતિશય સુમધુર

વાણીએ

ધર્મનો મર્મ પ્રકટાવ્યો

અને

ક્રોડો માનવીનું

કલ્યાણ કર્યું,

તે

શ્રી જિનેશ્વર ભગવંતોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**શ્રી હીરજી ગેલાભાઈ નંદુ કપાયાવાલા**

ચેરીટેબલ ટ્રસ્ટ

૧૦૫–કેશવજી નાયક રોડ,

મુંબઈ–૪૦૦ ૦૦૯

ટે. નં. ૩૩૧૬૫૮

## ✱ વંદના સત્તોતેરમી ✱

જેમની

પાંત્રીશ ગુણયુકત

વિશદ વાણી સાંભળતાં

લાખો-ક્રોડો નર-નારીઓનાં

સંશય છેદાયાં

અને

સમ્યકત્વની પ્રાપ્તિ થઈ,

શ્રી જિનેશ્વર ભગવંતોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


**બાબુલાલ અમૃતલાલ ઝવેરી**

સર વિઠ્ઠલદાસ ગલી, દુકાન નં. ૭૪૦

મુંબઈ-૪૦૦ ૦૦૨

ટે. નં. ૨૯૯૭૨૩

## ❋ વંદના અઠ્ઠોતેરમી ❋

જેમના

ઉપદેશોનું પાન

કરતાં

દાનનો મહિમા સમજાયો.

અને

અભયદાન, સુપાત્રદાન

તથા

અનુકંપા દાનની

પ્રવૃત્તિઓ પ્રકૃષ્ટ ભાવે

પાંગરવા લાગી,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


**સુબંધુ ટ્રેડર્સ**

૧૨૩-શાયદા માર્ગ, ભીમપુરા,

**મુંબઈ**-૪૦૦ ૦૦૯

ટે. નં. ૩૩૫૮૧૧

# વંદના ઓગણએંશીમી

જેમની

દિવ્ય દેશનાએ

શીલધર્મનું સત્વ પ્રકાશ્યું

અને

માનવજીવનમાં

યમ-નિયમનું આરોપણ કર્યું,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


**વસંત વી. છેડા**

[illegible] ગણપત બીલ્ડીંગ, ૫ મે માળે.

રૂમ નં. ૮૧

ચીંચ બંદર,

**મુંબઈ-૪૦૦ ૦૦૯**

## વંદના એંશીમી

જેમણે
મન-વચન-કાયાની
પરમ શુદ્ધિ માટે
છ પ્રકારના બાહ્ય તપની
તથા
છ પ્રકારના અભ્યંતર તપની
પ્રકૃષ્ટ પ્રરૂપણા કરી,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


**શાહ ટ્રેડીંગ કોરપોરેશન**
હા. ધનેશ એન. શાહ
૮/૧૭૧૩, કેશવકુંજ,
ડેપ્યુટીનો ખાંચો,
**સુરત**
ટે. નં. ૨૩૮૮૮, ૨૬૪૩૩

**⁜ વંદના એકાશીમી ⁜**

---

જેમનો

ઉપદેશ

આંતરિક વિશદ ભાવોનો

ઉલ્લાસ કરવા

માટે

અજોડ નીવડયો,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**શા. વીપીનચન્દ્ર કાન્તીલાલ**

કાપડના વેપારી

૯૯૧—મેન રોડ,

**નાશીક સીટી**

ટે. નં. ૨૭૯૪—૫૦૧૦

## વંદના ભ્યાશીમી

જેમની

વિશદ વાણીમાં

'ઉપન્નેઇ વા, વિગમે ઇ વા

ધુવેઇ વા'

એ ત્રિપદીનો

પવિત્ર પ્રકાશ થયો.

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


**લાભુભાઈ પી. મહેતા**

નાણાં ધીરનાર તથા નાણાંના સલાહકાર

જયમહાલ એસ્ટેટ, ૨ જે માળે.

મુંબઈ–૪૦૦ ૦૦૨

ટે. નં. ૩૧૭૭૧૬, ૫૭૬૮૪૭

# ✖ વંદના ત્યાશીમી ✖

જેમનાં
પવિત્ર વચનો
નિશ્ચય તથા વ્યવહારનાં
સપ્રમાણ
સુંદર
દર્શન કરાવનારાં છે,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**કલાબેન જગજીવનદાસ શાહ**
તથા
**જગજીવનદાસ ચત્રભુજ શાહ**
વડકુન રોડ, મસોલી,
**દહાણુ રોડ**
( મહારાષ્ટ્ર )

✱ વંદના ચોરાશીમી ✱

જેમણે
સાપેક્ષતાનો સિદ્ધાંત
પ્રરૂપી
વસ્તુસ્વરૂપને સમજવાની
અજોડ પદ્ધતિ
નિર્માણ કરી,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

હર્ષા પ્રિન્ટરી
૧૨૨-ડૉ. મૈશેરી રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૯
ટે. નં. ૩૩૫૯૮૮

## ✱ વંદના પંચાશીમી ✱

જેમણે
અપૂર્વ યોગસાધના વડે
સમત્વની
સિદ્ધિ કરી
અને
વિચાર તથા વાણીમાં
પણ તેનો
અપૂર્વ પડઘો પાડયો,
તે
શ્રી જિનેશ્વર દેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**જયંતિલાલ એચ. શાહ**
ઠે. તૃપ્તિ ટ્રાન્સપોર્ટ કું.
૧૧૪–આશીર્વાદ બીલ્ડીંગ,
૬૪–ઈ–અમદાવાદ સ્ટ્રીટ,
મુંબઈ–૪૦૦ ૦૦૯
ટે. નં. ૩૪૨૮૧૮

## ✖ વંદના છયાશીમી ✖

જેઓ

અહિંસાધર્મના સમર્થ

ઉપદેષ્ટા હતા,

સત્યધર્મના મહાન

ઉપાસક હતા,

તથા

સંયમધર્મના અદ્વિતીય

પ્રચારક હતા,

તે

શ્રી જિનેશ્વર દેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**રમણીકલાલ મંગળદાસ શાહ**

સુરેશ કોલોની, સી-૩

વિલાપારલા ( વેસ્ટ ),

**મુંબઈ ૪૦૦ ૦૫૬**

✖ વંદના સત્યાશીમી ✖

જેમણે
ધર્મની ઉત્કૃષ્ટ મંગલ
તરીકે ઘોષણા કરી
તથા
તેની આરાધનામાં જ
જીવનની કૃતાર્થતા
માની,
તે
શ્રી જિનેશ્વર દેવોને
અમારી
કોટી કોટિ વંદના હો.

卐

**પારસ એન્જીનીયરીંગ કું.**
ઘાટકોપર ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ,
યુનીટ નં. સી. ૧૧-એ,
એલ. એસ. શાસ્ત્રી માર્ગ,
ઈન્ડીઅન ઓકસીજન લી. સામે
ઘાટકોપર, **મુંબઈ** ૪૦૦ ૦૮૬
ટે. નં. ૫૮૩૨૨૩

## ✱ વંદના અઠ્યાશીમી ✱

---

જેમણે
ધર્મની પવિત્ર ધારાને
અસ્ખલિત રાખવા
માટે
સાધુ, સાધ્વી, શ્રાવક
તથા
શ્રાવિકારૂપ
ચતુર્વિધ શ્રીસંઘની
સ્થાપના કરી,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


**શાહ ડેકોરેટર્સ**
મંડપ ડેકોરેટર્સ અને
ગવર્મેન્ટ કોન્ટ્રાક્ટર્સ
૭–નાગદેવી સ્ટ્રીટ, ફાતીમા બીલ્ડીંગ, પહેલો માળે,
**મુંબઈ–૪૦૦ ૦૦૩**
ટે. નં. ૩૨૦૧૬૭

# ✖ વંદના નેવ્યાશીમી ✖

જેમણે

આત્મવાદ, અધ્યાત્મવાદ

તથા મોક્ષવાદની

પ્રબલ પ્રરૂપણા વડે

જડવાદને જર્જરિત કર્યો

તથા

નાસ્તિકતાને નસાડી મૂકી,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

સ્વ. કાન્તાબહેન ઉત્તમચંદ વોરાના

સુપુત્રો

પૂના ( મહારાષ્ટ્ર )

# ✱ વંદના નેવુંમી ✱

જેમણે
કર્મની કુટિલતા પ્રકાશી
અને
તેને જેર કરવા માટે
સંવર તથા નિર્જરા
જેવા
અદ્ભુત સાધનો
આપ્યાં,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**અરિહંત ટ્રેડીંગ કું.**
**કેબીન નંબર-૧૦૨,**
**ન્યુ અનંત ભુવન,**
**નરશી નાથા સ્ટ્રીટ,**
**મુંબઈ-૪૦૦ ૦૦૯**

# ✖ વંદના એકાણુંમી ✖

જેમનું

સ્મરણ કરતાં

સર્વ સંકટો દૂર થાય છે,

સર્વ રોગો શમી જાય છે,

તથા

સર્વ વિઘ્નોનો

એકાએક અંત આવે છે.

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐


**મે. કાનજી રાયચંદની કું.**

બનારસી સાડી, ભરતકામની સાડીના વેપારી,

દરિયાસ્થાનગલી, વડગાદી,

**મુંબઈ** ૪૦૦ ૦૦૩

ટે. નં. ઘર-૪૭૬૨૦૬ ઓફિસ-૩૨૪૭૨૪

## ✠ વંદના બાણુંમી ✠

જેમને
વંદન કરતાં
સર્વ પાપોનો પ્રલય થાય છે,
સર્વ મંગલની પ્રાપ્તિ થાય છે
તથા
સિદ્ધિસદનમાં
પહોંચવાનો માર્ગ
મોકળો થાય છે,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**સંદીપ જગદીશચંદ્ર શાહ**
તથા
**મીના, મેહૂલ, દીપિકા વગેરે,**
૨૦૫/B સુજાતા એપાર્ટમેન્ટ
૧૪૩/B ઓગસ્ટ ક્રાન્તિ માર્ગ
**મુંબઈ–૪૦૦ ૦૩૬**

## ✱ વંદના ત્રાણુંમી ✱

જેમનું
પૂજન કરતાં
મન-વચન-કાયા
પવિત્ર બને છે
તથા
શાંતિ-તુષ્ટિ-પુષ્ટિનો
અદ્ભુત અનુભવ
થાય છે,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**ભગુભાઈ સંચાલિત ટૂર**
**ભગુભાઈ સર્વીસીસ**
તથા
**પુષ્પા કેટરર્સ**
૨૬-૨૮ ધનજી સ્ટ્રીટ,
મુંબઈ-૪૦૦ ૦૦૩
ટે. નં. ૩૨૩૭૯૯, ૨૫૨૧૩૨

## ✖ વંદના ચોરાણુંમી ✖

જેમની
અનન્ય ભાવે કરાયેલી
ભક્તિ
મુક્તિમાર્ગનાં સર્વ સાધનોને
સમીપ લાવે છે
તથા
અનેરા આનંદનું
પ્રવર્તન કરે છે,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**રસિકલાલ કાન્તીલાલ શાહ**
૨૦૪–દિવ્ય લોક,
૩૨૦–રૂપારેલ માર્ગ,
મલબારહિલ,
મુંબઈ–૪૦૦ ૦૦૬
ટે. નં. ૮૧૬૨૮૭

## ✠ વંદના પંચાણુંમી ✠

જેમની
નવાંગી પૂજા કરતાં
નવનિધિ પ્રકટે છે
અને
ગેબી શકિતના ભંડારો
ખુલી જાય છે,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


સ્વ. રતિલાલ હરજીવનદાસ શાહ
કોહીનુર એન્જીનીયરીંગ કું.
૧૭–ડો. વી. બી. ગાંધી માર્ગ,
મુંબઈ-૪૦૦ ૦૨૩
ટે. નં. ૨૪૨૬૫૩

## ✖ વંદના છન્નુમી ✖

જેમની
અંગપૂજા, અગ્રપૂજા
અને
ભાવપૂજા કરતાં
તન-મનનો
સઘળો તાપ દૂર થાય છે
અને
પરમ પ્રસન્નતાની
પ્રાપ્તિ થાય છે,
તે
શ્રી જિનેશ્વરદેવોને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**મહેતા ટેક્ષટાઈલ્સ**
રમેશભુવન, ૩ જે માળે,
૮૯-તાંબાકાંટા,
**મુંબઈ-૪૦૦ ૦૦૩**
ટે. નં. ૩૨૭૪૫૨, ૩૪૨૮૩૫

## ✖ વંદના સત્તાણુંમી ✖

જેમનું
જલ, ચંદન, પુષ્પ વડે,
તથા
ધૂપ, દીપ, અક્ષત વડે,
તેમજ
નૈવેદ્ય અને ફલ વડે
પૂજન કરતાં
ભવભ્રમણનો અંત
આવે છે,
તે
**શ્રી જિનેશ્વરદેવોને**
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐


**નીતીન ટ્રેડીંગ કું.**
સિદ્ધાર્થ 'બી'-બ્લોક નં. ૬, પહેલે માળે,
મંછુભાઈ રોડ,
મલાડ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૪

# वंदना अठ्ठाणुंमी

જેમનાં

નામનો જપ કરતાં

સર્વ દુઃખનું વારણ થાય છે,

સર્વ સુખની સંપ્રાપ્તિ થાય છે.

તથ

સુંદર મતિ–ધૃતિની ધારણા

થાય છે.

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો..

卐

માધવદાસ મણિલાલ એન્ડ કંપની

મુંબઈ

## ✠ વંદના નવ્વાણુંમી ✠

જેમણે

કર્માષ્ટક સાથે

આખરી યુદ્ધ ખેલવા માટે

સામાયિકયોગનો

સબલ શસ્ત્ર તરીકે

ઉપયોગ કર્યો

અને તેમાં

જ્વલંત સફલતા મેળવી,

તે

શ્રી જિનેશ્વરદેવોને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**પારેખ કલોથ સ્ટોર્સ**

**નાશિક સીટી**

મહારાષ્ટ્ર

# ✖ વંદના સોમી ✖

જે
સર્વ મંગલોનું મંગલ છે,
જે
સર્વ કલ્યાણોનું કારણ છે,
અને જે
સર્વધર્મોમાં
અનેક દૃષ્ટિએ
પ્રધાનપદ ભોગવે છે,
તે
જૈન ધર્મને
અમારી
કોટિ કોટિ વંદના હો.

卐

**એચ. લાલભાઈ એન્ડ કું.**
૪૧/૪૩ મુંબાદેવી રોડ,
ભૈરવનાથના મંદિરમાં,
તાંબાકાંટા, પાયધુની,
**મુંબઈ–૪૦૦ ૦૦૩**

## ✠ વંદના એકસો એકમી ✠

અનંતજ્ઞાન તથા શક્તિના અધિનાયક

પરમ જ્યોતિ સ્વરૂપ

સર્વજ્ઞ અને સર્વદર્શી

એવા

પુરુષાદાનીય

શ્રી પાર્શ્વનાથ ભગવાનને

અમારી

કોટિ કોટિ વંદના હો.

卐

**શાહ ભૂરમલજી સરેમલજીના સુપુત્ર**

**શાંતિલાલ, લલિતકુમાર**

**શા. શાંતિલાલ ભૂરમલની કું.**

શ્રી ધર્માવિરમવાળા

ગામ-પિન્ડવાડા

જીલ્લા સિરોહી ( રાજસ્થાન )


शुभेच्छा के साथ
जर्मकटर
दाद, खाज, खुजली के लिये
ग्राइप वॉटर
बच्चोंको
नया जीवन देता है
भोगीलाल प्रेमचंद अेन्ड कं.



સ્પેરા ગૃહિણીની પહેલી પસંદગી
SPERA
SPERA
FREE Extra Fuse Plug. & Gasket.
Manufactured & Marketed By
SHAH CHAMPAKLAL BHOGILAL
25, ABDUL REHMAN STREET, 3rd FLOOR PYDHONIE,
BOMBAY-400 003 PHONE: 32 17 05

## TARPAULINS

Always Rely On

**KHIMCO**

Manufacturers of :

"KHIMCO" Brand Waterproof Tarpaulins, Hessian/Polythene, Waterproof Papers, Hessian Bags, Wax Papers, etc Dealing in Packing Wood, Baling Hoops, Mattings, Box Strapping, Baling Rivets, Canvas, Filter Cloth/ Bags (for packing all sorts of Textile Products).

# khimji Velji & Co.

**62, Dontad Street (Khadak), Bombay-400 009.**

Grams : '**Ironhoops**, Phones : **325443, 338342**

શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ શાહની

## પ્રાણવાન પ્રતિષ્ઠિત કૃતિઓ

| | | |
|---|---|---|
| ૧ | ભક્તામર-રહસ્ય (બીજી આ.) | ૧૨-૫૦ |
| ૨ | શ્રી ઋષિમંડલ આરાધના (બીજી આ.) | ૧૨-૫૦ |
| ૩ | જિનોપાસના | ૧૨-૫૦ |
| ૪ | જીવવિચાર-પ્રકાશિકા યાને જૈનધર્મનું પ્રાણીવિજ્ઞાન (બીજી. આ.) | ૧૨-૫૦ |
| ૫ | નવતત્વ દીપિકા (બીજી આ.) | ૧૨-૫૦ |
| ૬ | સિદ્ધદાયક સિદ્ધચક્ર | ૧૨-૫૦ |
| ૭ | સામાયિક-વિજ્ઞાન | ૧૨-૫૦ |
| ૮ | લોગસ્સ મહાસૂત્ર યાને જૈન ધર્મનો ભક્તિવાદ | ૧૨-૫૦ |
| ૯ | શ્રી પાર્શ્વ-પદ્માવતી આરાધના (બીજી આ.) | ૭-૫૦ |

### સર્વોપયોગી

| | | |
|---|---|---|
| ૧ | મંત્રવિજ્ઞાન (ત્રીજી. આ.) | ૧૨-૫૦ |
| ૨ | મંત્રચિંતામણી (બીજી આ.) | ૧૨-૫૦ |
| ૩ | જપ-ધ્યાન-રહસ્ય (બીજી આ.) | ૧૨-૫૦ |
| ૪ | આત્મદર્શનની અમોઘવિદ્યા | ૧૦-૦૦ |
| ૫ | સંકલ્પસિદ્ધિ (બીજી આ.) | ૬-૦૦ |
| ૬ | ગણિત-ચમત્કાર (ત્રીજી આ.) | ૫-[illegible] |
| ૭ | ગણિત-રહસ્ય (ત્રીજી આ.) | [illegible] |
| ૮ | ગણિત-સિદ્ધિ (બીજી આ.) | ૫-૦૦ |
| | નં. ૬-૭-૮ સાથે લેનારને | ૧૩-૫૦ |
| ૯ | શ. પંડિત શ્રી ધીરજલાલ શાહ જીવનદર્શન | ૧૦-૦૦ |

—: પ્રાપ્તિસ્[illegible]

નરેન્દ્રકુમા[illegible]

[illegible]ધાભાઈ ગણપત [illegible]

૧૧૩-૧૧, કેશવજી નાયક રોડ [illegible]



આવરણ : દીપક પ્રિન્[illegible] અમદાવાદ-૧.